LOCAL SELF GOVERNMENT.

BY

RAO SAHEB MAYARAM SHAMBHUNATH,

PENSIONER,

DEPUTY EDUCATIONAL INSPECTOR

(AUTHOR OF A GUJARÁTI ARITHMETIC & PRIZE ESSAYS ON THE SCARCITY OF MARRIAGABLE GIRLS AMONG THE GUJARATIES AND ON THE NECESSITY OF SAVING MONEY & THE SAVING'S BANKS TO DEPOSIT IT.)

Surat.

PRINTED AT THE

DAGUR PRESS, BUXEES DURIA MEHEL.

A. D. 1886.

Price Rs. 2.

સ્થાનિક રાજકીય સ્વસત્તા.

એટલે ૨૭૪૭

સ્થાનિક સ્વરાજ્ય વિષે ગ્રંથ.

રાવ સાહેબ મયારામ શંભુનાથ,
પેનશનર ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર.

(ગૂજરાતી અંકગણિતનો એક કર્ત્તા, તથા ગૂજરાતી લોકોમાં કન્યાની અછત વિષે નિબંધ તથા દ્રવ્ય સંગ્રહ કરવાની જરૂર તથા તે મૂકવાની સેવિંગબેંક વિષે નિબંધ, એવા બે ઇનામી નિબંધોના કર્ત્તા), એણે.

છપાવ્યો.

સુરતઃ

છાપનારઃ—સોદાગર પ્રેસ. ઠેકાણું દરીયામ્હેલ.

સને ૧૮૮૬.

કીમત રૂ ૨);

THIS WORK IS MOST RESPECTFULLY DEDICATED,

BY PERMISSION.

TO

THE HONORABLE SIR **T. C. HOPE, K. C. S. I., C. I. E.**

MEMBER OF THE EXECUTIVE COUNCIL OF THE VICEROY

AND GOVERNOR GENERAL OF INDIA.

FOR

HIS HEARTY WISH TO CARRY OUT THE LOCAL SELF GOVERNMENT

AND FOR HIS DISINTERESTED ZEAL TO PROMOTE THE WELFARE

OF THE GUJARATI PEOPLE.

BY

HIS MOST OBEDIENT AND HUMBLE SERVANT.

THE AUTHOR.

૨૧૯૧

મહત્કૃપાળુ મેહેરબાન ઓનરેબલ,

સર, ટી. સી. હોપ સાહેબ બાહાદૂર, નૈટ કમ્પ્યાનીઅન
આવ ધી સ્ટાર આવ ઇંડીઆ, કમ્પ્યાનીઅન
આવ ધી ઇંડીઅન એમ્પાયર; ઇંડીઆના
વૈસરાય અને ગવર્નર જનરલ સાહેબ-
ની વડી કૌંસલના મેમ્બર,
ઇત્યાદિ, ઇત્યાદિ, ઇત્યાદિ.

એઓને, ગુજરાતના લોકોને સ્થાનિક રાજકીય સ્વસત્તાનાં કામમાં કેળવવાની અતઃકરણથી ઇચ્છાને લીધે તથા ગુજરાતી લોકોનાં કલ્યાણાર્થે નિરિચ્છ ઉમંગને લીધે, આ ગ્રંથ તેમની પરવાનગી લેઇ તેઓના,

પરમ આજ્ઞિક તથા પરમ નમ્ર સેવક જે
ગ્રંથકર્તા, તેણે મોટી નમ્રતાપૂર્વક,
અર્પણ કર્યો.

PREFACE.

Local Self Government has been admitted to be a subject of great and general importance by all since its recent introduction into this country in its extended form, but its principles and the wise policy, which has led the Government of India to inaugurate it, are not understood, much less appreciated by the masses of people. A right understanding of it is highly desirable, as on it depends the success of the attempt that is made by Government for the political Education of the people of this vast country.

Masses of people in Gujarat, who have not received English Education, have no means to make themselves acquainted with the subject; and some have crude notions of it.

The object of the author is to place within the reach of the Gujarati reading public a work on the Local Self Government, the want of which has been felt for some time, and he hopes that his humble efforts will prove useful.

પ્રસ્તાવના.

હાલમાં સ્થાનિક સ્વરાજ્ય આ દેશમાં ઘણા બહોલા વિસ્તારથી દાખલ કરવામાં આવ્યું. ત્યારથી એ વિષય સૌને મોટો અગત્યનો થઇ પડ્યો છે, એવું સૌ માને છે. પણ તેનાં તત્વો તથા ડહાપણ ભરેલી રાજ્યનીતિ, જેથી હિંદુસ્તાનની સરકારે તેની શરૂઆત કરી છે, તે ઘણા ખરા લોકો સમજતા નથી, તો તેઓની ખુબીની ખુજ તો તેઓને ક્યાંથીજ હોય? તે સર્વેના સમજ્યામાં બરાબર આવે એ ઘણું અગત્યનું છે, કેમકે તેના ઊપર, આ વિસ્તીર્ણ દેશના લોકોને રાજકીય કેળવણી મળે, એ માટે સરકારે જે યત્ન કર્યું છે, તેની સફળતાનો આધાર રહેલો છે.

ગુજરાતના ઘણા ખરા લોકો જેઓએ અંગ્રેજી કેળવણી લીધી નથી, તેઓની પાસે આ વિષયની માહીતગારી મેળવવા સાધન નથી અને કેટલા એકને તો એ વિષયના અપૂર્ણ વિચાર છે.

સ્થાનિક સ્વરાજ્ય વિષે પુસ્તકની ખોટ કેટલોક વખત થયાં જણાય છે તે પૂરી પાડીને ગૂજરાતી વાંચનાર આલમને મળી આવે એવું પુસ્તક તેઓની આગળ મૂકવાનો હેતું ગ્રંથ કર્ત્તાનો છે અને તે આશા રાખે છે જે, આ તેનું યત્ન ઉપયોગી થઇ પડશે.

ગ્રંથકર્તા.

વિજ્ઞપ્તી.

આ ગ્રંથ પ્રથમ ગૂજરાત વર્નાક્યુલર સોસૈટીની સ્થાનિક સ્વરાજ્ય વિષે નિબંધ લખવાની ઈનામની જાહેરખબર ઉપરથી લખી તૈયાર કરી વેળાસર તે સોસૈટીની સેવામાં રજુ કરેલો, પણ કાંઇ કારણ સર (તેની ગ્રંથ કર્ત્તાને ખબર પડી નથી) તે મંડળીને પસંદ ન પડ્યાથી પાછો આવ્યો. તેનું કારણ અનુમાનથી માલમ પડે છે જે, એ ગ્રંથ તેમના ફરમાવ્યા કરતાં આશરે બે ત્રણ ગણો મોટો થયો તેથી તપાસ્યા વગરજ પાછો રવાના કરવામાં આવ્યો એવું જણાય છે. હશે જેમ હશે તેમ. પણ ગ્રંથ કર્ત્તાના ધ્યાનમાં આવ્યું જે આ સમય એ ગ્રંથ બહાર પાડવાને બહુ લોકોપયોગી, લોકાનુકુળ તથા રાજ્યકર્ત્તાધિકારીઓને રાજ્યનીતિ સૂચક છે એવું ધારી ગ્રંથ છપાવી પ્રગટ કરવાનો નિશ્ચે કર્યો. અને સોસૈટીના ગ્રંથ છપાય તેના નામને તથા આ ગ્રંથના નામને એકપણું આવી ભ્રમતા થાય એ ભયથી આનું નામ સ્થાનિક રાજકીય સ્વસત્તા એવું રાખ્યું. અને એ નામ ખરૂં જોતાં આ ગ્રંથના સ્કંધ ૬ ના પ્રકરણ ૧ લામાં દર્શાવ્યા પ્રમાણે ખરૂં બંધ બેસતું તથા ભાષાજ્ઞાનાંનુસારે છે.

આ ગ્રંથનો આરંભ કરતાં માલમ પડ્યું જે સ્થાનિક સ્વરાજ્ય વિષે પૂર્વે કાંઈ ધોરણ હતાં કે નહીં અને હોય તો તે વિષે ઇતિહાસ રૂપે લખવાની અગત્ય છે એવું નજરમાં આવ્યું. વિચાર કરતાં તથા ગ્રંથાવલોકન કરતાં ઘણા પ્રાચીન કાળથી એ વિષે ધોરણ ચાલતાં આવેલાં દૃષ્યમાન જણાયાં. પ્રાચીન કાળમાં રાજ્યના ધોરણના પ્રકાર જૂદા જૂદા દિસ્યા. અને તે સર્વે પ્રકારનાં રાજ્યમાં પ્રજાની સંમતી પૂછાતી તથા તેઓના આગેવાનોને પ્રજાના કરના ઉપજ ખરચમાં સંમતી પૂછ્યા વગર આગળ કામ ચાલતું ન હતું, તેમજ ગામ, પ્રગણા તથા જીલ્લાના સુધરાઇનાં કામો સ્થાનિક પંચ અગર પંચાતો મારફતે થતાં એવું દિસી આવ્યું, તેથી પણ ગ્રંથ વિસ્તાર કરવાની જરૂર પડી. સોસૈટીના હેતુ પુસ્તકો છપાવી થોડી કીમતે વેચવાં કે લોકોને ખરીદ કરવાને સુગમ પડે તથા તેઓને તે વિષયનું કાંઈ જ્ઞાન થાય. તે હેતુ જોતાં આવડો મોટો નાપસંદ પડે એમાં નવાઇ નથી. પરંતુ આવા વિષય પર નાનો ગ્રંથ થયાથી

લોકોને સલસલિત અને સંપૂર્ણ ખબર મળે તેવી આશા ન રખાય.

આ ગ્રંથ મારે ખરચે અને જોખમે છપાવવા માટે મેં ગયા જુન સન ૧૮૮૫ માં નિશ્ચે કર્યો અને તે વિષેની જાહેરખબર પણ ઘરાક થવાની યાદી સાથે છપાવી મોકલવામાં આવી હતી, તેથી કેટલાક ઉદાર ગૃહસ્થો તથા રાજા ઠાકોર સાહેબોએ પોતાના ઉદાર હસ્ત લંબાવી આશ્રય આપ્યો છે. તેઓના નામની ટીપ આ ગ્રંથને છેડે છાપી છે. તેઓનો મોટો પાડ માનું છું. કેટલાક બીજા ગૃહસ્થો તથા રાજવંશી રાજા તથા ઠાકોર સાહેબોએ ગ્રંથ પ્રસિદ્ધી પામી બહાર પડ્યા બાદ આશરો આપવાનું અભય વચન આપ્યું છે, તેઓ પણ પોતાનાં ઊદાર દિલથી આ ગ્રંથની ઘણી નકલ ખરીદ કરી ઘરાક થશે એવો ભરોસો છે. આ ગ્રંથ જુલાઇ કે આગષ્ટમાં છપાઇ પ્રસિદ્ધિ પામત અને ઘરાકોની સેવામાં રજુ થાત પણ ગ્રંથ કર્ત્તાના વડા પુત્રનું મગજ અકસ્માત વ્યગ્ર તથા ભ્રમિત થયાથી તેના સારા થવાના ઊપાય ઈલાજમાં રોકાવું પડ્યું તેથી ગયા ડીસેમ્બર મહીના સૂધી છપાવવાના કામનો આરંભ થયો નહીં. વળી સુરતમાં છાપવાનું કામ અને ગ્રંથ કર્ત્તાને ત્યાંનાં હવા પાણી માફક નહીં તેથી વારંવાર તેનું રહેઠાણ પરગણામાં કરવાની જરૂર પડી, તેથી તથા બીજાં કારણોથી, ગ્રંથ જેવો જલદી બહાર પડવાની આશા આપી હતી તેવો જલદી બહાર પડ્યો નહીં.

આ ગ્રંથના ૬ સ્કંધ કરવામાં આવ્યા છે. પ્રથમ આરંભ કથન.

પહેલા સ્કંધમાં પ્રાચીન કાળના ભરત ખંડના લોકો. આર્ય લોકોની ચઢાઇ વગેરે.

બીજા સ્કંધમાં રાજ્ય, દેશી સ્વરાજ્ય તથા રાજ્યનાં પ્રકાર તથા રાજ્યનીતિના ધોરણ.

ત્રીજા સ્કંધમાં રાજા પ્રજાના ધર્મ.

ચોથા સ્કંધમાં સ્વરાજ્યના લાભાલાભ.

પાંચમાં સ્કંધમાં સ્થાનિક રાજકીય સ્વસત્તા.

છઠ્ઠા સ્કંધમાં સ્થાનિક રાજકીય સ્વસત્તાની રીત.

એ રીતે ૬ સ્કંધો કર્યા છે, તેમાં છેલ્લા સ્કંધમાં સ્થાનિક રાજકીય સ્વસત્તાના હાલના નિયમો તથા કાયદા ઊપર વિવેચન કરી એ ધોરણે અમલમાં લાવવાને દેશી લોકો તથા લોકલફંડના મેમ્બરો તથા મ્યુનિ-

સિપાલીટીના મેમ્બરોને વિનય પૂર્વક પ્રબોધ કર્યો છે અને રાજ્યાધિકારી અમલદારોને એ ધોરણો અમલમાં લાવતાં લોકો પ્રત્યે તથા મેમ્બરો પ્રત્યે કેમ ફરમાશ કરવી તથા તેઓને તે કામમાં કેળવવાને કેવા ઈલાજો યોજવા, તે વિષે વિનય પૂર્વક અરજીનાં રૂપમાં લખાણ કર્યું છે. તેથી ઊમેદ છે જે સર્વે કોઇ પોતપોતાના ધર્મ સમજી યથાન્યાય વર્તશે.

આ ગ્રંથની ભાષા બનતા સુધી સરળ તથા પ્રસંગાનુસાર જ્યારે જેવી ઘટે ત્યાં તેવી વાપરી છે તેથી, સર્વે લોકોને આ ગ્રંથ સમજાશે એમ આશા છે. વળી આ ગ્રંથ સર્વે અંદાજના લોકોને ઊપયોગી થઇ પડશે એવો ભરોસો છે.

આ ગ્રંથ રચતાં તથા લખતાં ઘણો શ્રમ, શોધ તથા દ્રવ્યનો વ્યય થયો છે, તે ઊપર નજર કરતાં એની કીમત રાખી છે તે ભારે નહીં પડશે એવી ઉમેદ છે. ગામડાંમાં શુદ્ધ લખનારા નહીં મળી આવ્યાથી તથા પ્રૂફશીટો ગામ, ટપાલ માર્ગે આવે જાય અને ઘણો વખત લાગે, તેથી તથા મ્હારી પ્રકૃતી ઠીક ન રહ્યાથી થોડી અશુદ્ધી રહી ગઈ છે, તેથી તેની બીજી આવૃત્તી કાઢવાનો પ્રસંગ આવેથી શુદ્ધી થશે.

આ ગ્રંથની માત્ર પાંચશે નકલો છપાવી છે, માટે ઘેરાક થનાર સદ્ગૃહસ્થે જલદી ગ્રહણ કરવો, એવી અરજ છે.

આ ગ્રંથને આશરો આપવામાં મારા પરમ સ્નેહી મિત્ર રાવ બહાદૂર ગોપાળજી સૂરભાઇ તથા દીવાન બહાદૂર મણીભાઇ જશભાઈ, એઓએ ઘણો શ્રમ લીધો, તે માટે હું તેમનો મ્હોટો આભારી થયો છું.

આ ગ્રંથમાં રાજેશ્રી મનસુખરામ સૂર્યરામના બનાવેલા દેશી રાજ્ય વિષેં નિબંધમાંથી તથા મી૦ ઝવેરીલાલ ઊમીયાશંકર યાજ્ઞિકના લોકલ સેલ્ફ ગવર્મેંટની યાદી, એ નામના અંગ્રેજી ગ્રંથમાંથી તથા મનુસ્મૃતિમાંથી કાંઇ ઊતારો કરી લેઈ જ્યાં જ્યાં ઘટારત લાગ્યું ત્યાં ત્યાં દાખલ કર્યો છે. એ વિજ્ઞપ્તી.

મુ૦ સુરત. તા૦ ૨૬ જુન ૧૮૮૬.

લા૦ ગ્રંથકર્ત્તા.

સ્થાનિક રાજકીય સ્વતંત્રતાની
અનુક્રમણિકા.

સ્કંધ ૨.

સ્કંધ ૩. રાજા પ્રજાના ધર્મ.

સ્કંધ ૪. સ્વરાજ્યના લાભાલાભ.

—:*:—

સ્કંધ ૫. સ્થાનિક રાજકીય સ્વસત્તા.

—:*:—

સ્કંધ ૬. સ્થાનિક રાજકીય સ્વસત્તાની રીત.

—:*:—

સ્થાનિક રાજકીય સ્વસત્તા.

આરંભ કથન.

સ્થાનિક રાજકીય સ્વસત્તા વિષે વિવેચન કર્યા પેહેલાં આ મથાળાં વિષેના નિબંધ સાથે સંબંધમાં આ દેશના પ્રાચિન કાળનાં લોકોની સ્થિતિ, ધર્મ, રાજ્ય તથા તેના બંધારણ તથા તેઓનાં રાજ્ય નાશ પામવાના કારણ, પરદેશી લોકોની ચઢાઈઓ, તેઓનાં રાજ્યની આ દેશમાં સ્થાપેનાં, તેઓના રાજ્ય બંધારણ, તથા દેશી પરદેશી લોકો સાથે તેઓનાં સંબંધ, તથા વર્તણુક તથા તેઓના રાજ્ય નાશ પામવાનાં કારણ સંબંધી સંક્ષેપે વર્ણન કરવાની આવશ્યકતા દીસે છે. છેલ્લે પરખંડી લોકોના આ દેશ સાથે સંબંધ, તેઓના રાજ્ય સ્થાપન થવાના કારણ; તેઓની દેશી લોકો સાથે રીતભાત તથા તેઓની પરસ્પર રીતભાત, સ્પર્ધા; અંગ્રેજ લોકોના રાજ્યની ચઢતી તથા તે થવાના કારણ, અંગ્રેજ લોકોની દૃઢતા, તેના કાયદા તથા બંધારણ, તેઓનો દેશી લોકો સાથે વર્તણુક; સ્થાનિક સ્વરાજ્યની મૂળ ઉત્પત્તિ, તેના હેતુ, તેને પ્રચારમાં લાવવાનો અનુકુળ કાળ, આ દેશના લોકોની સ્થિતિ, સ્થાનિક સ્વરાજ્યનાં ધોરણ, કાયદા, તથા તે અમલમાં લાવતાં ભાવી નડતર તથા તે સુધારવાના ઉપાયનું વિવેચન કરવાની જરૂર દીસે છે.

એ સઘળાનું વર્ણન કરતાં વેદ ધર્મ તથા તેઓના પ્રવર્તાવનારાઓ વિષે, બૌધ ધર્મ તથા તેના ધોરણ તથા તેઓમાં ખામીઓ વિષે બોલવાની જરૂર પડી છે. પરદેશી રાજ્ય તેઓમાં મુસલમાની તથા મુગલ રાજ્ય તથા તેઓના ધોરણ તથા અધિકારીઓ તથા કાયદા વિષે સારૂં નરતું બોલવાની ફરજ, તેમજ દેશી રાજ્ય, મરાઠાનું રાજ્ય, પેશ્વાનું રાજ્ય, તથા તેના અધિકારી તથા કાયદા કાનુનની બીનહયાતી, મનમાં આવે તેજ કાયદા એવી તેઓના મુખ્યાધિકારીઓની રીત, વગેરે લખી નિંદા કરવાનાં દુઃખદાયક ધર્મ, તથા અંગ્રેજ રાજ્યનાં રાજ્ય ધોરણ, તથા તેમના અધિકારીઓની નીતિ, તથા લોકો સાથે તેઓની વર્તણુક, તથા કેળવણીની સ્થાપના, કેળવાયલા લોકોની રીતિ, તથા તે લોકોના જોસ્સા તથા હક

માગવાની રીત કેવી છે, તથા કેવી હોવી જોઈએ, એ વિષે વિચાર આપવાની જરૂર પડી છે. તે વિષે વાંચનારા તથા રાજ્યાધિકારીઓ વિવેક લાવી ક્ષમા કરશે એવી પ્રાર્થના છે.

આ નિબંધનો વિષય જોતાં આ દેશમાં સ્થાનિક સ્વરાજ્યની રીત દાખલ કરવાની રાજ્યકર્તાની ઇચ્છા લાગે છે તેથી આ દેશ હિંદુસ્તાન સંબંધી વિષયોને લાગુ પડે એટલુંજ વિવેચન કરવું, બીજા દેશને મધ્યે લાવવા એ સયુક્તિક ન દિસવાથી તે વિષે લખવું નાદુરસ્ત ધાર્યું છે. પણ સ્વરાજ્યની બાબતમાં પ્રજા સત્તાક રાજ્ય જ્યાં છે તે સાથે સંબંધ ધારી ત્યાંની રીત વિષે ટુંકામાં લખવાની જરૂર પડી છે.

સ્કંધ ૧. પ્રાચીન કાળના લોકો.

પ્રકરણ ૧ લું,

હિંદુસ્તાનના મૂળ લોકો તથા આર્ય લોકો.

આ ભરતખંડનાં મૂળ દેશી કોણ, તે દીસતું નથી. પણ હાલના હિંદુઓ ન હતા, બીજા લોકો હતા, એવું ઈતિહાસ, પૂરાણ, કથા.ઉપરથી દીસે છે. તેઓ બહુ જંગલી અવસ્થામાં હતા એ પણ વેદ પૂરાણ ઊપરથી દીસે છે. તેઓ કયો ધર્મ પાળતા તે પકકે પણ જણાતું નથી. તેઓમાં રાજા હતા એવું પૂરાણ ઉપરથી દીસે છે ખરૂં, પણ તેઓનાં કયાં રાજ્ય હતાં, તેઓની રાજરીત કેવી હતી તે દીસતું નથી. તેઓને હિંદુઓના વેદ પૂરાણમાં રાક્ષસ, દૈત્ય, પીશાચ, એવાં નામ છે અને તેઓ ઇશાન્ય, વાયવ્યેથી તથા અગ્નિકોણથી આવતા એવું દીસે છે, તેથી તેઓ ભટકતા લોકો હતા એમ દીસે છે. તેમજ તેઓ મનુષ્યાહારી, માંસાહારી હતા, એ નક્કી દીસે છે. અને તેઓના ચેહેરા તથા બાંધા આર્ય પ્રજા સરખા નહીં હતા, મોટા વિકરાળ મુખવાળા તથા ભવ્ય કદરૂપા, ઊંચા કદવાળા હતા. તેઓમાં એક બીજામાં બનાવ ન હતો એમ લાગે છે. એમાં આશ્ચર્ય નથી. તેઓમાં જે બળીઆ તે સર્વેને મારી મોટા કહેવરાવતા હશે, અને મોટા ભાગ લેતા હશે, અને રાજા પણ તેજ. પશુઓનો શીકાર કરી તથા માણસોનો શીકાર કરી આજીવિકા ચલાવતા, તેથી એક

બીજાથી ડરી ડરીને આઘા આઘા જ્યાં ફાવે ત્યાં રહેતા, એમાં શક નથી. અને જંગલ, મ્હાડો ઊપર તેઓનું રહેઠાણ હતું એ પણ ખરી વાત છે. તેઓમાં શસ્ત્રાસ્ત્ર નહીં હતાં, આંગબળેજ કામ કરતા એમ પણ દીસે છે. એવું હિંદુઓના પૂરાણ પરથી જણાય છે.

પ્રકરણ ૨ જું.

ભરતખંડપર આર્યહિંદુઓની ચઢાઇ, તેઓનું વસવું તથા રાજ્યની મૂળ સ્થાપના; પિત્રીરાજ્ય.

હિંદુઓનાં વેદ, પૂરાણમાં સ્પષ્ટ છે જે તે ઊત્તરેથી ભરતખંડમાં આવ્યા; તેઓએ હિંદુસ્તાન ઊપર ક્રમ ચઢાઈ કરી તે નક્કી પણ જણાતું નથી. પણ જે ભૂમિમાં તેઓની અસલ વસ્તી તે ભૂમિ કાકસસ પર્વતની તથા ગોબીના રણની દક્ષિણે અને ઈંદૂકુશ પર્વત તથા હોમાલય પર્વતની ઊત્તરે હતી. તેમના તથા ઇરાણના પારસીઓના તથા જર્મન, ગ્રીક, સ્કાંડીનવીઆનૂ, ફ્રેંચ, ઈંગ્રેજ તથા લાટીન લોકોના પૂર્વજ એકજ હતા; અને એકજ ભૂમિકામાં વસતા હતા. તે અસલ પૃથ્વી પ્રલય થયા પછી વિસ્તારપામી ખાવાપીવા માટે, ઢોર, બકરાં, મેંઢાં, લઈ ટોળે ટોળે ભટકતા ફરતા; અને જ્યાં ખાનપાન મળતું ત્યાં રહેતા. એક ગોત્રનું ટોળું બીજા ગોત્રના ટોળાંથી જૂદું રહેતું, પરંતુ કેટલેક કાળે તેઓની વસ્તી વધારે વિસ્તાર પામી; તેથી ઘણ વધારે વધારવાની ઇચ્છા સાહજીક થવા લાગી, તેથી ગોત્ર ગોત્રમાં અણબનાવ થયા. તે વખતે રાજ્ય તથા રાજા કોઈ હતા એવું દીસતું નથી. એક ગોત્રવાળામાં પરસ્પર બહુ સંપ હતો; પીત્રાઈ ગોત્રાઈ સર્વે એકત્ર રહેતા અને ખાનપાન મળે તે વડીલની આજ્ઞાથી ખાતા, પીતા અને તંટો ફીસાદ થવા પામતો નહી અને થાય તો વડીલ તેનું સમાધાન પોતાની મરજી પ્રમાણે કરતા. અને એક ગોત્રના માણસ બીજા ગોત્રના માણસનો વાંક કરે તો તે બંને ગોત્રના વડીલોને ફરીયાદ થતી, અને તે વડીલો પોતપોતાના વિચાર પ્રમાણે ન્યાય કરતા; તે બન્ને પક્ષોને માન્ય રાખવો પડતો. પરંતુ તેઓ એક બીજાથી એટલે છેટે પડાવ નાખી રહેતા કે કોઈને ફરીયાદ કરવાનું કારણ રહેતું નહીં

અને દાદ માગવાનું આવતું, તો પીત્રી (વકીલ) ન્યાય કરતા. એવી, રીતે પીત્રી રાજ્ય હતું. અને તેઓનો વિસ્તાર કંઈ મોટો નહતો. તેથી જ્યાં પડાવ ત્યાંજ તેઓનું રાજ્ય. જમીનની કંઈ ગણના ન હતી. કંદ, મૂળ ખાતા અને પાસે પાસેના ગોત્ર જોડે કન્યા વહેવાર બાંધી રહેતા. તે દિવસથીજ ગોત્રમાં લગ્ન કરવા નહીં એવું થયું હોય એમ દીસે છે.

" યજુર્વેદમાં કહ્યું છે- सगोत्रे विवाहं न कुर्यात्.

પછી બહુ વિસ્તાર પામ્યાથી વસ્તીવધી, ઘણી પર નિર્વાહ ન ચાલ્યો, એટલે વાવી, ઓરી અનાજ ઊત્પન્નકર્તા થયા. જ્યાં વસ્તી ત્યાંજ તેમના ખેતર, તે ચાસી અગર ખાડાખોદી ઓરવા, વાવવા, લણવા લાગ્યા. પછી વધારે વસ્તી થઈ એક બીજામાં તંટા પડવા લાગ્યા, ધર્મમાં મત્તભેદ પડવા લાગ્યાથી તેઓ છૂટા પડવા લાગ્યા પણ ધર્મને વળગી રહ્યા. જે ગોત્રમાં જે બળીઆ તે સઘળીવાતે મોટા કહેવરાવવા લાગ્યા. ખેતર વાવી ગુજારો કરનારા તે ધર્મમાં એકીન રાખીરહી ધર્મક્રિયાઓ સંપૂર્ણ કરતા અને પહાડમાં રહેનારા અંગેબળવાન તે લડનારા થઈ એક બીજાને હઠાવવા લાગ્યા; તેથી ગોત્ર ગોત્રના ટોળાંમાં જોરવાળાં જે ટોળાં નરહ્યાં તે નાશીજઈ બીજે મુલક જઈ વસવાના વિચારમાં પડયાં, પણ તે ધર્મમાં હોશીઆર તેથી બળવાન તેમને વળગી રહી અગર બળવાનને. નબળા, પણધર્મશીળ, સાથે રાખી ટોળેટોળાં આઘાં છેટે વસતાં થયાં. એવી રીતે કેટલાંક પૂર્વે અને કેટલાંક ગોત્ર પશ્ચિમે નાસી વસ્યાં ત્યાંપણ સબળા જોરાવર લોકોએ ધર્મ યુદ્ધ કરી કાઢી મૂકયા. તેમાંના પશ્ચિમે જે નાઠા તે યુરોપમાં વસ્યા અને પૂર્વે નાઠા તે ભરત્તખંડની સિંધુ નદી સૂધી આવ્યા. ત્યાં પંજાબમાં જમીન સારી, નદી, પાણીના સુકાળ તથા હવા આરોગ્ય જોઈ ત્યાં વસ્યા. તેઓ વેદ ધર્મપાળનારા, ખેતીવાડીનું કામ જાણનારા એવા હતા. તથા યુદ્ધ પ્રસંગમાં શસ્ત્રાસ્ત્ર, ધનુષ્યબાણ તથા ધનુર્વિદ્યા જાણનારા હતા. તેઓએ અસલી મૂળ રહેવાશીઓની સાથે ઘણા યુદ્ધ પ્રસંગ કરીને તેઓથી પોતાના બચાવ કરી સિંધુ તથા સરસ્વતિ (હાલની સતલજની પાસે હતી) એઓની વચેના પ્રદેશમાં પોતાનું રહેઠાણ કરી નિવાસ કર્યો. ત્યાં ઘણા કાળ સૂધી રહ્યા પણ તેઓના ધર્મના કામમાં તથા બીજા વેહેવારી કામમાં પૂર્વધર્મના મત્તભેદવાળાઓ તથા અસલ રહેવાસી (ભરતખંડના) બહુધ્વંશ કરતા, તેઓને હઠાવી. યજ્ઞાદિ કામ તથા ખેતીવાડીનું કામ બાળીઆની મદદથી

તેઓ ચલાવતા અને નિર્વાહ કરતા. પણ એવી રીતે હમેશ કરવું પડતુ તેથી રક્ષણ કરતા વગેરે ઠરાવવાની જરૂર પડી. જે બળીઆ તે રક્ષણકર્તા થયા, અને તે ક્ષત્રી તે વખતે કહેવાયા; અને જમીનમાં જે પાકતું તેમાંથી તેઓને કાંઈ અંશ, તેઓનો કાળ દેશ, ધર્મ, રક્ષણ કરવામાં ગાળવો પડતો તેથી આપતા. એવી રીતે ધર્મના તથા લોકોના રક્ષણ કરતા વર્ણ થયા. જ્યાં કોઈ હોમહવન, શ્રાધ્ધ ઇત્યાદિ ધર્મની ક્રિયાઓ હવણા થાય છે તેમાં પ્રથમથીજ,—दर्भाः रक्षन्ति राक्षशान् तिलाः रक्षन्ति आशूरान् ॥

એવું કરીને તલ વાયવ્યે અને દર્ભ ઇશાન્યે ફેંકે છે. તેનું કારણ ઇશાનથી રાક્ષશ આવતા તેઓથી બચાવ કરવાને દર્ભ નામના (ક્ષત્રી) ને મોકલતા અને આશુર (આશીરીઆના લોકો) અગર ઇરાણી લોકો આશુર (અહુરમજદ) તેઓથી રક્ષણ થવાને તિલ નામના (ક્ષત્રી) ને મોકલતા. હાલમાં તેઓ નથી તથાપિ ક્રિયામાં અસલી રીત પ્રમાણે સાક્ષાત ક્ષત્રીને નહીં મોકલતાં તેઓના પ્રતિનિધિ જવ તલને ફેંકવાનો ચાલ રહ્યો છે. એવી રીતે ધર્માભિરૂષ્ટ લોકો ધર્મમાં રોકાતાં, ખેતીવાળા લોકો ખેતી કરતા અને તેઓનું રક્ષણ કરવાને બળીઆ લોકોના વર્ગ પંજાબમાં વસ્તો થયાં પછી જ થયા. તેવા વર્ગ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય લોકોના વર્ગ બંધાયા અને એમ કરતાં કરતાં ગંગા પ્રદેશ, પર્યંત અસલી લોકોને હઠાવ્યા તેથી સરસ્વતીના પ્રદેશને આર્યવૃત અને બ્રહર્ષી પ્રદેશ એવાં નામ પાડ્યાં; તે ઊપરાંતના દેશ પીશાચીદેશ, રાક્ષશીભૂમિ, એવાં નામ પાડેલાં પૂરાણોમાં પ્રસિદ્ધ છે. એવી રીતે દેશ, પ્રજા તથા ચોરી છીનાળીનુ રક્ષણ કરનારા તે ક્ષત્રી અગર રાજા કહેવાયા; અને તેમના પોષણ અર્થે ભોંયના ઊત્પન્નમાંથી તેમને કાંઇ હિસ્સો આપવાનો ઠરાવ થયો એમ દીસે છે. ખેતી કરનારા તથા બીજા ધંધા કરનારા વૈશ્ય કહેવાયા.

શૂદ્રવર્ણ, એ આર્ય લોકો છે કે કેમ એ નિશ્ચયપણે જાણવામાં આવ્યું નથી. કેટલાક લોકો કહે છે જે જે આર્ય લોકો વિદ્યા ન ભણે અગર કંઈ ધંધો ન કરી જાણે તેવા મજુરીનો ધંધો કરે તેવા હતા તેઓની શૂદ્રવર્ણ થઈ અને તેઓ ગુલામ જેવા ઊપલી ત્રણ વર્ણના સેવક થયા. કેટલાક લોકો કહે છે જે ભરતખંડના અસલી રહેવાશી આર્ય લોકોએ જીત્યા, તેઓમાના જેઓ જંગલ પર્વતની કઢણમાં હઠી નાઠા, તેઓમાંના જે સપાટ પ્રદેશમાં બાકી રહી ગયા, તેઓ ગુલામના ધંધો કબુલ કરી આર્ય લો-

કોમાં રહ્યા; તેઓની શૂદ્રવર્ણ થઈ. જેઓ પર્વતમાં જઈને વશ્યા તેઓ-માના આજ ભીલ, કોળી, નાએકડા, ગોંડ, સાન્થાલ, નાગ્ન વગરે લોકો છે.

એ શૂદ્ર લોકો આર્ય લોકોમાં રહીને કે તે પેહેલાંના મૂર્તિ પૂજક છે તે સમજાતું નથી. આધુનિક ઢેડ, વાઘરી, ભીલ, ભંગીઆ, મેગવાળ આલપા, ચમાર, માંગ, પારીઆ, એઓ તુળસીની તથા કંઈ માતાની પૂજા કરે છે અને માને છે તેથી તેઓ પેહેલાંનાં એઓને માનતા કે, હવણા માનવા લાગ્યા તે સમજાતું નથી.

પૂરાણાદિમાં આર્ય લોકો તથા રાક્ષશના યુદ્ધ બહુ થએલાં તથા તેમજ આર્ય તથા અશૂર, દૈત્ય, દાનવના પણ યુદ્ધ બહુ થએલાં, વર્ણવેલાં છે. એ રાક્ષશમાં કેટલાક શિવના ઊપાસિક હતા તથા દૈત્ય, દાનવ, અગ્નિ, સૂર્યને માનતા એવું પણ વર્ણવેલું છે. તેથી અસલની રહેવાશીઓ *પંચતત્વ ઊપાસિક હતા એમ લાગે છે. પણ શિવની ઉપાસનાતો વેદ ધર્મમાંજ કહી છે તેથી રાક્ષશમાના કેટલાક વેદ ધર્મ પ્રમાણે ચાલતા એવું દીસે છે. દૈત્ય, દાનવ, અશૂરો (મીડીઆ આસિરીઆ વગેરે પશ્ચિમના) એઓ ઇરાણી લોકો હોય એમ સ્પષ્ટ દીસે છે. તે લોકો વેદધર્મની પ્રત્યક્ષ પ્રતિમાઓના ઊપાસિક નહીં પણ તેઓમા દ્વિઅર્થ પામે એવા તત્વોના ઊપાસિક હતા. અને તેઓએ વેદધર્મી યજ્ઞ, યાગાદિક ઊપાસના થકી મત્ત ભેદ થઈ, હિંદુઓથો જૂદા પડી, યુદ્ધો કીધાં. પારસી લોકોના યોદ્ધાની કહાણીઓમાં દાનવ દેવના યુદ્ધ વિસ્તારથી વર્ણવ્યાં છે. તે દેવ, તે હિંદુ વેદધર્મી આર્યો, અને દાનવ તે તેઓના રૂશી યોદ્ધાઓ. દાનવનો અર્થ તે ભાષામાં જ્ઞાની એવો થાય છે. એ યુદ્ધો ધર્મ યુદ્ધ હતાં. તેઓમાંના રૂસ્તમ, જોહાક વગેરે પેહેલવાંનો અને હિંદુઓમાંના ઈંદ્ર, રાવણ, વાયૂ, સૂરજ, મેઘ, ઊષા, એઓનાં સ્પષ્ટીકરણ ખરેખરે અર્થે આજને સમે થાય તો બહુ અજવાળામાં આવે (ઊમેદ છે કે બહુ ભાષા—જ્ઞાની તથા ભાષા શાસ્ત્રનાં પંડિતો એનો ખુલાસો કરશે.) પૂર્વના પ્રાચીન લોકોમાં દોષ જોઈએ તો તસ્કરી તથા મદ્ય, દારા, એઓની ચોરી, છીનાંવી કે અભક્ષાભક્ષ અને નિંદા એવા

---

* આકાશ, અગ્નિ, વાયુ, જળ અને પૃથ્વી એ તત્વો અસુલથીજ દેખાવમાં ભવ્ય તેથી તેમને સર્વે અસલી લોકો ઉપાસતા.

દ્વેષ કોઈ કાળે બનતા, તેનો ઈનસાફ તેઓનાં પીત્રી કરતા. અને તેઓ સંતુષ્ટ રહેતા. જ્યારે બળીઆ રાજા થયા, ત્યારે રાજા પ્રમાણે પોતાની પ્રજાનું રક્ષણ કરવું, યજ્ઞયાગાદિક કરવાં અને રૂષીઓનું પાલણ, પોષણ, રક્ષણ કરવું, એ તેઓનાં કર્તવ્ય કર્મ; તથા એ બદલ કાંઈ વેરો લેવો પણ જમીનના માલિક રાજા નહતા એ નિશ્ચય લાગે છે.

તેઓ ન્યાય કરતાં ગોત્ર ગોત્રના પિત્રી તથા મોટા રાજાઓ તથા રૂષીઓ સાથે રાખતા અને ધર્મની રીત પ્રમાણે ન્યાય થતો. ત્રણ વર્ણ સરખી ગણવામાં આવતી. અને કોઇને દેહાંત દંડ થતો નહોતો. અબળા તથા બ્રાહ્મણને મોટા અન્યાયને માટે બહિસ્કારની શિક્ષા અને એકાંત વાસની શિક્ષા થતી, પણ સ્ત્રીઓ એવા અપરાધ કોઇ દીન કરતી એવું સાંભળ્યું નથી.

પ્રકરણ ૩ જું.

આર્ય (હિંદુઓ) નો ધર્મ, તેઓની સ્થિતી, તેઓના ગ્રંથ, તેઓના કળાકૌશલ્ય. પરશુરામ, રામ, પાંડવ, કૃષ્ણ.

આર્યો ઊત્તરેથી આવ્યા. (વાયવ્યેથી ખરૂં જોતાં). તેઓ સિંધુથી ગંગા પ્રદેશમાં વસ્યા એવું લખ્યું છે. પણ કયારે આવ્યા અને કેટલા વર્ષ ત્યાં રહ્યા તે જણાતું નથી

તેઓ પોતાના વેદ ધર્મ સાથે લાવ્યા. વેદ ધર્મ એટલે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ એ ધર્મના પવિત્ર પુસ્તકો સાથે લાવ્યા, અને તેમાં ફરમાવ્યા પ્રમાણે ક્રિયાં, યજ્ઞ યાગાદિક કર્મ કરવામાં તથા તે વડે પરબ્રહ્મને પ્રસંન કરવામાં તેઓના રૂષીઓ મંડયા હતા, અને તેઓ ક્ષત્રી રાજાઓ પાસે યજ્ઞ કરાવી તેઓ ઊપર પરબ્રહ્મની કૃપા તથા આશિર્વાદ કરાવતા. બીજી વર્ણો પોત પોતાના ધર્મ પ્રમાણે વર્તતી. તેઓનો એટલા પ્રદેશમાં અમલ એવો જામ્યો હતો કે, રાજ્યમાં ખળભળાટ થવાનું અગર ન્યાયનો અન્યાય થવાનું કંઈ કારણ રહ્યું જણાતું નથી. તેઓને કવચિત

કવચિત રાક્ષશ તથા દૈત્ય દાનવ (પરદેશી દેહવાશીઓ) ભંગ કરવાના પ્રયત્ન કરતા, પણ તેઓના શસ્ત્રાસ્ત્ર નબળાં, તથા બળવાન પણ કવાયત વગરના લોકો, તેથી તેઓનું કંઈ આર્યોની ધનુર્વિદ્યા તથા અગ્ન્યાસ્ત્ર, વિદ્યુલાસ્ત્ર, મેઘાસ્ત્ર, વાયવાસ્ત્ર વગેરે શસ્ત્ર સામે ચાલતું નહતું, અને સ્વસ્થપણે પોત પોતાના ધર્મ પ્રમાણે નિરાંતે રેહેતા.

એ સમયમાં તેઓએ ખેતીમાં બહુ સુધારો કર્યો. પ્રથમ કંદ, મૂળ, દૂધ, માંસ, ફળફળાદિ, ફૂલ, આદિનો તેઓ આહાર કરી નિર્વાહ કરતા. તેઓ હવે અન્ન, જળ, માંસ ઊપર નિર્વાહ કરતા થયા. અન્ન વધે તેમ કર્યું તથા ઢોરો બીજા દેશમાં મોકલી ત્યાંથી પોતાને જોઈતી ચીજો જેવાં કે પશમ, લોઢું, સોનું લાવતા. તેઓના રૂષીઓની શાસ્ત્રજ્ઞતા વધી, બ્રહ્મનિષ્ટતા વધી, અને શાસ્ત્ર (વ્યાકરણ નિરૂક્ત છંદ, ઈ.) ના જ્ઞાનમાં પણ વધારો થયો; તેથી તથા જ્યોતિઃશાસ્ત્રના જ્ઞાનમાં વૃદ્ધિ પામ્યાં તેથી ખેતીવાડીના કામમાં લોકોને બહુ સાહ્ય ભૂત થયા; અને યાંત્રિક કળા, જેવાં કે હળ, રેંટીઆ, રથ, ચક્ર, મૂશળ, ઘંટી વીગેરે કરી. તેથી નિપજમાં પણ વધારો થયો. પ્રજાસક્તિ વધી. અને કળા કૌશલ્યાની પણ સારી શોધ થઈ. એવે સમે રાજા પણ વિદ્યોત્તેજક થયા તેથી તથા રૂષીઓને ઘેર બેઠાં ખાવાંપીવાનું અર્પણ કરતા તેથી, રાજાની સમૃદ્ધિ તથા પ્રજાની નીપજ વધારવાના શા ઊપાય, તે પોતાના સદાએ કાળ અવકાશ વખતે રૂષીઓ યોજતા; અને સમાધિસ્થ સ્થિતિમાં તે સાધનો જોઈ પ્રચારમાં અને અનુભવમાં લાવવા રાજા પ્રજાને બોધ કરતા. જેમ જેમ પ્રજાની સમૃદ્ધિ તથા કળા કૌશલ્ય વધ્યાં તેમ તેમ અંતરરક્ષણ તથા બાહ્ય રક્ષણનાં ઊપાય યોજવાની જરૂર પડી. તે વાસ્તે રૂષીઓએ જૂદી જૂદી સ્મૃતિઓ કરી; તેમાં મનુસ્મૃતિ સર્વે પ્રકારે ઊત્તમ બની. તે પ્રમાણે રાજા, પ્રજા, બ્રાહ્મણો, રૂષીઓ, પરદેશી, લોકોના વ્યવહાર, ચલાવવાનો આરંભ થયો. એ સ્મૃતિ ક્યારે થઈ તે વીશે જૂદાં જૂદાં મત્ત છે. પણ એ થયાને ૩૦૦૦થી ઓછો કાળ થયો નથી એમ સંભવે છે.

એ મનુસ્મૃતિના નિયમ પ્રમાણે ચારે વર્ણો ચાલતી. બ્રાહ્મણોનું તેમાં મહાત્મ્ય નહદ કરી ઘાલેલું છે: તેમ બ્રાહ્મણોને વર્તવાના ધર્મ પણ બહુ સખ્ત છે. તે બ્રાહ્મણો પાળે તો આજે પૃથ્વીપર પગ. પણ નહીં મૂકાય; પણ એટલું બહુ સુગમ થયું હતું કે એ કાયદાઓ પ્રમાણે સર્વ

ચાલતા, તેથી ચોરી, છીનાળી, જુઠ, નિંદા, સ્તુતિ, કાંઈ અન્યાય કર્મ થતાં નહતાં, અને કાંઈ થતાં તેની શિક્ષા એવી સખ્ત હતી કે બીજા ફરી તેવો અન્યાય કરવા પામેજ નહીં. સૌ વર્ણાશ્રમના નિયમ થકી વર્તતા. સ્ત્રીઓને પુરૂષ સમાન હક આપેલા હતા, પણ વેદ ભણવાની તેમને છૂટ નહતી, તથા તેઓને પતિની અગર વડીલની સેવા તથા આજ્ઞામાં રેહેવાનું હતું.

એકજ રાજા, જે બળવાન તે થતો, તેથી રાજ્યમાં એકનો અમલ ખરો, પણ તે વંશપરાપરા ચાલતો નહતો. બળીઓ એ રાજા થતો અને રાજાના ધર્મ પ્રમાણે ચાલે તો તેને રૂષીઓ રાજ્યસને બેસાડી રાજ્યાભિષેક કેટલોક વખત ગયા પછી કરતા. તેથી પ્રજાસત્તાક રાજ્ય જેવું રાજ્ય હતું. રૂષીઓના મત્ત પ્રમાણે વિશેષ ચાલતું, પરંતુ તે વેળાના રૂષીઓ ધર્મનિષ્ટ, યોગાભ્યાસી, સમાધિસ્થ સ્થિતિમાં રહી ન્યાય અન્યાય બરાબર અવલોકન કરી, રાજાને સલાહ આપતા. તેથી તથા રૂષીઓના ભયથી રાજા પોતાના ધર્મથી કોઈ કાળે પણ વિરૂદ્ધ ચાલતો નહતો.

એ વખતે રાજા રૂષીઓની સલાહ પ્રમાણે ન ચાલ્યાથી કે બ્રાહ્મણોનું પરીબળ વધ્યાથી. પરશુરામ રૂષી રાજ્યપદ પામ્યો, અને રાજવંશી ક્ષત્રીઓનો નાશ કરી નક્ષત્રી પૃથ્વી કરી. તેમાંના કેટલાક ક્ષત્રીઓ ગંગા પાર પલાયન કરી ગયા અને તેમણે ત્યાં અયોધ્યામાં એક નવું રાજ્ય સ્થાપન કરયું. તે વંશમાં રામ થયા તેમણે પરશુરામને જીતી રાજ્ય વધાર્યું, એવી કથા છે. પરશુરામને આર્યવૃત્ત બહાર કાઢી મૂક્યા. તેમણે બાણ મારી કોકણ પટી સમુદ્ર પાસેથી પડાવી તેમાં રહ્યા, એવી કથા છે. પણ ધરતીકંપ થયાથી એટલી જમીન *ઊપસી આવી હોય એમ હશે. ત્યાં પરશુરામે રાજ્ય કરવા માંડયુ એવી કથા છે. એ પરશુરામ વિષ્ણુના અવતાર હતો, એમ લોક માને છે. રામરાજાને ૧૪ વરસ વનવાસ ભોગવવો પડયો, તેમાં તેની પતિવ્રતા સ્ત્રીને રાવણ હરણ કરી ઊંચ-

---

* એવી રીતે ઉપસી આવેલી જગાઓ ગુજરાત, કચ્છમાં બહુ છે. પાટડી પાસેનું રણ, નળ નામના સરોવર પાસેની જમીન, કચ્છનું રણ અને તેમાંના ખડીર વીગેરે બેટો. ખંભાતનો અખાત છેક પાટડી પાસે થઇ રણને મળતો. કચ્છનું રણ એ સમુદ્ર હતાં એમ જણાય છે. કચ્છ એટલે સમુદ્ર કાંઠાનો દેશ.

કી લેઈ ગયો. તે રાજા લંકાનો હતો. એ લંકા હાલની સીલોન નહીં. તે એની પાસે હતી. તે ધરતીકંપથી અગર બીજા કારણથી ડુબી ગઈ એમ લાગે છે. એ રાવણના રાજ્યની તથા શક્તિની બહુ અતિશયોક્તિ પુરાણમાં લખી છે તેનું કારણ કે એવા બળવાનને પણ રામે જીત્યો હતો એવું દેખાડવું. એને જીત્યા પછી રામે પોતાને વતન અયોધ્યા જઈ ત્યાં રાજ્ય કરવા માંડયું. ત્યાં તેમણે ધર્મરાજ્ય ચલાવ્યું, અને જ્યાં કંઈ ભય નહીં ત્યાં આજે રામનું રાજ કહેવાનો ચાલ તે દહાડાથી પડયો છે. રામના રાજ્ય વખતે તે રાજ્ય વિંધ્યાચલ પર્વત સુધી હતું. તેની પેલી તરફ દક્ષણમાં વનચરની વસ્તી હતી. કેથે કેથે રૂષીઓ તપ કરવા મઠ બાંધી રેહેતા હતા, એમ લાગે છે. એ રામ રાજા વિષ્ણુનો અવતાર થઈ ગયો એમ કહેવાય છે. એ વાત ખરી છે કે રામે યથા-ન્યાય સાર્વભૌમ (પંજાબથી વિંધ્યાચળ સૂધી) એકે ચક્ર રાજ્ય કર્યું, અને તે સર્વ માન્ય થવાને અશ્વમેધ (ઘોડાનો હોમ) યજ્ઞ *કરયો. તેમાં સર્વે લોકો હાજર થયા હતા. એ રામ રાજા સૂર્ય વંશી. તેના વંશના હાલમાં ઉદેપુરના રાણાઓ કહેવરાવે છે. એ વખતે બ્રાહ્મણી ધર્મ (વેદધર્મ) સારી રીતે ચાલતો હતો, તેમાં રૂષીઓ પોતાનું પ્રાધાન્યપણું પરશુરામના રાજ્ય પ્રમાણેજ ચલાવતા, પણ એ વખતે રાજ રૂષીઓ થયા, અને બીજા ધર્મી રૂષીઓ થયા. રાજ રૂષીઓ રાજાને મદદ કરી ધર્મ પ્રમાણે રાજ્ય ચલાવવાને સહાય થતા. એવા રાજરૂષીઓ વાલ્મિક, જેણે રામાયણનું નીતિજ્ઞ કાવ્યનું પુસ્તક બહુ રસિક તથા વીરરસી કર્યું છે. તે તે વખતની રાજ્યનીતિ સારી રીતે પ્રગટ કરે છે, અને વાંચનારને રોમે રોમે આગ વ્યાપી રહે તેવું છે. તે ઉપરથી સિદ્ધ થાય છે જે તે વખતે પ્રજા સત્તાક રાજ્ય ન હતું છતાં પ્રજા મતને બહુ આદાર મળતો હતો. તેનો દાખલો એકે કોઈ ધોબીએ પોતાની સ્ત્રીને કહ્યું કે હું શું રામસો છું, કે સીતા રાવણને ત્યાં રહી તે છતાં તેને ઘરમાં લાવી રાખી? તે રામરાજા નગર ચરચા જોવા રાતે ગયા હતાં, તેમણે સાંભળતાં વારજ ઘેર આવી સીતાને બહાર વનવાસે કાઢી એવી કથા છે. એ વાત અને પછી સીતાના પુત્રો, લવ અને કુશે રામ

* દિલ્હીમાં સને ૧૮૮૧માં મહારાણી વિક્ટોરીયાએ કેશરેહિંદ પદ લીધું તે વખતે સર્વ ગુજરાત રજવાડા માન આપવા હાજર થયા હતાં તેમજ.

લક્ષ્મણ, ભરત, સત્રુઘ્ન (રામના ભાઈ) સાથે યુદ્ધ કર્યું તથા સીતાનો રામે પછી સ્વીકાર કર્યો. એ વાંચી પથ્થર જેવી છાતી હોય તેને પણ રડવું આવ્યા વગર રહે નહીં, વાંજણીને પાનો આવે. એ રામ પછી એના વંશના રાજા રાજ્યકર્તા થયા. ત્યાર પછી કેટલેક વરસે પાંડવ હસ્તિનાપુરમાં (દીલ્હિ પાસે) રાજ્યકર્તા થયા. તે મોટા પ્રતાપી થયા એવી કથા છે. એ પાંડવોનો ખરો હક છતાં તેમનાં પીત્રાઈ કૌરવોએ રાજ્યાસન પરથી તેમને ઊઠાડી મૂક્યા, અને વનવાસે કાઢ્યા. ત્યાં તેઓ ૧૦ દસ વરસ વનવાસમાં અજાણ વેશે રહ્યા. પછી કૃષ્ણની (રામ જેવો વિષ્ણુનો અવતાર ગણાય છે.) સહાયથી રાજ્ય પામ્યા અને તેઓએ રાજ્ય ચલાવ્યું. પરંતુ તે વખતે તે સાર્વભૌમ રાજા થયા નહતા. તેમને તથા કૃષ્ણ (જે દ્વારકામાં રાજા થયા હતા) તેમને જરાસંઘ વગેરે દૈત્ય રાજાઓ બહુ પીડા કરતા તથા તેઓનું રાજ્ય છીનવી લેતા.

મજકુર પાંડવ કૌરવોનું મોટું યુદ્ધ કુરૂક્ષેત્રમાં (સોનપત પાનીપતની નજીક) થયું, તેમાં ઘણા રાજાઓ બંને પક્ષને મદદે મળ્યા હતા, એમ કહેવાય છે. તેમાં કૃષ્ણના કપટથી તથા છળભેદથી પાંડવ જીત પામ્યા. તે રાજ્યાસને બેઠા અમે રાજ્યને અંતે નર્ક એવું માની હિમાલયે ગળવા ગયા; ત્યાં યુધિષ્ઠીર શીવાય બીજાઓ ગળાઈ ગયા અને યુધિષ્ઠીર તીબેટ તરફ ગયા, એવી કથા મહાભારત નામે એ યુદ્ધ વીષે વિગતવાર હેવાલનું પુસ્તક છે તેમાં લખેલી છે. એ રાજાઓના વારામાં બ્રાહ્મણોનું જોર કમી થયું દીસે છે, અને રાજાઓનું જોર વિશેષ થયું દીસે છે.

એ શ્રીકૃષ્ણ પણ શ્રી વિષ્ણુના ૮મો અવતાર ગણાય છે. એ રીતે જે પુરૂષ બળવાન થઈ રાજા થયા તેઓ સર્વ વિષ્ણુનાં અવતાર ગણાયાં છે. તેથી એવું દીસે છે કે તેઓએ રાજાની સાથે ધર્મની પણ સત્તા પોતાના હાથમાં રાખી હતી. યુધિષ્ઠીર સાર્વભૌમ નહતા તેથી અવતારી પુરૂષ ગણાયા નહીં એમ દીસે છે.

એ ત્રણ પુરૂષોના રાજ્યમાં બ્રાહ્મણોનું માન બહુ હતું. તેઓને ભીખ માંગવાની જરૂર નહતી. તેઓ તપમાં તથા ધ્યાનમાં રહેતા, અને વિદ્યા ભણાવતા તથા યજ્ઞ કરતા તથા કરાવતા. તેઓને રાજાઓ તરફથી સઘળી રીતે આશ્રય મળતો અને તેઓ રાજાઓને તે બદલ આશિર્વાદ

તથા સલાહ આપતા; અને * ધનુર્વિદ્યા તથા યુદ્ધ * વ્યૂહ શીખવતા. ન્યાય એ વખતે રાજા તથા * રાજર્ષીઓ તથા રૂષીઓ મળીને કરતા. રૂષીઓ ઘણાખરા રાજ ખટપટમા પડતા નહોતા, પણ દ્રોણાચાર્ય (પાંડવોના ધનુર્વિદ્યા ગુરૂ) અશ્વથ્થામાં વગેરે બ્રાહ્મણ છતાં યુદ્ધ પ્રસંગમાં સામેલ હતા એવી કથા છે.

એ વખતે કાચની તથા સૂત્રના વસ્ત્ર કરવાની કળા નીકળી જણાય છે. કેમકે પાંડવોએ એક વખતે રાજ્યસભા કરી તેમાં ભોંયપર કાચ જડયા હતા, તે સભામાં કૌરવોને નોતરચા હતા, તેઓ આવતાં કાચમાં પ્રતિ બિંબ પડેલું જોઈ પાણી જાણી પહેરેલાં ધોતીઆં તેમણે ઊંચા ચઢાવ્યાં તેથી સભામાનાં સર્વે ખડખડ હસીને કહેવા લાગ્યા જે આંધળાના આંધળા (કૌરવોનો બાપ ધૃત્રાષ્ટ્ર જન્માંધ હતો). ઊપરથી કાચ બનાવવાની કળા તે વખતે નવીન શોધી કઢાયલી લાગે છે.

પ્રકરણ ૪ થું

બૌધ ધર્મ; રાજા અશોક; ગ્રીક લોકની ચઢાઇ; આર્ય લોકોની સ્થિતિ.

કૃષ્ણાવતાર થયા પછી વિષ્ણુના પૂજનનો પ્રવેશ થયો ત્યાં સૂધી તપ જપ અને એકેશ્વર તથા (શિવ) મહાદેવની આરાધાના લોકો કરતા એમ દીસે છે, અને ત્યાં સૂધી હોમ, યજ્ઞયાગમાં પશુવધ, સોમવલ્લી, મદ્યપાન કરવાનો ચાલ હતો. તે સર્વે લોક ભક્ષણ પાન કરતા એમ કથા પુરાણથી જણાય છે. તે કેટલાક રૂષીને ન ગમ્યું. તેમાં ગૌતમ (શાક્યમૂનિ) રૂષીનું મત્ત જૂદે રસ્તે વલણમાં લાગ્યું. તે ઉપરથી બૌધ મત્ત પ્રગટ થયું અને તે ધર્મ એટલો તો પ્રસરયો કે વેદ ધર્મ (બા-

---

* ધનુર્વિદ્યા એટલે તીર બાણ તથા તેઓને વીજળી અગ્નિ, જળ વગેરેના આકર્ષણ ગુણ આપવા.

* યુદ્ધ વ્યૂહ એટલે લડાઇની કવાયત તથા ગોઠવણ.

* રાજર્ષી ક્ષત્રી, બ્રાહ્મણોની વિદ્યા, શાસ્ત્ર, ધર્મ, નિયમ, ન્યાય, ઇ. શીખી બ્રાહ્મણ પદ પામ્યા તે. અગર રૂષી જન્મી રાજા ક્ષત્રીઓના ધર્મ પાળ્યા તે.

હ્મણી ધર્મ) નો નાશ થવાનો વખત આવ્યો. એ બૌધ ધર્મના સ્થાપનાર એક રાજાનો દીકરો હતો. તેણે રાજ્યપાટ સઘળું ત્યાગ્યું કર્યું અને તપમાં તથા ધર્મોપદેશમાં પોતાના આયુષ્યનો કાળ ગાળ્યો. તે રાજપુત્ર છતાં સાધૂને વેશે ફરતા, તેણે ઘણાએક સાધૂઓ પોતાની મંડળીમાં મેળવ્યા. એ ધર્મનો સિદ્ધાંત એ કે, દયા, દાન, સત્ય, તપ, ઈંદ્રિયદમન, સર્વેની સમાનતા પાળવી, તથા સર્વે પોતપોતાના ધર્મ પ્રમાણે ઉદયાસ્ત પામે અને તપને અંતે નિર્વાણ (મોક્ષ) થાય છે. વર્ણાશ્રમનો ભેદ નહીં, સર્વ એકવર્ણ. એઓના સાધૂઓ બ્રહ્મચારી રહી મઠમાં રહેતા અને લોકોને ઉપદેશ એવા કરતા, તેથી ઘણા લોકોએ એ ધર્મ સ્વીકાર્યો. ઈ. સ. પૂર્વે ૫૦૦ વર્ષથી ઈ. સ. પછી ૪૦૦ વર્ષ સુધી એ ધર્મનુ જોર બહુ રહ્યું. અશોક રાજા ઈ. સ. પૂર્વે ૨૨૫ વરસ ઉપર થયો. તેણે એ ધર્મને પુશ્કળ આશરો આપ્યો. તેનો દીકરો તથા દીકરી સાધૂ સાધ્વી થયાં, અને તેમણે ભરતખંડમાં સઘળે એ ધર્મ પ્રસરાવ્યો. સીલોન, ચીન, જાપાન, તીબેટ, બ્રહ્મદેશ, સુમાત્રા, જાવા, વગેરે ઠેકાણે ઈ. સ. ૭૦૦ સુધી વર્ષમાં પ્રસર્યો તે હજુ ત્યાં ચાલે છે.

એ બૌધ ધર્મ સ્થાપનાર શાક્યમૂનિ વિષ્ણુનો અવતારી પુરૂષ કહેવાય છે. તે નવમો અવતાર. એણે બૌધ નામ ધારણ કર્યું અને તે બૌધાવતાર કહેવાય છે. એ ધર્મવાળા સાધૂઓ સંસાર વર્જિત રહેતા, તેમજ સાધ્વીઓ પણ જૂદીજ રહેતી. રાજાઓ એ ધર્મ પાળતા પણ ધર્મ ચલાવનારા થઈ પ્રસાર કરતા નહવા. પ્રસાર કરનારાઓ તો સાધૂઓજ હતા. ઉપદેશ કરી પ્રસાર કરતા તેથી એ ધર્મ જ્યાં સ્થપાયો ત્યાં દૃઢ રહ્યો; અને જે ધર્મ રાજા ચલાવનારા તથા રાજ્યના બળથી ચલાવવાંના સિદ્ધાંતથી સ્થપાયા હોય તેનો નાશ જલદીથી થાય છે. એ નક્કી દીઠામાં આવ્યું છે. બૌધમતવાળા સાધૂઓએ કેટલેક વરસને આંતરે ધર્મના આચાર્યો તથા રાજા પ્રજાઓની સભા કરી કાયદાઓ બાંધ્યા, તે કલ્પસૂત્ર તથા ત્રિપતાકા, ધમ્મપદ વગેરે ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. સો સો વરસને આંતરે જૂદે જૂદે ઠેકાણે એવી સભાઓ કરી તે કાયદા નિયમો ઇઃમાં ફેરફાર કરવા ઘટે તે કરતા, તેથી રાજા પ્રજા સર્વેને અનુકુળ પડે તેવા તે થતા. જે કાયદા પ્રજામત લેઈ ન થાય તે

ઘણા કાળ સુધી ટકે નહીં એ આ ઊપરથી સિદ્ધ થાય છે.

એ ધર્મ પાળનારા રાજા સાધૂઓની સલાહ લેઈ ધંમપદ વગેરેમાં લખેલા નિયમ પ્રમાણે રાજ્યન્યાય ચલાવતા. એ અરસામાં ગ્રીક (યવન) રાજા સીકંદર બાદશાહે ભરતખંડ પર ચઢાઈ કરી. ગંગાના કાંઠા સુધી તેની ફોજ આવી હતી પણ તે એ દેશમાં રાજ્ય સ્થાપન કરયાં વગર ચાલ્યો ગયો. પણ તેણે પોતાનો વકીલ બૌધ મત્તના શૂદ્ર રાજા ચંદ્રગુપ્તના દરબારમાં રાખ્યો હતો.

મનુસ્મૃતિમાં લખ્યા પ્રમાણે વર્ણાશ્રમનો ધર્મ કૃષ્ણાવતાર સુધી ચાલ્યો હતો. એટલે ૪ વર્ણ મૂળ હતી તેઓને એક બીજાને પરસ્પર ખાવાનો વેહેવાર હતો અને ઊંચ વર્ણનાને તેથી ઊતરતી સઘળી વર્ણની કન્યા લાવવાની છૂટી હતી. પણ કોઈજ વખતે તેમ બનતું, અને તેમ બનવાથી તેની પ્રજા થતી, તેની જૂદી મિશ્રવર્ણ થતી. તેથી આ ગ્રીક લોકોની સ્વારી વખતે મૂળવર્ણ અને કેટલીક મિશ્રવર્ણો થએલી હતી અને તેઓને ખાવાપીવા તથા લગ્ન સંબંધી પરસ્પર વેહેવાર નહોતો એમ ગ્રીક ગ્રંથો પરથી દીસે છે.

બૌધ ધર્મનું જોર તથા બૌધ ધર્મી રાજા અશોક અને તેના વંશજોનું બળ એટલું તો થયું હતું કે બ્રાહ્મણી ધર્મ કાંઈ ડુંગરની ખીણો, નદીના પ્રદેશ, તથા જંગલોમાં રૂષીઓ તપશ્ચાર્ય કરીને પાળતા. પણ તેઓના મનમાં એ બૌધ ધર્મ વિષે બહુ દ્વેષ હતો તેથી ક્યારે પ્રસંગ મળે કે તેનો ધ્વંશ કરી નાંખીએ એમ ધુમતુંજ હતું. તેથી જેમ અગ્નિનો ધૂમાડો એકાદ ચીણગારી વડે થયાં કરે છે અને તેને ઇંધણા મળે તો મોટો ભડકો થાય, તેમ એ રૂષીઓએ લાગ જોઈ ચીણગારીમાં ઇંધણા બદલે (યજ્ઞ કરી) સમિંધ સ્વાહા કરવાનો આરંભ કર્યો. અને કહેવાય છે જે તે યજ્ઞમાંથી ચાર રજપૂત વર્ણ ઉત્પન્ન થઈ. ખરૂં જોતાં તેમ નહીં હોય. એ ચાર રજપુત કુળોએ એ રૂષીઓની પુષ્ટી કરી અને તેને બદલે રૂષીઓએ તેમને આશિર્વાદ દેઈ વરદાન આપ્યું કે તમે ચાર કુળો બૌધ રાજ્યનો તથા ધર્મનો નાશ કરો. તથા બ્રાહ્મણી ધર્મ, વેદ ધર્મનું પ્રતિપાદન કરો. બૌધ ધર્મના લોકોને પૂરાણમાં પાખંડી, પીશાચી ઈત્યાદિ વિશેષણ આપ્યું છે. એજ રાજકુળમાં વિક્રમાજીત્ય થયા. તેણે તથા તેના વંશજોએ રૂષીઓની સહાયતાથી

રાજ્ય મેળવ્યાં. નવા ગ્રંથો કરાવ્યા તે કાંઇક બૌધ મત્તને અનુસરે અને જેમાં પશુવધ નહીં થાય, અને માંસ ભક્ષણ નહીં થાય, એવા ધર્મ ક્રિયાના ગ્રંથો કરયા. પેહેલાનાં ગ્રંથોમાં જ્યાં એવું હતું તેને બદલે તલ, જવ, ભાત, ચોખા હોમાવવાનું કરયું, અને હાલમાં ચાલે છે તેવી ક્રિયાઓ તથા ગરૂડ પુરાણ વગેરે પુરાણોમાં વર્ણવેલી ક્રિયાઓ કરવાનો પ્રચાર કર્યો. ભારતમાં બૌધ ધર્મી રાજા વૃષભ દેવની કથા છે બીજે કોઈ પુરાણે કંઈ નથી. બૌધ ધર્મ ભરતખંડમાંથી ગયો તેની સાથે તે સંબંધી જે સિદ્ધાંતો હતા તેઓમાંના કેટલાક રહી બીજા જતા રહ્યા. પ્રાણી દયા રહી અને તેમાંથી એક બીજો મત્ત નીકળ્યો. તે જૈન મત્ત. તે મતના લોકો હજુ સૂધી ગૂજરાત વગેરે દેશોમાં રહે છે અને તેઓ એકજ વર્ણ માનતા, પણ વેદ ધર્મને અનુસરી ધંધા પ્રમાણે જૂદી ન્યાતો પ્રચારમાં માને છે. તોપણ તેઓ મૂઆનું સ્નાન, સૂતક, ક્રિયા વગેરે તથા લગ્નની કોઈ ક્રિયા કરતા નથી અને કરેછે, તો દેખાદેખી બ્રાહ્મણી વાણીઆમાં રહેવું માટે તે જોઈને ફાવે ત્યારે કરે છે; અને તે સંબંધી ખરચ પણ તેવે ફાવતે વખતે કરે છે. એઓના આચાર્ય, શ્રીપૂજ તથા સાધૂઓ સંસાર કરતા નથી તથા ઘેર રસોઈ કરી જમતા નથી. એમના લોકો જૈનને ઘેરથી રાંધેલું અન્ન લાવી તે ભેગું કરી ખાય છે. તેઓમાં પણ વર્ગ છે. તપા, ઢુંડીઆ, તપા વગેરે ચાર વર્ગ છે. એઓમાં ઢુંડીયા નાવાધોવામાં પાપ ગણે, તેથી બહુજ મેલા રહે છે. એઓમાં ૮૪ ગચ્છ છે, તે પ્રમાણે તેઓ વર્તે છે. એઓના સાધૂઓમાં બે વર્ગ છે. એક સન્યાસીની પેઠે ભગવાં વસ્ત્ર પહેરે છે, તે કંઇ પૈસા ટકાને સ્પર્શ કરે નહીં, અને બીજો ધોળાં લુગડાં પહેરે છે, તે સંસારી નથી, અને લોકોને ઘેરથી ભીક્ષા લાવી (વહોરી લાવી) ખાય છે; પણ પૈસા સંગ્રહ કરવાની તેમને છૂટ છે. એ જૈન લોકો દહેરાં બંધાવવામાં બહુ ધન ખરચે છે. એમના દહેરાં સાથે સાધૂ, વિદ્યાર્થીઓને રહેવાને અપાસરૂં (ઊપાશ્રમ) અને જૈન લોકોને રહેવાને ધર્મશાળાઓ બાંધેલી હોય છે. પાલીતાણા પાસે સેત્રુંજા ડુંગર ઊપર તથા અંબાજી પાસે આરાશૂરના ડુંગર ઊપર એ ધર્મના મોટાં મોટાં દહેરાં નહદા નાણાં ખરચી બાંધેલાં છે. તેવાં દહેરાં વેદધર્મીના કોઇપણ ઠેકાણે નથી. એ જૈન ધર્મના લોકનું ૯માં, ૧૦માં, ૧૧માં, ૧૨માં,

૧૩માં, શૈકાના અંત સુધી ગુજરાતનાં રાજ્યમાં બહુ જોર હતું. તેથી એ લોકોએ ત્યાં મોટાં દેવસ્થાન બાંધ્યા, એટલુંજ નહીં. પણ એઓના ધર્મના રીવાજ મહેશ્વરી લોકોમાં પેસાડી દીધા. જેવા કે ચાતુર્માસમાં તેલની ઘાણી પીલવી નહીં, સર્પ, વીછુ એવાં ઝેરી ડંખી પ્રાણીઓને મારવાં નહીં; તેમ કોઈ પણ પ્રાણીને મારતાં દેખી કમકમી (અનુકંપા) આણવી, પક્ષીઓને છોડાવવાં; કસાઈઓની દુકાન ન રાખવી; એમના શણને ટાણે લીલોત્રીની દુકાનોની બંધી (પાખી) (અણોજા) પાળવી. એઓએ લુલાં, લંગડાં પશુ પક્ષી ઈ. પાળવા માટે પાંજરાપોળો ઠેકાણે ઠેકાણે કરી છે. તેને વાસ્તે લાગા કરયા છે, તે સર્વે જાતના હિંદુ તો શું પણ પારસી, મુસલમાન, મોગલ, યાહુદી સર્વે વેપારીઓ માન્ય કરી તેના નાણાં અગર રીતો આપ્યા જાય છે. એવું એ લોકોનું હજુ પ્રાબલ્ય છે. જૈન લોકોને ખરચ બહુ થોડો તેથી સધન ઘણા તથા વેપારમાં બહુ હીંમતવાળા તેથી તે પૈસે ટકે સુખી; વેપારમાં સારી આંટ તથા પરોણાગતમાં બહુ કુશળ, તેથી આખી પૃથ્વી પર નામાંકિત છે. એઓમાં પંડિતો સારા થયા છે. જેવાકે હિમાચાર્ય, વિરવિજય વગેરે. તેઓએ ધર્મના તથા પ્રાપંચિક ઘણાએક પુસ્તકો કરચાં છે. તેઓના મોટા ભંડાર પાટણ, ખંભાત, અમદાવાદ વગેરે ઠેકાણે ઠેકાણે છે. એક ધર્મનું ઉજમણું કરે છે તેમાં પુસ્તકોના ભંડારની પૂજા થાય છે, તે પુસ્તકોના ભંડારમાં લખેલાં છાપેલાં બીજાં પુસ્તકો મૂકવામાં આવે છે અને તેના ઊપર પૂઠાં, બાંધણાં વગેરે તરેહ તરેહના કરાવી ધર્મ કરવાનો ચાલ છે. તેથી પુસ્તકોનો સંગ્રહ થઈ સાચવણી સારી થાય છે.

પ્રકરણ ૫ મું.

વિક્રમ, શાલિવાહન, શિલાદિત્ય, શોલંકી, વાઘેલા, ભોજરાજા તથા તેઓની કારકીર્દિની સ્થિતિ.

વિક્રમનું, રાજ્ય થયા પછી વેદ ધર્મનો તેણે પુનઃસંસ્કાર કર્યો. પણ તે વખતની ધર્મનો સ્થિતિ, રીતિ શ્રી કૃષ્ણની વેળાથી કેવળ જુદીજ હતી. શ્રી કૃષ્ણની કારકીર્દિ સુધી યજ્ઞ, યાગ, તપ, દમન, ઉપાસના, ધ્યાન વગેરે ઈશ્વર પ્રસંન કરવાની સાધનાઓ ચાલતી, પણ વિ-

ક્રમનો કારકીર્દિમાં પૂજા, અર્ચના, નૈવેદ્ય, તપ, એઓ ચાલતાં થયાં અને ક્રિયાઓ દાખલ થઈ તે આધુનિક કાળ સૂધી ચાલે છે.

વિક્રમે બૌધના લોકો તથા રાજાઓ તથા તે ધર્મનો નાશ કરવા નો આરંભ કર્યો. તેની સાથે બીજા કુળના રાજવંશીઓ તેમાં એક કાસ્મીરમાં, એક દક્ષિણમાં અને એક કાશી ખંડમાં, મગધ એવાં ચાર દેશમાં ચાર કુળના મોટા રાજાઓ થયા. તેમણે બ્રાહ્મણ ધર્મનો ઉદય કરવાનો અને બૌધ ધર્મનો નાશ કરવાનો યત્ન માંડ્યો. તેથી સર્વ ઠેકાણેથી બૌધ ધર્મ થોડા કાળમાં ભરતખંડમાંથી જતો રહ્યો. છેલ્લે કુમારિલ્લ ભટ્ટાચાર્ય બ્રાહ્મણ એણે તથા તેના શિષ્ય મંડણમિશ્ર એઓએ તો બૌધ્ધાચાર્યોની સાથે વાદમાં અવધી કરી, અને તેમનો પરાજ્ય કર્યો. પછી સાતમાં સૈકામાં, કોઈ કહે છે કે ૯માં સૈકામાં, શ્રી શંકરાચાર્ય દક્ષિણમાંથી વિજય કરતા કરતા ઉત્તર સૂધી ઊજ્જન પાસે નર્મદા કાંઠે ઓમકારેશ્વરના જ્યોતિર્લિંગ પાસે આવ્યા અને તે શિષ્ય રહેતો ત્યાં તેણે તેની સાથે વિરૂદ્ધ પક્ષ ધરી વાદવિવાદ કર્યો તેમાં તે વિજયી થયા અને તેણે શિવમાર્ગનું યથાસ્થિત સ્થાપન કર્યું. બૌધ ધર્મને ભરતખંડ બહાર નસાડી મૂકયો. અને તેણે બૌધ ધર્માચાર્યોની પેઠે ૪ દિસામાં ૪ ઠેકાણે મઠ સ્થાપ્યા. ત્યાં ધર્મોપદેશ માટે ધર્માચાર્યો કરયા. અને તેઓને હદ બાંધી આપી. તેઓના લાગા કર્યા અને સન્યાસી અવસ્થા નિયમી તેઓને ઉપદેશ તથા ધર્મધ્યાનમાં લગાવી દીધા. હજી તેઓ સ્માર્ત ધર્મનો ઊપદેશ કરતા ફરે છે. પણ પહેલાંના જેટલું સાંપ્રત જોર નથી. (એ શંકરાચાર્યને લોકો ઈશ્વરી અવતાર માને છે.) તેનું કારણ ત્યાર પછી ૪ સંપ્રદાય વૈષ્ણવી ધર્મના થયા તેણે વૈષ્ણવી સંપ્રદાયનું પ્રાધાન્યપણું કર્યું. તે ધર્મવાળાઓએ પ્રાકૃતમાં પદ વગેરે કરી કીર્તન રીતથી ભક્તિનો પ્રચાર વર્તાવ્યો, અને પ્રસાદ વગેરે વૈભવ કર્યા. તેથી લોકો તથા વિશેષે કરી વૈશ્ય વર્ણ તેમાં ભળી. શંકરાચાર્ય તથા વૈષ્ણવ સંપ્રદાયના વાદવિવાદ માંહે માંહે થવા લાગ્યા તે અદ્યાપિ ચાલે છે. એ સંપ્રદાયોથી એક બીજામાં તથા સ્માર્ત વૈષ્ણવમાં માંહે માંહે વાદ થયા તેથી જૈન મત્ત તરફ વાદ કરવાને કોઈને અવકાશ રહ્યો નહીં. તેથી ગુજરાતમાં તે પ્રાબલ્ય પામ્યો. બહુ મત્ત ભેદ થઈ કોઈ કોઈના સિદ્ધાંતનાં મૂળ શા છે તે જોયા વગર ક્રિયાવાદ કરી લઢી મુઆ, અને

લોકો અજ્ઞાન દશામાં વધારે આવ્યા. ધર્માચાર્યોના દબાણ વિશેષ પડ્યાં અને ખરૂં શું ને ખોટુ શું તે જાણ્યા વગર જેમ જેણે દોરયા તેમ લોકો દોરાયા.

વિક્રમનાં વખતમાં રાજ્યરીતિ તથા નીતિ ન્યાય બહુ સ્તુત્ય હતાં. તે એટલો પરોપકારી હતો કે તે સર્વેનાં દુઃખ ટાળતો તેથી તેનુ પરદુઃખ ભંજન એવું નામ આજે પણ ચાલે છે. તેનું રાજ્ય નિષ્કંટક હતું. શક લોકોનો પરાજ્ય તેણે કરયો તેથી તેને શકારી (શક લોકોનો શત્રુ) (શક કર્તા) નામ કરી તેનો સંવત્ આજે પણ ચાલે છે. તે પેહેલાં યુધિષ્ઠિરનો સંવત્ ચાલતો હતો. એ વિક્રમ યોગાભ્યાસી હતો. તેને વીર સાધ્ય હતા અને તેથી વૈતાળ વીરની સહાયતાથી તે અગમ નીગમ જાણતો એવું કહેવાય છે. એ વિક્રમ વિષે આજે શક પડે છે. વિદ્વાનો કહે છે કે એ કાશ્મીરમાં થઈ ગયો, બીજા કહે છે કે એ ઊજ્જનમાં થઈ ગયો અને કોઈ વિદ્વાન કહે છે કે એ તુંગભદ્રા કાંઠે દક્ષિણમાં થઈ ગયો. એમ હોય પણ ખરૂં. તે યોગાભ્યાસી હતો તેથી સૂક્ષ્મ અને સ્થૂળ દેહે અનેક ઠેકાણે દૃશ્યમાન થયો હોય પણ ખરો. વિક્રમ વિદ્વાનોનો તથા બ્રાહ્મણ વિદ્વાનોનો મોટો આશ્રય ભૂત હતો તેથી ઘણાક ગ્રંથો એના વારામાં રચાયલા કહેવાય છે. એના મંત્રી તથા સચીવ વિદ્વાન તથા ન્યાયી હતા, અને લોકોની ચર્ચા જોવા એ નીકળતો તેથી પ્રજાને કાંઈ પીડા થતી નહતી. રાજાતો એવાજ જોઈએ.

श्लोक.

राज्ञि धर्मिणि धर्मिष्ठा पापे पापा समे समाः
प्रजा स्तदनु वर्त्तते यथा राजा तथा प्रजा ॥१॥

मिताक्षरा.

અર્થ—રાજા ધર્મી હોય તો પ્રજા ધર્મી, પાપી તો પાપી, જેવો રાજા તેવી પ્રજા, માટે રાજાએ કંઈ દુષણ લાગે એમ વર્તવું નહીં.

વળી ગીતાજીના અધ્યાય ૩ શ્લોક ૨૧ માં કહ્યું છે કે,

यद्यदा चरति श्रेष्ठ स्तत्त देवे तरोजनः
सयत्प्रमाणं कुरुते लोक स्तदनु वर्त्तते ॥१॥

અર્થ—મોટા જેમ આચરે છે તેમ બીજા લોકો પણ ચાલે છે. મોટા લોકો જે પ્રમાણ કરે છે તે પ્રમાણે લોકો વર્તે છે.

એટલા બે શ્લોકો રાજા તથા સુમંતને વાસ્તે અત્રે સંપૂર્ણ છે.

શાલિવાહન વિક્રમ રાજા પછી મહા પ્રતાપિ રાજા થયો તે દક્ષિણમાં થયો અને તે વિક્રમ પછી ૧૩૫ વરસે થયો. કેમકે તેનો પણ શક દક્ષિણમા ગણાય છે. તેથી દક્ષિણમાંથી બૌધનું બળ ઓછું થવાને એ સાધન થયું અને ઊત્તરે વિક્રમ તથા તેના વંશજ તથા બીજા રાજકૂળોએ ઊત્તરમાંથી નાશ કરચો તેથી જે અર્થે બ્રાહ્મણોએ મહાયજ્ઞ કરચો હતો તે અર્થ સિદ્ધ થયો. ૧૧૦૦ વર્ષ ઊપર બૌધ ધર્મે કરી વેદ ધર્મનો નાશ થવાનો સમય સમિપ આવ્યો જોઈ ચંપાનગરીની રાણીએ શોકાતુર દવની કાઢચો કે,

किंकरोमि क्व गच्छामि कोवेदानु द्धरिष्यति,

અર્થ—હું શું કરૂં ? ક્યાં જાઊં ? વેદ ધર્મનો ઊદય કોણ કરશેરે ! !

એવું બોલતી હતી તેટલે તેની મેડી નીચેથી કુલ્લુક ભટ જતો હતો તેણે સાંભળતાંજ ઊત્તરાર્ધ પૂર્ણ કર્યું કે,—

माविषीदि वसरोहे भट्टाचार्योस्मि भूतले ॥

અર્થ—હે ઊપર બેઠેલી કુલીન સ્ત્રી, ખેદ મા કર, આ ભુમીપર ભટ્ટાચાર્ય છે અને એજ ભટ્ટાચાર્યે બૌધની સાથે વાદ કરી પરાજય કર્યો હતો. જે થયું તે ખરૂં, પણ એ રીતે બૌધ ધર્મ ભરતખંડમાંથી ઉચાળા ભરી ગયો તે પાછો પુનઃ જન્મ અત્રે પામ્યો નહીં. એ બૌધ ધર્મજ્ઞ લોકોને મોટો ખેદ થાય છે. અને જ્યારે બુદ્ધિ ધર્મ (બૌધ ધર્મ) પ્રવૃત્તશે ત્યારેજ આ હિંદુ ભૂમિનો જય થશે એમ તેઓ માને છે. એ ખરૂં પડો. તથાસ્તુ.

શાલિવાહનમાં પણ યોગ વિદ્યા હતી, તેણે માટીના ઘોડા ઉપર માણસને લઢવાની કળા શીખવી લઢાવ્યા હતા, એમ કહેવાય છે. પણ એટલું ખરૂં છે જે તે વખતે દાક્ષણમાં વસ્તી તથા રાજ્ય સ્થપાયાં હતાં, આર્ય લોકો વિસ્તાર પામ્યા હતા, વેદ ધર્મ પ્રસાર પામ્યો હતો અને *બ્રાહ્મણોનું તથા પ્રજાનું રક્ષણ યથાન્યાય થતું હતું. એ વગર

---

* બ્રાહ્મણ એટલે વિદ્વાન થકી પણ પર, ब्रह्मजानाति ब्राह्मणः ઋગ્વેદ. અર્થ—પરબ્રહ્મને ઓળખે તે બ્રાહ્મણ.

તે વખતની બીજી હકીકત જાણાતી નથી. જૈન ધર્મની મહોન્નતિ છઠ્ઠા સૈકામાં થઈ દીસે છે. તે સમયે સીલાદિત્ય રાજા વલ્લભીપુર' (વળા પાસે.) માં રાજ્ય કરતો હતો. તેને અશોક વંશજ રાજા તરફથી સાહ્યતા હતી. તેના દરબારમાં દિગંમ્બરી તથા શ્વેતાંબરીનો મોટો વાદ થયો હતો. તેમાં દિંગાબરી હારયા એમ કહેવાય છે. ' એ દિંગાબરી ભરૂચમાં તેની બેન રાણી હતી, તેની તરફથી આવ્યા હતા. ગમેતેમ હોય પણ તે વખતથી બૌધનું બળ સર્વ ઠેકાણેથી કમી થયું. શ્વેતાંબરી જૈનનું બળ વધ્યું હતું. ભરૂચમાં રાઠોડ વંશના રાજા ત્યારપછી રાજકર્તા થયા, તે તિલપદેવ, તૈલંગી રાજાને ખંડણી આપતા, એવું કહેવાય છે. વલ્લભીપુરનું રાજ્ય ધરતીકંપ થવાથી કે નોશરવાને બદલ, ઈરાણના રાજા, તરફની ફોજથી નાશ પામ્યું કહેવાય છે. પછી તે તરફ પંચાસરમાં ચાવડા વંશના અને પાટણમાં ચાવડા, સોલંકી, વાઘેલા રજપૂત રાજાઓ થયા. તેઓનાં વારામાં તેઓમાંના કોઈ રાજા ચક્રવૃત્તિ નહીં થયા હતા. રાઠોડનો વંશ ભરૂચમાં ૮ માં શૈકામાં રાજ્ય કરતો. તે તૈલંગણનાં ખંડીઆ તેમજ ચાવુંડાને માન આપતા રાહતા. એ સઘળા વંશોની કારકીર્દિમાં ધર્મરાજ્ય ચાલતું નહતું. ચોરીમાં રાજા પણ સામેલ થતા, તેથી ચાવડાને ચૌરા વંશ પણ કહે છે. શોલંકી વંશના રાજામાં સિદ્ધરાજ, કરણ, ભીમ પરાક્રમી થઈ ગયા ખરા, પણ પરસ્ત્રી ઊપર કદૃષ્ટિ કરતા. એઓના વારામાં વેદ વિદ્યા તથા વિદ્વાનોને આશરો સારો હતો. જમીનની કીમતની ગણતા નહતી, અને જમીનનો માલેક પ્રજા હતી. રાજા, પ્રજા રક્ષાણાર્થે ધાન્યભોગ લેતા. ભોજરાજા માળવાના ધારાનગરમાં થઈ ગયો, તેને અને સિદ્ધરાજના વંશને યુદ્ધ પ્રસંગ થયો હતો, તે છતાં ભોજરાજાને કવિ, વિદ્વાનોને આશરો આપવાને અવકાશ, અને સિદ્ધરાજને પ્રજા સુખ માટે, તળાવ, કુવા, વાવો, મોટાં મોટાં બંધાવવાનો તથા મોટાં મોટાં દેવસ્થાનો બંધાવવાનો અવકાશ મળતો હતો. તેથી એમ દીસે છે જે તેમનાં સુમંતો (સેનાપતિઓ) તથા પ્રધાનો સારા હુશીયાર તથા રાજ્યભક્તિવાળા હતા. ગૂજરાતમાં એ ત્રણ વંશના રાજાઓ પહેલાં કેયે કેયે કોળી ભીલ રાજા હતા. તેઓ ચૌરી કરતા તેથી પ્રજાને સુખ નહતુ, અને પ્રજાઓએજ સોલંકી વંશને બોલાવ્યા એમ દીસે છે. તે વધારે સુધરેલા હતા તથા બ્રાહ્મણ વિદ્વાનોને ઊત્તરેથી પોતાના દરબારમાં લાવી

આંગારો આપી તેમણે રાખ્યા તેથી રાજનીતિ વધારે જાણનારા, તથા પ્રજાનું વધારે રક્ષણ કરનારા, થયા અને કોળી રાજાઓ કરતાં એમના વખતમાં પ્રજા વિશેષ રક્ષાણમાં હતી એમ દિસે છે.

તે વખતના બ્રાહ્મણો ટેકી હતા, સાંપ્રત પેઠે ભીખારી નહતા, એમ ઔદિચ્ય પ્રકાશપરથી દીસે છે. સાંપ્રતના બ્રાહ્મણો તેવા થાય તો કેવું સારૂં?

સ્કંધ ૨ જો.

પ્રકરણ ૧ લું. દેશી સ્વરાજ્ય.

ઉપર પહેલા સ્કંધમાં ભરતખંડમાં આર્ય લોકોની વસ્તી થઈ ત્યારથી બુદ્ધ પલાયમાન પામ્યો ત્યાં સૂધી સંક્ષેપે રાજ્યનીતિ, ધર્મ તથા લોકોની સ્થિતિ વિષે લખ્યું તથા તેઓના ન્યાય તથા પ્રજા રક્ષણની રીતિ વર્ણવી.

હવે એ અરસામાં રાજ્ય કેવાં હતાં તે તથા ત્યાર પછીના રાજ્ય કેવાં થયાં તે વિષે વિવેચન કરવાનો સયુક્તિક પ્રયત્ન કરીશું.

સ્વરાજ્ય એટલે રાજા પ્રજા એકજ ધર્મી, એકજ દેશી અને એકજ લોહીના હોય. એકજ લોહી એટલે તેઓના પૂર્વજો કો કાળે એકજ હોય, અગર એકજ શાખા કે ગોત્રના હોય. આ દેશમાં આર્ય લોકો આવી વસ્યા એવું પહેલા સ્કંધના પહેલાં પ્રકરણમાં વિવેચન કર્યું છે, તેઓ ભરતખંડમાં સ્થાયી રહ્યા અને રાજ પ્રકરણી રીતો પોતાના લોકોમાં પ્રજા સત્તાક રીતે કરી, તેથી એ લોકોનું અત્ર સ્વરાજ્ય કહીએ તો ખોટું નથી. આ દેશના અસલી લોકોને જીતી આર્ય લોકો પોતાનું રાજ્ય કરવા લાગ્યા, એમ ઊપર લખ્યું છે. અસલી લોકો સાથે એ આર્ય વિજયી લોકો કેમ વર્ત્યા એ પણ કલ્પના પૂર્વક લખવામાં આવ્યું છે. જીતાયલા લોકો ક્યાં ગયાં અને ત્યાં તેમણે શું કર્યું અને કેમ વર્ત્યા તે પણ અનુમાન કરી લખ્યું છે. પણ તેમના ખરાં વર્તમાન જાણવામાં આવ્યાં નથી, એ વાત ખરી છે. માટે અસલી લોકોની વાતનો નહીં છેડતાં, આર્ય લોકોની વાતને વળગી આગળ ચાલવું, ઠીક દીસે છે.

સ્વધર્મને અને સ્વરાજ્યને સર્વે દેશમાં નીકટ સંબંધ હોય એમ દીસે છે. આર્ય લોકો ભરતખંડમાં પોતાના ધર્મના વિચાર સાથે લાવ્યા

અને જેઓના વિચાર જે પ્રમાણે પોતાના વિચારથી જૂદા અગર વિરૂદ્ધ તે પ્રમાણે તેની ઊપર તેવી દૃષ્ટિથી તેઓ જોતા. મીડ (ઈરાણી) લોકોના વિચાર પોતાના ધર્મથી કાંઈ જૂદા તો તે પ્રમાણે તેઓની સાથે તેઓ વર્ત્યા; ચીના અને અસૂર લોકોના વિચાર તેઓનાથી કેવળ વિરૂદ્ધ, તો તે પ્રમાણે તેઓ સાથે વર્ત્યા.

એ ઊપરથી સ્પષ્ટ દિસે છે જે વિજયી લોકો અને જીતાયલી પ્રજા એઓના ધર્મ, રીતભાત, હકો, વિગેરે એક તુલ્ય સમજવામાં આવે અને તે પ્રમાણે કાયદા, હકો આપવામાં આવે તોજ સ્વરાજ્ય, પછી રાજા એક કુટુંબનો હોય કે પસંદ કરેલો હોય તે વિશે જોવાની જરૂર નથી. સર્વે ઠેકાણે બહુ બળીઓ એ રાજા. તેને રાજ્ય મેળવવામાં અગર રાજ્ય ચલાવવામાં અને રાજ્ય થાળે પાડવામાં જેઓ આશ્રયભૂત તે બીજી પંક્તિના કોઈ ઠેકાણે ધર્માધિકારી, ધર્માચાર્યો ૨ જી પંક્તિમાં, અને પ્રજા રીતે રહેનારાં એ ત્રીજી પંક્તિના અને જીતાયલી પ્રજા, એ તુચ્છ માનવામાં આવેલા એ ચોથી પંક્તિના, પ્રાચીનકાળે ગણાતા. પણ ન્યાય પ્રકરણની બાબતમાં, ધર્મપ્રકરણની બાબતમાં, તથા વિદ્યા જ્ઞાનની બાબતમાં તેઓને એક સમાન ગણવામાં આવ્યા હોય તોજ તે સ્વરાજ્ય સમજવું. રાજા પોતાના બળ શસ્ત્રાસ્ત્રથી તથા પરાક્રમથી મોટા હોય, તોપણ પ્રજાને તેણે સમાન ગણવી. ઊપર કહેલી ૩ બાબતમાં સર્વે એક પંક્તિના છે એમ સમજવું. એમ હોયતો સ્વરાજ્ય.

જ્યાં ધર્મ, ન્યાયની રીત, વિદ્યા જ્ઞાન આપવાની રીતમાં ભેદ તે સ્વરાજ્ય નહીં. તે રાજ્ય સમજવું. જ્યાં રાજા સમજે જે મારો ધર્મ જૂદો છે માટે બીજા ધર્મી લોકોને છૂંદી મારવા અગર છુંદી ન મારે તો તેની ઊપર તુચ્છ નજરથી જોવું તો તે રાજ્ય જાણવું.

ઊપર બે કલમોમાં નિવેદન કર્યું તે રીતે ઈંગ્લંડમાં સંવત્ ૧૦૯થી સંવત્ ૧૦૦૦ સૂધી ચાલ્યું. ત્યાંના લોકોને રોમન રાજેંદ્રોએ જીતી વશ કરયા અને તેઓ ઊપર પોતાનો અમલ બેસાડ્યો તે વખતે જીતાયલા લોકોનો મૂર્તિપૂજક ધર્મ હતો તેથી તથા બીજાં કારણોથી તેમનો તથા પ્રજાનો બનાવ ન રહ્યો. પછી ડેનીશ તથા સાકશન લોકોએ તેના અસલી રહેવાસીઓને જીત્યા, તેમણે ઘણાક લોકોને પોતાના ધર્મમાં વટાળ્યા; પણ રાજ્યકારભારનાં હક તથા જમીનનાં હક તથા શીકાર વગેરે

કરવાના હક પોતાના લોકોના જેવા ન આપ્યા, તેથી તેમને અને રાજા તથા રાજ લોકોમે અણબનાવ ચાલ્યાં કર્યો. છેલ્લે તેમના અણબનાવ, માહેમાહે કાપાકાપી, મારામારી તથા અપ્રીતિ, તેથી નાર્મન પ્રદેશી લોકોએ એ દેશ ઊપર ચઢાઈ કરી ને એ દેશનો મોટો ભાગ જીતી લીધો, પોતાના દેશી લોકોને લાવી ત્યાં વસાવ્યા, તેમને મોટી મોટી જાગીરો આપી, તથા દેશી રાજાઓ પાસેથી ગામો જમીનો છીનવી લેઈ પોતાના દેશીઓને તથા પોતાના દેશથી ધર્માચારી લોકો આણેલા તેઓને બક્ષી. શીકાર કરવાની જગાઓ જૂદી પાડી, ત્યાં પોતપોતાના ખાશ અમીરો ઉમરાવોજ શીકાર કરે. છત્રી પોતે શીવાય બીજા કોઈ ઓઢે નહીં. એવા એવા જૂદા નિયમ પોતાના લોકોને વાસ્તે તથા જીતાએલા લોકોને વાસ્તે એવા કાંઈ હક નહીં, એવા નિયમ, તેથી તેઓના ઉપર તથા તેઓના વંશજ ઊપર પ્રજાની પ્રીતિ ન રહીં. રાજ્યમાં ખંડ થયાં અને બરાબર હક માગવા મંડળીઓ ઊભી થઈ. જાન રાજાના વારામાં ૧૨ માં શૈકાનાં મહાન હકનો લેખ રાજા પાસેથી લખાવી લીધો, તેમાં કોઈને કાંઈ ગુન્હો કરયાં વગર પકડાય નહીં; રાજ્ય પ્રકરણમાં પ્રજાની પણ સલાહ લેવી; લઢાઈ યુદ્ધ પ્રજામત્ત વગર થાય નહીં, એવા એવા કરાર લખાવી લીધા. તેમાં પ્રજાના હક, રાજા, અમીર, ધર્માચાર્યો બરાબર નહીં, તોપણ તેની પાસે પાસે બરાબર ઠરાવ્યા, અને એ વાત સાચી છે જે તે રાજા પાળતા ન હતા. એ ખરૂં, પણ જ્યારે તેમ અતિશે થતું, ત્યારે ખંડ થતાં. તેમાં રાજા અમીરોને પણ અણબનાવ થવાનો પ્રસંગ આવતો. એમ થયાથી રાજકુટુંબમાં અણબનાવ થઈ ભાઈ ભાઈઓને પણ યુદ્ધ પ્રસંગ થયા છે. પણ તેથી પ્રજા મત્ત જોર પર આવતાં ગયાં અને દિવસાનુદિવસ પ્રજા હકો મળવાની સંધિ વધારે મળતી ગઈ. એક વખત એવો પણ આવ્યો હતો જે રાજાને ગાદી ઉપરથી ઊઠાડી મૂકી તેની ન્યાય સભામાં તપાશ થઈ. રાજદ્રોહી તેને ઠરાવી ફાંસીની સજા કરવામાં અવી હતી. તોપણ જ્યાં રાજા પેઢી દર પેઢીના, જ્યાં અમીર ઊમરાવ તથા પ્રજા એઓના હક સમતોલ નહીં; તે સ્વરાજ્ય નહીં. તે નિયમ પ્રમાણે ઇંગ્લિશ દેશનું પણ સ્વરાજ્ય નહીં પણ તેને મળતું છે.

આ ભરતખંડમાં તેરમાં શૈકા સૂધી એટલે મુસલમાનોએ અત્રે

આવી દિલ્હીમાં રાજગાદી કરી ત્યાં સૂધી દેશી રાજાઓનું રાજ્ય હતું અને એ મુસલમાનોને આ દેશમાં રાજ્ય સ્થાપન કરવા નહીં દેવાને ઘણાક રાજાઓએ ભેગા થઈ યુદ્ધ કરયાં હતાં, પણ કાંઈ વળ્યું નહીં. તેના કારણ ઘણાં છે. તે લખવાની અત્રે જરૂર નથી. પણ મુસલમાની રાજ્ય સ્થાપન થયાં પહેલાં આ દેશમાં રાજાઓનાં રાજ્ય હતાં, અને તે સ્વદેશી રાજા તેથી સ્વરાજ્ય જેવા પ્રજાને હક આપતા હતા. પણ અમીરોના હક જૂદા, રાજવંશીઓના જૂદા, બ્રાહ્મણોનાં (ધર્મ ગુરૂઓના) જૂદા, એ રીતે હતું. ચાવડા વંશના રાજાથી કરણ વાઘેલા છેલા રાજા સૂધી મનુસ્મૃતિના નિયમ પ્રમાણે બ્રાહ્મણો તથા રજપૂત કારભારીઓ ગૂજરાતમાં વર્તતા. તથાપિ પ્રસંગ આવે રાજાની મરજી એજ કાયદા, એવું પણ કોઈ કોઈ વખત ચાલતું ખરૂં. વલ્લભીપુરનાં છેલા રાજાની દીકરીએ કોઈ વેપારીની દીકરી પાસે હીરા માણેક જડિત કાંશકી દીઠી તે લઈ લેવાની ઇચ્છા તેણે કરી, તેથી રાજાએ તેની પાસે તે માગી, બળાત્કારથી લીધી. તેથી તે વેપારીને ગુસ્સો ચઢ્યો અને તેણે પરદેશી ફોજ મંગાવી રાજ્યનો નાશ કરાવ્યો. એથી રાજાની મરજી તેજ કાયદો. વેપારીનું તેમજ રૈયતનું રક્ષણ કરવું એ રાજાનું મુખ્ય કામ અને એવાજ કામ વાસ્તે રાજા થએલા, તે કામ ન કરતાં આ રાજાએ દુષ્ટ બુદ્ધિ કરી નજર બગાડી તો તેનું ફળ, રાજ ખોઈ બેઠો એ સજા લાયકજ થઈ. ચાવડા વંશનો સામતસંગજી મદીરાદિ કેફમાં પ્રજા પીડતો હતો, તેને પ્રજા અનુકુળ ન હતી તો તેનું રાજ્ય તેના ભાણેજ મૂળરાજે લેઈ લીધું. એ મૂળરાજે તથા તેના વંશજ કરણે *બ્રાહ્મણોનું સન્માન તથા પ્રજા રક્ષણ શાસ્ત્રાનુસાર કર્યું. તથા પહેલાએ પોતાના મામાના કુળનો નાશ કર્યો, તેનો પશ્ચાત્તાપ પામી તપશ્ચર્યા કરી પ્રાયશ્ચિત્ત કર્યું. સિદ્ધરાજની મા મીનલ દેવીએ પોતાના દીકરાની નાની ઊમ્મરમાં રાજમાતા થઈ રાજ્ય કર્યું. તેમાં માતા પ્રમાણે પ્રજાની સંભાળ કરી. તેણે તથા સિદ્ધરાજે પોતાની કારકીર્દિમાં ઘણાક નવાણ, ધર્મક્ષેત્ર તથા અંન છત્ર કરયાં, તેનું સુખ લેઈ લોક આજે

---

* એ બ્રાહ્મણો મોટા વિદ્વાન હતા. તેમને દાનમાં ગામો આપવા માડ્યાં અને તેનું રાજ્ય આપવા માંડ્યું પણ તેઓએ તે સ્વીકારયું નહીં, એ તે બ્રાહ્મણોને તથા રાજાઓને જેબ આપે છે.

પણું તેમના જેજેકાર બોલે છે. સિદ્ધરાજે પોતાના રાજ્યમાં પોતાને રાણકદેવી હરી લેવાનું મોટું કલંક લગાડ્યું. તે સતી સ્ત્રી પોતાનો આગલો ભરતાર મરતાં, ઘણું સમજાવ્યાં છતાં, સતી થઈ બળી મૂઈ. એ કલંક મટે તેમ નથી. તોપણ કહેવું પડે છે જે તેના સામંતો તથા સચીવો બહુ ભલા ગુણવાળા હતા. માળવાના રાજા ભોજનો વંશના યશોવર્માને કેદ કરી લાવ્યા છતાં રાજા પ્રમાણે તેનું સન્માન કર્યું અને તેને રાજ્ય રીત પ્રમાણે છોડી મૂક્યો.

પ્રકરણ ૨ જું.

રાજ્યનાં પ્રકાર.

રાજ્ય અનેક પ્રકારનાં થયાં છે. પણ નીચે લખેલા ૫ પ્રકાર મુખ્ય છે. જે રાજ્યમાં જમીનના માલીક પ્રજા. અને રાજા તો રાજ્ય કરે તથા પ્રજાનું રક્ષણ કરે, અન્યાય થવા દે નહીં અને થાયતો તેનું પારિપત્ય કરે. તે બદલ ખેડુ પાસેથી કાંઈ દાણા, પાકનો ભાગ લે; કારીગરો પાસેથી ઠરાવેલા વેરા પ્રમાણે મહીનામાં એક રોજ અગર બે રોજ વેઠ (મજુરીના પૈસા વગર) કામ લે; દુકાન વગેરેનાં વેપારીઓ પાસેથી અમુક વેરો લે, અને પોતા ઉપર કોઈ ચઢી આવે તો રાજ્યની પ્રજાને કાંઈ નુકશાન ન થાય એવું લશ્કર રાખી રક્ષણ કરે, તે બદલે કાંઈ વેરો પ્રજા પાસેથી લે; તે એક પ્રકારનું રાજ્ય.

જમીનના માલીક રાજા, તે ખેડુ લોકો પાસેથી અમુક હિસ્સો લે અગર અમુક વીંઘોટી દર ઠરાવી લે. સાંથી જમીન એટલે એક હળને બે બળદ ખેડી શકે તેટલી, અગર જમીનની માપણી કરાવી અમુક માપની જમીને અમુક વીંઘોટી, અમુક પાકે વીંઘોટી, અગર અમુક હિસ્સો અને વેપારીઓ પાસેથી અમુક માલ ઊપર અમુક વેરો, દાણ લેવું. કારીગર મજુરોપાસેથી અમુક રોજ વેઠ (વગર બદલો આપવે.) કરાવવી, અગર મજુર કારીગરોને વેરામાંથી છૂટા રાખવા, તે બદલે રૈયતનું રક્ષણ કરવું. જાન માલ સંભાળવો તથા એક બીજા કોઈ કોઈનો કાંઈ ગુનો કરે નહીં, તેવી તજવીજ રાખવી અને તેમ થાય તો ગુનેગારનો ઈનસાફ કરી ઘટિત શિક્ષા કરવી; એ બીજા પ્રકારનું રાજ્ય.

રાજા જમીનના માલિક, લોકોની પાસેથી મરજીમાં આવે તે દાણા વીંઘોટી લેવી, જે પાકે તેમાથી સીપાઈ મોકલી કાચું કરસણ લેવું, વાઢવું. રાજાની મરજી તથા તેમના પ્રીતિપાત્ર કારભારીઓની મરજીમાં આવે તેમને પકડાવવા, કેદ કરવા, તથા મરજીમાં આવે તેટલો દંડ લેઈ છોડવા. રાજ્યમાં પોતાનાં કારભારીઓ, સીપાઇઓ લૂટ ચોરી કરે તે થવા દેવું, તેમાં પોતે પણ હિસ્સો લેવો, સીપાઈઓને પગાર ન આપતાં રૈયતને લૂટવા દેવી અને ચાકરીનો પ્રસંગ આવે ત્યારે તેમની પાસે ચાકરી લેવી, અને પાછા રાજ્યમાં છોડી દેવા; રાજાની મરજી એજ રાજ્યના કાયદા. એવાં જુલમી રાજ્યે પોતાના ધર્મના જે નહીં તેમના ઊપર કરનો બોજો સારી પેઠે નાંખી તેમને દમી દમી જુલમથી મારવા, પોતાના ધર્મમાં લાવવા, પોતાના ધર્માચાર્યોને જુલમી શિક્ષા કરવા દેવી અને પોતે પણ તેવા જુલમ કરવા. એવા રાજા પોતાના ધર્મનાનો અને બીજા ધર્મનાઓનો ઇનિસાફ જૂદો જૂદી રીતે કરે, રાજગાદી ઊપર. પોતાના કુળનાં બીજા દાવા કરે, તેના ઊપર દેહાંત જુલમ કરાવે; એવી રીતનું ત્રીજા પ્રકારનું રાજ્ય.

રાજા વંશપરંપરા ચાલતા આવે વડીલ કુંવર યોગ્ય હોય, ત્યાં સૂધી રાજ્યગાદીનો માલિક તે, રાજકારભારમાં બીજા કોઇનો અમલ નહીં. જમીનનો માલિક પોતેજ અને રાજા પ્રજાના સંબંધમાં પ્રજાનો કાંઈ ઊપર હક નહીં, રાજાની મરજી પ્રમાણે કાયદા કરે, તે પ્રમાણે રાજ્ય ચાલે.

રાજા, વંશ પરંપરાના ચાલતા આવે, પેઢી દર પેઢીનાં લાયક પુરૂષને રાજ્યાસન; જમીન મેહેસુલ વગેરેના પ્રજાના કાયદા વગેરે સભામાં વકીલો મળી કરે, તે રીતે વહીવટ રાજા તરફનાં માણસો કરે. તેની જવાબદારી રાજા તથા પ્રધાનોને શીર અગર રાજાને શીર. એ ચોથા પ્રકારનું રાજ્ય.

પહેલા પ્રકારનું રાજ્ય આ દેશમાં પરશરામ, રામ અને કૃષ્ણની કારકીર્દિનું હતું. તેઓના વારામાં જમીનમાંથી રાજા કાંઈ ભાગ માત્ર લેતા. તે વખતે ચાર વર્ણ પોત પોતાને નીમી આપેલાં કામ કરતી, બ્રાહ્મણ (વિદ્વાન લોકો) ધર્મની ક્રિયાઓ, ધર્મ રક્ષણ, રાજા, પ્રજાના કલ્યાણ થાય, તેવા કાયદા કરતા, તથા તે અમલમાં લાવવાને સદ્ગુણી કારભારી-

ની યોજના કરવાને રાજાને સલાહ આપતા. જૂઓ પરશરામને જ્યારે માલુમ પડ્યું જે રામનો અવતાર થયો છે અને તે તથા ન્યાય રૈયતનું પાલણ કરે તેવો છે, તે વિષે તેને નારદ મૂનિએ સૂચવ્યું એટલે અને તેને ભવિષ્ય વાણી થએલ કે રામ રાજા તેની પછી થશે, એવું તેણે જોયુ એટલે તુરત કોકણમાં જઈ વસ્યો, અને ત્યાં બ્રાહ્મણી રાજ્ય સ્થાપ્યું.

રામના પીતા દશરથે તેની સ્ત્રી કૈકૈને ૨ વચન આપેલાં તે જ્યારે તેને પ્રસંગ આવશે ત્યારે માગીશ એવું તેણે કહેલું, ને જ્યારે પ્રસંગ આવ્યો ત્યારે પહેલી માગણી રામને વનવાસ આપવાની કરી, તે દશરથને ખોટી લાગી છતાં વચન પ્રમાણે કબુલ રાખવા વશિષ્ટ મૂનિ તથા યાજ્ઞ વલ્કય મૂનિઓએ સલાહ આપી કે, તુરત તે પાળવા તૈયાર થયો. તેમજ રામને તેની ખબર પડતાં પીતાના મુખમાંથી આજ્ઞા ન નીકળી તથાપિ તે પ્રમાણે વર્તવા પીતાને આગ્રહ કરી પોતે વનવાસ ચાલ્યા. કૈકૈના દીકરા ભરતને રાજ્ય આપવું એ બીજી માંગણી થઈ, તે પ્રમાણે ભરતને રાજ્ય આપ્યું. ભરતે ભ્રાતૃપ્રેમભક્તિને લીધે ઘણીવાર આનાકાની કીધી તોપણ માના આગ્રહથી તે રાજ્ય સ્વીકારયુ. રાજ્યાસન પોતાના વહાલા ભાઈ રામનું છતાં પોતે પ્રતિનીધી છે એવું કહી ગાદીએ ન બેસતાં તેની સન્નિધીએ બેસી રાજ્ય ચલાવ્યું, પણ તેનું મન ધ્યાન ચિત્ત સઘળું રામમાં હતું. કૌશલ્યા જેવી માતાને, દશરથ જેવા પીતાને મહા સંતાપ પ્રાપ્ત થયો છતાં વચન પ્રમાણે રામને વનવાસ જવા દીધા. તેની સાથે પ્રેમ રજ્જુથી બંધાયલી તરૂણ વયની સીતા સતી વધુ તૈયાર થઈ, અને લક્ષ્મણ કૌશલ્યા માના સંતાપ તથા આક્રંદ છતાં ભ્રાતૃ સેવામાં જે અસલથી તત્પર તે સદોદિત (નિરંતર) રહે એવા હેતુથી આગળ આગળ વધ્યા. શત્રુઘ્ન, ચોથો ભાઈ, ભરત ની સેવામાં રામના મહા આગ્રહથી રહ્યો, એ રીતે ધર્મશાસ્ત્ર પ્રમાણે તે વખતે સર્વેવર્ણો ચાલી રહી હતી.

પરશરામ તથા રામના વારામાં પ્રજા ઊઘાડે બારણે સૂતી. કોઈ કોઈનું હરણ કરતું નહતું. એવા અનેક દાખલાથી જ્યાં તેમ હોય છે, તે રાજ્યને આજે પણ રામનું રાજ્ય કહેવાની ચાલ પડી છે. પ્રજાની તેજ પ્રમાણે રાજાપર પ્રીતિ હતી.

હરિશ્ચંદ્ર રાજા, તેની સ્ત્રી તારામતિ, તથા પુત્ર રોહીણાક્ષ તેના

પ્રધાન——————તથા તેની પ્રજાની પ્રીતિ, તથા રાજા રાણીનાં સત્ય વૃચનનું પારખું, એ હરીચંદ્ર નાટક વાંચેથી દેદિપ્યમાન થાય-છે. એ હરિશ્ચંદ્ર કયારે, કોના વંશમાં થઈ ગયો, તે જાણવામાં નથી. નળ દમયંતી આખ્યાન ઉપરથી એ નળ કયારે અને કોના વંશમાં થઈ ગયો તે જાણાતું નથી પણ તેના સત્ય વચન તથા સ્ત્રીના ભાવ અપૂર્વ દિસી આવે છે.

યુધિષ્ઠિર (ધર્મ રાજા) ની કારકીર્દિમાં તથા શ્રી કૃષ્ણની કારકી-ર્દિમાં રાજા, પ્રજા પાસેથી દાણ લેતા હતા. કૃષ્ણ ગોપીઓ પાસેથી દાણ લેતા, એવું ઘણેક ઠેકાણેથી નીકળે છે. રાજા કંશ પ્રજાને પીડા કરતો તેનો ભાર ઉતારવા શ્રી વિષ્ણુ, કૃષ્ણનો અવતાર ધરી મનુષ્ય રૂપે જન્મ્યા, એવું કહેવાય છે. ગમે તેમ હોય તોપણ કંશના પાપનો ભાર શ્રી પરબ્રહ્મ સહી શકયા નહીં, તેથી કે ગમે તે કારણથી કૃષ્ણ બાળપણ થકીંજ મહાત્મા પુરૂષ પેદા થયા. તેણે કંશના અનેક પ્રકારના છળભેદનો સંહાર કરી તેની રાજ નગરી મથુરાં ઊપર ચઢાઇ કરી, ત્યાં કંશના અનેક યોદ્ધાઓનો પરાજય કરી કંશ, ચાણુર વગેરેનો સં-હાર કરી તેનું રાજ્ય લીધું. પણ કૃષ્ણને કોઈપણ કારણથી ત્યાં ફા-વ્યું નહીં, તેથી અને પોતાની ફોઇના દીકરા પાંડવોને વધારે રાજ્ય મળે તે કારણથી કે આધે દેશ વસ્તી કરવાના હેતુથી કે શા કારણથી તેણે પશ્ચિમે સમુદ્ર કાંઠે દ્વારિકામાં નવું રાજ્ય સ્થાપ્યું. યુધિષ્ઠિર અને તેના કાકા ધૃતરાષ્ટ્રને દોસને રાજ્યાસન પર ન બેસાડયાથી અણમનાવ થયો અને તે વનવાસ ગયા. અનેક દુઃખ તથા સંકટ ભોગવી મોટું યુદ્ધ કરી કૃષ્ણની મદદથી રાજ્ય પામ્યા. એ યુદ્ધ મહાભારત નામે ગ્રંથમાં યં-થાવિથત વર્ણવેલું છે. તે ઊપરથી લાગે છે જે એ યુદ્ધ કરવાની યુધિષ્ઠિ-રની તથા તેના ભાઈ અર્જુનની બીલકુલ ખુશી નહતી, અને તેણે કહ્યું. કે આ યુદ્ધ પીત્રાઇઓનું થાય ને તેમાં ભાઈ, શાળા; સસરા, ગુરૂ, એઓ મારયા જાય અને તેઓની સ્ત્રીઓ રાંડે, બહુ દુષ્ટ કર્મ કરે, પ્રજા વ-ર્ણસંકર નીપજે, પ્રજા વર્ણસંકર થયેથી કુળનો નાશ થાય, તે કરવાને અમે રાજી નથી. એ રાજ્ય અમારે જોઇતું નથી. રાજ્ય પ્રાપ્તિ ક-રતાં કુળનો નાશ વધારે ખરાબ છે, માટે અમારે રાજ્ય નહીં જોઇએ. એવું કહ્યું. તેની વિરૂદ્ધ શ્રી કૃષ્ણે તેમને ઊંધું ચતું સમજાવી કારમી

માયાથી દેખાડયું જે એતો મરીજ રહેલા છે; તમારે માત્ર યુદ્ધમાં ઉભા રહેવું, તેથી યુદ્ધ થયું અને તેઓ રાજપદ પામ્યા. એ યુદ્ધ મસંગમાં ભિષ્મ, દ્રોણગુરૂ, કૃપાચાર્ય અશ્વથ્થામા વગેરે બ્રાહ્મણ યોદ્ધા, યુદ્ધ વ્યૂહ રચી યુદ્ધ કરાવતા. પણ એવું કહેવાય છે જે યુદ્ધ દિવસનાં થતુ, અને રાતે સઘળા એકમેક બંને પક્ષના મળતા, વાતચીત કરતા, અને સાથે જમતાં ખાતા પણ ખરા. એવુ ધર્મ યુદ્ધ હતું. એ રાજ્ય પ્રકરણમાં અક્રુર, વિદુર વગેરે પોતાના પક્ષમાં છતાં બીજા પક્ષની નીતિ તથા બીજા પક્ષ ઊપર જુલમ વિષે ધૃત્રાષ્ટર તથા કૌરવને નીતિ તથા ધર્મનિડરૂપણે કહેતા અને બને ત્યાં સૂધી સમજુત પણ કરતા હતા, પણ દુષ્ટ બુદ્ધિના કંશ તથા ધૃત્રાષ્ટર અને દુર્યોધન, કર્ણ એઓએ માન્યું નહીં, અને યુદ્ધ કરવા તૈયારી કરી ઉભા, તેમાં અંતે સત્યનો જય થયો. એ રાજ્ય પ્રકરણમાં કુંતા માતા, દેવકી માતા, દ્રૌપદી રાણી એઓએ પોતાની બુદ્ધિ આપી સૌને સત્ય માર્ગે ચલાવવાની ઘણીએક યુક્તિઓ કરી હતી.

પરશરામ, રામ, કૃષ્ણ તથા યુધિષ્ઠિરનાં રાજ્યમાં ધર્મ રાજ્ય ચાલતાં હતાં. સીતા, રામની રાણી, કૌશલ્યા રામની માતા, તારામતી, ઇંદ્રજીત જે રાવણનો દીકરો, તેની સ્ત્રી, મંદોદરી, રાવણની સ્ત્રી, સર્વે ભણેલી હતી તથા પોતાના ધણીઓને તથા પુત્રને સત્ય માર્ગે ચાલવાને બોધ કરતી હતી. જુઓ રાવણ સીતાનું હરણ કરી લઈ ગયો ત્યારે તેની સ્ત્રી મંદોદરીએ તેને કહ્યું જે, હે સ્વામી, તમે આ સતી સીતાને હરી લાવ્યા, એ ઠીક કર્યું નહીં અને કાંઈપણ એને છળ કરશો નહીં. અને જ્યારે રામ રાજા સામે યુદ્ધ કરવા નીકળ્યો ત્યારે તેને વિનય પૂર્વક કહ્યું જે સીતાને આપી દો, અને રામ સાથે યુદ્ધ ન કરો, પણ તેણે માન્યું નહીં. તેજ પ્રમાણે ઈંદ્રજીતની સ્ત્રી તારામતીએ પણ તેને બોધ કરયો હતો પણ તે ઈંદ્રને જીતી આવેલો તેથી પોતાના બળના મદનઅંધાપામાં તેને કાંઈ સુજ્યું નહીં, અને લઢયો. અર્જુનના દીકરા અભિમનની સ્ત્રી ઊત્તરા ભણેલી હતી તથા વનવાસમાં અર્જુન, વૈરાટ રાજાની દીકરીને શીખવવા રહ્યા હતા, એવું કહેલું છે, અને તેની ભણાવવાની જગા આજે પણ ધોળકામાં દેખાડવામાં આવેછે. એ ઉપરથી તે વખતે સ્ત્રીઓને ભણાવવાનો ચાલ હતો, એ નકી સિદ્ધ થાય છે. તે પ્રમાણે આજે પણ વર્તવું જોઈએ, અને સ્ત્રીઓને શીખવવી જોઈએ.

યુધિષ્ઠિર પછી તેના વંશજોએ રાજ્ય કર્યું તે વખતથી ચંદ્રગુપ્ત રાજાની વખત સુધી આસરે ૪૦૦૦ વરસમાં રાજા તથા પ્રજાની કાંઈ હકીકત માલમ પડતી નથી, તેથી કેમ ચાલ્યું તે ખબર પડતી નથી, પણ મનુસ્મૃતિના નિયમ તથા રીત પ્રમાણે ચાલ્યું હશે, એમ લાગેછે.

બીજા પ્રકારનું રાજ્ય વિક્રમનો રાજ્યમાં હતું. તે વખતે તે પોતે જાતે નગર ચરચા જોઈ રાજા, પ્રજા, કારભારીઓની રીત જોઈ તે પ્રમાણે ઘટે તે પ્રમાણે પોતે જાતે કરતો. ઇનિસાફ પોતાની મરજી માફક કરતો, પણ કોઈએ કાંઈ પીડા થતી ન હતી. કોઈની મીલકત કોઈ બીજો તકાવતો નહીં, તેમ કોઈની સ્ત્રી ઉપર બીજો કદૃષ્ટિ કરતો નહીં. પર સ્ત્રી માત સમાન ગણાતી, વિદ્વાનોને આસરો આપતો, અને દેશી કારીગરોને ઉત્તેજન દેતો, વેપારીઓને વેરા શીવાય બીજું આપવું પડતું ન હતું. પરદેશી માલ સાથે આ દેશના માલનો બદલો થતો, ચીન દેશ સાથે વેપાર પુષ્કળ ચાલતો, ત્યાંના કાગળ તથા કાચ આ દેશમાં આવતા, અને આ દેશથી હીરા, માણેક, લોઢું, રૂપું ત્યાં જતું. તેના વખતમાં અને તે પહેલાં બૌધના પરાજય વખતે જાવા બેટમાં બ્રાહ્મણી રાજ્ય સ્થાપન થએલું. તે વખતે સુમાત્રા, જાવા, સીલોન, હિંદુસ્તાન સાથે જમીનથી જોડાયલાં હશે એમ લાગેછે. એ રાજ્યમાં બ્રાહ્મણી ધર્મનાં દહેરાં આજે પૂણ જોવામાં આવેછે. બાલી ટાપુમાં તથા જાવાના કડંગ પર્વત ઉપર સાંપ્રત કાળે બ્રાહ્મણી ધર્મના ૩ હજાર લોક રહેછે. તેમજ બાલી બેટમાં બ્રાહ્મણી ધર્મ હજુ ચાલેછે. તેઓમાં હિંદુની પેઠે ૪ વર્ણ છે. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, અને શોઈદ્ર. એઓના ધર્મ બ્રાહ્મણી વેદ ધર્મ પ્રમાણે હજુ પણ છે. રાજા હાલ વૈશ્ય જાતના છે. વૈશ્ય ખેતીના ધંધો પહેલાં કરતા, પણ તે હલકો ગણી હાલ ફકત વેપારજ કરેછે. તેઓમાં એક પાંચમી વર્ણ જડાલની, (ચંડાલ હશે). તેઓ હલકા ગણાયછે. તેઓને કોઈ અડતું નથી. તેઓમાંની ત્રણ વર્ણ મુરદાં બાળેછે અને ક્રિયા તેઓની કરેછે. જાવામાં એક વખતે એવું મોટું પ્રતાપી રાજ્ય હતું કે તેન રાજાનું સુમાત્રા, બોરનીઓ અને ફીલીપૈન સુધી રાજ્ય થયું હતું. જાવાની ભાષામાં હાલ ઘણાએક સંસ્કૃત શબ્દ બોલાયછે.* એ રાજ્ય

*એપ્રિલ તથા મે ૧૮૮૪ના થીઓસોફીસ્ટમાંના જાવાના પ્રાચીન ઇતિહાસમાંથી લીધું છે.

કયારે સ્થપાએલું હતું, તે જાણવામાં નથી, પણ ઈ. સ. પૂ. ૭૦૦ વરસ ઊપર હતું એમ લાગેછે, અને કયારે નાશ પામ્યું તે જાણવામાં નથી. પણ મુસલમાની રાજ્ય ઈ. સ. ૧૩૧૩ માં ત્યાં સ્થપાયું ત્યારે મુસલમાનોના જુલમથી લોકો ડુંગરામાં જઈ વસ્યા. પણ પોતાનો ધર્મ છોડયો નહીં, તેથી હાલ ડચનું રાજ્ય છતાં તેમનો હિંદુ ધર્મ જારી છે.

એ બીજા પ્રકારના રાજ્યની સંજ્ઞામાં ગુપ્ત વંશ એટલે ચંદ્રગુપ્ત, અશોકાદિ, બૌધધર્મી, શાલિવાહન, વલ્લભી રાજ્ય, ચાવડા રાજ્ય, ચાલુક્ય અગર શોલંકી અને વાઘેલા વંશના રાજ્ય. એમાં જમીનના માલિક રાજા હતા ખરા, પણ ઠરાવેલા ભાગથી વધારે લેવા પામતા ન હતા. અને વધારે લેનારની રાઢ પણ થતી. ચાલુક્ય, શોલંકી, રાઠોડ, વાઘેલા, ચોહાણ વંશી રાજ્ય થયાં, તેમાં કોઈ કોઈ વાર રાજવંશીઓ ચોરને આશ્રય આપતા, અને તેમાં સામેલ થતા, એવા દાખલાઓ છે. ચાવડા વંશના યોગરાજના દીકરા ખેમરાજે વેપારીઓના વહાણની લૂટ કરી હતી અને વલ્લભીના છેલા રાજાએ કોઈ વેપારીની દીકરીની રત્ન જડિત કાંશકી હરી લીધી હતી. એવા જવલે જવલે દાખલા મળે છે, તેથી ઊઘાડે બારણે રહેવાનું પ્રજાને નહીં બનતું એમ કહેવાતું નથી. એ રાજાઓના વખતમાં પણ વેપારીઓને મોટો આશરો મળતો હતો. પરદેશી વેપારીઓ પણ આ દેશમાં સંરક્ષણથી વેપાર કરતા હતા. તગર નામનું ગોદાવરીને કાંઠે મોટું વેપારનુ મથક હતું ત્યાં તથા ભરૂચ (ભ્રગુકચ્છ, ગ્રીક લોકોનું બારીગાંજા), ઊજ્જન વગેરે શેહેરોમાંથી રેશમ, કાપડ તથા મસાલા (એલચી, લવિંગ, તજ ઈ.) એઓનો મોટો જથો પરદેશ જતો હતો; અને તેથી હિંદુસ્તાન મોટો આબાદ દેશ છે એમ પરદેશના લોકો જાણતા હતા. આ દેશ સાથે વેપાર કરનારા આરબો તથા ઇરાણીઓ તથા રૂમશામીઓ વેપારમાં એટલા તાજા થયા હતા. કે બીજા દેશના લોકોની નજરમાં તેઓ ખુંચ્યા અને તેમનો વેપાર હરી લેવાના વિચારમાં તેઓ પડયા હતા.

વિક્રમ શાલિવાહન થયાં પછી આ ભરમખંડમાં એક સાર્વભૌમ (એકચક્રી—ચક્રવર્ત્તી) રાજા થયો નહીં. રાજ્યના જૂદા જૂદા ભાગ પડયા; તેમાં ગૂજરાતમાં શોલંકી વંશનું રાજ્ય, દિલ્હીમાં ચોહાણ વંશનું, અજમેરમાં તુમાર વંશનું, માળવામાં પર્માર વંશનું, તેલંગમાં

આંધ્ર વંશનું, કોંકણ કરેલમાં નાગાર્જૂનના વંશના રજપૂતનું. એવી રીતે પ્રાંત પ્રાંતમાં જૂદાં જૂદાં મુખ્ય રાજ્યો હતાં તેથી એક બીજાની અદેખાઈ કરતા, એક બીજાની કન્યા હરી લેવામાં વિચાર કરતા ન હતા. એવી રીતની રાજ્યની સ્થિતિ હતી તેથી એક રાજા બીજી પ્રજા ઉપર જૂલમ જાસ્તી કરવાને પણ આઘું પાછું જોતા ન હતા. રાજ્યનો મુખ્ય હેતુ પ્રજાનું રક્ષણ કરવું, તે ઉપર નજર કરી જે પ્રજાની ઉપર જૂલમ થયો તે પ્રજાનો રાજા, જૂલમ કરનારા રાજા ઉપર ફોજ લેઈ ગએલો એવા દાખલા છે. ગૂજરાતનાં રાજા ભીમદેવે સિરોહીની કન્યા પરણવાના ઈરાદાથી, સોમેશ્વર જે દિલ્હીના રાજા પૃથુરાજનો બાપ, તેનો નાશ કર્યો તેથી પૃથુ અને ભીમનું મહા યુદ્ધ થયું. એક બીજાની લઢાઈથી પ્રજાનો પણ સંહાર, વેપારની હાની, અને ખેતીવાડી, જે દેશની ખરી પેદાશ, તે ભેળાઈ જાય, એ કેટલી મોટી ખરાબી. માટે સાર્વભૌમ રાજા, જે નાના રાજાઓને તથા પરદેશી રાજાઓને દાબમાં રાખે તેની મોટી જરૂર છે, એ સ્પષ્ટ દિસે છે.

પ્રકરણ ૩ જું.

મુસલમાની રાજ્ય.

ત્રીજા પ્રકારનાં રાજ્યમાં આ દેશમાં થઈ ગએલા મુસલમાની રાજ્ય, મોગલાઈ રાજ્ય, તથા મરેઠાનું રાજ્ય. મુસલમાનો આ દેશમાં સને ૧૨૦૬ માં દિલ્હીમાં ગાદી સ્થાપીને રહ્યા, તે પહેલાં તેઓ પરદેશથી આ દેશની સમૃદ્ધિને લોભે ચઢાઈ કરી આવતા. જે લૂટમાં મળ્યું તે લેઈ તથા જેટલાં મનુષ્ય હરણ થાય તેટલાને ગુલામ કરી પોતાને દેશ લઈ જવા અને દેવસ્થાનો વટાળવાં, દેશીઓને પોતાના ઇસ્લામી ધર્મમાં વટાળવા, એ બીજો મુખ્ય હેતુ હતો. તેઓની સામે રજપૂતો થયા હતા પણ તેમનાં શરીર કસાએલાં તથા મજબુત તથા તેમના ધર્મનાં ફરમાન પ્રમાણે જે જે સંખ્યા પોતાના ધર્મમાં લાવે તેટલી સંખ્યા પ્રમાણે ઊંચસ્થળ મૂઆ પછી તેમને મળે, એવો લોભ આપેલો તેથી, મહા જુલમ કરી રાજા, સીપાઈ, સરદાર, અમીર, સૈયદ, મુલ્લાં, હાજી, મોલવી, એ સર્વે વટાળવાનાં એક મધ્ય બિંદુ તરફ દૃષ્ટિ

કરો રાખી જેમું બને તેમ જેટલો જુલમ થાય તેટલો કરી તથા જેટલાં કષ્ટ દેવાય તેટલાં દઈ વટલાવતા તથા દેશ લૂટી જતા. તેથી દેશ ખાલી કરી દીધો. પણ પોતાના દેશમાં બંડ, તોફાન વગેરે બહુ થતાં તથા રાજગાદી જે ખુબીઓ તે બથાવી પાડે એવું હતું, તેથી આ દેશમાં રાજ્ય કરવાનો લોભ તેમને ન હતો. છેલે ઈ. સ. ૧૨૦૬માં તેના છેલા બાદશાહના સેનાપતિએ આ દેશમાં રાજ્ય સ્થાપ્યું, તે દિવસથી આ દેશની સ્થિતિ રીતિ બગાડવાનો ખરેખરો આરંભ થયો.

ઈ. સ. ૧૨૦૬થી ૧૫૨૬ સૂધી દિલ્હીની ઊપર ૫) વંશના મુસલમાન બાદશાહો થયા તેઓએ જ્યાં જ્યાં હિંદુઓનાં રાજ્ય દીઠાં ત્યાં ત્યાંનાં રાજ્યનો નાશ કરયો, તેથી હિંદુઓ તો કાંઈ ખુણે ખોચરે પહાડ ડુંગરમાં નામના રાજા માત્ર રહ્યા. તેઓએ હિંદુઓના દહેરાં જ્યાં દેખવામાં આવ્યાં તે વટાળ્યાં; મૂર્ત્તીઓ ખંડિત કરીઓ અને તેઓના પુસ્તકો બાળી નાંખ્યાં, તથા પાણીમાં નાંખ્યાં તથા તેઓને મારી નાંખ્યાં. તેથી મોટી અફ્શોસની વાત એ થઈ જે તે વખત પૂર્વના પુસ્તકોમાં શું શું લખેલું હતું તેની વિસ્મૃતિ થઈ ગઈ તેની પુનઃસ્મૃતિ થઈ નહીં. અને જે વિદ્યાર્થીઓ ભાણવા બેસતા તેમના પુસ્તકો તેઓ ફાડી જતા, તથા તેઓનાં મોઢામાં થુંકી જતા. તેથી મ્લેચ્છોને કાને વેદ અગર કાંઈ પણ ભણતર પડવા દેવું નહીં એ વાત ચાલી હશે, એમ લાગે છે. અફસોસ! પ્રાચીન કાળના ઇતિહાસ તથા બીજી વિદ્યાઓ જેનો નાશ એ રીતે થયો છે તેઓ પાછી સજીવન કરવાના સાધનોમાં હવે પરદેશી લોકોનાં ગ્રંથોમાં આ દેશની હેકીકત લખી હોય તેપર આધાર રહ્યો છે. ગ્રીક લોકો તથા ચીના લોકો તથા આરબ લોકોએ જે આ દેશ વિશે લખ્યું તેપર આધાર રહ્યો. તેમાં પણ તેઓનું લખાણ અશુદ્ધ, તેમને ભાષાની માહિતી નહી, તેથી એકનું અનેક અને ઊસરાનું દુસરૂં લખાએલું, તે ઉપરથી અનુમાન, તારતમ્ય કરી ખરૂં કાઢવું અને નિર્ણય કરવો એ બહુ કઠણ થઈ પડયું. તેથી વિદ્વાનોને પરિશ્રમ બહુ કરવો પડે છે. બારીગાંજા ગ્રીક ગ્રંથમાં છે તેનું ભરૂચ એ નિશ્ચે કરતાં કેટલો શ્રમ તથા શોધ કરવો પડયો હશે તેનો વિચાર કરો. એ રીતે બીજી સર્વે બાબતો વિષે ગીર્વાણના અસુર, તેજ અહૂર જંદ ભાષાના એપણ ઘણેક કાળે સાંપ્રતમાં નિશ્ચે થયું છે. માટે જો પહેલાંનાં પુસ્તકો તથા

મહેલાંની વિદ્યા તથા પહેલાંના વિદ્વાનોને ઉત્તેજન રહ્યાં હોત તો આજે આપણે કેટલા આગળ વધેલા હોત! પ્રારબ્ધ આ દેશનું, અને કમબખ્તી આર્ય લોકોની, કે જનુની મુસલમાનો એટલા જોરાવર થયા. આ દેશનેજ એમણે પાયમાલ કર્યો એટલુંજ નહીં પણ ઇરાણ (પ્રાચીન મીડીઆ) નો, આશીરીયા, બાબીલનનો, ગ્રીક રાજ્ય, રોમન રાજ્ય, મીસર રાજ્ય, સ્પેન, અને કાંઈક ભાગ ચીન વગેરેનો અરધો યુરોપ તથા આખા એશીયા અને આખા આફ્રીકાનો, પાયમાલ કરયો. ઈસલામી ધર્મ સર્વે પાસે જુલમ વરતાવી કબુલ કરાવ્યો, અને બીજા ધર્મના તથા વિદ્યા શાસ્ત્રોનાં પુસ્તકોનો નાશ કરયો. સીલોન, સુમાત્રા, જાવા ફીલીપૈન, બોરનીઓ, એ બેટોમાં તથા જાપાનમાં હિંદુઓનાં રાજ્ય હતાં તેઓને તારાજ કરયાં અને સનાતન હિંદુ ધર્મના લોકોને ભ્રષ્ટ કરયા. એ ઇશ્વરેચ્છા એમ સમજવું પ્રાપ્ત થાય છે.

એ મુસલમાનોએ આ દેશના રાજ્યો ડુબાડયાં તેથી તે સ્વતંત્ર થયા અને બધી રીતે સુખી થયા એમ ધારશો નહીં. જેઓને તરવારજ વિદ્યા, તે વિવેક શું જાણે? બાદશાહને પોતાના કુળના લોકોનો નાશ કરયા વગર ચેન પડતુ નહતું, કેમકે માંહો માંહે બંડ અને દગા તો જારીજ હતા. ભત્રીજો જાણે કે ક્યારે કાકાનો વધ કરૂં કે મને ગાદી મળે, તેથી કાકો પોતાનાં કુટુંબનાં સઘળાંનો ગાદી ઊપર આવ્યાં પૂર્વે સંહાર કરતો. એવી રીતે માંહો માંહેના બંડ મીટાડવાં, પરદેશી લોકોમાંના, મુખ્યત્વે મોગલો, ચઢાઈ કરી આવતા તેઓને કાંઈ પણ રીતે હટાડવા; અને દેશમાં સુબાઓને તથા પ્રજાઓને તાબે રાખવી, લશકરને કબજામાં રાખવું અને ખજાનાની સંભાળ રાખવી, તથા બેગમોમાં દગા થવા ન દેવા, એમાં બાદશાહ તથા વજીરોના ચિત્ત હમેશાં રોકાયલાં હતાં. તેથી પ્રજા રક્ષણ ઊપર, મેહેસુલની સ્થિતિ ઊપર, કાયદા કાનુન કરવા તરફ, તથા પ્રજાના સુખ સંપાદન તરફ તો કયાંથી ચિત્ત જાય? સદા સર્વે કાળ રાજ્ય રક્ષણ તરફ તેમના ચિત્ત લાગેલાં હતાં, તેમાં વળી કેટલાક દીવાના જેવા બાદશાહ થયા તે રાજ્ય વધારવા તરફ તથા પોતાની નજરમાં આવ્યું ત્યાં રાજગાદી કરવા તરફ સદા સર્વકાળ લાગેલા. તેથી પ્રજાના જાનની તથા માલની તો કાંઈ ફીકર રાખતાજ નહીં. લાખો માણસ મરી જાય તેનું તો તેમને લેખુંજ નહીં.

તેથી સુબાઓ પોતાના પ્રાંતમાં સ્વતંત્ર થયા અને નવાં રાજ્ય તેમણે સ્થાપ્યાં. જર, જોરૂ ને જમીન એવા ૩ જ સર્વેને અદનાથી તે આલા સૂધી, સર્વેને, સર્વે કાળે વહલાં, તે છીનવી લેવામાં દોષ છે એવું તો એ બાદશાહોના મનમાં આવતુંજ નહીં. જેની પાસે દ્રવ્ય છે એવો વહેમ આવ્યો કે તેની પાસેથી તે કઢાવવાને કાંટાના બુળતામાં નાંખવા, તથા મરચાંના તોબરા બાંધવા, તથા ચામડી ઊચેડાવવી, એમાં કાંઈ પણ આઘું પાછું જોતા નહતા. કોઈની સ્ત્રી દીકરી રૂપાળી માલમ પડી કે તેનું હરણ કરવું, તેની લાજ લેવી, અને છેલે તેને તથા, કુટુંબને ઈસલામી ધર્મમાં વટળાવવામાં કાંઈ દોષ છે, એમ તો તેઓ સમજતાજ નહતા. એકની જમીન લેઈ લેઈ બીજાને આપવી અગર પોતે ઊપભોગ કરવો, અમારો હક છે, એવું સમજવામાં કાંઈ હરકત છે એમ તેઓ જાણતા નહતા, ઊપર કહેલાં ૩૨૦ વરસમાં આશરે ૩૦—૩૨ બાદશાહો થયા તેમાં સઘળાજ એવા હતા એમ નહીં. એક, બે, ફીરોજશાહ તથા બુલબન સારા પણ થયા છે. પણ તેઓનો વખત દેશના તથા રાજ્યના બંદોબસ્તમાં ગયો તેથી પ્રજાનાં રક્ષણ તથા તેઓનાં સુખનાં સાધન સંપાદન કરવા તરફ તેઓને થોડી ફુરસદ મળી હતી.

પાછલા વખતમાં લોદી વંશના બાદશાહો થયા. તેઓ કમજોર તથા સ્ત્રી લંપટ થયા તેથી તેઓનાં રાજ્યમાં બહુ સ્વતંત્ર સુબાઓ થયા હતા અને બીજા વધારે સ્વતંત્ર નવાબો થયા, તેથી રાજ્યની સત્તા રાજ્યધાનીના શેહેરથી ૭ કોશ સૂધીમાં પણ રહી નહીં. મોગલોની ચઢાઈઓ જારીજ હતી, તેમાં પંજાબના સુબેદારે મોગલ વંશના બાબુર પાદશાહને તેડું મોકલી તેને હાથે મુસલમાની રાજ્યની સમાપ્તી કરાવી ઇ૦ સ૦ ૧૫૨૬. તે દિલ્હીની ગાદી ઊપર આવતાંજ સુબાઓની સત્તા તથા હિંદુ રજપૂતોની સત્તા તોડવા તરફ ચિત્ત લગાડવા લાગ્યો. તેથી તેનું સિંધુની પશ્ચિમ તરફનું રાજ્ય જતું રહ્યું. એ બાબર મહા પરાક્રમી તથા વિદ્વાન તથા વિવેકી હતો. તેના વંશમાં આશરે ૩૦૦ વરસ સૂધી હિંદુસ્તાનમાં રાજ્ય રહ્યું.

પ્રકરણ ૪ થું.

મુગલાઈ રાજ્ય.

બાબર પહેલાં તઘલખ વંશની કારકીર્દિમાં તૈમુરલંગ મોગલે હિંદુસ્તાન ઊપર ચઢાઈ કરી દિલ્હિ શેહેર ત્રણ દિવસ સુધી બાળ્યું અને લાખો માણસોને કતલ કરયા. તેવાર પછી પણ હિંદી બાદશાહો નબળા થતા ગયા. તેમના વારામાં મોગલો ચઢાઈ કરી આવતા તેમને લાંચ રૂશવત આપી અગર કોઈ વખત લઢી પાછા કાઢતા. બાબરે તો હિંદી બાદશાહપદ ધારણ કરી પોતાના વંશને ગાદી આપી. એ વંશની કારકીર્દિના ૩૦૦ વરસનાં પાદશાહની નિષ્ઠા હિંદુ ધર્મનો નાશ કરવો, હિંદુ પુસ્તકો તથા વિદ્યાનો ધ્વંશ કરવો, અને હિંદુરાજ્ય નાબુદ કરવું, એ હતો એતો નિશ્ચે છે. તેથી અકબર બાદશાહને વિરક્ત કરી બાકીના બાદશાહોએ હિંદુ ધર્મને આશરો આપવો બંધ કરયો, હિંદુ શાસ્ત્ર તથા વિદ્યા ભણવાના મઠો તોડી પાડયા તથા હિંદુઓનાં દેવાલયો તોડી તથા મૂર્તીઓનું ખંડન કરી તે જગાએ ઈસલામી ધર્મની મસજીદો બંધાવી અને હિંદુનું નામ રહેવા દીધું નહીં. તેના દાખલા ઘણા મળી આવે છે. કાશીનાં મણીકર્ણિકાના ઘાટ (ગંગા ઉપર આવેલો છે.) ઉપર બ્રાહ્મણો સંધ્યા કરતા તેના ગોપી ચંદન, વિભુતિ એઠલો ચાટી જઈ તેને ભ્રષ્ટ કરવાનો યત્ન કરતા.

હિંદુઓના સોળ વરસની ઊપરની વયના પુરૂષ ઊપર જજીઆ નામે વેરો નાખ્યો હતો જે અકબરે કાઢી નાંખ્યો હતો તે મહા જુલમી વેરો માથા દીઠ રૂ૦ ૧૨॥ ભરવાનો નાખ્યો હતો અને જે નહીં આપે તેનો શિરચ્છેદ કરવો. એવા દાખલા પુષ્કળ છે. કોઈપિણ હિંદુને સરકારી નોકરીમાં રાખવો નહીં, કોઈપિણ રજપૂત રાજાનું રાજ્ય રહેવા દેવું નહીં, અને કોઈપિણ હિંદુ સ્ત્રીને કોઈ મુસલમાન હરી લેઈ જાય તો તેનો ઈનસાફ કરવો નહીં. તેથી ઘણાએક રાજા, ઘણાએક હિંદુ, મુસલમાની ધર્મમાં ગયા, કે તેથી તેમને તેમનું રાજ્ય રહે અને મુસલમાનના જેટલા હક રહે. પરદેશી લોકો મુસલમાની ધર્મના હિંદુસ્તાનમાં ચાકરીમાં ઘણા રહ્યા તેથીજ દેશીઓ પણ કેટલાક વટલ્યા. એવી રીતથી થયું શું? પ્રજા, રાજાથી નારાજ થઈ, ખંડીઆ રાજાઓ વખત ફાવે

સ્વતંત્ર થયા, અને હિંદુ ધર્મની વધારે મજબુતાઈ થઈ વેદ ધર્મ જે સનાતન ચાલતો આવેલો તેના મૂળીઆં એટલાં ઊંડા ગએલાં કે મુગલોએ ચાહે તેટલું કર્યું, ચાહે તેટલા જુલમ કરયા, તોપણ એ ધર્મમાંથી ઘણા ખરા લોકો ચળ્યા નહીં; એ કેટલી ખુબી! ધર્મને જેમ વધારે છેડવામાં આવે તેમ તે ધર્મનાં લોકો વધારે તેને વળગતા જાય. ઔરંગજેબે ઘણો જુલમ ધર્મ સંબંધી કરયો તો રજપૂતસ્થાનમાં રાજાઓ ઊઠયા; દક્ષિણમાં મરાઠા ઊઠયા અને પશ્ચિમે નાનક તો એટલે સૂધી કે અકબરનામે છોકરા સુદ્ધાંતને ફોડી પોતાની તરફ લીધો. ઔરંગજેબને તોબાહ તોબાહ પોકરાવી. હિંદુઓજ નહીં પણ આ તરફ દક્ષિણમાં વિજાપુર તથા અહમદનગરના બાદશાહો પણ તેની સામે થયા. ગમે તેટલો જુલમ કરી મેહેસુલમાં વધારો કરયો પણ તેની સર્વે આવક ૩૨ કરોડ રૂપીઆથી વધારે નહીં હતી. તેની વૃદ્ધાવસ્થામાં ઠેકાણે ઠેકાણે બંડ, ગેરબંદોબસ્ત. અને નવા પરખંડી લોકોનું એક રાજ્ય ગોવામાં મજબુત રીતે થયું. ઔરંગજેબનું રાજ્ય નબળું થયાથી તેના વંશજો નાંરાજ્યમાં બંડ થયા, નવાબો, સુબેદારો સ્વતંત્ર રાજ્યના ધણી થયા. અને શિવાજી તથા તેના વંશજ સ્વતંત્રપણે વર્તવા લાગ્યા. ઔરંગજેબ જાતે બહાદુર હતો પણ વહેમી બહુ હતો તેથી જ્યાં ત્યાં પોતેજ બંદોબસ્ત કરવા જતો, તે જ્યાં સૂધી યુવાવસ્થા હતી ત્યાં સૂધી કરી શકયો, પણ પાછળના વખતમાં ગેરબંદોબસ્ત તથા વહેમને લીધે વિશ્વાસ રાખતો ન હતો તેથી તેની પાસે કોઈ વિશ્વાસુ સરદાર તથા સુબેદાર ન રહ્યો; તેથી સુબેદારો ધણી થઈ પડયા. તેની બેહેન રોશના બેગમનો તેને ભરૂસો હતો પણ તે કાવાદાવામાં બહુ ચપળ હતી. તેની વૃદ્ધાવસ્થામાં તેના સરદારો રાજ્યના માલિક થયા. રજપૂતોએ પોતાનાં રાજ્ય પાછાં લીધાં; મરાઠાઓ સ્વતંત્ર થયા એટલુંજ નહીં પણ બાદશાહના વજીર થઈ બાદશાહને પુતળાંની પેઠે નચાવતા. પંજાબના શીખ લોકો સ્વતંત્ર થયા અને છેલે વખતે એટલે સને ૧૭૫૦ ને સુમારે દક્ષિણમાં નીજાંમ, કર્ણાટકનો નવાબ, બંગાલાનો નવાબ, અયોધ્યાનો નવાબ, અને માળવા તથા ગૂજરાતના નવાબ, એ સર્વે સ્વતંત્ર મુગલ બાદશાહો થયા. દિલ્હીનાં બાદશાહને માન આપતા, તે નામનુંજ માત્ર.

પ્રકરણ ૫ મું.

અકબર બાદશાહનાં વખતની રાજનીતિ.

અકબર પાદશાહ મુગલ વંશનો ત્રીજો બાદશાહ થયો હતો, પણ તેનાં પહેલાંનાં ૨ રાજ્યમાં રાજ્યથાળે પડેલું ન હતું. તેના બાપ હુમાયુનો ઘણો ખરો વખત બહારવટામાં ગયો હતો, તેથી તેના શત્રૂઓનું જોર બહુ થયું હતું. જ્યારે અકબરની ૧૩ વરસની ઊમ્મરે રાજ્યાસન પર તેને બેસાડવામાં આવ્યો, ત્યારે તેના કુળનાં રાજવંશીઓ, તેના બાપના શત્રૂઓનાં વંશીઓ તથા તેના કારભારીઓ રાજ્યનો કેટલોક ભાગ પચાવી પડવાની તદબીરમાં હતા. એ રીતે તેને માથે નાની ઊમ્મરે ઘણા સંકટ હતાં, તોપણ તે ઘણાં દુ:ખમાં ઉછર્યો હતો તેથી, તેની ચતુરાઈ નાની ઉમ્મર છતાં સઘળા કામમાં વિચાર પૂર્વક હતી. તેને રાજ્યાસન પર બેસાડનાર ખાનખાનાન બહુ ગર્વિષ્ઠ થઈ ગયો હતો, તેને વિનયપૂર્વક કાંઇ મિસે બહાર જવાનું કહી તેણે પોતાની સત્તા સ્થાપી અને બીજા કોઈનું માનવું નહીં, એવો ઢંઢેરો ફેરવ્યો. તેથી ખાનખાનાને ડહાપણથી મક્કે જવાનું કર્યું, પણ તે રસ્તામાંજ પૂરો થયો. એનો કાળ થયો કે પોતાનાં કુળમાંના તથા બીજા શત્રૂઓ હતા તેમના પર પોતે ચઢાઈ કરી તેમને દબાવ્યા. એટલે રાજ્યધાની નજદીકનો બંદોબસ્ત થયો. આઘેના રજપૂતો તેના દાદા બાબરના વખતમાં દબાયા હતા ખરા, પણ પૂરા નહીં દબાએલા જોઈ તે વીર્યવાન જાત, સીપાહ બાહાદૂરીના કામમાં બહુ ખપ લાગશે એવું જોઈને, તેઓમાના ઘણાએકને લશ્કરમાં નોકરીમાં રાખ્યા અને કેટલાકની સાથે શરીર સંબંધ કરી નિકટ સંબંધી કર્યાં. તેઓ પણ બાદશાહ કુળ સાથે સંબંધ થયાથી તેની સાણસ કરવા લાગ્યા, તે એવી કે અકબરની થુકમાં તેમનું લોહીપાડવાને તૈયાર. મુસલમાનોનો પણ તેટલોજ સત્કાર તે કરતો. તેનાં મનમાં સર્વે એક બાપની પ્રજા છીએ માટે ભાઈવત્ વર્તવું જોઈએ, એમ તે ધારતો. ધર્મમાં બીજા ધર્મના ઉપર જુલમ કરવાનું ફરમાન છતાં તે પ્રમાણે કોઈને ધર્મ સંબંધી કામમાં જુલમ કરતો ન હતો. જેનો મરજીમાં આવે તે તે ધર્મ પાળે તથા માને. સઘળા ધર્મ (મુસલમાની, વેદ ધર્મ, પારશીઓનો ધર્મ, ખ્રીસ્તી ધર્મ, યાહુદી ધર્મ, વગેરે) જે તે વખતે જાણવાંમાં હતા તેઓનાં

પુસ્તકોનાં તરજુમા ફારશીમાં કરાવ્યા, તેમજ તેઓના કાયદાનાં પુસ્તકોના પણ તરજુમા કરાવ્યા અને તે શીખવવાને પોતાની પાસે તે ધર્મનાં પંડિતો રાખ્યા. સૌનો ઇનિસાફ સૌ સૌના ધર્મના કાયદા પ્રમાણે કરાવવો, એવો તેનો હેતુ હતો. સર્વે પ્રજાને સરખા હક આપ્યા. હિંદુઓ પાસેથી જજીઆ વેરો લેવાનો બંધ કર્યો. હિંદુઓમાં સતી થવાનો ચાલ હતો છતાં તે સતી થનાર સ્ત્રીની ખુશી ઊપર રાખ્યું; તેના ઉપર કોઈ બળાત્કાર કરો તેને કોઈ સતી કરે નહીં એમ રાખ્યું. તેમજ પુનર્લગ્ન, જે સ્ત્રીની ખુશી હોય તેણે કરવું એવું રાખ્યું. ઇનિસાફ કરવાને અદાલતો સ્થાપી, તેમાં કાજી, મુફતીઓ, પંડિતો વગેરે કાયદા પ્રમાણે ઇનસાફ કરે, તેવો ઠરાવ કર્યો. લાયક માણસને ધર્મ, જાત, વર્ણ વગેરે જોયાં વગર નોકરીમાં રાખવો એવું ઠરાવ્યું અને મોટા મોટા પંડિતો, કવિઓ વગેરે પોતાની પાસે રાખી તેઓની વિદ્યાને ઊત્તેજન આપતો. તેમજ મોટામોટા શેહેરોમાં ફારશી, આરબી વગેરે શીખવવા માટે મક્તબો (પાઠશાળાઓ) સ્થાપી, તેનો ખરચ સરકારથી ચલાવ્યો. રૈયતની પાસેથી જમીનની વિંઘોટી અગર ભાગ કેટલો લેવો, તે જમીનની માપણી કરાવી નક્કી કર્યું. પાકમાંથી અમુક હિસ્સો અગર દરે વીંઘે અમુક રોકડ રકમ, જે તેની નજરમાં આવે તે આપે, એ જમીનનો કસ જોઈ નક્કી કર્યું. તે પ્રમાણે લેવાનું પહેલાંનાં રાજ્યમાં ન હતું; તેથી પ્રજા બહુ સંકટમાં આવી પડતી હતી. એ સર્વે ધર્મના લોકોને માન આપતો, તેથી મુસલમાનોએ એને કાફર કહી નિંદ્યો છે. પણ એ સુફી લોકોની પેઠે વિચાર પૂર્વક ચાલતો અને સર્વેને ભાઈ પ્રમાણે સમજતો. અકબરની રાજ્ય કીર્દિમાં વેપારને બહુ ઉત્તેજન હતું. તે સર ટામસરો એલીજાબેથ રાણી તરફથી વેપારમાં છૂટ મેળવવા હિંદુસ્તાનમાં આવ્યો હતો, તેનાં લખાણ ઊપરથી જણાય છે. એનાં મનમાં એક ધર્મ પોતે ચલાવવો એવું હતું, એમ જણાય છે. પણ એ વાત કરેથી પોતે ધર્માચાર્ય થવામાં હરકત નડે, તે તેને સમજાયું હશે. પણ તેણે કોરાનમાંની કેટલીક બેહુદી (અયોગ્ય) રીતો કાઢી નાખી; જેવી કે સલામ અલેકું. એથી મુસલમાનો નારાજ થયા હતા, અને બીજું સર્વે ધર્મનાને સરખા લેખ્યા તેથી પણ ખરા.

એવી રીતે ચિત્ત લગાડતાં છતાં તે પોતાના રાજ્યનાં બંદોબસ્તમાંથી

જરા પણ ખસતો ન હતો. રાજદરબારી વકીલોનું સન્માન કરતો; કોઈ સુબેદારની કાંઈ ફર્યાદ આવતી, કે લૂટફાટની રાઢ આવતી, તો તરત તે તરફ પોતે જઈ બંદોબસ્ત કરી પાછો વળતો. એ રીતે એના વખતમાં એનું રાજ્ય એક તરફ કાબુલ, બીજી તરફ બ્રહ્મદેશ, મણીપુર, ત્રીજી તરફ હિમાલય અને ચોથી તરફ કન્યા કુમારી કેપ સુધી હતું. દક્ષિણમાં બ્રાહ્મણી રાજ્યના મુસલમાન વંશનાં રાજ્યોમાનાં ૩ રાજ્ય એણે પોતાના રાજ્યમાં મેળવ્યાં અને ૨ રાજ્ય રહ્યાં તે પછી ઔરંગજેબનાં વારામાં મળ્યાં. એની પ્રજા એના દર્શનથી સંતુષ્ટ થતી અને એના નોકરો તથા શત્રૂઓ થર થર કાંપતા. એણે ઘણાં વરસ, એટલે ૪૯ વરસ રાજ્ય ભોગવ્યું તેથી તેણે જે જે ધાર્યું હતું તે તે સર્વે સફળ કર્યું. રાજ્યનો બન્દોબસ્ત એક કાંઠાથી બીજા છેડા સૂધી સદૃઢ કરયો હતો, અને તે પ્રમાણે તેની પાછળ થનારા વર્ત્યા હોત તો કાંઈ હરકત નડત નહીં. એ બહુ દયાળુ હતો તથા ક્ષમાનો ગુણ તેનામાં યોગી પુરૂષના જેટલો હતો. તેના વડા દીકરાએ બંડ કર્યું છતાં તેને પોતાની પાસે બોલાવી તેને ક્ષમા કરી અને પોતાની પાછળ તેને ગાદીનો વારસ ઠરાવ્યો, અને સર્વેને તેની આણમાં રહેવા ફરમાવ્યું. આટલું બધું રાજ્ય હતું અને તે ઉપર દેખરેખ રાખવાનું હતું તે છતાં તેને શીકાર કરવાની તથા નિર્દોષ ગમત, ઠઠા મશ્કરીની મંડળીમાં રમુજ કરવાની, ફુરસદ મળતી. તેમાં ખાશ દોસ્તોનેજ બેસવાની પરવાનગી હતી. આટલો બધો વૈભવ છતાં તે સાદો પોશાક પહેરતો. અને કોઈ કોઈ વખત મેળા બેળાના દિવસોમાં તથા સ્વારીનાં વાર તહેવારને દિવસે થાટમાટથી જરીઆન સાથે ફરવા નીકળતો. તે જોવા આઘે આઘેના લોકો આવતા. ઈનસાફ વાજબી કરતો પણ કોઈ વખત ત્રાસ બેસાડવાને દેહ કષ્ટાય એવી પણ સજા કરતો.

અકબરની રાજ્યનીતિ તથા ઔરંગજેબની રાજ્યનીતિમાં અશમાન જમીનનો ફેર નજરે પડ્યા વના રહેશે નહીં. અકબરની નિસ્પક્ષી અને ઔરંગજેબની એક પક્ષી રીત હતી. એ કારણથી રાજા માનસિંગ તથા તેનો સાળો રાજા ભગવાનદાસ, અકબરને માટે જીવ આપતા. અને જશવતસિંગ, ઔરંગજેબનો સરદાર તથા જમણી બાજુ છતાં તેના અવિશ્વાસી સ્વભાવને લીધે ઠગાઈ કરી તેનુંજ નુકસાન કરતો. તે શિવાજીને,

સમજાવી તેની હજુરમાં દિલ્હી લઈ ગયો પણ તેની સાથે હિંદુ રાજ્યનું પ્રબળ વધે એવી રજપૂતોની સલાહ હતી. અકબરે ધર્મના કામમાં છૂટ આપી હતી તેજ ઔરંગજેબે તોડી; પરધર્મીઓના ઊપર જુલમનો વરસાત વરસાવ્યો. તેઓ જ્યારે નહીં ખમી શક્યા ત્યારે મહાદેવીઆ પંથવાળાઓ હરદ્વારના તથા પ્રયાગના મેળામાં હજારોબંદ ટોળે ટોળાં સહ હથીઆરબંદ જઈ બાદશાહી લશ્કરનો પરાભવ કરતા. રજપૂતોને એ ગોંશાઈઓની ઝુંડના લોકોનો લઢાઈ વખત, વગર પગાર આપવે બહુ આશ્રય હતો અને તેઓ હથીઆરબંદ, જીવની બીક નહીં રાખતાં ઘણે પ્રસંગે બાદસાહી સેનાનો પરાજય કરતા. એજ રજપૂતો અકબરને જીવ આપી મદદ કરવા તત્પર રહેતા. જજીઆ વેશે હિંદુઓ તેમાં મુખ્યત્વે કરી બ્રાહ્મણ, ભાટ, ગોંશાંઈ, સાધુ, સંત. એઓને માફ કરવાને ઘણુક કહેણ ચલાવ્યું. છતાં ઔરંગજેબે આગ્રહ ધરી, માફ ન કર્યો અને તે લેવા ફોજ મોકલી. તેની સામે રજપૂતસ્થાનમાંના રજપૂત, રાણાઓ વગેરે થયા. અને તેમણે જજીઓ નહીં આપવા દીધો, તેથી ઔરંગજેબ મરણ સૂધી યુદ્ધમાને યુદ્ધમાંજ રોકાયલો રહ્યો હતો. શિવાજીના વડા પુત્ર સંભાજીને મુસલમાન થવાનો બહુ જુલમ કર્યો તેથી તેણે તેને કુવચન કહ્યાં, તે ઉપર તેની આંખ ફોડી નાખી, જીભ ખેંચી કઢાવી અને મહા મહા દુઃખ દઈ ઔરંગજેબે ગરદન મરાવ્યો. એથી મરેઠા અને મોગલોનું જન્મ વેર બંધાયુ. તે કોઈ કાળે પણ મટયું નહીં.

પ્રકરણ ૬ ઠું.

મરેઠી રાજ્યની રાજ્યનીતિ.

મહારાજ શિવાજીએ દક્ષિણમાં મરેઠી રાજ્યનો પાયો નાંખ્યો. એનો દાદો તથા બાપ બીજાપુરમાં સરદાર હતા: તે જાતે ઘણો ફંડીઓ તથા કાવતરાં ખોર હતો, તેથી જ્યાં જેમ ફાવ્યું તેમ કરી રાજ્ય સંપાદન કર્યું. રાજ્ય મેળવવાનું એક સાધન જે દ્રવ્ય તે તેણે લૂટ કરી પેદા કર્યું. તે વખતના તથા પ્રાચિન કાળમાં રાજાઓએ રાજ્ય એ રીતે સંપાદન કરેલાં એવા દાખલા બહુ મળી આવે છે, પણ લૂટ કરવી એ રીત, રાજાનો મુખ્ય ધર્મ જે પ્રજાનું રક્ષણ કરવું,

તેથી વિરૂદ્ધ છે. એ પોતાના મુલકમાં લૂટ કરતો ન હતો, પરદેશમાં અને પરધર્મી લોકોમાં, તેમાં મુખ્યત્વે મુસલમાનો, મોગલ લોકો તથા તેના અંત્રાળુ તથા ક્રિસ્ચીઅન લોકોની લૂટ કરતો, અને તેથી જે દ્રવ્ય મળતું તે વડે લશ્કરનો જમાવ કરતો. મોગલોનો જુલમ બહુ હતો તેમના મૂલક લૂટવા અને તેમને તથા તેમની પ્રજાને હેરાન કરી પોતાના શત્રૂને લઢાઈમાં જીતવાનું લૂટથી સાધન કરવું, એ તેનામાં દુષણ ગણાય છે. તે વિષે મત્ત ભેદ છે. કેટલાક તેમ ગણતા નથી. નીતિવચન વૃદ્ધ ચાણાખ્યમાનું શઠं प्रत्ये शठं कुर्यात् आदरं प्रतिमादरं.

અર્થ—શઠ સાથે તેવાજ શઠ થવું અને આદરમાન આપે તેને આદર માન આપવું. ગમે તે હો, પણ તે હિંદુ ધર્મની પડતી હાલત જોઈ તેનો ઉર્જિત કાળ આણવાને ઊત્પન્ન થયો હોય એમ લાગે છે. તે હિંદુ ધર્મની આજ્ઞા પ્રમાણે સદોદિત ચાલતો. બ્રાહ્મણ, સાધું, સંત, દેવ, ગુરૂ એઓને વાસ્તે જીવ કાઢી નાખતો અને પોતાની પ્રજા પડિનારને પારિપત્ય કરવા સદાએ તત્પર હતો. તેની પછીના તેના વંશજ તેના જેવાજ વીર્યવાન અને પુરાક્રમી નીકળત તો એ રાજ્ય સાર્વભૌમતાને પામ્યું હોત.

એણે રાજ્યમાં દૃઢ શાંતિ થયા પછી પોતાનાં નામના શિક્કા પાડ્યા અને ધર્મ શાસ્ત્ર પ્રમાણે ન્યાય વગેરે થવા આઠ પ્રધાન નેમ્યા. તેમાં એક, પેશવા, મુખ્ય પ્રધાન; તેને રાજાની ગેર હાજરીમાં કુલ અખ્તીઆર હતો; પંત સચીવ (મજમુદાર); ૩ પંત અમાત્ય (દફતરદાર), ૪ મંત્રી, ૫ સેનાપતી; ૬ સુમંત; ૭ ન્યાયાધીશ અને ૮ પંડિતરાવ. એઓ સર્વને નામ પ્રમાણે જૂદા જૂદા અધિકાર સોંપ્યા હતા. છેલ્લાને શાસ્ત્રાર્થ કહેવાનું કામ હતું. અને ૭ માને શાસ્ત્રાર્થ પ્રમાણે ન્યાય કરવાનું (શાસ્ત્ર, વેદ, વેદાંગ, સ્મૃતિઓ, પૂરાણ, દેશાચાર) કામ હતું. સેનાપતિ શિવાય બીજા સર્વે અધિકારી બ્રાહ્મણ હતા. મોગલો તથા બીજાપુરનાં જુલમ આગળ શિવાજીને એક ક્ષણની પણ ફુરશદ ન હતી, તોપણ તેના અષ્ટ પ્રધાનો પોતાનું કામ સારી રીતે બજાવ્યા જતા હતા એમ લાગે છે. તેણે લશ્કરી કળામાં તોપોનો ઉપયોગ પ્રથમજ કર્યો, મુગલોનું જોઇને તે કર્યો હોય એમ લાગે છે. તેના વારામાં બનેલી તોપો આજે પણ ઠેકાણે ઠેકાણે છે. તેના દીકરા સંભાજીના વારામાં તથા રાજારામ,

તારાબાઈ તથી સાહુ રાજાની વારામાં, મોગલોએ બહુ હલા કરયા, તે હઠાવ્યા ખરા, પણ તેઓમાં માંહો માંહે ક્લેશ બહુ વધી પડ્યો હતો અને બે રાજ્ય થઈ ગયાં હતાં તેથી એક પક્ષના ફાવે ત્યારે બીજાનું જોર નબળું કરવાને આઘું પાછું જોતા નહીં. તેથી બન્ને પક્ષ (તારાબાઈ અને સાહુ) નબળા થયા અને મુખ્ય પ્રધાન પેશ્વાનું જોર બહુ વધી ગયું. સાહુ રાજા મોગલ દરગારમાં ઊછરયો હતો તેથી તે જોઈ તેની પેઠે રાજ્યની કાંઈ ફીકર ન રાખતાં એશઆરામમા મગ્ન રહેતો અને રાજ્યનો કારભાર પેશ્વા ચલાવતો. પેશ્વા બીજા પ્રધાનોને તેમનાં કામમાં આડે આવતો હતો તેથી પ્રજા રક્ષણ વિધિમાં ફેર પડ્યો. રાજ્યમાં બેદાદી; એક પક્ષના સરદારો બીજા પક્ષની પ્રજાને પીડા કરવા લાગ્યા; તોપણ પેશ્વાનું ચાલતું ત્યાં તેમને વારતો. કુસંપ અને માંહો માંહે લઢવાડ થયાથી પેશ્વાએ રાજાનું જોર નબળું પડેલું જોઈ સઘળું રાજ્ય પોતાનાં ઘરમાં અને કુટુંબમાં લાવવાનો પ્રયત્ન કરયો, તે સફળ થયો. તે વંશ પરંપરા પેશ્વા થયા અને બીજા અષ્ટ પ્રધાન જે તેમને મળીને ચાલ્યા તેમને પણ વંશ પરંપરા અધિકાર મળ્યા. શિવાજીના વખતમાં સમુદ્ર માર્ગે લઢાઈ કરવાને, તેમાં મુખ્યત્વે કરીને સમુદ્ર માર્ગે ચાંચીઆનું કામ કરવાને, લઢાઇનાં વહાણો રાખેલાં હતાં, અને તેઓના નાખુદા, આલિબાગ કોલાબાનાં આંગ્રા, અને જંજીરાના સીદીની સાથે લઢાઈ કરવામાં તથા મક્કે હજ કરનારા મુસલમીનોને લૂટવામાં તથા બીજાં બંદરો ખાતે લૂટવાનાં કામમાં, ઊપયોગમાં લાવતા હતા. તેથી ફીરંગીઓ લઢવાને અરમારનું લશ્કર પણ મરેઠાઓના વખતમાં મોટું જશવંતુ થયું હતું. પણ પાછળથી યુરોપખંડના નવા લોકો આવ્યા તેઓ તેનું રાજ્ય લઈ લેશે તે તેઓ જાણતા ન હતા.

રાજ્યની મેહેસુલ જે જે અધિકારીઓ ઊઘરાવતા, તેઓ જે મળ્યું તે પોતાનો હિસ્સો મળ્યો એમ કરી જે બાકી રહ્યું તે સરકારનું રહ્યું એમ ~~સરકારને હીસાબ~~માં લખી જણાવતા, તેથી રૈયતને સદા સર્વ કાળ કરજમાં ને કરજમાં રહેવાનું થતું. એવું જોઈ મુલુક ઈજારે આપવાની પદ્ધતિ નીકળી. જે ચઢા ચઢી કરીને પરગણા ઈજારે રાખે, તેને પર રાજ્ય અગર ખંડીઆ રાજ્ય પાસેથી ચોથાઈ, સરદેશમુખી વગેરે લેવાની સત્તા આપી. તેણે પેટા ઈજારે પેટા મહાલ, ગામ વગેરે બીજાને

સાંથ્યાં. તેઓ પણ પોતાનો હિસ્સો વસુલ કરી બાકી રહે તે સરકારનું રહે એવું કરી રાખતા. તેથી બે ત્રણ વરસે પેશ્વા અગર દાભાડે અગર જે જે પ્રાંતના જે જે અધિકારી ઠરાવ્યા હોય, તેઓની સ્વારી બાકી વસુલ કરવા નીકળતી, તેને મુલકગીરી કહેતા. તે સ્વારીનો નીકાલ કરવા ખંડીઆ રાજા, ઠાકોર, નવાબ, દેશમુખ વગેરે સામે જઈ આંકડો ઠરાવ કરી તે આંકડો ભરતા અને કોઈને તકરાર કરવી હોય તો લશ્કર લેઈ સામે થતા, તેથી તેનું તથા રૈયતનું નુકશાન તથા તેમનો ઘાણ વળતો, એવી રીત હતી. એ રીતે પેશ ઈજારદાર, ઈજારદાર, મુલખના અધિકારી તથા પેશ્વા તથા રાજા એ સર્વ રૈયતને ખુશી લેવાય તેમ ખુશી લે. લડાઈઓ તો ચાલુજ હતી તેથી ખેતરોમા સ્વારો, ઘોડા છોડી અનાજનો નાશ કરતા તે જૂદો. પેશ્વાને બરાબર હીસાબ મુલખનો જ્યારે નહીં મળે અગર આંકડો નહીં કરી આપવામાં આવે ત્યારે પણ એ પ્રમાણે મુલખગીરીથી લેવા જવાનું થતું. તેથી રાજ્યમાં ખરાબી થતી. જેમ જેમ રાજા નબળા પડતા ગયા તેમ તેમ મુલખના અધિકારીઓ તે મુલખ દબાવીને બેઠા. ઘોરપાડે, જાધવ, દાભાડ, ભોંસલે, વગેરે પોતપોતાના મુલખમાં સ્વતંત્ર વર્તતા. એ સર્વનો હીસાબ પેશ્વા લેતો. પણ તેનું જોર નબળું, અગર તેની સ્વારી આઘી ગઈ હોય, જેવી કે કરનાટક અગર હિંદુસ્તાન તરફ, ત્યારે તેને સ્વાર વગેરેની મદદ કરતા અને પોતે સ્વરાજ્યની ઊપજ ખાતા અને રાજાનો હિસ્સો દબાવી પડતા. દાભાડે ગુજરાતનો ઈજારો રાખતો. તે મૂઓ ત્યારે તેનો છોકરો નાની ઉમ્મરનો હતો તેથી તેનો કારભાર દામાજી તથા પીલાજી ગાયકવાડ કરતા, તેજ રાજ્યની ઊપજ ખાવા લાગ્યા. મોગલાઈ રાજ્યમાંની ચોથની તથા સરદેશમુખીની તથા ઘાસ, દાણા, ખીચડી વગેરે કરની વસુલાત એ ગાયકવાડ ઉઘરાવી ખાતા, અને જ્યારે પેશ્વાનું તેડું આવે ત્યારે, અગર સ્વારી ચઢી આવે ત્યારે પતાવણી કરતા. મુલુકગીરી ઉપર જાય ત્યારે ઘાસ દાણો મફટ લે, તે શિવાય સ્વારો તથા બારગીરો તેમાં શીલેદાર, સરદાર સુદ્ધાં લૂટ કરે તે જૂદી. લેકીસજા તો શું પણ તજવીજ પણ કોઈ કરતું નહીં. એવી રીતનો પેશ્વાઈનો મામલો હતો. કોઈ પેશ્વાની વખતે મુલુક ઈજારે નહીં આપતાં, મામલતદાર, સૂબા, સર સૂબા, રાખી વસુલાતનું કામ લેતા. તેમાં પણ કારભારીને

વધારે લાંચ આપે તેની નીમણુક થાય. એ રીતે એક વરસમાં એક ઠેકાણે એક મામલતદાર નેમાયો તો બે ત્રણ મહિનામાં બીજાની નેમણુક થઇજ છે, એવું થતું, તેથી પહેલાં તો તે જેમ બને તેમ રૈયત પાસેથી પોતાના વખતમાંજ વસુલ લેઈ લેતો, બીજો આવ્યો કે વળી તે જુદી લે. રૈયતના નીપજના કાળની અગર રતની કોઈ દરકાર રાખતું જ નહીં; પાકની કે તુલની કોઇ ગણના કરતું નહીં, જેમ જેનું ફાવે, તેમ કરતા. જેનો હજુરમાં વસીલો તેની નીમણુક થતી. દરબારી લોકો; મરેઠા, દક્ષણી બ્રાહ્મણો, તથા પરભૂ, તેથી તેઓના વસીલદારોની નીમણુક બહાર થતી. કોઈપણ ગૂજ-રાતીની નીમણુક થતી ન હતી, અને થતી તો તોળવાનું કામ તેમની પાસેથી લેતા. તે દહાડાથી તલાટી એટલે તોલાટી નામ પડયું, અને એ કામ પર ગૂજરાતી વાણીઆને નીમતા, અને તેને કાંઈ દાણા અગર ઉપજનો વાંટો કે હિસ્સો આપવાનો ચાલ હતો. પણ તેની ઉપર લખ-નારો મહેતો જૂદો; તે દેશપાંડે તરફનો, જેને કૂલકરણી કહેતા. તે નામ હજુ તમજ ચાલે છે. જ્યારે ભાગ બટાઈ લેવાની બંધ થઈ, અને રોકડ વીંઘોટી લેવાનો ઠરાવ થયો ત્યારે તોળાટી નીકળી ગયા અને કૂલકરણી માત્ર રહ્યા. તેમાં જો વાણીઆ તોલાટીનો વગ લાગ્યો તો તે વાણીઆં તલાટી અગર કુલકરણી થયા. એટલે એજ ગૂજરાતી કામદાર. મુસલમાનો તો કોઈપણ કામને લાયક ભણેલા નહીં તેથી અને તેઓનાં ઉપર ધર્મને લીધે દ્વેષ તેથી, ઘણું થાય તો સ્વારની જ-ગામાં અગર પાયદળ સીપાઈની જગાપર તેમને રાખતા. એ ઉપરથી માલમ પડશે જે ગૂજરાતી લોકોમાં બ્રાહ્મણોના શીવાય બીજાંને મરેઠી રાજ્યનું સુખ નહીં હતું. સર્વે દબાઈ રહેલા હતા. એ કરતાં તો મુસલમાની કે મોગલાઈ રાજ્યમાં તેઓને કારભારમાં રહેવાનો વગ વ-ધારે મળતો, કેમકે તેઓને કાંઇ ગૂજતી, દક્ષણીનો ભેદ રાખવાનું કારણ ન હતું. અને મોગલાઈ વારામાં રજપૂતો વધારે રાજ્ય કારભારીઓ હતા, તેમ દક્ષણીમાં કોઈ જાણવામાં નથી. ગૂજરાતી, તથા રજપૂતને જરા ઠા~~ઠમાઠ, વૃમાં~~ લત્તાં જોઈએ, પણ દક્ષણી બારગીરને ફાટા તુટા બે ચોલણા, બે રૂઇદાર બદન, અને લટકતા છેડાની પાઘડી, કાળી કામળ, ફાટો તુટો ઘાસીઓ પણ તેનોજ, ભાકર (રોટલો) અને મરચું ખાવા-નું, એટલું જોઈએ, તેમાં ગામમાંથી છાશ માગી લે એટલે થાયે.

રજપૂતનો પોશાક જરા કીમતી, ઘોડાને સાઠડો સારો, તથા ધારીઓ અ-નાતી, પાગ મોટો જોઈએ, અને લેંઘા જાડા અને તેમાં બે સેજીઆં, (ધોતીઆં) ભેટ, કમરબંદ, અને પીછોડી; એટલું તો જોઈએ. ખા-વામાં ઘંહુનો અગર બાજરનો રોટલો ને છાશ (દૂધ) એટલું. મરેઠાઓ હિંદુ ધર્મને ઉત્તેજન આપનારા હતા ખરા પણ હિંદુઓને લૂટવાને આધું પાછું જોતા ન હતા, અથવા આનાકાની કરતા નહીં. પણ મુગલો રૈયતને લૂટતા ન હતા તેમ રૈયતને લુટવાની તેના સરદારો પરૂ-વાનગી આપતા ન હતા. તેથી મરેઠી રાજ્ય કરતાં મુગલાઈ વધારે સારૂં.

મરેઠા તથા પેશ્વાની કારકીર્દમાં લોકોને મનુસ્મૃતિના નિયમ પ્રમા-ણે ન્યાય મળતો ખરો, પણ રાજાની મરજી એ પણ કોઈક વખતે કાયદો થતો. ચંદ્રરાવ મોરેનો વિના કારણ શિવાજીએ પ્રાણ લીધો, અને કોઈનું રાજ્ય લઈ લેવું એતો અન્યાય જાણતાજ ન હતાં. જંજીરાનું રાજ્ય લેઈ લેવાની ઘણીક તજવીજ કરી હતી પણ તે વ્યર્થ ગઈ, અને અં-ગ્રેજની કોઠી લૂટેલી. તે પાછું આપવાનું કબુલ કરેલું છતાં, તે પાછું આપ્યું નહીં. એ ઉપરથી એમ જે રાજાની મરજીમાં આવે તો તે લુટી લે, તેનો ઈનસાફ નહીં. ઈનસાફની રીત ઘણી ખરી પંચાતથી હતી. પેશ્વાના વખતમાં સવાઈ માધવરાવે પરગણા ઈજારે આપવાની ચાલ કાઢી નાખી હતી, અને વીંઘોટી જમે કરવાનો વહીવટ રાખ્યો હતો. પણ ઘણી પેદાશ ખંડણી તથા ચોથાઈની હતી. તે વાસ્તે મુલુકગીરી કરચા વગર છૂટકોજ ન હતો. અને જેનું જેમ ફાવતું તેમ જમાં વ-સુલ કરતા. જમીનના કાંઈ મુદતી પટા ન હતા, જમીનદાર પાસેથી મહેસુલ જમા લેવાની રીત હતી, તેથી જમીન સુધારવા કોઈ તજવીજ કરતું નહીં; અને જ્યારે ફાવે ત્યારે જમીનદારો રૈયત પાસેથી જમીન મૂકાવી દેતા ને રૈયત પણ ફાવે ત્યારે મૂકી દે એવો રીવાજ હતો. વળી તે વખતે દાણા તથા પાકનો ભાવ બહુ આવતો ન હતો, તેથી સરકાર દેવું આપતાં રૈયતને હિસ્સે થોડુંજ રહેતું અને ~~એ રહેતું તેની~~ કિંમત બહુ ઉપજતી ન હતી, તેથી તથા બજાર વેગળું, વેપારીને મોઘું લેવું પાલવે નહીં, તેથી ભાવ કમી, એવું હતું. તેથી જમીનની પણ કિંમત બહુ ન હતી, (આજે તે જમીનનો કબજો છોડામણી રૂ૦ ૨૦ થી ૧૦૦૦ સુધી આપવા પડે તેમ છે.) તેથી અમુક મુદત સુધી જમીન કોઈ પણ

રાખતું પણ નહીં; ઘણી જમીન પડતર રહેતી. તેના કારણ લડાઈ, પીંઢારાના ઘોડાંનો જુલમ, તેમજ જમીદાર, ઈજારદાર, સુબા, સર સુબેદાર તથા સરકારી નોકરોનો જુલમ; તેથી જમીનની કીંમત ન હતી અને જમીનની બુઝ પણ ન હતી. કુવેતર જમીનમાં ફળફળાદિ, શાક ભાજી વગેરે લોક કવચિતજ કરતા, કેમકે એવી ખાવાની જણસ કીંમત આપ્યા વગર સીપાઈથી સરદાર સૂધી સર્વે મફત તકાવતા. જમીનના માલિક સરકાર તેથી તેમાં સરકારના માણસોને ખાતાં બચે તે ખેડુતનું, એવી સમજ હતી. એવું છતાં માધવરાવ સવાઈ પેશ્વા તથા તેના રાજ્યમાં રામ શાસ્ત્રી ન્યાયાધીશ, તથા રામચંદ્ર બાબા શણવી, રાજ્યનીતિનાં કામમાં કુશળ તથા યથાન્યાયે ચાલનારા હતા; તેથી જુલમની વાત ખબર પડતી તો તે કરનારને પારિપત્ય થવાનો સંભવ અને તેની તેને બીક રહેતી. તેમનાં વખત પછી હોલકરની સહાયતાથી પીંઢારાઓનું જોર એટલું થયું કે આજે તે કાળને ગયાને ૧૦૦ વરસ થવા આવ્યાં, પણ હજુ સૂધી પીંઢારાઓનાં જુલમ તથા ત્રાસ સાંભળીને લોકો ત્રાહે ત્રાહે કરે છે; તો જેનાઉપર ત્રાસ વરસતો, તેની તો કેવી અવસ્થા ! ! ! મરાઠાઓની રાજ્યનીતિ પક્ષપાતી તથા કૃત્રિમી હતી; કપટ કરી સામા પક્ષવાળાના થઈ જઈ તેને છેતરવું એ તેઓ ધૂર્તતા અગર ચતુરાઈ સમજતા અને હજુ પણ મોટા ભાગની સમજ એવીજ છે. તો પણ મોટાં રાજ્ય સંબંધી માણસનું, સન્માન સાથે પોત પોતાના દેશમાં અગર રાજ્યમાં પાછા મોકલવામાં આવેલા એવા પણ દાખલા મળે છે. તારાબાઈ બહુ કપટી તથા કૃત્રિમી હતી તથાપિ, સઘળા પેશ્વા, બાજીરાવ વિશ્વનાથથી, નાના ફડનવીસ સૂધી, સર્વે તેને તેના ગુણ ઉપર ન જોતાં સન્માન સાથે સમજુતીથી તેની સાથે કામ લેતા. મરાઠાઓ મુગલોનાં રાજ્યનો નાશ અને પોતાનાં રાજ્યની ઉન્નતિ એ અવલક્ષી કામ કરતા. તે પાર પડયું હોત, પણ તેઓમાં અંહકાર, તથા ફુટા ફુટ, એ પાછળના અધિકારીઓમાં વિશેષ થયાં તેથી એક બીજા ઉપર વિશ્વાસ ન રહ્યો અને પહેલા બાજીરાવના વારામાં તેઓનાં નામ સાંભળતાંજ માનકરીઓ થર થર કાંપતા, તે ન રહ્યું. તેથી વિનાશ કાળ પાસે આવ્યો; તો પણ ગમે તેવા તેઓ સંપી હોત, ગમે તેવા ચતુર હોત, ગમે તેવા ધર્મ નિષ્ઠ તથા ગમે તેવા યથાન્યાયી હોત, તોપણ તેનાં પછી થનારા પરખંડી

ગોરા, શરીરે બળવાન, યુદ્ધ કળામાં પહેલવાન, તથા વીર, દારૂ ગોળાનાં કામમાં બહુ ચતુર, શસ્ત્ર અસ્ત્ર જેનાં તીવ્ર, તથા રાજ્ય કારભારમાં તથા લોક વૃત્તી જાણવામાં જેઓ કુશળ; તેઓની આગળ ગમે તે કરત તો પણ તેઓનું કાંઈ ચાલત નહીં. તેઓ કૃત્રિમ નહીં કરત તોપણ એક ચક્ર રાજ્ય કર્ત્તા ન થાત. ગોરા અંગ્રેજના ખંડીઆ થઈ રહેત તોજ રહેવાત. અને તેમજ આજે સીંધીઆ, ગાએકવાડ, હોલકર, નીજામ, વગેરે અંગ્રેજ લોકોની કેશરેહિંદ રાણી સાહેબના રાજ્ય સાથે તથા તેણીનાં પ્રતિનીધી ગવરનરો સાથે આધીન પણે વર્તે છે, તેમજ વર્તત, તોજ સર્વે રીતે સમૃદ્ધિવાન તથા સામર્થવાન તે રહ્યા હોત.

પ્રકરણ ૭ મું.

અંગ્રેજી રાજ્યની રાજ્યનીતિ.

એ રીતે ત્રીજા પ્રકારનાં રાજ્યમાં મુસલમાની, મોગલાઈ, તથા મરેઠા, પેશ્વાના રાજ્ય આવ્યાં, હવે આ દેશમાંનું અંગ્રેજનું રાજ્ય, એ ચોથા પ્રકારના રાજ્યની રીત.

અંગ્રેજી રાજ્ય આ દેશમાં ચાલે છે. તેના રાજા પરખંડના એટલે ઈંગલંડ વગેરે ટાપુઓ, જેને ગ્રેટબ્રીટન તથા આયર્લાંડ કહે છે, ત્યાંના રાજા. એમનું રાજ્ય આ દેશમાં પરીપૂર્ણ જામવાને ૭૦ વરસને સુમારે થયાં, તેટલામાં એઓએ પોતા તરફના સુબેદારોને કેટલીક સત્તાઓ આપી મોકલવા માંડયા. તેઓને ગવર્નર કહે છે, અને તેમના ઉપર એક ગવર્નર જનરલ અગર વાઈસિરાય સત્તા ચલાવે છે. તેમના હાથ નીચે ત્રણ ચાર સાહેબો, જેઓ આ દેશમાં સઘળાં ખાતાંઓમાં અનુભવ લેઈ સર્વે વાતથી વાકેફ થયલા હોય એવા, સભાસદ દાખલ ગવર્નરને સલાહ આપવાને હોય છે. તેઓ સઘળી સત્તા ચલાવે છે. એઓએ પ્રથમ તો પાછળ થઈ ગયલાં રાજ્યની રીત પ્રમાણે મેહેસુલખાતું, ન્યાયખાતું, જકાતખાતું તથા પર રાજ્ય સંબંધી ખાતુ એવા ચાર ખાતાં મુખ્ય સ્થાપ્યાં, અને પહેલાંનાં રાજ્યના રીવાજ, ધારા જે અનુકુળ આવ્યા તે પ્રમાણે એઓએ કામ ચલાવ્યું. તેમાં સર્વે ખાતાંના મોટા અધિકાર તથા સત્તા પોતાના દેશમાંના અમુક લોકોનેજ આપવી, એવા કાયદા કરી તે ઊપર તેમની એટલે ગોરા સાહેબનીજ નીમણુક રાખી.

ને છૂટકાની નીમણુક જેમાં સત્તા થોડી, અગર કાંઈ નહીં, અને મળતર થોડું એવી અને મેહનત ઘણી અને જેમાં રૈયત અગર ગરીબ લોકો સાથે સંબંધ વિશેષ, એવી જગા પર આ દેશી, સંભાવિત, હુશીયાર તથા આબરૂદાર લોકોને રાખ્યા. પછી તેઓને તે કામમાં હુશીઆરીની, પરીક્ષા લઈ રાખવાનો રીવાજ રાખ્યો અને તેમની ઊપર જેમ જેમ વખત વધારે થતો ગયો તેમ તેમ સાહેબ લોકોની બારીક નજરથી તપાસણી તથા તે લોકોનું ઊપરી પણું. એ ઊપલાં ચાર ખાતાંઓમાં કાળા લોકો (આ દેશના વતનીઓ) રાખ્યા, પણ એક પાંચમું ખાતું જે લશકરી ખાતું, તેમાં સુબેદાર કરતાં મોટા અધિકાર અગર સત્તા ઊપર કોઈ કાળે આજદીન સૂધી નેટીવ (દેશી) લોકોને રાખ્યાજ નહીં.

સને ૧૮૧૮ થી સને ૧૮૫૯ સૂધી એવી રીતે કાંઈ જુજ ફેરફારથી ચાલ્યું. તેમાં જે ફેરફાર થયા, તેમાં હુશીઆરીની પરીક્ષાની અને દેખરેખની બારીકી વિશેષ વધતી થતી ગઈ. તેમ હુશીઆરીના પ્રમાણમાં વધારે જોખમની તથા વધારે આમદાનીની જગાઓ પણ થોડા વીણી કાઢેલા, પાસ થએલા દેશીઓને આપવામાં આવી. એ મુદતમાં એ ચાર ખાતાંઓમાં પેટાં ખાતાં પણ બહુ નીકળ્યાં. તેમાં મુખ્ય જમીન, જેના માલીક સાહેબો એટલે તેના રાજાજ છે, એવું કહી, તે જમીનની માપણી, ઉપજનો આકાર, વગેરે કરવાનું સરકારે એક ખાતું કાઢયું. તે ઊપર ઊપરીઓ સાહેબ લોકો, એથી જમીનમાં કોઈથી વધઘટ વાપર થાય નહીં, તથા ઢોરોને ચરવાને પહેલાં જમીન અલાહેદી હતી તે પણ પટો લીધા શીવાય કોઈથી વપરાય નહીં, એમ થયું. એક તસુ જમીન, એક તરણું ઘાશ કે એક લાકડાંનો કડકો, કે દાતણની સોટી પણ વગર દામ આપે વપરાય નહીં, એમ થયું. એવું એક જંગલ ખાતું થયું. પહેલાં લોકો મફત ઝાડ કાપી લાવી પોતાના ખપમાં લાવતા તે બંધ થયું. મેહેસુલ ખાતાના પેટામાં પાણીની નહેર બાંધી ખેતર વગેરેમાં પાણી પહોંચતું કરવાનું ખાતું થયુ. નદીમાંથી પહેલાં પાણી લેતા તેનું કોઈને આપવું પડતું નહીં તે ઓ રાજ્યમાં પાણીવાળી ખેતરમાં લેવામાં આવે તો તે પાણીનું દામ (પીઆવો) લેવાનો ચાલ પડ્યો. ખેતરમાં કુવાનાં પાણી લેવામાં આવે તે ખેતરનો દર વધારે કર્યો. જે પાણી વરસાદ વરસી નદીમાં રેલ આવી વગર અર્થે સમુદ્રમાં જાય, જે

પાણી પૃથ્વીના પડમાં વહેળા વહી વહી જાય, તે કોઈ પોતે પૈસા ખરચી કુવામાં, વાવમાં, અગર *વરીડામાં એકઠું કરી ઉપયોગમાં લાવે તો તેનો દર લેવામાં આવે; એ કેવી ચતુરાઈ સમજવી! પછી તે પાણીનો ઉપયોગ કરો અગર ન કરો તે. પણ પીઆવાનો અગર ભડનો દર બાંધેલો તે વધારો તો ખેડુતને માથે ચોંટેલોજ રહે છે. જાલણ લાકડાં, કાઠી ઉપર તો કર થયો, ઘાસ ઉપર કર થયો, નદીનાં પાણી ઉપર કર થયો; હવે શ્વાસોશ્વાસ લેવાનો વાયુ, સૂર્યનો તાપ, જેથી ગરમી લાગી સર્વ વસ્તુઓ પાકે છે તે, અને વાયુ, તેજ, જે ભાગમાં રહે છે તે ભાગ આકાશ, એ ઉપર કર લેવાનો બાકી છે.

જકાત ખાતું એમાં તરી અને ખુશકી એ બે જાતની જકાત હતી. તેમાં તરી જકાત વહાણમાં માલ આવે જાય તે પર દર ઠરાવ્યા પ્રમાણે દાણ લેવાતું તે અને ખુશકી-જકાતમાં જમીન ઉપર માલ જાય આવે તેના દર પ્રમાણે દાણ લેવાતું તે. અંગ્રેજ સરકારે જોયું કે એમાં બહુ પેદાશ નથી તથા માલ ઉપર જકાત તે માલ ધણીને માથે ન પડતાં વાપરનાર ઉપરજ પડે છે, તે ઠીક નહીં. તેથી વેપારીને નુકશાન અને તેથી દેશની આબાદીને નુકશાન, જોઈ સર્વેને ખપની વસ્તુ, જે મીઠું, તેના અગરો સ્વાધીન રાખી મીઠું એકજ હાથે વેચાય, એટલે પોતાની વખારમાંથીજ મળે, એમ કર્યું. અને જે મીઠું દરીએ કાંઠેથી ઊસડી લાવી મેહેનત જેટલી કીંમતે એટલે રૂ૦ ૧) નું ૧૮—૨૦ મણ મળતુ તે રૂ૦ ૧) નું મણ ૧ કરી વેચવા માંડ્યું. એટલે વીશ ઘણી કીંમત ઉપજી એ મોટી એ મોટી પેદાશ કરી.* અફીણ જેનો ખપ આ દેશમાં તથા પરદેશમાં વિશેષ, તે પણ પોતાની વખારમાં અને પોતે ઠરાવેલા દેશમાંજ નીપજાવી વેચવું, એવું ઠરાવી દર રૂ૦ ૧) નું ૧૬ તોલા બદલે ૩।।। તોલા વેચવા માંડ્યું, તેથી ૪ ગણી કીંમત ઉપજવા લાગી. તેમજ તમાકુ, જે વગર નાનાથી મોટા સૂધી કોઈને ચાલે નહીં, એવું વ્યસન પડી ગયું, તે ઉપર જકાત બહુ વધારીને મોટી ઉપજ કરી. એજ ખાતામાં તાડી અને દારૂ જે કેફ થવા વાસ્તે લોકો વાપરે છે, અને જે

* રૂષી પંચમીને દિવસે વગર ખેડેલું મીઠું વાપરવું જોઇએ પણ તેની બંધીને લીધે પાશેર પણ મળતું નથી, તેથી સરકાર એવા મીઠાંની દુકાન કાઢે તો ઠીક.

ફોકટ મેળવતા, અગર કરી શકતા હતા, તે જે ઝાડપરથી બહુ નીકળવા-સંભવ, તે ઝાડોપર દર ઠરાવ્યા અને જકાત લેવી શરૂ કરી. તેની પણ ઊપજ બહુ કરી એવી કેફી વસ્તુ, જે પીવાની સઘળા ધર્મોનાં પવિત્ર ગ્રંથોમાં મનાઈ કરી છે. તે થોડી ખપે એવી યુક્તિ કરવાને એ જકાત ઠરાવી હોય તો ઠીકજ છે. અને એવી વસ્તુ ઉપર હજુ વધારે જકાત થાય તો ઠીકજ છે. પણ મીઠાં ઉપરની જકાત બહુ ભારે છે તે નીકળી જાય તો બહુ સારૂં. ખુશકી જકાત ઘણુંકરી સઘળે ઠેકાણેથી અંગ્રેજ સરકારે કાઢી નાંખી અને તરી જકાતમાં પણ કેટલીક જણસોની કાઢી નાંખી અને કેટલીક ઊપરની કમી કરી, પણ પરરાજ્યની જેવી કે ગા એકવાડી, રજપૂતસ્થાની, મુગલાઈની ખુશકી જકાત, અંગ્રેજની રૈયતને તેમના મુલખમાંથી જતાં આવતાં આપવી પડે છે તેમાંથી તેઓને છોડે તો બહુ સારૂં. એ શીવાય પથરા, રેતી, માટી, પાંદડાં, સર્વે ઉપર જકાત અગર કર. નદીમાં હોડી કે નાવડાં ફેરવી ચોમાસામાં અગર કોઈ ઠેકાણે બાર માસ માછી, લોકોને આ પારથી પેલે પાર ઊતારે, તેની પાસેથી પણ ઠરાવેલો કર લેવાનો અંગ્રેજી રાજ્યમાં ધારો થયો છે. મહુડાંનાં ઝાડનાં ફુલ, (મહુડાંમાંથી દારૂ થાય છે તે ફુલ) ગરીબ લોકો ખાનદેશ, પંચમહાલ, રેવાકાંઠા, મહીકાંઠા, થાણા જીલો, કોલાબા જીલો, ખેડા જીલો, અમદાવાદ જીલો, જ્યાં એ ઝાડો બહુ થાય છે, ત્યાંના લોકો કાચાં અગર સુકવી તેનાં રોટલા કરીને ખાય છે, અગર ઉકાળીને પીએ છે, તેથી તેઓનો નિર્વાહ ચાલે છે; તે ઊપર પણ કર આવે તેમ છે.

મીઠું વધારે ખાવાથી કોગળીઆંના રોગની ઉત્પત્તિ કમી થાય છે; એમ દાક્તરોમાંના કેટલાક વિદ્વાનોનું મત્ત છે. મીઠું ફોકટ મળતું ત્યારે કોકણ કાંઠાના માછીઓ માછલાંને મીઠાંમાં આથીને તેનો આહાર કરતા, તે હવે નહીં મળવાથી તે માછીઓ હજારોબંધ મરી જાય છે, એવું તે તરફના લોકોનું કહેવું સાંભળ્યું છે. તેમજ મહુડાં ખાનારા જંગલમાં રહેનાર ઓનું પણ મહુડાં નહીં મળે તો કોગળીઉં આવી તેમનો સંહાર કરી નાખે છે, એમ કહેવું સાંભળવામાં છે. માટે જ્યાંની ખાડીઓમાં, જેવી કે ગાંફની, ધોલાદની, માંડળની, ભાદર, ભોગાવો, ભાવનગરની, બરવાળાની, સેહર, મચ્છુ કાંઠામાં, ઝાલાવાડમાં, ગોહલવાડમાં, નળકંઠામાં, રણમાં સરસ્વતી, ખારી વગેરે; જેમાં ભરતીનાં પાણી આવી તેનુ

મીઠું પાકતું નથી પણ વરસાદનું પાણી સુકાઈ જઈ મીઠાંના ગાંગડા એની મેળે બાઝે છે, તેવું મીઠું ત્યાંથી દરેક જણને પોતાના ખપ જોગું, (એટલે વરસો વરસ દર માણસ દીઠ ૯ રતલ) ઊસડી લેઇ જવા દેવું, અને તે જગા અને તેનો મહીનો (સમય) મુકરર કરવો કે, સરકારને ચોકી પહેરા રાખવાની જરૂર પડે નહીં, અને ગરીબ લોકો સુખી થઈ આશિર્વાદ દે. કચ્છમાં, કાઠીયાવાડમાં તથા ખંભાતના અખાતની તથા સાબરમતી નદીની પશ્ચિમ તરફની ઘણી ખરી સઘળી નદીઓમાં એવી રીતે મીઠું સ્વતઃ સિદ્ધ થાય છે. ત્યાં પહેલાં કોઈ લોકને મીઠાંની તંગાશ ન હતી અને મીઠાંનું વહોતરૂંજ માત્ર આપવું પડતું. તે આજે તેમને દુકાળ થઇ પડ્યો છે. એ ઉપાયથી સરકારને આશરે એક કરોડ રૂપીઆની ઊપજ કમી થાય તેમ છે. તેટલો બદલો જે જમીન ખમી શકે તે જમીન ઉપર વધારો કરી લેવો. એ પણ અંતે લોકો ઉપર છે, પણ તે ખમી શકે એવા લોકો પર પડે તેમ છે. વળી તેમ કરવું, અને જંગલ કાપી ત્યાં વસ્તી કરવી, કે તેથી આપોઆપ મેહેસુલ વધશે.

ન્યાયખાતું. અંગ્રેજી રાજ્યમાં ન્યાય ખાતાંના મુખ્ય બે વિભાગ પડેલા છે, ફોજદારી અને દીવાની. ફોજદારીમાં, માલ, જાન તથા આબરૂની નુકશાની વગેરેનો ન્યાય, અને દીવાનીમાં લેણ દેણ, વ્યાજ, ભાડું, ચાકરી બદલો, હક, હકશાહી વગેરેના દાવાનો જેમાં ઇનસાફ થાય છે તે.

પૂર્વેના રાજ્યમાં એમાંના પહેલાં તથા બીજા ભાગના ન્યાયનો ખરચ થતો ન હતો. તે ન્યાય ઘણુંખરૂં પંચ વડે પંચાતથી થતા અને તેના ઊપરી દાખલ સરપંચ સરકારી ન્યાય ખાતાંનો અધિકારી રહેતો, દીવાની કામમાં લેણ દેણ સંબંધીની ફરીઆદીના આંકડાનો એક આનો અગર બે આના જેટલો હિસ્સો સરકારમાં મેહેસુલ દાખલ લેવાતો, તેથી સરકારમાં ફરીયાદનો બહુ ખરચ રૈયતને થતો ન હતો. ઇનિસાફ સસ્તો હતો. અંગ્રેજ સરકારના રાજ્યમાં દરેક કામમાં સ્ટાંપનો ખરચ, દરેક દસ્તાવેજ સાદા કાગળ ઊપર નહીં થાય. તે દસ્તાવેજના સ્વરૂપ પ્રમાણે જે કીંમત ઠરાવેલી હોય તે કીંમતના સ્ટાંપનો કાગળ લેઇ દસ્તાવેજ કરવો. તેથી દરેક દસ્તાવેજ કરવાને સ્ટાંપના કા-

ગળની જરૂર, અને તેની કીંમત સરકાર ત્રીજોરીમા ભરાય. સ્ટાંપના કાગળ અગર છૂટા સ્ટાંપ સરકાર વગર બીજે ઠેકાણેથી મળે નહીં તેમજ તેવો કાગળ કોઈ કરે તો ગુન્હેગાર થાય એવો કાયદો થએલો છે વળી જે દસ્તાવેજ સ્ટાંપ ઊપર નહીં થયો હોય, અગર ઓછી કીંમતના સ્ટાંપ ઊપર થયો હોય, પછી તે અજાણપણાથી હોય તોપણ, તે બાબત દસ્તાવેજ કરનાર સરકારનો ગુન્હેગાર થાય છે અને તેની તેને શરીર સજા થાય, એટલુંજ નહીં પણ સરકારની નજરમાં આવે તેટલો અગર ઘણામાં ઘણો વીશ પટ દંડ થાય છે, અને તે દસ્તાવેજ નવો કરવાને વીશપટ જેટલી કીંમતનો સ્ટાંપ સરકારમાંથી મરાવે તો તે દસ્તાવેજ કાયદે સર કહેવાય છે. વળી તે પણ અમુક મુદતમાં થવું જોઇએ, નહીં તો તે દસ્તાવેજ રદ જાય છે. વળી સ્ટાંપના કાગળ જ્યાં નહીં મળતા હોય ત્યાં બહુજ હરકત છે. માટે ટીકીટ મારવાનો કાયદો હોય તો ઠીક.

દસ્તાવેજ ઊપરથી સરકારમાં ફરીયાદ કરવી પડે, તો ફરીઆદીની અરજીને જેટલી કીંમતનો દાવો હોય તે પ્રમાણે ઠરાવેલી કીંમતનો સ્ટાંપ જોઈએ, અને સાહેદી સમનનો ખરચ, દરખાસ્તનો સ્ટાંપ, વકીલાત નામાનો સ્ટાંપ, દસ્તાવેજની નકલ લેવી હોય તો તેનો સ્ટાંપ, નકલ કરામણીની કોર્ટ ફી. એ રીતે દરેક દસ્તાવેજ વાસ્તે સ્ટાંપ ખરચ અને કોર્ટ ફી ખરચ ચઢે છે. એ રીતે સ્ટાંપનો ખરચ એટલો થાય કે શેંકડે પચાસ ટકા જેટલો અડસટો થાય છે. વળી દરેક વખતે હુકમનામુ બજાવવાની અરજીનો સ્ટાંપ તથા હરરાજીનો ખરચ ચઢયાંજ કરે છે. એવી રીતે ફોજદારી મુકરદમાનો પણ સ્ટાંપ ખરચ ચઢે છે. તેથી સ્ટાંપની મહેસુલ સરકારને થોડામાં થોડી સુધળી મહેસુલ આવકનો આઠમો હિસ્સો થાય, એટલી છે.

વળી કેટલીક તરેહના દસ્તાવેજો સરકારમાં નોંધાવવાની ફરજ છે. તે નોંધાવવાનો (રજીષ્ટર કરવાનો) ખરચ શેંકડે શબ્દ ઉપર ગણવામાં આવે છે તેનો ખરચ દરેક દસ્તાવેજ પર થાય છે; તે પણ સરકારને પેદાશ છે અને તે ખરચ લોકોને માથે ચઢે છે. રજીષ્ટર કરાવવા પોતે તાલુકે જાય, નહીં તો રેજીષ્ટર કરનાર અમલદારને ઘેર બોલાવવો પડે તેની ફી રૂ ૧૦) દશ ચઢે છે.

દરેક કામની હરરાજી કરવા પહેલાં તેની જાહેર ખબર વકીલ મારફતે આપવી, તે જાહેર ખબરનો ખરચ પણ લોકોને માથે ચઢે છે.

" એ રીતે દીવાની તા૦ ફોજદારી કામના દસ્તાવેજ, ફ્રીઆદી, જાહેર ખબર, વકીલ ખરચ, એ સઘળું અંગ્રેજ સરકારનાં રાજયમાં બહુ ખરચ વધી પડ્યું છે. અંગ્રેજ સરકારનાં રાજ્યમાં ઇનસાફ બહુ મોંઘા પડે છે. દરેક કામમાં ડગલે ડગલે મહારાણી સરકારને ચાંલ્લો તો ખરોજ. તેથી લોકોનું કહેવું છે જે, અંગ્રેજ સરકાર ઊંદરની પેઠે ફુંક મારી મારીને ફોલી ખાય છે. "

ન્યાય ખાતામાંજ પોલીસ ખાતું પણ આવે છે. પૂર્વેના રાજ્યમાં પોલીસ ખાતું જૂદું નહતું. પોલીસનું કામ ઘણું ખરૂં, ચોરી પકડવાનું, તે વખતે મુખ્ય હતું. તે વાસ્તે પ્રગણામાં ગરાશીઆ, વાંટાદાર, વસાવા તા૦ ગામ ગામડામાં ફોજદાર, જમીદાર, વરતણીઆ, પગી, પટેલ, વગેરે નીમેલા હતા. તેઓને ચાકરી બદલ, જમીન, રોકડ, ઇનામ, મળતું. તે વાસ્તે તેઓ સવાર, પાળા, સીબંદી રાખી બંદોબસ્ત રાખતા. એકની હદમાં ચોરી, લૂટ, થતી તો જેનો જ્યાં જ્યાં તે પગેરૂં કાઢી આપે ત્યાંના પગી અગર ગામ ઉપર પડતો, અને તે ગરાશીઆ પાસેથી તે ચોરીનું વળતર લેવામાં આવતું. અને હજુ પણ પગેરૂં આગળ ન ચાલવાથી ચોરીનું વળતર તેની કસુર ગણી તે ગામ પાસેથી લેવામાં આવે છે. તેમજ જહાંસા કરી કોઈ આગ મૂકે તો પગલું કાઢી જહાંસા કરનારને પકડી આપવાની ફરજ ગરાશીઆને માથે પડતી. હાલ એ સઘળાંની પોલીસ ખાતાંની ઊપર જવાબદારી છે. અને તે ખાતાંનું કામ બીકટ છતાં બહુ હુશીઆરીથી બજાવવામાં આવે છે. તો પણ એમાં પગાર ટુંકા, સીપાઈ હરામનુ. ખાનારા, તથા નોકરો કનિષ્ટ પંક્તિના, તેથી લોકોના ઉપર જુલમ જાસ્તી થાય છે, અને એ ખાતું ત્રાસદાયક ગણાય છે. પહેલાં મામલતદારની કચેરીના કારકુનને એ કામ સોંપેલું હતું અને તેઓના ઇનસાફ પણ તેજ કરતા, તેથી જેની વાર તેનો ઘોડ જેવું થતું. હાલ ઇનસાફ કરવાનું કામ જૂદા ખાતાંના અધિકારી પાસે રાખવામાં આવ્યું છે, તેથી નિસ્પક્ષપાત ઇનસાફ થાય છે. પોલીસ ખાતાંથી નાવારશી મીલકતનો પત્તો લાગે છે. અને તેથી તા૦ દંડ થાય છે.

તેથી સરકારને પેદાશ થાય છે. પહેલાં તેમ થતું ન હતું. તેથી જેને જડે તે નાવારેશી મીલકતના માલિક, અગર તે મીલકત તફરૂકે થઈ જતી! પહેલાંનાં રાજ્યની પોલીસને ઘણી ફરજ ન હતી. અંગ્રેજ સરકારની પોલીસને બહુ કામ તા૦ ફરજ છે. ગંદકી થાય તો તે પોલીસને અટકાવવાનું કામ, મારામારી, ગાળાગાળી અટકાવવાનું કામ, રસ્તામાં અટકાવ થાય તો તેમાં તેનું કામ; તોલ, માપ, ભરતર ઓછું હોય તો તે અટકાવવાનું તેનું કામ; ઘી, દૂધ, કપાસ, દાણામાં ભેળસેળ થાય, તે અટકાવવાનું તેનું કામ; દગો, વિશ્વાસઘાત કોઇ કરે તો તે અટકાવવાનું તેનું કામ; દારૂ તાડીમાં પોલીસનું કામ; દાણ ચોરીમાં પોલીસનું કામ; ચાંચીઆનાં કામમાં પોલીસનું કામ; સર્વે કામમાં જેમાં ફોજદારી ગુન્હા થાય એવું હોય તેમાં પોલીસનું કામ.

ડબાં, હરાયાં ઢોરને પૂરવાને કર્યાં હોય છે, તેમાં ઢોરનો દંડ તા૦ હરરાજીમાં ઉપજ થાય તે પણ પોલીસ ખાતાંમાં જમા થઈ સરકારમાં ભરાય છે.

એવી રીતે પોલીસ ખાતાંની ઉપજ તેનાં ખરચ કરતાં વધારે આય છે. તે પણ અંગ્રેજ સરકારમાં ઊપજનું સ્થાન થયું છે.

એવી રીતે ન્યાય ખાતાની ઊપજમાંથી ખરચ જતાં મોટી શીલક રહે છે. તે સરકારને લાભમાં રહે છે.

પોષ્ટ ખાતું.— અંગ્રેજ સરકારનાં રાજ્યમાં પોષ્ટ ખાતું પોતાને સ્વાધીનનું નીકળ્યું: તેમાં કાગળ પત્રો, તથા થોડા વજનનો બોજો લેઈ જવા લાવવાનું કામ સરકારે માથે રાખ્યું છે અને તેની ઊપજ સરકારે પોતાને લાભકારી કરી છે. તેણે કરીને સરકારને બહુ ઊપજ લાભ સાથે થઇ. પહેલાંનાં રાજ્યમાં ખાનગી માણસો, સાહુકારો, હલકારા રાખી કાગળ લઇ જવા લાવવાનો ધંધો કરતા, તેથી લોકોને ખરચ તા૦ જોખમ તા૦ ઢીલ બહુ થતી, તેથી આ ખાતું સરકારે પોતાને સ્વાધીન રાખ્યું. અને બહુ બોહોળી ગોઠવણથી, બહુ યુક્તિથી કર્યું, તેથી લોકોને તા૦ સરકારને બહુ સુગમતા થઇ. પહેલાંનાં રાજ્યમાં સરકારી કાગળો પોતાના પાળા, હલકારા કે સ્વાર લઈ જતા લાવતા. તેથી તેમાં બીજાના કાગળ પત્રો જતા ન હતા. તેથી અગતના કારણ સર લોકોને મોટો ખરચ કરી કાસદ મોકલવો પડતો.

તે હવે લોકોને કરવું પડતું નથી. ગામે ગામ કાગળ પોંચતા સરકાર કરે છે અને તે થોડી મુદતમાં પોંચે છે. એથી સરકારને પોતાના કાગળો ફોકટ જાય છે આવે છે, અને જોખમના કાગળોની મતલબ ગુપ્ત રહે છે.

એ પોષ્ટ ખાતાંને લગતું તારા યંત્ર ખાતું.—તે માર્ગે હજારો લોકોના ઠાડો સંધેશા, ખબર વગેરે પલક વારમાં ગમે તેટલે દૂર જાય છે, અને ગમે તેટલે દૂરથી આવે છે. તેથી વેપારીઓને બહુ સુગમ થયું છે. વેપારની ખબર ઘડી ઘડીની પૈસા ખરચેથી મળે છે. તેમાં સંજ્ઞિક સંધેશા પણ થાય છે. તેથી એક જણની ખબર બીજાને મળતી નથી ને ગુપ્ત રહે છે. તેની ખબર તેનેજ પડે છે. તેમજ રાજદરબારી ગુપ્ત ખબરો પણ કોઇને જણાતી નથી. એ તારના કારખાનાંમાં ઊપજ બહુ અને ખરચ બહુ થોડો છે. તેથી એ ખાતાંનો લાભ પણ સરકારને મળે છે. એ ખાતાંમાં સંધેશા મોકલવાનો દર, સરકારે બહુ ભારે રાખેલો છે, તે કમી થાય તો હાલ સધન લોકો એનો લાભ લેઇ શકે છે તે સાથે સાધારણ લોકો પણ તે લેઇ શકે. અને હાલ મોટા મોટા સ્થળોમાંજ એ તાર નાંખવામાં આવ્યા છે તે વધારે ઠેકાણે થાય ને વધારે સુગમતા થાય. હાલમાં પોષ્ટ આફીસને તારના સંધેશા મોકલવા લાવવાની સત્તા મળી છે. પણ તેથી જ્યાં તાર ન હોય ત્યાં તેનો લાભ કવચિતજ લેવામાં આવે છે. તે સંધેશા સર્વ પોષ્ટ આફીસમાં તાર નાંખી લેવામાં આવે તો સરકારને તા૦ પ્રજાને બહુ ફાયદો થાય.

એ સાથે રેલવે ગાડીઓમાં પોષ્ટ આફીસ રાખી છે તેથી પણ લોકોને તેમજ સરકારને બહુ ફાયદો છે.

પોષ્ટખાતાં સાથે સરકારે સેવીંગબેંક કાઢી છે અને સરકારી સેવીંગબેંક ત્રીજોરીખાતાંમાં કાયમ રાખી છે. પોષ્ટ સેવીંગબેંકના કાયદા સરકારી જેવાજ છે, ફેર કેટલોક છે, તે એ કે, સરકારીમાં ૧ રૂપીઆથી ઓછી રકમ રખાય નહીં, એક મહીનામાં ~~એક~~ વખત ઉપરાંત વધારે વખત લેણ દેણ થાય નહીં, અને પોષ્ટ સેવીંગ બેંકમાં ચાર આનાની પણ રકમ રખાય છે, અને અઠવાડચામાં એક વખત લેણ દેણ કરી શકાય છે, તેમજ ઘરનાં જેટલાં માણસ હોય તેટલાંનાં ખાતાં પડાવી શકાય છે. નાણાં ઊપાડવાના ધારામાં ચીઠીથી નાણાં ઊપડાય છે. એથી

ગુણ એ થયો જે જ્યાં જ્યાં પોષ્ટ હાફીસ છે ત્યાં ત્યાં નાણા રાખવાને લોકોને સુગમ પડે છે. વ્યાજનો દર સરખોજ છે. એથી સરકારને બહુ ફાયદો નથી પણ લોકોને સુગમતા બહુ થઈ છે. સરકારની ત્રીજોરી-માંથી હવે સેવીંગબેંકનું ખાતું કાઢી નાંખ્યું છે અને તે પોષ્ટખાતા સાથે જોડાયું છે. સેવીંગબેંક ખાતું દરેક ગામના તલાટીની કચેરીમાં હોય તો આથી પણ લોકોને સુગમતા અને લાભ, તેમજ સરકારને પણ લાભ થાય.

પોષ્ટખાતાંમાં વળી બીજું સાહુકારી ખાતું, હુંડી પત્રીનું નીકળ્યું છે, તેને મનીઆરડર ખાતું કહે છે. તેમાં રૂ૦ ૧૫૦ સૂધીની હુંડી તરત મુદતની તે આપે છે. તે ગમે ત્યાં જ્યાં પોષ્ટ આફીસ છે ત્યાંની પોષ્ટ આફીસ ઊપર મળે છે, અને શેંકડે ૧ ટકો હુંડીઆમાણ લે છે. અને ઘેર બેઠાં સાહુકારી હુંડીની પેઠે નાણાં દેવામાં આવે છે. એથી લોકોને સુગમતા થઈ અને સરકારને પૈસાનો લાભ થયો છે. એ હુંડી રાખનારને આપવામાં આવતી નથી, માત્ર સાહુકારી જવાબ જેવી છે. તેથી રાખનારથી હુંડી વેચાતી નથી. માટે ગમે તે પોષ્ટ આફીસ-માંથી એનાં નાણાં મળે એવી ગોઠવણ કરેલી હોય તો ઠીક પડે. વળી એ પોષ્ટખાતાં સાથે વીમાનું પણ ખાતું કાઢ્યું છે, તેમાં શેંકડે અમુક રકમ લેઈ વીમો ઊતારે છે અને તે જણસ જ્યાં પોંચાડવી હોય ત્યાં પોંચાડી આપવામાં આવે છે. પોષ્ટખાતાંની નોટ રૂ૦ ૨ાા સૂધીની જ્યાં બીડી હોય ત્યાં તેનાં નાણાં મળે છે. એ ખાતાં સાથે ગાડી ઘોડા તા૦ બોટો, ડાક લાવવા તા૦ લઇ જવા રાખેલો હોય છે. તેમાં લોકોને ભાડું લેઈ બેસાડે છે. તેથી પણ સરકારને પૈસાનો લાભ તા૦ લોકોને થોડે નાણે સુગમતા થાય છે.

એ રીતે પોષ્ટખાતાએ સાહુકારી ધંધો લીધો અને પોતાને ઘેર સઘળો લાભ કર્યો, પણ એથી લોકોને સુગમતા બહુ થઈ.

હવે દરેક પોષ્ટ આફીસ મારફતે સોનું (ગીની) રૂપું, પૌંડ વગેરે (રૂપીઆ, ડાલર વગેરે) વેચાય તો એક તરેહને ભાવે એક સરખાં ટચની ધાતુ લોકોને મળી શકે અને છેતરામણ થાય નહીં; એવું થાય તો ઠીક.

ઊપર કહેલાં સઘળાં ખાતાં અંગ્રેજ સરકાર સાર્વભૌમ થયાથી

પોતાનાં ઘરમાં લાવી શકયા અને તેથી ખરચ કરતાં ઉપજ બહુ થઈ.

પબ્લિક વર્ક ખાતું.—જાહેર બાંધકામ, જેવાં કે, રસ્તા, સડક, નહેર, મુસાફરી બંગલા, તળાવ, વાવ, પૂલ, ધર્મશાળા, પાણી લઈ જવાના બંધ, રેલવે (સરકારી, સેજાનાં) સરકારી મકાનો, સરકારી દેવલ; હીસ્પીટાલ, સોલજર, સીપાઈ વગેરેને રહેવાની બારાક, વગેરે મકાનો તા૦ તેઓની દુરસ્તી તા૦ મરામત તા૦ તેઓનો વધારો તા૦ સુધારો કરવાનું કામ; એ સર્વે સરકારી ઇંજનેર ખાતાંનાં કામ. એમાં દર વરસે બહુજ ખરચ થાય છે. રેલવે, નહેરો, બાંધ, સડકપર ચોકી રાખી હાંસલ લેવામાં આવે છે તે, તથા પાણીનો પીઆવો વગેરેની પેદાશ છે. તે ખરચ કરતાં બહુ થોડી છે. ગોદી, ડક્કા, તેમજ સરકારી વહાણો, આગબોટો, વગેરે બાંધવાનું પણ ઈજનેર ખાતાનું કામ; તેમાં ખરચ ઓછો અને પેદાશ બહુ છે. વહાણ બંદરમાં આવે તેનો ખુંટો લેવાનું બંદરનાં ખાતું, તા૦ વહાણને બારામાંથી સહીસલામત લાવવા લઈ જવાનું કામ; એની પેદાશ સરકારને બહુ છે. એવી પેદાશ પહેલાંનાં રાજ્યમાં ન હતી. પહેલાંનાં રાજ્યમાં તળાવ, ધર્મશાળા, સડક, પૂલ, વગેરે ધર્મ દાખલ કરાતાં: તેથી તેઓની પેદાશ કાંઇ ન હતી, પણ સડક, રસ્તાઉપર માલ લેઈ જવાને તા૦ લાવવાને દાણ ચોકી લેવાતી; તે બદલ તે સડક, પૂલ વગેરે દુરસ્ત થતાં. એ દાણ ચોકીની પેદાશ કરતાં લોકોને હરકતનો વિચાર કરીએ તો તે વધારે થઈ પડે છે. એ કરતાં વગર હરકતની પેદાશ કરી હોય તો ઠીક.

માગી રાજ્યોમાં સરકાર એવાં ધર્મનાં કામ કરતી. રૈયત પણ એવાં ધર્મનાં કામ પુણ્યને માટે કરતી અને આ રાજ્યમાં પણ કરે છે, પણ લોકલ ફંડનો કર દાખલ થયા પીછી ફાળો આપવાને આનાકાની કરે છે.

લાઈસેન્સટાક્ષ.—એ ખાતું આ સરકારનાં રાજ્યમાં દૂકાળની વખતે લોકોને ધર્માદા અન્ન તથા મજુરી કરાવી તેઓને પેટ પૂરતું ખાવાનું આપવા માટે કાઢ્યું છે. તેથી દર વરસે તેની પેદાશ કરતાં ખરચ કેવળ જુજ થાય છે. એ ટાક્ષ (કર) વેપારી, ધંધાદારી, કારખાનદાર લોકોની રૂ૦ ૫૦૦) વરસ દહાડે ઉપજ ઊપરાંત, ઉપર લેવામાં આવે છે. એવાં નાણાં વસુલ થાય છે, તે જે ઊદ્દેશ ધારીને એ કર કાઢયો, તેમાં ન ખરચાતાં બીજાં કામમાં ખરચાય તો તે હેતુ સિદ્ધ થતો

નથી, એવું કહેવાને હરકત નથી અને એ પ્રમાણે થાય છે પણ ખરૂં. લઢાઇનાં કામમાં એ ઊપજનાં નાણાં ખરચાયાં છે, એ અઘટતું થયું છે. માટે એ ખાતાંનાં નાણા એ ખાતે જમે કરી એ ખાતાંનાં વ્યાજે મૂકાય તો બહુ સારૂં, કે તેવે પ્રસંગે તે ખરચ કરવાને ઊપયોગમાં આવે.

ઈનકમટાક્ષ (પેદાશપર કર)—એ કર સર્વે લોકોની પર લેવામાં આવતો હતો. પછી અમુક પેદાશ ઊપરાંત પર લેવાયો હતો, અને છેલે કાઢી નાંખ્યો હતો. સરકારને ઉપજ કરતાં ખરચ વધારે થતો હતો, તે ખોટ પૂરી કરવાને એ કર કાઢ્યો હતો, અને જ્યારે ઊપજ ખરચનું સમતોલન થયું ત્યારે કાઢી નાંખવામાં આવ્યો. પણ એવી રીતે પ્રત્યક્ષ કર લેવામાં દરેક આસામીને બહુ ખમવું પડે છે તા૦ સરકારી અધિકારીઓ અદાવતને લીધે કર વધારે લે અગર ખુશામતને લીધે ઓછો લે, તેથી એ કર જુલમી ગણાય છે. તેમજ અધિકારી ગમે તેવો ચોખ્ખો હોય, તો પણ લોકોને અણગમો થાય છે. વળી આ દેશના લોકોને, રાજ્યના કાયદા કરવામાં તા૦ લઢાઇ, ટંટા, સુલેહ વગેરે કરવામાં તા૦ ઊપજ ખરચનો હીસાબ જોવામાં તા૦ રાજ્યની સત્તા તા૦ અમલ ચલાવવામાં, વિચાર આપવાની સત્તા નથી; તા૦ નેમણુકમાં વર્ણાશ્રમના ભેદાભેદ ન ગણતાં સમાન દૃષ્ટિએ જોઈ સરખો હિસ્સો આપવામાં, અંગ્રેજ સરકાર ઉંચ નીચનો ભેદ ગણે છે, તેથી આ દેશના લોકને એ કર જુલમ જેવો લાગે છે, તે વાજબી છે. એ કર જ્યારે પ્રથમ દાખલ કરવા કાયદો ઘડવામાં આવતો હતો ત્યારે એ કર સામે સારા વિદ્વાન, સંભાવિત, રાજ્ય ભક્તિક, માણસોની લાખો સહીની અરજી કરવામાં આવી હતી; પણ તે કોઇએ કાનપર ધરી નહીં. તેથી એમ દિસે છે કે આ દેશને માથે ઝુસરી મૂકી પશુ પ્રમાણે કચરવા એવો રાજ્યકર્ત્તાનો હેતુ હતો. તેથી અરજી કરનારાઓએ મુગે મોઢે ખમ્યાં કર્યું હતું. પૂર્વેના રાજ્યમાં એવા કર, ધંધા, રોજગાર, વેપાર વગેરે કરનારાઓ પાસેથી લેવાતા, તેને મરાઠી રાજ્યમાં પાંઢરપટ્ટી કહેવાતી. તે ધંધાનું સ્વરૂપ જોઇ દરેક ધંધાદારી અગર તે ધંધો કરનારા મહાજન અગર તાએફા પાસેથી લેવાતી, અને તેનો દર, ધંધા, રોજગાર, વેપાર, હુનર, કારીગરી વગેરે સ્વરૂપ તા૦ તેથી

થતી પેદાશ, ઊપર નજર રાખી બંધાતો, અને તે પ્રમાણે લેવાતો. તે ઘણુંકરી મહાજનના મુખ્ય માણસ, જેની જેવી શક્તિ તે પ્રમાણે તેનીપર નાંખતા. તેથી લોકોને ભારે પડવાને કારણ લાગતું ન હતું. તે બદલ તેઓના મહાજનના મુખ્ય માણસોને હમેશ સલાહ પૂછાતી અગર તેઓના રોજગારને લાભ થાય એવી ગોઠવણ કરી અપાતી અને તેઓને કેટલીક વખત એકલહટાપણું, (મકતો) અપાતો, એટલે તે ધંધા બીજા કોઇને કરવા દેવાની છૂટ અપાતી નહતી: તેથી તે ધંધાદારીને બહુ ફાયદો થતો. એવી રીતે એક બીજાને સરકાર તથા રૈયતને એક બીજાની સહાયતા હતી. "ધૃતા ધારે પાત્રં અને પાત્રાધારે ઘૃતં." એ કહેવત પ્રમાણે વર્તણુક હતી. હાલ સાલ પણ એ ઇનકમટાક્ષ રૂ૦ ૫૦૦)ની પેદાશપર દર રૂપીએ ૪–૫ પૈ મુજબ નખાયો છે. તે વિષે ઘણી રાઢ થઈ પણ કોઇએ કાને ધરી નહીં.

કેળવણીખાતું.—સરકારે લોકોમાં વિદ્યાનો પ્રસારો કરવા કેળવણીખાતું કાઢયું. તેમાં જાતભાતનો ભેદ ન ગણતાં સર્વેને કેળવણી આપવા માંડી તેથી સંસાર પ્રાપંચિક જ્ઞાન, દેશ પરદેશનું જ્ઞાન, કાયેદા કાનુનનું જ્ઞાન, ધંધા રોજગારનું જ્ઞાન, નીતિ જ્ઞાન, સારાસાર જ્ઞાન, પદાર્થજ્ઞાન, વગેરે અનેક તરેહનાં જ્ઞાનની પ્રાપ્તિનો, લોકોને અનુકુળતા પ્રમાણે થવાનો પ્રસંગ મળ્યો. પણ તે સાંપ્રત કાળે બહુ મોંઘે ભાવે મળવા લાગ્યું, તેથી સર્વે લોકોને તે મેળવવાને સુલભ ન થયું; પૈસાદારનેજ થયું. અને પૈસાદારને અભ્યાસ કરે તોજ તે મળે એવું થયું. એ કેળવણી ખાતાંનો ખરચ પહેલાં ધર્મ બુદ્ધિથી વિદ્યા દાન દાખલ સરકાર કરતી, પછી ફી વગેરે બોજો નાંખી કરતી, તે સાંપ્રત કાળમાં મોઘી કરી. તો પણ સરકારને ઊપજ કરતાં એમાં ખરચ બહુ વધારે છે. પણ એ તથા એની બરોબરનુંજ ધર્માદા ખાતું; કુવા, વાવ, ધર્મશાળા વગેરે કરવાનું કામ, પહેલાંની સરકાર પોતે તથા રૈયત, ધર્મ દાખલ (નવાણ, અન્નછત્ર, ધર્મશાળા, વૈદ્યશાળાઓ, વગેરે) કરતી. તે કરવા માટે આ સરકારના રાજ્યમાં રૈયત ઊપર દર ૧ રૂપીએ એક આનો જમીન વગેરેની મેહસુલમાં વધારો કરી, તે ઊપજમાંથી ખરચ કરવાનો ઠરાવ થયો છે. તે ઊપજ કેળવણી ખાતાંમાં તથા ઔશધાલય, વિદ્યાલય વગેરે ધર્મખાતાંમાં ખરચ કરવાનો કાયદો થયો છે. એ કરની ઉપજને લો-

ફલફંડ કહે છે. તેની વ્યવસ્થા હાલમાં સરકાર તથા રૈયત તરફના કેટલાક સરકારે નીમેલા અધિકારીઓ કરે છે, પણ હવે પછી સરકાર તરફના નીમેલા તથા રૈયત તરફના નીમેલા અધિકારીઓ કરે એવો કાયદો થયો છે. એ ફંડવાણી ખાતાંમાં લોકલફંડનાં નાણાંની ઉપજ કરતાં ખરચ બહુ થાય છે; પણ તે સરકારે કરવોજ જોઇએ તેનો ધર્મ છે. વળી એથી સરકારને સારા, વિદ્વાન, ડાયા, ચતુર, વિશ્વાસુ, રાજ્ય ચલાવનાર લોકો, રાજ્ય ભક્ત વગેરે નોકરી કરવાને થોડે પગારે મળે છે, એ મોટો લાભ છે.

લશ્કરીખાતું—પહેલાંના રાજ્યમા થોડુંજ જાથુ લશ્કર રાખતા. કામ પડતું ત્યારે સીપાઇગીરી કરનારી જાતમાંથી સીપાઈ રાખી કામ ચલાવી લેતા. તેમાં પાયદળ, ઘોડેસ્વાર, તોપખાનું, અરમારખાતું વગેરે થોડું થોડું હતું. પણ અંગ્રેજ સરકારનાં રાજ્યમાં લશ્કરી ખાતાંમાં બે મોટા ભાગ, ખુશકી લશ્કર, અને દરીઆઈ લશ્કર છે. એ બન્ને લશ્કર જાથુ રાખેલાં હોય છે. કામ પડે ત્યારેજ રાખે તેમ નથી. ખુશકી લશ્કરમાં અનેક પેટાં ખાતાં છે, જેવાં કે કમીસરીખાતું (કોઠાર) ગાઈડ લશ્કર (રસ્તો દેખાડનારલશ્કર) વગેરે. પહેલાંના રાજ્યમાં રસ્તો દેખાડનારને વેઠમાં પકડી લેઈ કામ લેતા, તેથી વખત જંગલ, ન પાણીઆ તથા બળી મરે એવી તપેલી રેતીને માર્ગે તે લેઈ જતા અને હજારો માણસોના રોગથી તથા બીમારીથી ઘાણ નીકળી જતો. સુરંગ ફોડનાર, બેલદાર તથા ખોદનાર લશ્કર; તે એ કામ જાથુ કરે છે, તેથી ઓસ્તાદ થઈ રહેલા હોય છે. તોપખાનું, તેમાં પગે ચાલી તોપ ઘસડી લેઈ જનારાં, ઘોડે ઘસડી લેઈ જનારાં, ડુંગર પર લેઈ જવાની તોપો, અને લશ્કર. તંબુ મારનારૂં લશ્કર. હાથી ઘોડા, ઉંટ, ખચર, વગેરેનું લશ્કર. ઘોડાની પલટણ વગેરે. તે કામમાં કવાયદ લેઈ હુશીઆર થઈ રહેલી હોય છે. તોપ, બંધુક તરવાર વગેરે બનાવવાનું ખાતું. ઈજનેરી લશ્કર, વૈદકી લશ્કર, મછવાના પૂલ કરી ઉતારનારૂં લશ્કર, દાદરે ચઢનારૂં લશ્કર, એવી રીતે જૂદાં જૂદાં કામ માટે જૂદાં જૂદાં લશ્કર, જાથુ રાખેલાં છે. તેથી સૌ પોતપોતાનાં કામમાં તરબીઅત પામી હુશીઆર અને કુસળ થઈ રહેલું હોય છે. તેથી જ્યારે ખપ પડે ત્યારે સોધવા જવું પડતું નથી. સૌ તૈયાર સજીને બેઠેલું

હોય છે, અને સૌ સૌને માથે જવાબદારી રાખેલી હોય છે, તેથી કોઈ પોતાનાં કામમાં હઠતું નથી. કમીસારી ખાતામાં ગાડી, બળદ વગેરે ભારબરદારી જનાવરો તથા ગાડીઓ પણ રાખવામાં આવે છે, વળી સ્ટોર ખાતું, તેમાં સોઢી, કોદાળા, પાવડા, વગેરે જે જે ખાતાંને જે જે હથીઆર જોઇએ તે તૈયાર અને ચકચકિત સ્થિતિમાં રાખેલાં હોય છે, તે જેને જોઇએ એટલાં તૈયાર મળે છે. લશ્કરને ડગલા ટોપી વગેરે આપનારૂં ખાતું, પગાર આપનારૂં ખાતું, દારૂ, ચા વગેરે જે જોઇએ તે સઘળું તૈયાર લઢાઈ વખતે મળે છે; તે લેવા કોઇને જવું પડતું નથી. તેમ ધર્મ વિરૂદ્ધ પણ થતું નથી. ચણા ખાનારને ચણા, અને પૌવા ખાનારને પૌવા, રોટી ખાનારને રોટી, અને મદ્યમાંસ ખાનારને મદ્યમાંસ, તૈયાર મળે છે. એ લશ્કરી ખાતાંમાં અરમારી ખાતું, એટલે વહાણ ઊપર રહી દરિઆમાં તથા નદીમાં લઢનારૂં લશ્કર. તેનાં વાહાણો મછવા, આગબોટો, (ટોરપીડો, પાણીની ભીતર ચાલનારૂં વીજળી યંત્રથી સામેના લશ્કરમાં જઈ વહાણને આગ લગાડનારૂં વહાણ) એવાં એવાં વહાણો તથા તેના લશ્કર જથુ રાખી મૂકેલાં હોય છે. તથા સામેના લશ્કરની સુચના કરનારૂં લશ્કર; એવાં સર્વ જથુ રાખેલાં હોય છે. હવે થોડે કાળે જ્યારે બલૂન (હવાઇ ડબા) નિયમસર હ-વામાં જયાં જવું હોય ત્યાં જવાય એવી બરોબર યુકિત, પાંખો વગેરે કરેથી થશે, ત્યારે તેનું લશ્કર પણ જથુનું થશે. કાસદીઆં કબુ-તર રાખવામાં આવે છે તે પણ કમીસારી ખાતાંમાં. તેઓને હજારો મૈલ કાગળ લેઈ જવા લાવવા શીખવેલાં હોય છે.

એ લશ્કરનો ખરચ આ દેશની સર્વે વસુલાતના ૪થા હિસ્સા જેટલો થાય છે, તે ઘણોજ છે એવું સર્વે ધારે છે, પણ ઘટાડો કરવાની યુક્તિ કોઇને સુજતી નથી. હાલમાં જ્યારે લઢાઈ ન હોય ત્યારે એ લશ્કરમાંના થોડા સીપાઈ સરકારી ખાતાંમાં ચોકી પહેરાનું કામ કરે છે અને બાકીના બેસી રહે છે, અને તાલીમ વગેરેની રમત કરી કાળવ્યય કરે છે. પહેલાંના રાજ્યમાં એવા લશ્કરને પોલીસનું કામ, ગામ ચોકીનું કામ, હલકારાંનું કામ, ગામ હવાલદારીનું કામ, તથા રાહ મુસાફરને રસ્તા દેખાડવાનું કામ, સોંપતા. તે તેઓ કરતા, અને લઢાઈ વખતે લઢાઈ-માં જતા. તેઓનું ચોકી પહેરાનું કામ, નવા ઊમેદવારોથી લેવાતું.

પહેલાંનાં રાજ્યમાં લશ્કરમાં ગમે તે હોદ્દા ઉપર ગમે તેને લાયકી જોઈને રાખતા. અંગ્રેજ સરકારનાં રાજ્યમાં એક કંપનીના અધીપતિ દાખલ પણ અંગ્રેજ અમલદાર હોય છે, તો પલટણનો અમલદાર તે હોય તેમાં નવાઈ શી. ગમે તેવો શૂરો, ખેરખાં અને ચતુર દેશી સીપાઈ હોય તેને અમલદારી ન મળે અને ગમે તેવો મુરખ, તોફાની, અને કાયર એવો પણ અંગ્રેજ હોય તો અમલદારી મળતાં કઠણ નથી. બંદુક કેમ પકડવી, કવાયદમાં કેમ કરવું, અને પગ કેમ માંડવા તે જાણતો ન હોય. અને જે એક દેશી સીપાઈ પાસે તે શીખતો હોય, તોપણ તે સીપાઈનો અમલદાર થઈ શકે; એવો બેહુદો રીવાજ કોઈ ઠેકાણે નહીં હોય.

સરવૈખાતું.—એ ખાતું જમીનની માપણી તથા જમીનની જાત બાંધવાનું તથા જમાબંધી મુકરર કરવાનુ. એથી સરકારની જમીન કેટલી; ઇનામની કેટલી, સલામી લેવાય તેવી કેટલી, પસાયતાં ચાકરીઆત કેટલી, એ નક્કી થાય છે, એટલુંજ નહીં, પણ કેટલી જંગલી, કેટલી ખરાબાવાળી, કેટલી ગામ તળીઆંની, કેટલી ઢોર ગોઠાણ કરે તેવી; એ રીતે સર્વે જાતનું માપ કરી સરકારને કેટલી ઊપજ થવા જોગ તેનો નિશ્ચે કરેલો છે. પહેલાંનાં રાજ્યમાં માપણીનું ઠેકાણું ન હતું અને દેશાઈ, પટેલ, મજમુદાર, ગમે તેટલી અને ગમેતેવી સારી જમીન પોતે વાપરતા, અને બ્રાહ્મણ, ભાટ, વગેરેને ઇનામમાં આપતા. તે તેમનાં વંશપરંપરા ચાલતી અને પોતાની ખુશીમાં આવે તેટલી કમી જાસ્તી ખેડાણ કહેતા, તેનું કાંઈ લેખું ન હતું. તેથી સરકારને જમીનનું તેમજ તેની ઉપજનું બહુ નુકશાન હતું. એ રાજ્યમાં રૈયતની ખુશીમાં આવે તો ભાગ વટાઈ અને ખુશીમાં આવે તો રોકડ દર પ્રમાણે વીંઘોટી અપાતી, પણ ઘણુંકરી રૈયતની સુગમતા વિચારીને ભાગ વટાઈ લેવાનો ધારો વિશેષ હતો, તેથી પણ સરકારને નુકશાન બહુ થતું. એ ખાતું અંગ્રેજ સરકારે કર્યું તેથી પ્રથમ ખરચ થયો ખરો, પણ તેથી સર્વે તરેહનો બંદોબસ્ત થયો. અમલતદારને કામ ઘણું કમી થયું: તેથી તેને બીજા કામપર ચિત્ત લગાડવાને બન્યું. એથી રૈયતને ખરીફનો દર જમીનની જાત પ્રમાણે આપવો પડે છે, તે ઉપરાંત તે જમીનનો રવીનો દર માણીનાં પીઆવા, ભડ, કુવેતરના, વધારા સાથે

આપવો પડે છે. પછી પાણી પાઓ અગર ન પાઓ, તો પણ એક વરસ ભોગજોગે પાએલું વાવેતર કરે કે તે લાગુ પડયુંજ છે.

ઉપર લખ્યાં તે સઘળાં ખાતાંઓ ચલાવવાને કાયદા, ધારા, વગેરે અંગ્રેજ સરકારે પોતાના અમલદારો રાખી વિચાર કરી કરેલા હોય છે. તેજ પ્રમાણે અમલ ચાલ્યાં કરે છે. તેમાં કોઈથી વધુ ઓછું થાયજ નહીં. અને કાંઈ શક પડે તો મોટી કોરટમાં તે વિષે લખાણ થઈ અગર ફરિયાદ થઈ નિર્ણય થાય, તે પ્રમાણે અમલ થાય છે. કાયદા બનાવનારાઓએ પ્રથમના કાયદા, બહુ વિચાર કરી લોકોની સ્થિતિ રીતિ તથા ધર્મશાસ્ત્ર, દેશાચાર, ગ્રામાચાર, ન્યાત્યાચાર, ગૃહાચાર, વગેરે જોઈને તથા તેઓને અનુસરીને બાંધેલા તથા કંઈ શક પડે તે સારૂ હિંદુઓના શાસ્ત્રી, મુસલમાનોના કાજી, પારશીઓના દસ્તુર, વગેરેને પગાર આપી દરેક કોરટમાં રાખી ઈનિસાફમાં અમલમાં લાવતા. પણ ત્યાર પછી ઘણુંકરી અંગરેજી કાયદાની રૂખથી અને ધર્મશાસ્ત્રોના તરજુમા થયા; તેઓને અનુસરી કાયદા બાંધ્યા. તેમાં એટલી તો ખામી નીકળવા લાગી કે વરસે બે વરસે જોપણ તે રદ્દ નહીં થયા તો પણ તેમાં ફેરફાર કરવાની જરૂર પડી. ત્યારપછી ભલા અમલદારોની ફરમાસથી કાયદા રચનારી મંડળી સ્થપાઈ. તેમાં આ દેશના સારા, આબરૂદાર, વિદ્વાન, ભોમિઆ વગેરે લોકોને દાખલ કરવામાં આવ્યા. પણ તે લોકોને કોઈપણ નવો કાયદો કરવાની સત્તા નહીં, પણ સરકારી અમલદારો કાયદા કરે તે પર અભિપ્રાય આપવાની માત્ર સત્તા. તેથી તથા સરકારી અમલદારો તેમાં વિશેષ, તેથી રૈયત લોકોનો અભિપ્રાય ન્યુન અને સરકારી અધિકારીઓના વધારે મત પડે છે તેથી અગર બીજાં કારણોને લીધે સરકારે જે ધારો અને કલમ પસાર કરવા ધારી હોય તે પસાર થાયજ. તેથી જ્યાં સૂધી રૈયત તરફનું જોર વિશેષ ન હોય ત્યાં સૂધી એ કાયદા બનાવનાર સભા નિરર્થક સમજવી. એ કરતાં પહેલાં સરકારી અમલદાર કાયદા કરતા તે રૂડા હતા એવું સમજવું.

જે ખાતાંઓ ઊપર લખ્યાં છે, તે શીવાય પોલીટીકલ એટલે રાજદરબારી ખાતું.—તેમાં આ દેશમાં કેટલાંક દેશી રાજ્યો, અંગ્રેજ સરકારના તાબેદાર હોઈ ખંડણી ભરે છે અને જ્યાં રેસીડંટ, એજંટ વકીલ વગેરે અંગ્રેજ સરકાર તરફથી રહી લે રાજ્યની બાતમી, સંભાળ,

સંભાળ, તથા ટ્રીટી (કરાર) મુજબ બંદોબસ્ત રાખે છે. અને ખંડણી વસુલ કરે છે, તથા પર રાજ્યસંબંધીનું કામ કરે છે તથા પરસ્પર પર રાજ્યનાં કામ સંબંધી નીવેડા કરે છે, તથા લશ્કર ખરચવસુલ કરે છે; તેમનાં રાજ્યમાં સુધારા વિષે, પર રાજ્યને અને તાબેદારી રાજ્યને સલાહ આપે છે, તે ખાતું જે પ્રમાણે જે રાજ્ય સાથે તાબેદારી થતી વખતે કોલકરાર થયા હોય તે પ્રમાણે ખંડણી લે છે અને તે પ્રમાણે વર્ત્તે છે. પર રાજ્યને કરાર પ્રમાણે મદદ કરે છે અને પર રાજ્ય સાથે તકારાર પડે તો વચમાં મધ્યસ્થ પડી ઘડભાંજ કરે છે. એ ખાતાંની પેદાશ ખરચ કરતાં બહુ છે અંગ્રેજ સરકાર સરદેશમુખ તેથી, રાજ્યગાદીપર બેસતાં, નિઃસંતાન હોય તો દત્તક લેતાં અને નાવારસ હોય તો વારસ કરી લેતાં, અંગ્રેજ સરકારની હંમેશ પરવાનગી લેવી પડે છે. રાજ્ય વસ્ત્ર તથા ખીલત વગેરે સરકાર તરફથી મળે છે. તથા ઊમર પોંચતાં ગાદીપર બેસવાની પરવાનગી મેળવવી પડે છે. જ્યારે સર્વે રીતે લાયક થયે ત્યારે તેને તેના વંશપરંપરાનાં રાજ્ય ચિન્હ, સિક્કા પાડવા વગેરે ધારણ કરવાની સત્તા મળે છે, એટલુંજ નહીં, પણ ખંડીઆ રાજાઓને તથા ઠાકોરોને પોતાની હદ છોડી જવું હોય તો રેસીડંટ અગર એજંટની રજા લેવાની જરૂર પડે છે. તેમને ઠરાવી આપેલા વર્ગ પ્રમાણે પોતાની પ્રજાને સજા વગેરે કરવાની સત્તા, તે કરતાં વધારે સજાના ગુનાહ માટે અંગ્રેજ સરકારના અધિકારીને સત્તા છે. તેઓ પોતે કાંઈ ગુન્હા કરે અગર દીવાની કામમાં આવે તો કરાર પ્રમાણે તેઓનો ઇનસાફ અંગ્રેજ સરકારની કોરટ અને સરકાર અંગ્રેજ સરકારે ઠરાવેલાં કમીશન કરે. અને તેઓને ગાદીપરથી પદભ્રષ્ટ કરવાને અંગ્રેજ સરકાર મુખત્યાર છે. એ શીવાય તેમણે મુશાફરી બંગલા, પોતાને ખરચે કર્યાં હોય તેમાં ઊતારો કરવાને સરકારના એજંટની પહેલાથી પરવાનગી મંગાવવી પડે છે. પહેલાંના ઠાકોર, રાજા વગેરેને એવાં બંધન બહુ જુલમે જેવાં લાગતાં પણ હમણાના રાજવંશીઓ રાજકોલેજમાં સુખી હુંશીઆર થયા છે તેથી સરરાજાના સત્તા તથા પોતાની સત્તા કેટલી છે તે સારી રીતે સમજી એજંટ સાથે હળીમળી તથા તેમની સલાહથી તથા મિત્રતાથી રહે છે. એવી રીતે રાજ્ય ચલાવવાને ખાતાંઓ અંગ્રેજ સરકારે કાઢેલાં છે.

એ રીતે જમીનના માલીક રાજા. કાયદા પ્રમાણે કામ ચલા-

નવું તથા ઇનસાફ ત પ્રમાણે કરવો અને તે પર નારાજી થાય તો કોઇ પણ પક્ષકારને વરિષ્ટ કોરટને અપીલ કરવાને સત્તા, તેથી નારાજી થાય, તો તેના કારણસહ તેનાથી વરિષ્ટ કોરટને પુનઃઅપીલ. છેવટે રાજા અગર રાજેંદ્ર કેસરેહિંદ સૂધી અપીલ કરવાની સત્તા; એવી રીતનું રાજ્ય ચોથા પ્રકારનું છે.

હવે જમીનના માલિક રૈયત, સઘળી સત્તા પ્રજાની, અગર ઊમરાવોની અને રાજા નામનોજ અગર રાજા બીલકુલ નહીં; એવી રીતનું રાજ્ય પ)મી તરેહનું. તે વિષે છેલ્લે લખવામાં આવશે. તે પહેલાં રાજા અગર રાજ્ય કેવાં જોઇએ તથા રાજાના પ્રજા પ્રત્યે શા ધર્મ તથા પ્રજાના રાજા પ્રત્યે શા ધર્મ; તે લખવું દુરસ્ત છે માટે તેનો આરંભ થાય છે.

સ્કંધ ૩ નો. રાજા પ્રજાના ધર્મ.

પ્રકરણ ૧ લું.

રાજા કેવા જોઇએ, અથવા રાજાના ધર્મ.

આ વિષે જેટલું લખવા ચાહિયે તેટલું લખાય, પણ આ જગાએ સંક્ષેપે મુખ્ય મુખ્ય ધર્મનું વિવેચન કરવું જરૂર દિસે છે.

રાજા મુળે ૧ લા સ્કંધમાં દર્શાવ્યા પ્રમાણે લોકોએ પ્રસંન કરેલો હોય છે. રાજ્યનીતિથી તથા પ્રજાને લાભકારી રીતથી તથા પસંદ પડતી રીતથી રાજ્ય કરે તે રાજા. પરરાજ્યના હુમલાને ટક્કર મારી શકે તેવા તથા પોતાની પ્રજામાં બખેડો થાય તો તે સમજુતથી બેસાડી દે તેવા ગુણવાળા, તથા ધર્મિષ્ટ, વિદ્વાન, જ્ઞાનીને આશરો આપે તેવા તથા રાજા થવા યોગ્ય, એવાને પ્રસંન કરેલા હોય છે. પોતાના ધર્મ પ્રજા પ્રત્યે સારી રીતે સમજે તેનેજ રાજા જાણવો. પ્રજાનું રંજન કરે માટે રાજા નામના પડેલું છે, તે વિષે મહાભારતમાં કહ્યું છે.

रंजनात्खलु राजत्वं । प्रजानां पालनादपि ॥

અર્થ.—પ્રજાનું પાલન કરવું અને રંજન કરવું એજ રાજાપણું છે.

વળી રઘુવંશ સર્ગ ૪ થાના શ્લોક ૧ લામાં કહ્યું છે.

यथाप्रल्हादनी श्चंद्र प्रतापा त्तपनोयथा ॥
तथैवसोभूदन्वर्थो राजाप्रकाति रंजनात् ॥१॥

અર્થ—જેમ ચંદ્ર આનંદ દે છે, માટે ચંદ્ર નામ પડ્યું છે, પ્રતાપવાન છે તેથી તપનનામ, સૂર્યનું પડ્યું છે. તેમજ પ્રકૃતિ (પ્રજા)ને રંજન કરનાર માટે રાજા નામ પડ્યું છે.

આ! હા! હા! આમાં ભીતર કેટલો પ્રૌઢ અર્થ રહ્યો છે બન્ને ગ્રંથો મહા પ્રસિદ્ધ છે. અને તેના કર્તા વ્યાસ તા૦ કાળિદાસ મહાપ્રતાપીકવિ, એઓ અનુક્રમે, તેઓનાં મહાવાક્યો કોણ ના કબુલ કરી શકે? રાજા તો એવાજ ગુણના જોઇએ.

રાજાના ધર્મ કેવા છે તે વિષે ભરતખંડના સર્વગ્રંથો ભરપૂર છે અને તેમાં દ્રષ્ટાંતો પણ સંપૂર્ણ હૃદય ભેદક છે, તે સઘળાં લખતાં પાર આવે નહીં, પણ પ્રસિદ્ધ પ્રસિદ્ધ લખીએ છીએ.

રાજાએ પ્રથમતો પોતાની રૈયતને પોતાનાં છોકરાંની રીતે પાળવી અને તેટલા માટેજ અમલ કરનાર તે રાજા, અને રૈયત તે પ્રજા કહેવાય છે; એટલે જેવાં છોકરાંને માબાપ લાડ લઢાવે છે, તેવાં લાડ પ્રજાને લડાવવાં જોઇએ. તેમજ તેમના પર સમદૃષ્ટિથી જોવું જોઇએ અને હૃદય સદય રાખવું જોઈએ.

રાજાએ પોતાનાં હિત સામું ન જોતાં સદાસર્વકાળ રૈયતનાં હિત તરફ દૃષ્ટિ રાખવી. પોતાનો સ્વાર્થ તો સઘળા લોકો તાકેજ છે, પણ બીજાના તાકવા એ મોટાં દિલનાં મનુષ્યનું કામ જાણવું. મા બાપ પોતે સારી વસ્તુ તજીને દીકરાંને આપે છે, તેજ પ્રમાણે રાજાએ વર્તવું. તે વિષે મહાભારતની શાંતિપર્વમાં ભિષ્મપિતામહ, યુધિષ્ટરાદિ સભા મંડળને કહે છે.

श्लोक.

वार्तितव्यंकुरुश्रेष्ठ सदाधर्मानुवर्तिनां ॥
स्वप्रियंतुपरित्यज्य यद्यल्लोकाहितंभवेत् ॥

અર્થ—સદા ધર્મથી વર્તજો. જ્યાં પ્રજાનું ત્યાં તમારૂં હિત જોશો પોતાને હાની થાય તો થાઓ.

એવીજ રીતે અંગ્રેજી વર્ણના મિલ્ટન કવિ, ગ્રીક તત્વવેત્તા તથા

માનસિક ફીલસુફ, આરિસ ટોટલનું મત સ્વિકારી રાજાની વ્યાખ્યા કરે છે તે, નીચે પ્રમાણે:—

' Aristotle and the best of political writers, have defined a king, him who governs to the good and profit of his people and not for his own ends. '

અર્થ—આરિસટોટલ અને બીજા રાજ્ય નીતિ ઉપર ઉત્તમ લખાણ કરનારાઓ રાજાની વ્યાખ્યા કરે છે જે, જે પોતાનો સ્વાર્થ ન તાકતાં પોતાની રૈયતનાં કલ્યાણ અને લાભ લક્ષમાં રાખી રાજ્ય ચલાવે છે તે.

રાજા પોતાનાં વચન પાળવામાં અનુપમ હોવા જોઈએ. જે બાબત ભરોસો આપવો તે પૂર્ણ વિચાર કરી આગળ પાછળ અવલોકન કરી આપવો; અને પછી તે પાળવા ગમે તેટલી પોતાનાં તનને, પોતાનાં મનને, તથા પોતાનાં ધનને હરકત નડે તો પણ તે પાળવો. એનું નામ ખરૂં રાજાપણું. એ વિષે હિંદુ પ્રાચિન ઇતિહાસમાં બહુએ દાખલા મળી શકે છે, પણ તેમાંનો ૧ દશરથ રાજાનો અને બીજો હરિશ્ચંદ્ર રાજાનો એ કામને વાસ્તે સંપૂર્ણ છે. દશરથ રાજાએ પોતાની એક સ્ત્રી, કૈકઈને પોતે રોહીનાં ૧ ધર્મ કર્મથી પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું તે તેણીએ પ્રસંગ પડે માગીશ એવું કહી તેનું વચન લીધું. તે જ્યારે દશરથ રાજકાજ ત્યજી જવાનો અને તેના હકદાર યુવરાજ રામને રાજ્યાશન પર બેસાડવાનો સમય આવ્યો, ત્યારે તેણીએ માગ્યું કે, રાજ્યનો કુલ અખત્યાર તેણીના પુત્ર ભરતને આપવો અને તેણીના શાવકા પુત્ર રામને ૧૪ વરસ વનવાસએ બે વાનાં માંગ્યાં એ બને માગણી દશરથનાં મનને અસહ્ય છતાં વચનનાં બંધનને લીધે આપી. તેથી આખાં ઘરમાં તથા દેશમાં હાહાકાર થઈ રહ્યો અને તે પ્રમાણે નહીં થવા ઘણાએક દરબારીઓએ પ્રયત્ન કર્યા, પણ દશરથના તથા રામના નિશ્ચયપૂર્વક આગ્રહ આગળ કોઈનું કાંઈ ચાલ્યું નહીં, અને રામજી, તેની સતી સીતા તથા બંધુ ભકત લક્ષ્મણ વનવાસે સીધાર્યા.

હરિશ્ચંદ્ર રાજાનું સત્યવાદીપણું મૂકાવવા તથા તેમાં ભંગ કરવા એક રૂશીએ છળભેદ કરી તેનું સત્ય છોડાવવાને ઘણા પ્રયત્ન કર્યા. તેણે દાનમાં તેનું રાજ્ય ધનધાન્ય સઘળું લેઈ લીધું; તોપણ તેણે માગેલું પૂરૂં થયું નહીં, તેથી પોતે તથા પોતાની સ્ત્રી તથા દીકરો ગુલામ થઈ વેચાયાં. છેલે પોતાના પ્રીય પુત્ર તથા પોતાની સતી સ્ત્રીનો નાશ તેને

હાથે થવાનું ધર્મ સંકટ તેને આવ્યું, તોપણ સત્યતાને અર્થે તથા સ્વામી સેવાનાં બંધન ધર્મને લીધે તે કરવા તત્પર થઈ ખડ્ગ ઉગામી. એટલે ઋષી પ્રસન્ન થયા. સઘળા છળભેદ તેણે તેનાં સત્યનું પારખું જોવા કર્યાં હતા, તેથી એની માફી માગી. જુગો જુગ સુધી તેની કીર્તિ રહી છે. એ બે દાખલાં સત્યવાદીપણાંને માટે તથા વચન પાળવા માટે બસ છે.

રાજાએ યથાન્યાય, સમદૃષ્ટિ તથા સદયતાથી ન્યાય કરવો જોઈએ, તે વાસ્તે રાજ્ય ચલવાવાનાં સઘળાં ખાતાંના કાયદા કાનુનો પ્રથમથી બાંધવા, તેમાં, જેને લાગતું વળગતું હોય તેની, અગર પ્રજાની, તે પ્રસિદ્ધ કરી, સંમતી લેવી, અને કાંઈક મુદત ગયા પછી તે મુંજુર કરવા, અને તે પછી મુદત થયે તે અમલમાં લાવવા તે અમલમાં આણતાં જે જે અડચણો ન્યાયાધિશને તથા પક્ષકારોને પડે તેનું અનુમોદન કરી જે ફેરફાર કરવા ઘટે તે કરવા. પુનઃ પુખ્ત રીતે વિચાર કરી ફેરફાર કરી અમલમાં લાવવા. એ વિષે વેદ, વેદાંગ, સ્મૃતિઓ, વગેરેમાં રાજ્યકર્તાને અનેક બોધ કર્યા છે. તેમાં સર્વમાન્ય એવી જે મનુસ્મૃતિ, જેનાં વખાણ આ દેશનાં લોકોજ નહીં, પણ પરદેશીઓ જેઓની ભાષામાં તે ગ્રંથનાં ભાષાંતર થયાં છે, તેઓના દેશીઓ પણ કરે છે, અને આશ્ચર્ય પામે છે જે, આ સર્વોત્કૃષ્ટ સુધરેલી સદી જેમાં ન્યાયના કાયદા તથા રીત અતિ ઉત્તમ, તેની સાથે સરખાવતાં મનુસ્મૃતિમાંનાં આચાર, ધર્મ, અને રાજ્યનીતિ, વગેરે, કાંઈ ઊતરે તેવાં નથી. તેમજ તે રૈયતને પસંદ પડતી તથા એકધર્મી રાજા તથા પ્રજાને સામાન્ય લાભકારી, માલમ પડે છે. તેમાંથી આ જગાએ કાંઈ ઉતારો કર્યો છે.

રાજા કેવા જોઇએ. મનુસ્મૃતિ સપ્તમો અધ્યાય.

શ્લોક.

कार्यं सो वेक्ष्य शक्तिंच देशकालौच तत्वतः

कुरुते धर्मसिध्ध्यर्थं विश्वरूपं पूनःपूनः॥१०॥

અર્થ—પોતાની શક્તિ, દેશ, કાળનો પૂર્ણ વિચાર કરીને ધર્મની સિદ્ધીને સારૂ, અનેક પ્રકારનાં કાર્ય, રાજાએ વારે વારે ધારણ કરવાં. ॥ ૧૦ ॥

श्लोक.

यस्यप्रसादे पद्माश्री विजयश्चपराक्रमे ॥
मृत्युश्च वसतिक्रोधे सर्वतेजोमयोहिसः ॥११॥

અર્થ—જેની પ્રસન્નતામાં લક્ષ્મી, જેનાં પરાક્રમમાં જય, અને જેના ક્રોધમાં મરણ, તે સર્વ તેજોમય રાજા સમજવો. ॥ ૧૧ ॥

રાજાએ કેમ વર્ત્તવું, અને કેમ વર્ત્તવાથી કેવાં ફળ થાય છે.

श्लोक.

तंदेशकालौ शक्तिंच विद्यांचावक्ष्य तत्वतः ॥
यथार्हतः संप्रणये न्नरेष्य न्यायवर्त्तिषु ॥१६॥

અર્થ—દેશ, કાળ, શક્તિ, વિદ્યા, એઓનું સારી રીતે યથાર્થરીતે, અવલોકન કરીને, અન્યાય રીતે વર્તનારને રાજાએ યથાયોગ્ય દંડ-કરવો. ॥ ૧૬ ॥

श्लोक.

समीक्ष्यसधृतः सम्यक् सर्वांरंजयतिप्रजाः ॥
असमीक्ष्यप्रणीतस्तु विनाशयतिसर्वतः ॥१९॥

અર્થ—પૂરો વિચાર કરીને, પૂરી ધારણા કરીને, ન્યાયથી જે દંડ કરે છે, તે પ્રજાને રાજી કરે છે અને અવિચાર કરે છે, તે સર્વનો નાશ કરે છે. ॥ ૧૯ ॥

श्लोक.

दुष्येयुः सर्ववर्णाश्च भिद्येरन् सर्वसेतवः ॥
सर्वलोक प्रकोपश्च भवेद्दंडस्य विभ्रमात् ॥२४॥

અર્થ—દંડનાં ભ્રમણ થકી (દંડ યથાર્થ નહીં થયાથી) સર્વલોક દોષવાળા થાય છે, મર્યાદા તુટે છે, અને સર્વ લોકને કોપાયમાન કરે છે. ॥ ૨૪ ॥

श्लोक.

तस्याहुः संप्रणेतारं राजानं सत्यवादिनं ॥
समीक्ष्य कारिणं प्राज्ञं धर्मकामार्थकोविदं ॥२६॥

અર્થ—સત્યાવાદી, ખરૂં ખોટું વિચારી કરનાર, ધર્મ, અર્થ, કામ, વગેરે જાણનારો, પંડિત, એવો રાજાજ દંડ દેવાને યોગ્ય છે. ॥ ૨૫ ॥

श्लोक.

तंराजाप्रणयन्सम्यक् त्रिवर्गेणाभिवर्धते ॥
कामात्माविषमः क्षुद्रोदंडेनैवनिहन्यते ॥२७॥

અર્થ—એવા રાજા દંડ દેતાં, ધર્મ, અર્થ, અને કામ વધારે છે. પણ રાજા જો કામી, ક્રૂર અને નીચ હોય તો, તે દંડથી રાજાજ નાશ પામે છે. ॥ ૨૭ ॥

श्लोक.

दंडोहिसुमहत्तेजो दुर्धरश्चाकृतात्मभिः ॥
धर्माद्विचालितंहंति नृपमेवसबांधवं ॥२८॥

અર્થ—મહા તેજસ્વી દંડ, જેને શાસ્ત્ર ન જાણનારા, અજ્ઞાની રાજા, ધારણ કરવા યોગ્ય નથી, તે દંડ ધર્મથી ચળનારને હણેછે અને તેનો તથા તેના કુંટબીઓનો નાશ કરે છે. ॥ ૨૮ ॥

श्लोक.

सोऽसहायेनमूढेन लुब्धेनाकृतबुद्धिना ॥
नशक्योन्यायतोनेतुं सक्तेनाविषयेषुच ॥३०॥

અર્થ—અસહાય (એટલે મંત્રી, સેનાપતિ વગેરેની સહાય વિનાનો) મૂર્ખ, લોભી, અજ્ઞાની અને વિષયમાં ચકચુર, એવા રાજા ન્યાય ખરેખર ચલાવી શકતા નથી. ॥ ૩૦ ॥

श्लोक.

शुचिनासत्यसंधेन यथाशास्त्रानुसारिणा ॥
प्रणेतुंशक्यतेदंडः सुसहायेनधीमता ॥३१॥

અર્થ—પવીત્ર, સાચા, શાસ્ત્ર પ્રમાણે ચાલનારા, (આરામંત્રિ આદિની સહાયતાવાળા) અને બુદ્ધીવાન, એવા રાજા દંડ દેવાને શક્તિવાન છે. ॥ ૩૧ ॥

श्लोक.

स्वराष्ट्रेन्यायवृत्तः स्याद्भृशदंडश्चशत्रुषु ॥

सुहृत्स्वजिह्म : स्निग्धेषुब्राह्मणेषुक्षमान्वितः ॥३२॥

અર્થ—પોતાનાં રાજ્યમાં ન્યાયથી ચાલવું, શત્રૂને દંડ દેવો, મિત્ર, આપ્ત વર્ગો સાથે પ્રમાણિક પણે વર્તવું અને *બ્રાહ્મણ સાથે થોડાને વાસ્તે ક્ષમા દૃષ્ટિથી વર્તવું ॥ ૩૨ ॥

એવી રીતે મનુસ્મૃતિમાં રાજાએ કેમ ચાલવુ અને કેવી રીતે ચાલેથી કેવાં ફળ થાય છે તે વિષે ઘણી બારિકીથી વિવેચન કરેલુ છે. તેમજ રાજાએ પ્રાતઃ કાળ પ્રહર રાત રહે ત્યારથી મધ્યરાત સૂધી પોતાનાં ધર્મ, રાજ્યનીતિ, ન્યાય કેવી રીતે ચલાવવા તથા પોતે રાજ્ય કરવાને યોગ્ય, કેવી તન મનની કેળવણી લેવી, અને રાજ્યાસન પર બેઠાં પૂર્વે તે ચલાવવાને યોગ્ય થવા કેવી કેળવણી લેવી, એ સર્વે લખ્યું છે. સારાંશ એ કે રાજાએ નમ્રતાવાન થવું, દુર્વ્યસન ત્યાગ કરવાં, ઈંદ્રિયજીત થવું, અક્રોધી થવું; નિષ્કામી, નિર્લોભી થવુ; કોઈના પર બળાત્કાર કરવો નહીં, કોઈને ગાળ દેવી નહીં, કોઈનામાં ખોટા દોષ કાઢવા નહીં, ન્યાયી થવું તથા પોતે સ્ત્રી કેવી સાથે અને કેટલી સાથે લગ્ન કરવાં (એક કરતાં વધારે કરવાનું નિશેધ્યું છે.) અને તેણીએ રાજ્યની ધણીઆણી થવાને કેવી રીતે કેળવણી લેવી, કેવી રીત, લોકપ્રીય થવું, તથા રાજાએ અંતઃપૂર તથા સંસાર કામમાં કેટલો વખત ગાળવો, એ સર્વે યથાયોગ્ય વર્ણવ્યું છે. તે સર્વે લખતાં પાર આવે નહીં. પણ તેણે રાજ્ય ચલાવવાને પોતાના હાથ નીચે કેવી પ્રકૃતિની માણસોની પોતાને સહાય કરવા યોજના કરવી, તે જ્યાં વર્ણવેલું તેનો સંક્ષેપ ઉતારો અત્રે કરવામાં આવે છે.

श्लोक.

मौलानशास्त्रविदः शूरान् लब्धलक्षान्कुलोद्गतान् ॥

सचिवान्सप्तचाष्टोवा प्रकुर्वीतपरीक्षितान् ॥५४॥

---

* મનુસ્મૃતિમાં બ્રાહ્મણની વ્યાખ્યા, જે, પરબ્રહ્મને જાણે છે એટલે તત્વનો જ્ઞાની છે, તેને બ્રાહ્મણ કહ્યો છે. પણ (ડાબી ખાંધે જનોઇ હોય ને વેદ ભણ્યા હોય તેને પણ બ્રાહ્મણ સંજ્ઞા નથી. મતલબ બ્રહ્મવેત્તા હોય તેનેજ બ્રાહ્મણ કહેવો.)

અર્થ—મૌલાન (જેના પૂર્વજોથીજ રાજ્યકારભાર ચાલતો આવેલો) એવા શાસ્ત્ર જાણનારા, શૂરા, લબ્ધ લક્ષી (ધાર્યું નિશાન મારનારા.) અને કુલીન, એવા ૭ કે ૮ મંત્રી પરીક્ષા કરીને રાજાએ રાખવા ॥ ૫૪ ॥.

શ્લોક.

तैः सार्द्धंचिंतयेन्नित्यं सामान्यंसंधिविग्रहम् ॥
स्थानंसमुदयंगुप्तिं लब्धप्रशमनानिच ॥५६॥

અર્થ—સંધિ, વિગ્રહ (સલાહ અને લડાઈ) વિષે, સ્થાન (ફોજ, કોષ, પૂર, રાજ્ય) સમુદય, (ઊપજ) રક્ષણ વિષે અને સંગ્રહ કરેલી સમૃદ્ધિનું સત્પાત્રે દાન કરવા વિષે, વિચાર, ઊપર કહેલા ગુણના સચિવ સાથે રાજાએ કરવા. ॥ ૫૬ ॥

શ્લોક.

तेषांस्वंस्वमभिप्राय मुपलभ्यपृथक्पृथक् ॥
समस्तानांचकार्येषु विदध्याद्धितमात्मनः ॥५७॥

અર્થ—તેમના સર્વના પ્રથક પ્રથક અભિપ્રાય લેઈ અને પછી તેને એકઠા કરી તેની તુલના કરવી, ત્યાર પછી જે વિશેષ હિતકારક દિસે તે પ્રમાણે કામ કરવું ॥ ૫૭ ॥.

શ્લોક.

अन्यानापिप्रकुर्वित शुचीन्प्राज्ञानवस्थितान् ॥
सम्यगर्थसमाहर्तॄ नमात्यानुसुपरीक्षितान् ॥६०॥

અર્થ—એ વિના બીજા કારભારી પણ કરવા, તેઓ પવિત્ર, જ્ઞાની, સન્માર્ગે ધન મેળવનારા, અને પરીક્ષા કરેલા જોઇએ ॥ ૬૦ ॥

શ્લોક.

निवर्तेतास्ययावद्भि रितिकर्तव्यतानृभिः ॥
तावत्तोऽतंद्रितान्दक्षान् प्रकुर्वितविचक्षणान् ॥६१॥

અર્થ—આળસ વિનાના, કામ કરવામાં કુશળ, અને હોંશવાળાં

એવાં, કામ સિદ્ધ કરવામાં જેટલા જોઈએ તેટલાં મનુષ્ય રાખ-
વાં. ૫. ૬૧ ॥

श्लोक.

दूतंचैवप्रकुर्वित सर्वशास्त्रविशारदं ॥
इंगिताकारचेष्टज्ञं शुचिंदक्षंकुलोद्भतं ॥६३॥

અર્થ—સર્વ શાસ્ત્ર જાણનારા, બોલવાથી, મૂખ ચર્યા ઉપરથી મનમાંના અભિપ્રાય જાણી જાય, એવા પવિત્ર, ચતુર, અને કુલીન, એવાને દૂત (પરરાજ્યનો રહેનાર વકીલ અને બાતમીદાર) કરવા. ॥ ૬૩ ॥

श्लोक.

अनुरक्तः शुचिर्दक्षः स्मृतिमान्देशकालवित् ॥
वपुष्मान्वीतभीर्वाग्मी दूतोराज्ञः प्रशस्यते ॥६४॥

અર્થ—સ્વામીના મત પ્રમાણે ચાલનારા, પવિત્ર, ડાહ્યા, સ્મૃતિવાન, દેશકાળના જાણનારા, રૂપવાન, ભય ન ધરી બોલનારો એવા રાજ દૂત વખણાય છે.

श्लोक.

अमात्येदंडआयत्तो दंडेवैनयिकीक्रिया ॥
नृपतौकोशराष्ट्रेच दूतेसंधिविपर्ययौ ॥६५॥

અર્થ—દંડ કરવાનું કામ દંડ દેનાર કારભારીને સોંપવું, સેનાદિનું કામ સેનાપતિને સ્વાધીન કરવું. કોશ (ખજાનો) અને રાજ્યદેશ પોતે પોતાને સ્વાધીન રાખવાં, અને સંધિ, વિગ્રહ, દૂતને સ્વાધીન રાખવાં. ॥ ૬૫ ॥

કેવા દેશમાં રાજાએ વસવું તે વિષે:—

श्लोक.

जांगलंसस्यसंपन्न मार्यप्रायमनाविलं ॥
रम्यमानतसामंतं स्याजीव्यंदेशमावसेत् ॥६९॥

અર્થ—બહુ ધાન્યવાળા, સદ્‌ગુણી મનુષ્ય વસ્તાં હોય એવા, નિરોગી, ફુલફળ ઝાડવેલથી મનહર અને પર્વત જેમાં છે, એવા ઉપ-તરવાળા દેશમાં રાજાએ વસવું.

શ્લોક.

धनुर्दुर्गंमहीदुर्गं मब्दुर्गंवार्क्षमेववा ॥
नृदुर्गंगिरिदुर्गंवा संमाश्रित्यवसेत्पुरम् ॥७०॥

અર્થ—વીશ જોજન ફરતા મેદાનવાળાં, કીલ્લાવાળાં, માતીના કીલાવાળાં, જલદુર્ગ (પાણીના કીલા એટલે ખાઈ) વાળાં, વૃક્ષ દુર્ગવી-ળાં, નૃદુર્ગ=ફોજના કીલાવાળાં, ગિરિદુર્ગ=પર્વતના કીલા વાળાં, જેમાં પાક પાણી પુષ્કળ એવાં પુરમાં રાજ્યધાની કરી રાજાએ વસ-વું. ॥ ૭૦ ॥

શ્લોક.

तत्स्यादायुधसंपन्नं धनधान्येनवाहनैः ॥
ब्राह्मणैःशिल्पिभिर्यंत्रै र्यवसेनोदकेनच ॥७१॥

અર્થ—આયુધ, ધન, ધાન્ય, વાહન, બ્રાહ્મણ, (જ્ઞાની લોક) શિલ્પી, (કારીગર) યંત્ર, ઘાસ પાણીએ કરી તે ભરપૂર રાખ-વાં. ॥ ૭૫ ॥

શ્લોક.

तस्यमध्येसुपर्याप्तं कारयेद्गृहमात्मनः ॥
गुप्तंसर्वर्तुकंशुभ्रं जलवृक्षसमन्वितम् ॥७६॥

અર્થ—તે કીલ્લામાં પોતાને વસવા સારૂ એક રાજગૃહ, સર્વ ઋતુમાં અનુકૂળ પડે તેવું બાંધવું. તેમાં જૂદા જૂદા ખંડ કરવા અને તે શુભ્ર (ચકચકિત), જળ અને વૃક્ષે શોભીતું રાખવું. ॥ ૭૬ ॥

શ્લોક.

तदध्यासोद्वहेद्भार्यां सवर्णांलक्षणान्वितां ॥
कुलेमहतिसंभूतां हृद्यांरूपगुणान्वितां ॥७७॥

અર્થ—એવા મહાલયમાં રહેવું. અને પછી સમાન વર્ણની, (શુભસૂચક) લક્ષણવાળી, મહા કુળવાન, મનોહર, રૂપવંતી અને ગુણવંતી એવીજ સ્ત્રી સાથે લગન કરવું. ॥ ૭૭ ॥

પ્રજા સાથે વળી કેમ વર્તવું તે વિષે તથા કર વગેરે વસુલ આવે તેનુ સાર્થક શી રીતે કરવું તે વિષે.—

श्लोक.

सांवत्सरिकमाप्तैश्च राष्ट्रादाहारयेद्वलिं ॥
स्याच्चाम्नायपरोलोके वर्त्तेतपितृवन्नृषु ॥८०॥

અર્થ—સાંવત્સરી કર, આખા દેશમાંથી આપ્ત (કલેકટર) હસ્તે એકઠો કરવો, તેમ કરતાં શાસ્ત્રાજ્ઞા પ્રમાણે વર્તવું, અને પ્રજા સાથે પિતા પ્રમાણે ચાલવું. ॥ ૮૦ ॥

श्लोक.

अध्यक्षान्विविधान्कुर्या त्तत्रतत्रविपश्चितः ॥
तेऽस्यसर्वाण्यवेक्षेर न्नृणांकार्याणिकुर्वताम् ॥८१॥

અર્થ—કામમાં કુશળ એવા જૂદા જૂદા અધ્યક્ષ (જ્યાં જ્યાં જોઈએ) ત્યાં, ત્યાં કરવા; અને તે રાજાના બીજા કામ કરનાર ઉપર નજર રાખે. ॥ ૮૧ ॥

પ્રજાનું રંજન એમાંજ રાજાનો યશ છે.

श्लोक.

युक्तः प्रजानमनुरंजनेस्या स्तस्माद्यशोयत्परमंधनंवः.

उत्तर राम चरित्र.

અર્થ—રાજાનું ધન અને રાજાનો યશ, પ્રજાનું રંજન એટલે કલ્યાણ કરવામાંજ છે.

श्रुताध्ययनसंपन्न धर्मज्ञासत्यवादिनः ॥
राज्ञासमासरः कार्या रिपौमित्रेचयेसमाः ॥

અર્થ—જેણે બહુ સાંભળ્યું હોય, જેણે બહુ અધ્યયન કર્યું

હોય, ધર્મ જાણનારો હોય, તથા જે સત્યવાદી હોય અને જે શત્રુ અને મિત્ર એઓને સમાનગણી ન્યાયે વર્ત્તે એવો હોય, તેવાને સભાસદ એટલે કારભારી કરવો.

મિલ્ટન નામનો અંગ્રેજી કવિ કહે છે જે:—

Deep on his front engraven,
Deliberation sat & public care
And prince Counsel in his face
Shown majestic.

અર્થ—જેનાં મુખ ઊપરજ વિચાર, અને લોક ચિંતા સજ્જડ બીરાજી રહી છે અને જેના દેખાવમાં રાજ્ય ચિંતા સંપૂર્ણ ગંભિરતા દેખાડે છે; એવા કારભારી જોઈએ.

વળી પોપ કવિ કહે છે.

Statesman, yet friend to truth, of soul sincere
In action, faithful and in honor clear,
Who broke no promise, served no private end,
Who gained no title and who lost no friend.
Ennobled by himself, by all approved.
Praised, wept and honored by the Muse he loved.

અર્થ—સત્યની સાથે જેનો સ્નેહ છે અને અંતઃકરણ જેનું પવિત્ર છે, જેનાં કર્મ વિશ્વાસુ, અને જેની આબરૂ નિર્મળ, જેણે વચન ભંગ કર્યું નથી, જેણે પોતાનો સ્વાર્થ સાધ્યો નથી, જેણે કોઈ પદ મેળવ્યું નથી, કે જેને કોઇ મિત્રની ક્ષીણતા થઈ નથી, જે પોતાનાજ કૃત્યથી મહત્તા પામ્યો, અને જેનાં કૃત્ય સર્વ માન્ય, જેનાં પ્રેમભ કાવ્યથીજ જેની વખાણ, જેને વિષે (મૂઆ પછી) અશ્રુપાત તથા પ્રતિષ્ઠા આપોઆપ મળે છે; તેવા કારભારી જોઇએ.

રાજાએ કેમ વર્ત્તવું તે વિષે વળી કહ્યું છે.

શ્લોક.

पात्रस्याहिविशेषेण श्रद्धधानस्तथैवच ॥
अल्पंवाबहुवाप्रेत्य दानस्यायाप्यतेफलम् ॥८६॥

અર્થ—શ્રદ્ધાથી થોડું કે ઘણું દાન આપ્યું હોય, તેનુ ફળ તો થાયજ, પણ તે સત્પાત્રને આપ્યું હોય તો તેનું વિશેષ ફળ પ્રાપ્ત થાય છે. ॥ ૮૯ ॥

श्लोक.

अलब्धंचैवलिप्सेत लब्धंरक्षेत्प्रयत्नतः ॥
रक्षितंवर्द्धयेच्चैव वृद्धंपात्रेषुनिः क्षिपेत् ॥९९॥

અર્થ—જે નહીં મળ્યું હોય તે મેળવવા યત્ન કરવો, મળેલાને પ્રયત્નથી સંભાળી રાખવું, સંભાળી રાખ્યું હોય તેને વધારવું (સત્માર્ગે) અને વધેલું સત્પાત્ર જોઇને આપવું. ॥ ૯૯ ॥

श्लोक.

यथोध्धरतिनिर्दाता कक्षंधान्यंचरक्षति ॥
तथारक्षेनृपोराष्ट्रं हन्याश्चपरिपंथिनः ॥११०॥

અર્થ—જેમ ખેતી કરનાર ધાન્યનું રક્ષણ કરે છે, અને તૃણને ઊખેડી નાંખે છે, તેમ રાજાએ પોતાનાં રાજ્યમાં જે દુષ્ટ હોય તેને હણવા અને સુપ્રજાનું રક્ષણ કરવું.

श्लोक.

मोहाद्राजास्वराष्ट्रंयः कर्षयत्यनवेक्षया ॥
सोऽचिराद्भ्रश्यतेराज्या ज्जीविताच्चसबांधवः ॥१११॥

અર્થ—જે રાજા મોહથી (પોતાનાં અજ્ઞાનથી) પોતાનાં રાજ્યમાં પીડા કરે છે, તે તત્કાળ રાજ્યથી ભ્રષ્ટ થઈ પોતાનાં કુટુંબ સહિત સમૂળો નાશ પામે છે. ॥ ૧૧૧ ॥

श्लोक.

शरीरकर्षणात्प्राणाः क्षीयंतेप्राणिनांयथा ॥
तथाराज्ञामपिप्राणः क्षीयंतेराष्ट्रकर्षणात् ॥११२॥

અર્થ—શરીરને પીડા થયાથી જેમ પ્રાણનો ક્ષય થાય છે, તેમ

રાજ્યને (પ્રજાને) પીડા થયાથી રાજ્ય નાશ પામે છે. (એટલે રાજાએ શરીર પ્રમાણે રાજ્યનું રક્ષણ કરવું.) ॥ ૧૧૨ ॥

શ્લોક.

नोच्छिंद्यादात्मनोमूलं परेषांचातितृष्णया ॥
उच्छिंदन्ह्यात्मनोमूल मात्मानंतांश्चपीडयेत् ॥१३९॥

અર્થ—(કર મૂળગો ન લેઈ) રાજાએ પોતાનાં મૂળ છેદવાં નહીં, તેમ અતિલોભે કરી પ્રજાનું મૂળ છેદવું નહીં. પોતાનાં મૂળ તથા તેમનાં (પ્રજાનાં) મૂળ છેદ્યાથી બન્નેને પીડા થાય છે. ॥ ૧૩૯ ॥

શ્લોક.

तीक्ष्णश्चैवमृदुश्चस्या त्कार्यंवीक्ष्यमहीपतिः ॥
तीक्ष्णश्चैवमृदुश्चैव राजाभवतिसंमतः ॥१४०॥

અર્થ—કામ જોઇને રાજાએ કઠીણ કે કોમળ થવું, રાજા કઠણ કે કોમળ યોગ્ય રીતે થાય તો તે પ્રજાને ગમતો થાય છે. ॥ ૧૪૦ ॥

શ્લોક.

क्षत्रियस्यपरोधर्मः प्रजानामेवपालनं ॥
निर्दिष्टफलभोक्ताहि राजाधर्मेणयुज्यते ॥१४४॥

અર્થ—પ્રજાનું પાલણ કરવું એ રાજાનો મુખ્ય ધર્મજ છે, અને જે કર લે છે અને ભોગવે છે, તે રાજા તો પ્રજાનું પાલણ કરવાને બંધાયલોજ છે. ॥ ૧૪૪ ॥

આઠમા અધ્યાયમાંથી.—

શ્લોક.

व्यवहारानुदिदृक्षुस्तु ब्राह्मणैः सहपार्थिवः ॥
मंत्रज्ञैर्मंत्रिभिश्चैव विनीतः प्रविशेत्सभाम् ॥१॥

અર્થ—વ્યવહારના (એટલે પ્રજા વચ્ચે માંહોમાંહે નાના પ્રકારના સંદેહ ઉત્પન્ન થાય) ઇચ્છનાર રાજાએ પોતાના મંત્રજ્ઞ (યંયાન્યાય સ-

લાહ આપી શકે એવા) મંત્રી સહિતવિનીત (નમ્ર, ગંભીર) થઇને સભામાં જવું. ॥ ૧ ॥

श्लोक.

तत्रासीनः स्थितोवापि पाणिमुद्यम्यदक्षिणम् ॥

विनीतवेषाभरणः पश्येत्कार्याणिकार्यिणाम् ॥

અર્થ—ત્યાં બેસીને, અથવા ઉભાં રહીને, જમણો હાથ લંબાવી અનુકુળ વેશ અને અલંકાર ધારણ કરી, પક્ષકારોનાં કામોની તપાસ કરવી. ॥ ૨ ॥

श्लोक.

यदास्वयंनकुर्यात्तु नृपतिः कार्यदर्शनम् ॥

तदानियुंज्याद्विद्वांसं ब्राह्मणंकार्यदर्शने ॥९॥

અર્થ—(કંઈ બીજાં વિશેષ અગત્યનાં કામને લીધે) રાજાથી પોતે વ્યવહાર કાર્ય (ન્યાય) કરવાનું ન બની શકે તો, તે કરવા એક વિદ્વાન પુરૂષને યોજવો. ॥ ૯ ॥

श्लोक.

सोऽस्यकार्याणिसंपश्य न्सभ्यैरेवत्रिभिर्वृतः ॥

सभामेवप्रविश्याग्र्या मासीनः स्थितएववा ॥१०॥

અર્થ—(ધર્મજ્ઞ) ત્રણ સભા સદ સહિત તે વિદ્વાન પુરૂષે બેસીને અથવા ઊભાં રહીને સર્વ કામ ચલાવવાં. ॥ ૧૦ ॥

श्लोक.

धर्मोविद्धस्त्वधर्मेण सभांयत्रोपतिष्टते ॥

शल्यंचास्यनकृतं तिविध्धास्तत्रसभासदः ॥१२॥

અર્થ—જે સભામાં અધર્મથી વિંધાયલો ધર્મ (ન્યાય) આવે છે અને સભા સદો તેને વાગેલા શલ્ય (અધર્મ રૂપીતીર) કાઢતા નથી તો તે સભાસદનેજ વિંધે છે. ॥ ૧૨ ॥

यत्रधर्मोह्यधर्मेण सत्यं यत्रानृतेनच ॥
हन्यते प्रेक्ष्यमाणानां हता स्तत्र सभासदः ॥ १४ ॥

અર્થ—જ્યાં અધર્મથી ધર્મ હણાય છે, અસત્યથી સત્ય હણાય છે, અને જે ન્યાયધીશ જોયાં કરે છે તે ન્યાયાધીશનો પણ નાશ થાય-છે. ॥ १४ ॥

श्लोक.

एकएवसुहृद्धर्मो निधनेप्यनुयातियः ॥
शरीरेणसमंनाशं सर्वमन्यधिगच्छति ॥१७॥

અર્થ—ધર્મ એજ એક ખરો મિત્ર છે; તે મરણ પછી પણ સાથે આવે છે, બીજાં સર્વ (પુત્ર, ઇત્યાદિ) શરીરની સાથે નાશ પામે છે. (માટે સર્વે કરતાં ધર્મને વધારે ગણાવો.) ॥ १७ ॥

श्लोक.

पादोधर्मस्यकर्त्तारं पादःसाक्षिणमृच्छति ॥
पादः सभासदः सर्वान् पादोराजानमृच्छति ॥१८॥

અર્થ—(અન્યાય અથવા અધર્મ થાય તો તે) અધર્મના પાપનો ચોથો ભાગ અધર્મ કરનારના ઊપર, ચોથો ભાગ સાક્ષી ઊપર, ચોથો ભાગ સભાસદ ઊપર અને ચોથો ભાગ રાજા ઉપર પડે છે. ॥ १८ ॥

श्लोक.

अनुबंधंपरिज्ञाय देशकालौचतत्वतः ॥
सारापराधौचालोक्य दंडंदंड्येषुपातयेत् ॥१२६॥

અર્થ—એવાને એવા અપરાધ કેટલી વાર કર્યા છે, તે દેશકાળ, અપરાધીનું (ધન આપવાનું કે શરીરે સહેત કરવાનું) સામર્થ્ય, અને અપરાધ (નાનો મોટો) કેવો છે તે, એ આદિ નિશ્ચય કરી દંડ્ય (દંડ કરવા યોગ્ય) હોય તેને દંડ કરવો. ॥ १२६ ॥

११

श्लोक.

अधर्मदंडनंलोके यशोघ्नंकीर्तिनाशनं ॥

अस्वर्ग्यंचपरत्रापि तस्मात्तत्परिवर्जयेत् ॥१२७॥

અર્થ—દંડ કરતાં અધર્મ થાય છે તો તે કરનારના યશનો (જીવતાં) નાશ થાય છે અને મરણ પછી તેની કીર્તિનો નાશ થાય છે; અને સ્વર્ગે જાતાં પ્રતિબંધ થાય છે, માટે અધર્મી દંડનો જેમ બને તેમ ત્યાગ કરવો. ॥ ૧૨૭ ॥

श्लोक.

अदंड्यान्दंडयन्राजा दंड्यांश्चैवाप्यदंडयन् ॥

अयशोमहदाप्नोति नरकंचैवगच्छति ॥१२८॥

અર્થ—અદંડ્ય (દંડ કરવા યોગ્ય ના હોય તે) ને દંડ્યા, અને દંડ્યને દંડ ન કર્યાથી, રાજાની જીવતાં મહા અપકીર્તિ થાય છે અને મરણ પછી તે રાજા નરકે જાય છે. ॥ ૧૨૮ ॥

श्लोक.

स्वादानाद्वर्णसंसर्गा त्त्वबलानांचरक्षणात् ॥

बलंसंजायतेराज्ञः सप्रेत्येहचवर्धते ॥१७२॥

અર્થ—ન્યાયથી ધન લીધાથી, ન્યાય ચલાવ્યાથી, દુર્બળનું રક્ષણ કર્યાથી, રાજાનું બળ વધે છે અને તેની આ લોકમાં અને પરલોકમાં વૃદ્ધિ થાય છે. ॥ ૧૭૨ ॥

श्लोक.

तस्माद्यमइवस्वामी स्वयंहित्वाप्रियाप्रिये ॥

वर्त्तेतयाम्ययावृत्या जितक्रोधोजितेंद्रियः ॥१७३॥

અર્થ—માટે રાજાએ ક્રોધને અને ઇંદ્રિઓને વશ રાખી યમની પેઠે પ્રીય અપ્રીય ત્યાગ કરી સર્વત્ર સામ્યરૂપ (એટલે એક ન્યાયની દૃષ્ટિએ) વર્તવું. ॥ ૧૭૩ ॥

श्लोक.

योऽरक्षन्बलिमादत्ते करंशुल्कंचपार्थिवः ॥

प्रतिभागंचदंडंच ससद्योनरकंव्रजेत् ॥३०७॥

અર્થ—જે (રાજા, પ્રજાનું) રક્ષણ કરતો નથી, અને બલી (ધાન્યમાં ભાગ આદિ વાર્ષિક ખેતી કરનાર પાસેથી કર) લે છે, શુલ્ક (જળ સ્થળ ઉપર વ્યાપાર કરનાર ઊપરનો કર) લે છે. પ્રતિભાગ (ફળ, ફૂલ, શાક, આદિ વાડિઓ વાળા પાસેથી નિત્ય) લે છે, અને જે દંડ લે છે તે (રાજા) સદ્ય નરકે જાય છે. ॥ ૩૦૭ ॥

श्लोक.

पिताचार्यः सुहृन्माता भार्याः पुत्रपुरोहितः ॥

नादंड्योनामराज्ञोऽस्तियः स्वधर्मेनतिष्ठति ॥३३५॥

અર્થ—પોતાના પિતા, આચાર્ય, મિત્ર, માતા, સ્ત્રી, પુત્ર, પુરોહિત (ગોર) હોય, પણ તે જો સ્વધર્મ પ્રમાણે ચાલતા ન હોય તો તેને રાજાએ દંડ ન દેવો એમ નથી, અર્થાત્ તેમને પણ દંડ દેવો.

श्लोक.

कार्षापणंभवेद्दंड्यो यत्रान्यःप्राकृतोजनः ॥

तत्रराजाभवेद्दंड्यः सहस्रमितिधारणा ॥३३६॥

અર્થ—જે અપરાધ કર્યાથી સાધારણ મનુષ્ય જે દંડને યોગ્ય થાય છે, તેજ અપરાધ જો રાજા કરે તો તે રાજા તેથી હજારગણા દંડને પાત્ર થાય છે. ॥ ૩૩૬ ॥

श्लोक.

शस्त्रंद्विजातिभिर्ग्राह्यं धर्मोयत्रोपरुध्यते ॥

द्विजातिनांचवर्णानां विप्लवेकालकारिते ॥३४८॥

અર્થ—જ્યાં ધર્મનો બળવડે નાશ થતો હોય (જ્યાં અધર્મ થતો હોય) અને જ્યાં કાળે કરી દ્વીજ જાતિ ઊપર દુઃખ પડતું હોય ત્યાં, બ્રાહ્મણ, ક્ષત્રી, અને વૈશ્ય શસ્ત્ર લઈ નીકળી પડવું. ॥ ૩૪૮ ॥

નવમાં અધ્યાયમાંથી.

श्लोक.

स्वाम्यमात्यौपुरंराष्ट्रं कोशदंडौसुहृत्तथा ॥

सप्तप्रकृतयोह्येताः सप्तांगंराज्यमुच्यते ॥२९४॥

અર્થ—રાજા, મંત્રી, રાજ્યધાની, અને દેશ (આખી પ્રજા), કોશ, સેના, (હાથી, ઘોડા, રથ, પાયદલ ઇત્યાદિ) અને મિત્ર, એ રાજ્યની સાત પ્રકૃતિઓ (ઇંદ્રિઓ) છે અને તે ઊપરથી તે રાજ્યનાં સપ્તાંગ (સાત અંગ) કહેવાય છે ॥ ૨૯૪ ॥

श्लोक.

सप्तांगस्येहराजस्य विष्टब्धस्यत्रिदंडवत् ॥

अन्योन्यगुणवैशेष्यान्नकिंचिदतिरिच्यते ॥२९६॥

અર્થ—એ રાજ્યનાં સાત અંગ, તે એકઠા કરેલા ત્રિદંડ (સન્યાસીને ઝાલવાના દંડ) જેવા છે, જો પણ પરસ્પર તેમનાં કામ જૂદાં જૂદાં છે; તોપણ તે સાત અંગમાંથી કોઈ અધિક ન્યુન નથી. ॥ ૨૯૬ ॥

श्लोक.

आरभेतैवकर्माणि श्रांतः श्रांतः पुनः पुनः ॥

कर्माण्यारभमाणंहि पुरुषंश्रीर्निषेवते ॥३००॥

અર્થ—(કોઇ કામમાં) નિરાશને નિરાશ થવાય તોપણ તે ફરી ફરી આરંભવું, કેમકે જે પુરૂષ વારંવાર આરંભે છે, તેનું ભાગ્ય ઊદય થાય છેજ. ॥ ૩૦૦ ॥

श्लोक.

कृतंत्रेतायुगंचैव द्वापरंकलिरेवच ॥

राज्ञोवृत्तानिसर्वाणि राजाहियुगमुच्यते ॥३०१॥

અર્થ—સત્ય, ત્રેતા, દ્વાપર, અને કલી એ યુગ છે, તે સર્વે રાજાના આચરણ ઉપર આધાર રાખે છે; રાજા એજ યુગ છે. (સત્ય આદિ જ્યાં વિશેષ ચાલે ત્યાં સત્યયુગ સમજવો; ઇત્યાદિ). ॥ ૩૦૧ ॥

श्लोक.

कलि: प्रसुप्तोभवति सजाग्रद्द्वापरंयुगम् ॥

कर्मस्वभ्युद्यतस्त्रेता विचरंस्तुकृतंयुग: ॥३०२॥

અર્થ—(અજ્ઞાન અને આળસ આદિથી નિરૂદ્યમી રાજા જ્યાં હોય એટલે) સૂતેલો રાજા હોય તો કલિયુગ સમજવો; જાગતો રાજા હોય (પણ કશું કામ કરે નહીં) તો દ્વાપર યુગ સમજવો, કામ કરતો રાજા હોય તો ત્રેતાયુગ સમજવો; અને (સદ્ગુણ અને ન્યાયથી એટલે) શાસ્ત્ર પ્રમાણે રાજા કામ કરતો હોય તો કૃત (સત્યયુગ) સમજવો. ॥ ૩૦૨ ॥

श्लोक.

इंद्रस्यार्कस्यवायोश्च यमस्यवरुणस्यच ॥

चंद्रास्याग्नेः पृथिव्याश्च तेजोवृतंनृपश्चरेत् ॥३०३॥

અર્થ—ઈંદ્ર, સૂર્ય, પવન, યમ, વરૂણ, ચંદ્ર, અગ્નિ અને પૃથ્વીના ગુણ અને શક્તિ રાજાએ અનુસારવાં. ॥ ૩૦૩ ॥

श्लोक.

वार्षिकांश्चतुरोमासान् यथेंद्रोऽभिप्रवर्षति ॥

तथाभिवर्षेत्स्वराष्ट्रं कामैरिंद्रवृतंचरन् ॥३०४॥

અર્થ—જેમ ચાતુર્માસમાં ઈંદ્ર વૃષ્ટિ કરે છે, તેમ પોતાના રાજ્યમાં રાજાએ ઈંદ્રની પેઠે સર્વની અભિલાષા પૂરવી. ॥ ૩૦૪ ॥

श्लोक.

अष्टौमासान्यथादित्य स्तोयंहरातिरश्मिभिः ॥

तथाहरेत्करंराष्ट्रा न्नित्यमर्कव्रतंहितत् ॥३०५॥

અર્થ—જેમ કીરણ વડે સૂર્ય આઠ માસ પાણી લે છે તેમ (પીડા કર્યા વિના શાસ્ત્ર પ્રમાણે) રાજ્યમાંથી રાજાએ કર લેવો. ॥ ૩૦૫ ॥

श्लोक.

प्रविश्यसर्वभूतानि यथाचरतिमारुतः ॥

तथाचारैः प्रवेष्टव्यं व्रतमेताद्धिमारुतम् ॥३०६॥

અર્થ—જેમ પવન સર્વે સ્થળે વ્યાપી રહે છે તેમ રાજાએ પોતાના ચાર (બાતમીદાર) દ્વારાએ પવનની પેઠે વ્યાપી રહેવું. (એટલે સર્વ વાત જાણવામાં આવે). ॥ ૩૦૬ ॥

શ્લોક.

यथायमः प्रियद्वेष्यो प्राप्तेकालेनियच्छति ॥

तथाराज्ञानियंतव्याः प्रजास्तद्धियमव्रतम् ॥३०७॥

અર્થ—જેમ કાળ આવ્યેથી જમ શત્રૂને અને મિત્રને લઈ જાય છે, તેમ અપરાધીનો ન્યાય રાજાએ કરવો. (તેમ કરતાં જમની પેઠે શત્રુ મિત્ર જોવા નહીં. ॥ ૩૦૭ ॥

શ્લોક.

वरुणेनयथापाशै र्बद्धएवाभिदृश्यते ॥

तथापापान्निगृण्हीया द्व्रतमेताद्धिवारुणं ॥३०८॥

અર્થ—જેમ પાશ વડે વરૂણ બાંધે છે તેમ પાપીઓને રાજાએ બાંધવા. ॥ ૩૦૮ ॥

શ્લોક.

परिपूर्णयथाचंद्रं दृष्ट्वाहृष्यंतिमानवाः ॥

तथाप्रकृतयोयस्मि न्सचांद्रवृतिकोनृपः ॥३०९॥

અર્થ—જેમ પરિપૂર્ણ ચંદ્રમાને જોઈ મનુષ્યો પ્રસન્ન થાય છે, તેમ પ્રધાન અને પ્રજા આદિ જે રાજાને (તેના સદ્ગુણને લીધે) જોઈ પ્રસન્ન થાય, તે રાજા ચંદ્રના ગુણવાળો જાણવો. ॥ ૩૦૯ ॥

શ્લોક.

प्रतापयुक्तस्तेजस्वी नित्यंस्यात्पापकर्मसु ॥

दुष्टसामंतहिंस्रश्च तदाग्नेयंवृतंस्मृतं ॥३१०॥

અગ્નિના ગુણ પ્રમાણે પાપ કર્મ કરનાર અને પ્રતિકુલ પ્રધાન ઉપર સદાય પ્રતાપયુક્ત, તેજમાન, અને નાશ કરનાર જેવા થવું. ॥ ૩૧૦ ॥

श्लोक.

यथासर्वाणिभूतानि धराधारयतेसमम् ॥

तथासर्वाणिभूतानि बिभ्रतः पार्थिवंव्रतम् ॥३११॥

અર્થ—જેમ સર્વ ભૂત માત્રને (નીચ, ઊંચ, સ્થાવર, જંગમ આદિ સર્વેને) પૃથ્વી સમ રીતે ધારણ કરે છે, તેમ (ધનવાન, નિર્ધન, ગુણી, અગુણી આદિ) સર્વ પ્રજાનું રાજાએ (અંતર ગણ્યા વિના) સમ રીતે રક્ષણ કરવું. ॥ ૩૧૧ ॥

વળી રાજા પોતે સર્વ વિદ્યા તત્વના તથા કળા કૌશલ્યનાં તત્વનાં સારી પેઠે જ્ઞાની હોવા જોઈએ, તેણે કરીને કોઈ સ્વાર્થી કારભારી કે સુમંત ઊંધું છતું સમજાવી ઠગી ન શકે, તેમજ તેણે કરીને તે બીજાના ગુણની પરીક્ષા કરી કૃતઘ્નીને યથા યોગ્ય દંડ કરે. પોતે ગુણી હોય તો પારકાના ગુણની પરીક્ષા કરી તે પ્રમાણે તેની સાથે વર્તે અને પોતે સદ્ગુણથી વર્તી પ્રજા વગેરેને દૃષ્ટાંત લેવાની અનુપમ મૂર્તિ જેવા ગણાય. તે વિષે કહ્યું છે.

भगवद्गीतामां कह्युं छे.

यद्यदाचरतिश्रेष्ठ स्तत्तदेवतरोजनः ॥

सयत्प्रमाणंकुरुते लोकस्तदनुवर्त्तते ॥१॥

અર્થ—જે પ્રમાણે શ્રેષ્ઠ લોકો વર્તે છે તે પ્રમાણે બીજા લોકો પણ ચાલે છે. શ્રેષ્ઠ લોક જે વાત પ્રમાણ કરે, તેજ લોકો પણ કરે છે.

શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી અર્જુન, શ્રી વિક્રમ વિદ્યાર્થી થઈ ઋષીઓની શાળામા ભણી ગણી પ્રવીણ થએલા હતા, તે, વાલ્મિક કૃત રામાયણ, શ્રીમદ્ભાગવત, ભગવદ્ગીતા તથા વિક્રમ ચરિત્રના અનેક ગ્રંથો છે, તે ઉપરથી માલમ પડે છે. તેઓ પોતાની પ્રજાને તે પ્રમાણે બોધ કરતા અને પોતે તે પ્રમાણે વર્તી લોકોને તેમ વર્તવાને દાખલા આપતા. ભોજ રાજા પોતે સારો વિદ્વાન હતો અને વિદ્વાનોને સારો આશરો આપતો. તે ભોજ પ્રબંધ વગેરે ગ્રંથોથી સ્પષ્ટ દિસે છે. તેના વારામાં કાલિદાસ કવિ,

મહા ચતુર તથા વિદ્વાન, કવિઓમાં શીરોમણી, તેના દરબારમાં હતો, તેણે ભોજ રાજાના ગુહ્ય પ્રશ્નોના તથા વાકચતુરતીના ઘણા કુશળ ઊત્તર દીધાછે.

ભોજ રાજા પોતાની પ્રજામાં હલકી વર્ણ વિદ્વાન થઈ હોય તો તેની કેવી વખાણ કરતો અને વિદ્વાનને કેવા ચાહાતા તે આ નીચેના શ્લોકથી સમજાશે.

શ્લોક.

पुत्रप्रियाभवेत्मूर्खः सपूराद्बहिरस्तुते ॥

कुंभकारोपियोविद्वान सतिष्टतुपूरेमम ॥१॥

અર્થ—મારો પ્રીય પુત્ર મૂર્ખ હોય તો તેને મારા નગર બહાર કાઢવો અને કુંભાર જો વિદ્વાન થયો હોય તો તેને મારાં નગરમાં વસવા દેવો. ॥ ૧ ॥

એ રીતે જે રાજા વિદ્વાન હોય તેની પ્રજા પણ વિદ્વાન થાય અને તે રાજા ઊપર પ્રેમ રાખી મગ્ન રહે અને તે પોતપોતાના ધંધામાં કુશળતા મેળવી સુખી થાય છે. વળી રાજા વિદ્વાન હોય તો વિદ્વાનની બુજ જાણે છે અને તેના હાથ નીચેના કારભારી મુત્સદી મહેતાઓની બરી બુજ જાણે છે. તેણે કરી હાથ નીચેના મુત્સદિ વર્ગ આદિ સર્વેને પોતપોતાનાં કામ ભરોસાથી તથા કૃતજ્ઞપણે કરવાને ઉમંગ છૂટે, અને રાજ્યમાં આણંદ આણંદ વ્યાપી રહે; પછી બીજું શું જોઈએ.

રાજા શૂરો તથા દેશપ્રીતિવાળો તથા સ્વાભિમાની જોઈએ. તેણે મલ્લવિદ્યા શીખવી, અને સુખ દુઃખનો અનુભવ લેવો કે રાજા પોતાની પ્રજા ઉપર અન્યાય તથા જુલમ કરતાં પોતાને દુઃખ પડેલાંનો અનુભવ લીધેલો હોય તેથી પારકાંને તેવાં દુઃખ નહી દેવાનું જ્ઞાન થઈ તેવું કરવાથી પોતે અટકે. જુઓ સિદ્ધરાજ જયસિંહે પોતે લોકોના દુઃખ ટાળવા અને સુખ કરવા અનેક જળાશય બંધાવી અક્ષય કીર્તિ મેળવી.

રાવદેસલ, કચ્છના રાજાએ જ્યાં પોતાની રૈયતને સુખ સાધનની જરૂર, તે કર્યાં, અને પોતે ઘણાં દુઃખમાં કેદમાં નાનપણમાં દિવસ કાઢ્યા હતા, તે જાણી સઘળાની બૂજ કરતો હતો. એક વખત એક સાધુ વડની મૂળી ઝલી દહાડો રાત ઊભો ઊભો તપ કરતો હતો તેને જોઈ તેને

પૂછ્યું જે, તું પૈસો મળવા, રાજ્ય મળવા, સિદ્ધિ મળવા, પુત્રદારા મળવા અગર મોક્ષ મળવા કરતો હોય તો મને પૃછ, પૈસાથી કેવું સુખ છે, રાજ્યથી કેવું સુખ છે, પુત્ર દારાથી કેવું સુખ છે, તે હું તને મને વીતેલું કહું. એમ કહી તેણે પોતાપર વીતેલી સઘળી વાત કહી, તેની ખાત્રી કરી આપી કે એ મળેથી સુખી થવાતું નથી, અને મોક્ષ તો સદ્‌ગુરૂસંગ તથા સુબોધ તથા સુનીતિથીજ મળે છે, એમ મોક્ષ નહીં મળે, માટે મૂળી છોડી દઈ સત્સંગ કર. એવું કહેતાં તેણે મૂળી છોડી દીધી.

એજ પ્રાંતમાં રાહપ્રાગમલજી તેનો પછી થઈ ગયા, તેમણે પોતે સારી રીતે વિદ્યાભ્યાસ કરી લોકોનાં કલ્યાણ માટે વિદ્યાશાળાએ સ્થાપી; ત્યાં લોકોને વિદ્યાભ્યાસ કરવાનું સુખ કરી આપ્યું; જમીન માપી રૈયતે કેટલું આપવું તે મુકરર કર્યું; માંડવીમાં જકાત કમી કરી, વહાણને માટે ડંકા તથા રસ્તા કર્યા; સડકો બંધાવી તથા હુનરો શીખવવા માટે પોતાના દેશમાં પરદેશથી હુનરીઓને બોલાવી પ્રજાને હુનર શીખવાનો પ્રારંભ કર્યો. સ્વભાવે તેઓ એવા ધીમા અને વિવેકી હતા કે કોઇનાં મન દુખાય એવું તે કરતા ન હતા. તેઓનાં યુવાવસ્થાનાં મરણથી તેમની પ્રજાના હકમાં બહુ નુકશાન થયું, નહીં તો તે પ્રજા વધારે સુખી થાત. તેમના યુવરાજ પણ તેવાજ સારા નીકળે એવો ભરોસો છે.

સાંમત કાળમાં ભાવનગરના ઠાકોર સાહેબ, વઢવાણના ઠાકોર સાહેબ, લીમડીના ઠાકોરસાહેબ, ધ્રાંગદ્રાના રાજસાહેબ, ઈડરના રાજા સાહેબ, ગોંડલના ઠાકોર સાહેબ, ત્રાવણકોરના રાજાસાહેબ, (જે હાલ મરણ પામ્યા) વગેરે સારા વિદ્વાન છે અને કારભારીઓ પણ શાસ્ત્રજ્ઞ રાખી પ્રજાને જેમ સુખ થાય તેમ યથાન્યાય વર્તે તેમ છે, તેથી ભવિષ્યમાં તેઓની પ્રજા સુખી થશે, એવાં ચિન્હ દિસે છે.

શૂરવીરના તથા દેશભક્તિના અનેક દાખલા આ દેશના પૂર્વેના રાજાઓ તથા રાજ વંશીઓના મળી આવે છે. પણ રજપૂતસ્થાનના એક પ્રતાપસિંહનો દાખલો અકબર બાદશાહના વખતનો બહુ હૃદયભેદક જાણી નીચે ટાંકિયો છે.

ટાડ સાહેબે રાજસ્થાન નામનો એક વિશાળ સુંદર ગ્રંથ લખ્યો છે, તેમાં લખે છે જે. “ અકબર બાદશાહે રાજ્યનીતિના સર્વભેદ, શામ દામ, દંડ આદિ કરીને કેટલાક રજપૂતોને પોતાના પક્ષમાં લઈ લીધા. ” (દ-

શીરાજ્ય પાનું ૫૦). પ્રતાપનું પ્રારબ્ધ પ્રતિકુળ હતું પણ તેના સદ્ગુણની સીમા નહતી. અકબર જેવો બાદશાહ પણ એના ગુણની ઈર્ષા કરતો. તેનો ખાનખાનાન નામનો સરદાર કહે છે કે, "પૃથ્વીમાં સર્વ ભ્રમિત છે, પણ પ્રતાપ નામ અચળ છે. પઠાએ સર્વે તજ્યું પણ નમ્યો નહીં, એ રજપૂતવંશને અતિ મહા શોભા આપે છે."

પરદેશી પરાક્રમી રાજાઓમાં "અલેક્ષાન્દર ધી ગ્રેટ," (મહાન શીકંદર બાદશાહ), મોટા પ્રતાપી તથા વિદ્વાન તત્વજ્ઞાની આરિસટોટલ પાસેથી વિદ્યા શીખી આખી પૃથ્વીનો ચક્રવર્તી રાજા થયો હતો, તેણે પ્રજાને તે સમય પ્રમાણે સુખી કરી હતી.

રોમન રાજ્યનો જુલીઅસ સીઝર પાદશાહ પોતે મોટો વિદ્વાન તથા અનેક રાજ્યનીતિનો તથા કાવ્યનો ગ્રંથ કર્ત્તા હતો. તેણે આખી જણાયેલી પૃથ્વી પર પોતાનું પ્રતાપી રાજ્ય સ્થાપ્યું હતું. તેના કાયદાની સત્તા તે જીંદગીનાં બીબાંથી ઓછી છે.

કલાડીઅન નામનો અંગ્રેજી કવિ લખે છે, જે રાજા તેવી પ્રજા.

The people are fashioned according to the example of their king, and edicts are of less power than the model his life exhibts. Claudian.

વિદ્વાન એક હીરો છે, પણ હીરા એકલા શા કામના, સોનામાં જડાય તો શોભે. રાજા તેમને આશ્રય આપે તો હીરા રૂપી વિદ્વાન શોભે છે. તે વિષે.

શ્લોક.

पयसाकमलंकमलेनपय: पयसाकमलेनविभातिसर: ॥
मणिनावलयंवलयेनमणि र्मणिनावलयेनविभातिकर: ॥

અર્થ—પાણી વડે કમળ અને કમળ વડે પાણી, પાણી વડે કમળ અને કમળ વડે સરોવર શોભે છે. મણી વડે કડું અને કડાં વડે મણી, તેમજ કડાં વડે હાથ શોભે છે.

श्लोक.

शशिनाचनिशानिशयाचशशि शशिनानिशयाचविभातिनभ: ॥
विभूनाचकविकविनाचविभू: विभूनाकविनाचविभातिसभा ॥

અર્થ—ચંદ્રવડે રાત્રી, રાત્રી વડે ચંદ્ર, ચંદ્ર તથા રાત્રી વડે આકાશ શોભે છે. રાજા વડે કવિ અને કવિવડે રાજા, અને રાજા તથા કવિ એઓ વડે સભા શોભે છે.

શેકસપીઅર, જે અંગ્રેજના કવિ, જે કાલિદાસ કવિ જેવા, તે લખેછે:—

King's becoming graces
Are justice, verity, temperance, stableness, beauty,
Perseverance, Mercy, Lowliness, Devotion Patience,
Courage, Fortitude.

અર્થ—ન્યાય, સત્યતા, પરિમિતતા, સ્થિરતા, ઊદારતા, સદાગ્રહ, દયા, નમ્રતા, ભક્તિ, ધૈર્ય, શૂરતા, અને પરાક્રમ, એ રાજાના મુખ્ય ગુણછે.

આપણી મહારાણી વિકટોરિઆ વિદ્વાન છે. તેથી તથા તેના કારભારીઓ રાજ્યનીતિના મહાજ્ઞાનવાળા, એઓએ પોતાની હિંદુસ્તાનની પ્રજાને તેણીના ભરથાર પ્રિન્સ આર્થરની વિશાળ તથા ઉદાર બુદ્ધિની સલાહથી, કેવું વચન આપ્યું, અને મહત સનદ Magnacharta આપી. આપણી મહારાણીએ આ હિંદુસ્તાનનું રાજ્ય ઇસ્ટ ઈંડીઆ કંપનીના હાથમાંથી પોતાને સ્વાધીન લીધું, ત્યારે સનદ આપી તેના એક ભાગમાં લખ્યું છે જે,

It is our earnest desire to administer its (India's) Government for the benifit of all our subjects, resident therein. In their prosperity will be our strength; in their Contentment our security and in their gratitude, our best reward.

અર્થ—અમારી અંતઃકરણ પૂર્વક એવી ઇચ્છા છે, જે હિંદુસ્તાનનું રાજ્ય તેના રહેવાસી પ્રજાના લાભને અર્થેજ ચલાવવું. પ્રજાની ઊન્નતિમાં અમારો પ્રતાપ રહેલો છે, તેમની સંતોષવૃત્તિમાં અમારૂં નિર્ભયપણું, અને તેની કૃતજ્ઞ બુદ્ધિમાં અમારૂં બક્ષીસદાન છે, ઇત્યાદિ.

વાહ ! કેવા સુવર્ણના સ્તંભમાં કોરાયલા માણીમય અક્ષર ! એ પ્રમાણે અને એની સાથે બીજા અક્ષરો એજ સનદમાં લખાયલા છે. તે એકેક અક્ષરનું મૂલ્ય હિંદુસ્તાનનાં આખાં રાજ્યની એક વરસની પેદાશ કરતાં પણ ભરતખંડની પ્રજાને વિશેષ છે. ધન્ય છે એવા મહા મંત્રના સુમંત મંડળને; તેમાં વિશેષ કરી તે વખતના ભરતખંડના સ્ટેટ સેક્રેટરી

સાહેબને; એવાં મોટાં મન હમેશ આ કચરાઈગયલી પ્રજા ઊપર તેનો પક્ષ થએલ, મહાનુ ભાવી પુરૂષોનાં થાય અને તેવાંજ રહે તો, ઓ,!! આર્યલોકો, તમારે કાંઈ અપેક્ષા રાખવાની જરૂર રહેશે નહીં, તમારૂં દીનદીન પ્રત્યે સારૂં થવાનુંજ છે.

પ્રકરણ ૨ જું.

પ્રજાના ધર્મ.

રાજાના ધર્મનું વિવેચન કર્યું; હવે પ્રજાએ કેમ વર્તવું તેનું વિવેચન કરીએ છીએ.

જેવા માબાપ પ્રત્યે તેના દીકરાના ધર્મ છે, તેવાજ ધર્મ રાજા પ્રત્યે રૈયતના છે. તેનાં આ નિબંધમાં ઘણાં દૃષ્ટાંત આવ્યાં છે, તેથી ટુંકામાંજ લખવાં, એ દુરસ્ત છે.

રૈયતે રાજાને સન્માન દેવ પ્રમાણે કરવું. દેવની આગળ જેમ જોડા કાઢી, પાઘડી કાઢી, હાથ જોડી, સ્તુતિ કરવામાં આવે છે, તે રીતે રાજા અગર તેના પ્રતિનિધી આગળ હાથ જોડી ઉભાં રહેવું, અને જ્યારે તે બેસવા કહે ત્યારે આમન્યા રાખી બેસવું. સત્ય બોલવું અને જે વાત નિવેદન કરવાની હોય તે મોઢે અગર લખેલી અરજીએ આજ્ઞા થયેથી નિવેદન કરવી. રાજાના હુકમ તથા કાયદા, ધારા વગેરે રૂચીથી અગર અરૂચીથી પણ માનવા, અને તે પાળવા. કેમકે રાજા કાયદા કરે છે, તે કોઈવાર એકાદ માણસને નુકસાન કરનારા હોય, તોપણ તે એકત્ર રીતે જોતાં ઘણા ભાગને લાભકારી હોય છે. રાજાના ઇનિસાફથી નારાજી થવા જેવુ હોય તો તે વિષે જે ઊપાય કાયદેસર હોય તે કરવા. પ્રજાનાં કલ્યાણ સારૂ જે કામ રાજા કરવા ચાહે તેમાં તન, મન, અને ધનથી પ્રજાએ સામેલ થઇ મદદ કરવી; અને તે કામ પારપડે તેમ કરવું. પ્રજાએ કાયદા પ્રમાણે પોતાની કમાઇનો હિસ્સો રાજાને આપવો અને યુદ્ધ પ્રસંગે પોતાના દેશનાં રક્ષણ સારૂ સર્વે પ્રકારની રાજાને મદદ કરવી. રાજા અવિચારથી જુલમ કરે તો તે વિષે વિનય પૂર્વક જ્યાં રાઢ કરવા ઘટે ત્યાં કરવી, પણ બંડ કરી સામા થવું નહીં. આ નિબંધમાં લખ્યા પ્રમાણે રાજા પ્રજા પ્રત્યે વર્ત્તે તો પ્રજાને બંડ કરવાની જરૂર રહેજ નહીં. તાગ,

ભોગ, રીત તથા ધર્મ પ્રમાણે કરવા; સરકારના યોગ્ય હુકમો માથે ચ-ઢાવવા અને પાળવા. સરકારના પ્રતિનિધી ઉપર કાંઇ રાઢ કરવાની જરૂર પડે તો રીતસર વરિષ્ઠ અધિકારીને, વિનયપૂર્વક અરજ કરી તેની દાદ માગવી; અને તે મળે ત્યાં સૂધી જ્યાં લખવા ઘટે ત્યાં લખ્યાં કરવું. સારાંશ એ જે રાજા પ્રજાએ હળી મળીને રહેવું અને વાજબી રીતે એક બીજા પ્રત્યે વર્તવું.

સ્કંધ ૪.

સ્વરાજ્યના લાભાલાભ.

પ્રકરણ ૧ લું.

સ્વરાજ્યના લાભ.

રાજ્ય ને સ્વરાજ્યનાં ફેર વિષે પાછળ સ્કંધ ૨ પ્રકરણ ૧ લામાં નિવેદન કર્યું, તેમજ રાજ્યથકી પ્રજાને લાભ અલાભ વિષે પણ તેમાં સવિસ્તર વર્ણન કર્યું. હવે સ્વરાજ્યથકી પ્રજાને શા લાભ છે, તે વિષે સંક્ષેપે વર્ણન કરવામાં આવે છે.

સ્વરાજ્યમાં સ્વદેશી તથા સ્વધર્મી રાજા હોય છે. તેથી ધર્મ સંબંધી કાયદા કરવાને રાજા તથા રાજસભાને પ્રતિબંધ નથી, તેથી કેળવણી આપવાની પાઠશાળાઓમાં, નિશાળોમાં, તથા મઠમાં આપવાની શિક્ષણ પદ્ધતિ વાસ્તે કેળવણી સાથે ધર્મ સંબંધી જ્ઞાન આપવાને નિયમ ઠરાવવાને વાસ્તે તથા તે સંબંધી નિત્ય નિયમિત કર્મ કરવાની પદ્ધતિ બાંધવાને વાસ્તે, સરકારને પ્રજા તરફથી કાંઇપણ રીતે દાબ દેવાય નહીં. બાળપણથી છોકરાંને એક ધર્મનું જ્ઞાન તથા તે સંબંધી ભક્તિ કરવાના, પ્રાર્થના તથા સ્તુતિ કરવાના નિયમ, તથા સ્થળ ઠરાવ્યાં હોય તેમાં બાળપણથીજ પ્રજાનું મન ઠસે છે. તેથી તે સંબંધી જ્ઞાન, પ્રાપંચિક વિષયમાં, તથા રાજ્યનીતિ સંબંધી, વિષયમાં જ્ઞાન, મેળવતાં, તત્ સંબંધી ધર્મનુ જ્ઞાન મિશ્રણ થવા પામે તો, બાંધ નથી; તેથી પ્રજાનું મન ઊંચકાવાને બદલે તે તરફ ઉત્તેજન મળે છે. તેથી એક લાભ પ્રજાને એ થાય છે જે, પ્રજા બાળપણથી તે વૃદ્ધાવસ્થા સૂધી બાપદાદાના ધર્મમાં

નિમગ્ન રહી, તે સંબંધી અધિકાધિક શોધ કરી તત્વજ્ઞાનનો સિદ્ધાંત કરવાને તત્પર થાય છે. અને બાળપણથીજ એક ધર્મ વિષે તેના મનમાં છાપ બેઠી તો તે છોડવાને કદી તેનું મન ચલિત થવા પામશે નહીં. એ રીતે રાજા પ્રજા એક ધર્મી હોય તેથી તે ધર્મ સંબંધી જ્ઞાનની કેળવણી પાઠશાળામાં તથા નિશાળોમાં પંડિતોને આપવાને હરકત નહીં નડે.

એજ રીતે રાજા અગર રાજસભા, તહેવારો તથા મહાત્માઓનાં જન્મ મરણ તીથીએ, ધર્માચાર્યોને ધર્મ મંદીરમાં ધર્મ સંબંધી વ્યાખ્યાન કરવાને ફરમાવે, ત્યાં સર્વે પ્રજા આબાળાદિને જવાને આણ ફેરવે, તથા ત્યાં સર્વેને વ્યાખ્યાન સાંભળવા જવાની ફરજ પાડી શકે છે. તે પ્રમાણે રાજા, પ્રજા, મહા પુરૂષો, જ્ઞાની, પંડિત, સાધુસંત, ધર્માચારીઓ, ઊમરાવ, નાના મોટા સરવેનો મેળો ભરાય છે. તે એક ઊજાણી જેવો દિવસ. તે દિવસે સર્વેને અણોજા પાળવાની તથા તે દિવસ મોટો સપરમો ગણી સરકારી ખાનગી કામો બંધ પાડવાની ફરજ પાડવામાં આવે છે. તેથી લોકોને તથા કામદારોને એક દિવસનો આરામ મળે છે, એક દિવસ સારાં વસ્ત્રાલંકાર પહેરી મોજ મજા મારવાનું મળે છે, દૂકાનો, હાટોનો એવે પરવે જમાવ થયેથી, સર્વેને પોતપોતાને જોઇતી જણસો ખરીદવાને બની આવે છે; કારીગરો, વેપારીઓ, મજુરો, નાણાવટીઓ, રેલવેવાળાઓ, ટ્રામવેવાળાઓ, વહાણવટીઓ, દારૂખાનાંવાળા, તંબુવાળાઓ વગેરે સર્વે જાતના વેપારીઓ, સર્વે જાતના કારીગરો, સર્વે જાતના મજુરો, એ સર્વેને એવા મેળાથી લાભ થાય છે, અને ધર્માધ્યક્ષો, લોકોને પ્રબોધ કરી પોતાનાં તથા પ્રજાનાં મન રંજન કરે છે. એ રીતે સર્વે પ્રજા તે દિવસ આણંદ રમાણંદ ભોગવે છે. એ લાભ પર ધર્મી રાજ્ય કર્ત્તાથી આપી શકાય તેમ નથી, સ્વધર્મી રાજ્ય કર્ત્તાથીજ અપાય, અને તેમાંજ પ્રજા નિમગ્ન થાય. પરધર્મી રાજ્ય કર્ત્તાની એવી આણ પ્રજાના કેટલાક ભાગને બળાત્કાર જેવી લાગે અને બળાત્કાર એ શબ્દથીજ જેટલી દૂ:સહ્ય વ્યથા મનને થાય છે, તેટલી બીજા કોઈ પ્રકારના હુકમથી થતી નથી. એવા સપરવે, રાજા તથા રાજ્ય કુટુંબ, તથા રાજ્ય સભાનાં તથા રાજ્ય સભાના કુટંબો, પ્રજા તથા પ્રજાના કુટુંબમાં, આમેજ થઈ એક સરખાપણાંની રીતે એક બીજા સાથે વર્તે તેથી પ્રજાનાં મનને બહુ આણંદ ઉપજે છે.

સ્વરાજ્યથી ત્રીજો લાભ પ્રજાને એ છે જે, રાજ્યનીતિ સંબંધી જેણે

કેળવણી લીધી હોય તેના ગુણ જોઈ તેને તેની કેળવણીને લાયક કામ મળવાની યોજના થાય છે; તેથી પ્રજાને પોતાનાં ખાનદાન પ્રમાણે, પોતાની યોગ્યતા પ્રમાણે કેળવણી લેવાની ઉમેદ થાય છે. કેટલાક રાજદરબારી કામની પરીક્ષામાં પસાર થવાની તજવીજ કરે છે; કેટલાક ન્યાય પ્રકરણી કાયદા નિયમની પરીક્ષામાં પસાર થવાનો પ્રયત્ન કરે છે, કેટલાક વહાણવટીના કામમાં હુશીઆર થવાની ઉમેદ રાખે છે; કેટલાક લશ્કરી કામમાં, કેટલાક મહેસુલનાં કામની કેળવણી લઈ પાસ થઈ તે કામમાં દાખલ થવાની ઉમેદ રાખે છે; કેટલાક પર રાજ્યોની રાજ્યનીતિ તથા કાયદાનું તથા ભાષાનું જ્ઞાન મેળવી પોતાનાં રાજ્યના ખેરખાહ વકીલ થઈ તે દેશમાં પોતાના દેશી રાજ્યના લાભ જાળવવાની નોકરીની ઉમેદ રાખે છે; અને કેટલાક પોતાના બાપદાદાઓની મેળવેલી દોલતથી પોતાના દેશમાં તથા પર રાજ્યમાં વેપારી થવાની ઉમેદ રાખે છે. એવી રીતે જે જે કામની કેલવણી જે જે લે છે તે તે કામ મેળવવાની ઉમેદમાં તે પાર પડે છે. તેનો દાખલો એક ગ્રેટબ્રીટનનો બસ છે. તે દેશમાં અંગ્રેજી રાજ્ય છે. ત્યાં સૌ કોઈ જાણે છે જે પોતાના દેશીનું દેશીરાજ્ય છે. તેના રાજાતથા રાજ્યમંડળ પ્રજાના લાભ શિવાય બીજી રીતે રાજ્ય કરી શકતા નથી. તે દેશમાં સર્વે લોકો એમ સમજે છે જે રાજ્ય અમારૂંજ છે. તે રાજ્યનીતિ પ્રમાણે સઘળા વર્તે છે અને કામ ધંધે લાગે છે; જે પોતાનાં રાજ્યનું વધારે શુભચિંતન કરે છે અને પોતાનાં રાજ્ય માટે તન, મન, ધનથી મેહેનત કરી રાજ્યની આબાદી કરવાનો તથા પર રાજ્યની નજરમાં હલકું રાજ્ય છે એવુ આળવા ન દેવાનો પ્રયત્ન નિરંતર કરે છે, અને પોતાનો પક્ષ સબળ કરી પ્રજાને અધિકાધિક લાભ આપવાનો હેતુ રાખી બનતા પ્રયત્ન કરે છે. તે સર્વોપરી મોટા અધિકાર ઉપર જાય છે, અને અનુપમ શક્તિથી સર્વે લોકોના મન એ પોતાની તરફ આકર્ષે છે. એવા વીરલા પુરૂષથી પોતાના આશ્રિત, તથા પોતાંના સગાં સંબંધીઓને તેમની યોગ્યતા પ્રમાણે કામ કારભાર મળે છે. પરદેશ, જેવાં કે હિંદુસ્તાન, અમેરિકા, આસ્ટ્રેલિઆ, આફ્રિકા, ચીનને લગતા ટાપુઓ, જ્યાં પોતાની રાજ્યસત્તા થપાઈ છે ત્યાં પોતાના દેશીઓ તથા લાગવગ વાળાઓને સત્તા ચલાવવા મોકલી તથા નિમી પ્રજાને અતિલાભ કરે છે. એ રીતે સ્વરાજ્યથી ત્રીજો લાભ રૈયતને છે.

સ્વરાજ્યથી ચોથો લાભ એ જે પ્રજાને ઉપર કહ્યા પ્રમાણે અને

લાભ થાય છે, એવું જોઈ પ્રજાની રાજ્ય પ્રત્યે અંતઃકરણ પૂર્વક ભક્તિ ઊત્પન્ન થાય છે. તે જેવી શરીરમાં આંણંદ વ્યાપી રહે ને મન પ્રફુલ્લિત થાય છે, તેવી રીતે રાજ્ય પ્રત્યે અંગમાં રાજ્ય પ્રેમ પ્રદિપ્ત થઈ સર્વેનાં શરીરમાં તે વ્યાપી રહે છે. તેથી પરદેશી રાજા કોઈ ચઢી આવે તેની સામાં જાન માલ આપી રાજ્યનું રક્ષણ કરવા દરેક જણ તત્પર થાય છે. તેનો દાખલો એક ઇંગ્રેજના મુલકનો. જ્યારે શાજેંદ્ર, બોનાપાર્ટે સઘળા યુરોપના દેશો જીત્યા અને એક પોતાનું ફ્રાંન્સનું પ્રબળ રાજ્ય કરવાની ઇચ્છા કરી, ત્યારે ઇંગ્લાંડને દેહેશત લાગી "કે આપણું રાજ્ય પણ તે લઇ લેશે અને" બીજાઓના હાલ જેવા આપણા પણ કરશે, ત્યારે ઇંગ્લાંડના સઘળા લોકે પૈસાની મદદ કરી. અને જે મોટા મોટા શૂરવીર પુરૂષો હતા તેઓએ જીવપર આવી તેમાં જંપલાવવાને લશકરી ટીપમાં નામો નોધાવ્યાં, "અને પોતાના દેશને તથા બીજા દેશો, જેઓએ પોતાનું સ્વતંત્રપણું ખોયું હતું, તેઓને પોતાનાં રાજ્યોના ઝુંડા ઊરાડતા રાખવાની ઉમેદ આપી. તેમાં તેઓ સફળ થયા. તેમજ અમેરિકાની સ્વતંત્ર સંસ્થાનની, ગુલામ નહીં રાખવા બાબત મત ભેદ પડી, બંડ થઈ મોટી ખુનરેજી લડાઈ થઈ, તેમાં ઉત્તર તરફના સરદારો વગર પગારે કેટલાક લઢ્યા અને ગુલામ રાખનારાઓ પર તેઓએ જય મેળવ્યો. એ સંધુ સ્વદેશ તથા સ્વરાજ્ય ભકિતથી. એજ રીતે હિંદુસ્તાનમાં સબક્તગીન સામે તથા મહમૂદ ગજનવી સામે યુદ્ધ કરવાને આખા હિંદુસ્તાનના હિંદુ રાજાઓ ભેગા થયા હતા, તે પણ સ્વદેશ ભક્તિથીજ.

તેમજ અસલના વારામાં ગ્રીસ દેશમાં લીઓનિડસ સરદારનો હાથ નીચે ૩૦૦ માણસનું લશ્કર, ૩ લાખ માણસ સાથે ટક્કર લેઈ જીવ ગયાં ત્યાં સુધી લઢ્યું હતું, તેમની આજ સૂધી અક્ષય કીર્તિ ગવાય છે; તે પણ સ્વદેશ તથા સ્વરાજ્ય ભક્તિને અર્થેજ.

એવી રીતે સ્વરાજ્યથી લાભ અનેક છે, તે લખતાં પાર આવે તેમ નથી; પરંતુ સ્વરાજ્યની અનુપમ મૂર્ત્તિ અદૃશ્ય રીતે સ્વદેશીઓ દરેકના મનમાં તેની સ્થાપનાની પ્રતિષ્ઠા કર્યા વગર તથા સંપ્રાણાદિ સંસ્કાર કર્યા વગર, ચોંટી રહેલી છે. તે કોઈ દહાડે કોઈ કાળે પણ અનેકોઇનાથી પણ ત્યાંથી કાઢી બીજી જગાએ સ્થાપન થાય તેમનથી. એક નાના સરખા માણસને અને નાના

ઓદ્ધાના માણસને પણ પોતાનાં રાજ્ય વિષે અને પોતાના રાજા વિષે અ-દૃશ્ય અભિમાન હોય છે. તેની લાગણી બુદ્ધિને તે વિષે લાગ્યા વગર રહેતું નથી, તો મોટા માણસ, મોટા ઓદ્ધાવાળા, જેઓને પોતાનાં રાજ્યથી અને પોતાના રાજા તથા રાજ્યમંડળથી અનેક હકો મલ્યા છે, તેમને તો લાગે એમાં નવાઇ નથી.

પણ પરદેશી રાજ્ય વિષે તથા પરદેશી રાજા વિષે એવું અભિમાન, એવો મનોભાવ કયારે છૂટે કે, જયારે પ્રજાને સ્વરાજ્ય જેટલા, સ્વરાજ્ય જેવા, તથા સ્વરાજ્યની પ્રજાને જેટલા હક હોય તેટલા, અને તેવા લાભ યોગ્યતા પ્રમાણે વર્ણાવર્ણનો ભેદ ન રાખતાં, કાળું ગોરૂં ન જોતાં, ધર્મ પરધર્મનો ભેદ ન જોતાં, ઉંચ નીચ ન જોતાં, અને સગોવહાલો ન જોતાં, રાજ્ય મંડળથી આપવામાં આવે, અને તે પ્રમાણે વર્તણુક થાય, ત્યારેજ એવી રાજ્યાભિમાનની ભક્તિ વ્યાપે.

પ્રકરણ ૨૦મું.

સ્વરાજ્યના અલાભ.

સ્વરાજ્યથી પ્રજાને અલાભ બહુ દિસતા નથી. જ્યાં જ્યાં જોઈએ છીએ ત્યાં ત્યાં લાભનાંજ દર્શન થાય છે; તો પણ સ્વરાજ્યનાં અભિમાનને લીધે રાજા, પ્રજા તથા રાજ મંડળને, પોતાના દેશ, પોતાનાં કાયદા, પોતાના રીતરીવાજ, પોતાના ધર્મ, પોતાની રૂઢી, પોતાના રાજા, પોતાના પ્રધાન, એઓ વિષે એવો માયાનો મડદો આવી ગએલો હોય છે કે, તે સર્વોત્કૃષ્ટ તથા સર્વોત્તમજ છે. તેથી બીજા દેશમાં શા સુધારા, વધારા, નવા શોધ તથા ધર્મ વિષે મહાત્માઓ તથા ધર્માચારીઓ તથા મહામુનીઓ તરફથી ફેરફાર થાય છે, તે તરફ તેઓનું લક્ષ લાગતું નથી. પોતાનું છે તે શ્રેષ્ઠ છે, કોઈકાળે તે ઉતરતું થયું નથી, થતું નથી, અને થશે નહીં, એવો અહંભાવ તેઓને રહે છે. પડોશના દેશમાં મહાન પંડિતોથી નવીન શોધો થઈ યુદ્ધકળામાં તથા યુદ્ધવ્યૂહની રચનામાં મોટા ફેર થયા છે, તેનું ભાન તેઓને રહેતું નથી. તેથી પાસેનાં રાજ્યવાળા કાંઈ પણ નિમિત્તે કલહ કરી ચઢાઈ કરી પોતાના દેશનો નાશ કરશે, તે તેઓનાં લક્ષમાં આવતુંજ નથી. એનો દાખલો હિંદુસ્તાનનો. પેશવાનાં લશ્કરનો સરદાર સદાશિવરાવ ભાઊએ નીજામનાં લશ્કર ઉપર મોટી લઢાઈ કરી જય મેળવ્યો હતો, તેથી ફુલાઈ જઈ તે અહમદ શાહ અબ્દાલીની સામે મોટી ફોજ લઈ લઢવા ગયો. તેમાં

પોતાનાં લશ્કરના માણસો, સામેના લશકરના માણસો કરતાં શરીરે નબળાં, શ્રમ શોસવાની ઓછી શક્તિ વાળા, તથા સામેના ઘોડેસ્વાર વિશેષ હતા, તેનું લેખું ન કરતાં, પાણીપતનાં મેદાનમાં સન્ ૧૭૬૧માં મોટી હાર ખાઈ નાશ પામ્યો, અને તેણે પોતાની જાતની મહા ખુવારી કરી. તે એવી કે, મરાઠાઓ કોઈ પણ પાછા તેવી સારી સ્થિતિપર આવવાને યોગ્ય થાય નહીં, તેમ થયું.

બીજો દાખલો ચીન દેશનો. એ દેશના રાજા, રાજમંડળ એમ સમજે છે જે, અમારા જેવા લડવૈયા, અમારા જેવાં શસ્ત્રાસ્ત્ર, વહાણ, કળા કૌશલ્ય, વગેરે કોઈ પણ દેશનાં નથી, અમે તો અજીત્ય છીએ. તેવા અહંભાવને લીધે ફ્રાન્સે હાલમાં તેની રેવડી દાણા દાણ કરી નાખી. એ તાજો દાખલોછે.

એવા અલાભને કોઈ લાભ માને છે, પણ અહંકાર રૂપે અલાભના ગુણમાંજ માનવા જોઈએ. દેશ પ્રીતિના આવેશમા એ લાભ માનો, તો પણ સમજુ એમ માને તેમ નથી.

પ્રકરણ ૩. પ્રજાસત્તાક રાજ્ય રીત.

સ્કંધ ૨ જા પ્રકરણ ૭માંમાં, ૪ પ્રકારનાં રાજ્ય વિષે વિવેચન કરી તેના ધોરણ તથા બંધારણ વર્ણવ્યાં, તે સઘળાં રાજા સત્તાક અગર રાજ્ય સભા સત્તાક રાજ્યના પ્રકાર કહ્યા. હવે આ પ્રકરણમાં પ્રજાસત્તાક રાજ્યની રીત સંક્ષેપે વિવેચન કરીએ છીએ.

આ દેશમાં આજ સૂધી જે રાજ્ય રીત ચાલી આવી તે રાજાસત્તાક રીત ચાલી આવી. એટલે રાજા અગર રાજકર્તા અગર ગાદીનશીન કાંઈ કાયદાના નિયમથી અગર તે વગર, રાજ્ય પોતાની નજરમાં આવે તેમ ચલાવતા. પછી તે કાયદા અગર રાજાની નજરમાં આવે તે રીત, પ્રજાને ગમતી હોય યા નહીં હોય, પણ પ્રજા મતનો ભાવ કોઈ પૂછતું નહતું. એવી રીતે સઘળો, પ્રજાના સુખનો, આધાર રાજ્યગાદીના બેસનારાના વિચારપર રહેતો. તેનો પ્રજા ઊપર કોઈ તરેહનો જુલમ થતો તો તે ઉચાળા ભરી પરદેશ પરગામ જઈ વસતા. ત્યાં સરકારને ખબર પડે કે અમુક રીતથી રાજ્ય વહિવટ ચલાવ્યાથી રૈયતને દુ:ખ છે. પછી તેનો ઈલાજ કરે ત્યારે, અગર વચન, બાંહિધરી આપે ત્યારે, રૈયત પાછી પોતાનાં વતનમાં જતી, અગર સરકાર તે રૈયત-

ના ઊચાળા ભરી જવાની પરવા પણ નહીં કરતી. પણ એવું કોઇજ વખતે બનતું. કેમકે રૈયત વડે રાજા, કાંઇ રાજા વડે રૈયત નહીં. બંને એક બીજાને આધારે રહેલાં હોય છે. ।घृताधारेपात्रं अने पात्राधारेघृतं। ઘીને આધારે દડીઓ. અને દડીઆને આધારે ઘી, તેમ છે. પણ કોઇ દિવસ પ્રજાને રાજ્ય વહિવટમાં પૂછવામાં આવતું નહતું, તેથી પ્રજાસત્તા તે શું તેનો ખ્યાલ પ્રજાને બીલકુલ નહતો. તોપણ કર વેરો નાંખતાં, ખુમ, તાએફા વગેરેને પૂછાતું. તેથી એ રીત સમજવાને પરદેશનો દાખલો લેવો પડે છે.

આપણા ઊપર વરિષ્ટ રાજા ઈંગ્રેજ છે, તેમનો દેશ તેમની વિલાયત. તેમાં પણ રાજ્યકર્તા મહારાણી સાહેબ છે. પણ ત્યાંની પ્રજા કાયદા કરે તે પ્રમાણે રાણી સાહેબના પ્રધાન વગેરે રાજ્ય વહિવટ ચલાવે છે; અને કાંઈ કશુર તે વહિવટ કરવામાં કોઈની હોય તો શેવટ ફેસલો પ્રજા મંડળમાં થાય છે. એ પ્રજા મંડળીને પાર્લેમેંટ કહે છે. તેમાં સઘળી પ્રજા બેસતી નથી. પણ પ્રજાએ પોતાના બાંધેલા અધિકાર પ્રમાણે પસંત કરેલા પ્રતિનિધીઓ બેસે છે. ૧૦–૧૫ ગામનું મંડળ મળી એક પ્રતિનિધી, મોટો કસબો જે બાંધેલા અધિકારના ગુણ ધરાવતો હોય તે તરફથી એક, કોઈ શેહેર તરફથી એક, બે ચાર વિદ્વાન મંડળી તરફથી બે, વેપારી તરફથી બે ચાર, કારખાનાં તરફથી બે ચાર, વકીલ બારીસ્ટરોની મંડળી તરફથી એક બે, ધર્માધિકારીઓ તરફથી એક બે ધર્માધ્યક્ષ, જાગીરદારો એક બે; એ રીતે ગ્રેટબ્રીટન તે આયરલાંડમાં (એટલે ઇંગ્રેજોની વિલાયતમાં) પ્રજા તરફનાં ૬૦૦ને સુમારે પ્રતિનિધીઓ નિમેલા છે. તેમજ જાગીરદારો, જમીનદારો, પદ્દી ધરાવનારાઓ, વતનદારો વગેરે તરફથી પ્રતિનિધીઓ, લાર્ડ લોકોની મંડળીમાં બેસે છે. પ્રજા તરફની મંડળીમાં જે કાયદો પસાર થાય, તે પછી તે લાર્ડની સભામાં મૂકવામાં આવે છે, તે મંજુર કરે એટલે તે કાયદો પાસ થવા રાણી સાહેબ પાસે મૂકાય છે. તે પછી પાસ થાય છે. તેજ પ્રમાણે બીજાં કામો, જેની સત્તા પાર્લેમેંટને છે તે પણ એ અનુક્રમે પસાર પામે છે. તેથી એ દેશમાં પ્રજાંની સાથે અમીર ઊમરાવ તથા રાજાની પણ સત્તા છે. પણ પ્રજાની જેમાં ના મરજી હોય તે કામ બીજી મંડળીઓ પાસ કરે, તોપણ મંજુર થાય નહીં. એટલે પ્રજાનું મત્ત

અણીવત્તર છે.

પણ એ રીતે અમેરિકાનાં સ્વતંત્ર સંસ્થાનોમાં નથી. ત્યાં સને ૧૭૮૦ના સુમાર સૂધી અંગ્રેજી રાજ્યની સત્તા હતી, પણ તે લોકો પોતાના રાજા સાથે લઢી, જય મેળવી સ્વતંત્ર થયા, તે દિવસથી ત્યાંથી રાજાસત્તાક રાજ્ય જઈ પ્રજાસત્તાક રાજ્ય સ્થપાયું. એ રાજ્ય હિંદુસ્તાન કરતાં પણ વધારે મોટું છે. તેની સત્તા એક પ્રમુખ તથા તેની કૌંસિલના હાથમાં છે. એ પ્રમુખ, જૂદા જૂદા સંસ્થાનોની અમુક સત્તાવાન ટોળીઓ પસંદ કરી, જેના ઊપર વધુ મત્ત પડે, તે થાય છે. અને તે તેની કૌંસિલના તથા પ્રાંતોના જૂદા જૂદા ગર્વનરોની સંમત્તિ લેઈ સઘળાં ખાતાંઓનો વહિવટ ચલાવે છે. પ્રજાઓની પાર્લેમેંટ બોલાવી કાયદા કરે છે અને તેને અનુસરીને વહિવટ કરે છે.

એ પ્રમુખ સાત વર્ષ સૂધી રહી શકે છે. પછી પ્રજા તરફથી ફરી પ્રસંનતા થાય છે. તેમાં તે પુર્નઃપ્રમુખ થઈ શકે છે. તે બીજાં ૭ વરસ સૂધી સત્તા ભોગવી શકે છે. પણ પુનઃ પુનઃ પ્રસંન થવાને તે લાયક ગણાતો નથી. ૧૪ વરસ પછી તો બીજોજ થાય. એ રીતે પ્રજા સત્તાક રાજ્યનું ધોરણ છે. પ્રમુખને માથે ભારે જોખમ છે. તે ચલાવવાને શક્તિવાન નહોય તો રાજીનામું આપી તેને ખસવું પડે છે. પણ પ્રજા બહુ સારા ગુણવાળા લાયકનેજ પ્રસંન કરે છે, એ જગાના ઊમેદવાર તો ઘણા હોય, તેમજ પ્રસંન કરનારા ગુણ ધરાવનારા લોકો પણ ઘણા હોય, અને તેઓ જૂદા જૂદા લોકોને માટે મત્ત આપે છે. પણ જેને વિષે સર્વોત્તમ સંખ્યા આવી હોય તેજ પ્રમુખ થાય છે. એ પ્રમુખને કાંઈ પદ્વી અગર મોટી ઉપમા મળતી નથી, કેમકે તે પ્રજામાંનો છે. પ્રજાને જેમ કાંઈ પદ્વી નથી હોતી, તેમ તેને પણ નથી. ઇંગ્રેજી રાજ્યમાં કોઇને રાવ બહાદૂર, રાજા બહાદૂર, ખાન બહાદૂર, રાવ સાહેબ, દીવાન બહાદૂર, સર, બારોનેટ્, લાર્ડ, માર્કિવસ, ડયુક, કૌંટ, પ્રિન્સ, એવી એવી પદ્વીઓ રાજા આપે છે. પણ પ્રજા સત્તાક રાજ્યમાં સર્વે બરોબરીઆ એટલે, કોણ પદ્વી આપવાને લાયક છે? કોઈ નહીં. એ અમેરિકાનું પ્રજા સત્તાક રાજ્ય આજને સમયે સર્વે રાજ્યોમાં બળિષ્ટ અને માતબર છે. એની વાર્ષિક ઉપજ પૃથ્વી ઉપર જે બીજાં રાજ્ય છે તે સર્વમાં શ્રેષ્ઠ છે, તેમજ વેપાર વણજમાં એ શ્રેષ્ઠ છે. કોઈનું રાજ્ય છીનવી

લેવાની અપેક્ષા એ રાખતું નથી.

એજ રીતે ફ્રાન્સમાં, જર્મનની મોટી લઢાઈ થયા પછી, રાજાને પદચ્યુત કરી પ્રજાએ પ્રજાસત્તાક રાજ્ય સ્થાપ્યું છે. તેને બહુ વખત થયો નથી, તેથી તે વિષે હાલ વધારે વિવેચન કરવું બેજા છે. પણ રાજા સત્તાક તે રાજ્ય હતું, તે કરતાં હાલમાં પ્રજાસત્તાક રાજ્યમાં તે રાજ્યની સ્થિતિ ઘણી સુધરી છે. અને જર્મનીમાં પણ એજ રીત કેટલાક સંસ્થાનમાં ચાલે છે અને ત્યાં પ્રજાને મોટી સત્તા છે, તેથી મારૂં રાજ્ય, મારી પ્રજા, મારૂં મારૂં સર્વ મારૂં, એવું દરેક જણ સમજે છે. તેથી એ વિચારને ખલલ પહોંચાડનારી જે વાત, તે તુરત નાબુદ થઈ જાય છે, અને તેનું મૂળ પણ લોકો રહેવા દેતા નથી.

એ સઘળું કેળવણી પર આધાર રાખે છે. પ્રજા કેળવણી લેઈ સર્વે વાતમાં તારતમ્ય કાઢી સારૂં કયું અને માઠું કયું એ બુદ્ધિ બળે કરીને જાણવાને શક્તિવાન થાય, ત્યારેજ એ રીતનું રાજ્ય જશ પામે. સર્વેને દેશાભિમાન, દેશભક્તિ, દેશ કલ્યાણની બુદ્ધિ, વગેરે પ્રગટ થાય ત્યારે એવી ઉન્નતિ ઊપર, દેશ આવે, નહીં તો કુસંપ થઈ માંહે માંહે લઢી મરે. તે કરતાં પોતા ઊપર સત્તાધારી રાજા હોય તે સારૂં.

આવી રીતે પ્રજા સત્તાક રાજ્યનાં ધોરણનું સંક્ષેપે વર્ણન કર્યું. એમાની એક રીત અંગ્રેજ સરકારે આ દેશમાં દાખલ કરી છે. તે એકે રાજ્ય ચલાવનારી કૌંસીલ સાથે કાયદા કરનારી કૌંસીલ સ્થાપી. તેમાં રાજ્ય ચલાવનારી કૌંસીલ તથા બીજા કેટલાક ન્યાયખાતાંના પગારી મોટા અધિકારીઓ, તથા બીજા ખાતાંના અધિકારીઓ તથા વેપારીમાંનો કોઈ મોટો વેપારી, અને સરદાર તથા દેશી રાજામાંનો કોઇ વિદ્વાન રાજા, નવાબ, ઠાકોર, તથા દેશીઓમાંના સારા વિદ્વાન સંભાવિત ગૃહસ્થ, એઓને સામેલ કર્યા છે, અને તેઓની સંમત્તીથી કાયદા થાય છે. એ સને ૧૮૬૬ના સાલથી શરૂ થયું છે. એ એક પ્રજા સત્તાક રાજ્યનું ચિન્હ છે. એ મંડળી કૌંસિલમાં ખામી એક એ છે જે, એમાં સરકારી પગારી અધિકારી શિવાય બીજાથી કાયદાની દરખાસ્ત મૂકાય નહીં, અને બીજી એ છે જે સરકારી પગારી અધિકારીઓની સંખ્યા વિશેષ, તેથી બહુમત્ત સરકાર તરફનાં મત્તને થવાનો સંભવ, તેથી પ્રજા તરફના પ્રતિનિધીનાં મત્ત આહાત પામે છે. વળી એ અધિકારીઓ સરકાર નિમે છે, પ્રજા તરફના

મંજૂર કરેલા હોતા નથી, તેથી પણ સરકારી કામદારની વાત મંજુર રહેછે.

સ્કંધ ૫.

સ્થાનિક રાજકીય સ્વસત્તા.

પ્રકરણ ૧-લું.

સ્થાનિક રાજકીય સ્વસત્તા વિષે ઇંગ્રેજીરાજ્યમાં ઉત્પન્ન થએલા પ્રથમ વિચાર.

રાજ્ય તથા સ્વરાજ્યનાં લક્ષણ તથા તેના લાભાલાભ પાછલા સ્કંધોમાં નિવેદન કરયાં. ૫ પ્રકારના રાજ્ય વિષે સંક્ષેપે વર્ણન કર્યું તેમાં ચોથા પ્રકારના રાજ્યમાં આ દેશનાં ઇંગ્રેજી રાજ્યનો અમલ આવે છે, તે જણાવ્યું. તેનાં બંધારણ પણ સ્કંધ ૨ પ્રકરણ ૭માં દર્શાવ્યાં. હવે તે બંધારણમાં ફેરફાર કરી સ્થાનિક રાજકીય સ્વસત્તાનાં બંધારણ દાખલ કરવાના વિચાર ચાલ્યા, તે વિષે આ પ્રકરણમાં વિવેચન કરવામાં આવે છે.

સ્થાનિક સ્વરાજ્ય, એટલે પ્રાંત પ્રાંતની પ્રજાને તે પ્રાંતમાં અમલ કરવાનો અધિકાર, એવો અર્થ થાય છે, પરંતુ તે પ્રમાણે પ્રજાને સત્તા આપવી, કે રાજ્યના અમલદારની સ્વતંત્ર સત્તામાં વધારો કરવો, એ વિષે ઘણાક વર્ષ થયાં વાત ચોળાયાં કરે છે. એ વિષે કાંઈ ઇતિહાસ આપવો દુરસ્ત દિસે છે.

આ દેશનાં રાજ્ય બંધારણમાં સરકારની ઊપજ ખરચની સત્તા સને ૧૭૯૯ના સાલથી ઇંડીઆ સરકારનાં હાથમાં રાખેલી હતી, તેથી કાંઈ પણ કામમાં સત્તા ઊપરાંતનો ખરચ કરવાને પ્રાંતના ગવરનરને વડી સરકારની મંજુરી મેળવવી પડતી. તેથી લખાણ વિશેષ તથા હસ્ત બંધનમાં રહેતો. તે સને ૧૮૭૨નાં સાલમાં લાર્ડ મેયો સાહેબ, ગવરનર જનરલ સાહેબના વારામાં મટાડી કેટલાક ખાતાંના ખરચની સત્તા પ્રાંતની ઉપજમાંથી કરવાને વડી સરકારની મંજુરી શિવાય પ્રાંતના ગવરનરને મળી. તેમાં કેળવણી ખાતું પણ હતું. તેથી કેળવણી ખાતાંમાં સને ૧૮૫૪ના, વિલાયતના હિંદુસ્તાન ખાતાંના વજીરના વિદ્યા વૃદ્ધિ

સંબંધી મહત્ સનદના હુકમથી જે ખરચ કરવાની છૂટ હતી, તેમાં છૂટે હાથે વાપરવાનું બની આવ્યું.

ઉપેર કહેલા વિદ્યા વૃદ્ધિ સંબંધી મહત્ સનદના હુકમ ઊપર નજર રાખી આ મુંબઈ ઇલાકાની સરકારે કેળવણીનો પ્રસાર કરવાને તથા બીજાં સાર્વજનિક ધાર્મિક કામ, જળાસય, ધર્મશાળા, સડક, પૂલ, વગેરે કરવાને વાસ્તે કાયદા કર્યા. તે ખરચ કરવાને જમીનની વિંઘોટી ઉપર દર રૂ ૧ એકે એક આનો મહેસુલમાં વધારા દાખલ ઉપજ લેવાનો નિયમ ઠરાવ્યો. રૈયત લોકોને એક આનો અગર કેળવણી માટે ૦॥ આનો જમીનની મત બંધી તથા કાયમ ઠરાવ કરતી વખતે મૂકી દીધેલાની ખબર થએલીજ હતી. તેને લીધે તેઓ તરફથી કાંઈ વાંધો લેવામાં નહીં આવ્યો. તેથી સને ૧૮૬૫-૬૬થી એ ઊપજમાંથી દર રૂ ૧ એકે ૪ પાંઈ મૂલ કેળવણી પાછળ ખરચ કરવાને જમા મળી, તેથી કેળવણીની વૃદ્ધિ કરવા પાછળ સરકારને બહુ સુગમતા થઈ. એ ઊઘરાત કરવા સંબંધી કાયદો સને ૧૮૬૯માં પસાર થયો.

તાલુકા તથા જીલ્લાના મોટા મોટા કસબાઓમાં સુધરાઈ થવા એજ બાબતના કાયદા થયા. તેમાં કોટ ફી એવા નામની તથા બીજા નામની ફી વસુલ કરવાંના કાયદાઓ હતા, તેને લીધે શેહેરોમાં સુધરાઈ થતી. તે સર્વનો એક જમાવ કરી સને ૧૮૭૩નો ૬ઠો આક્ટ પસાર થયો. તેની રૂએ શેહેરમાં આવતા માલ ઊપર તથા પૂલ ઉપરથી જતા માલ ઉપર કર લેવાનો ઠરાવ થયો, અને તે કરમાંથી છંટકાવ, દીવાબત્તી જાજરૂ, ઝાડુકામ, રસ્તા સફાઈ, રસ્તા, સડક, પૂલ વગેરે સુધરાઇનાં કામ થવાં લાગ્યાં.

એ સુધરાઇની ઊપજમાંથી તે શેહેર તથા કસબાઓમાં કેળવણીના કામમાં આશરો આપવાનો નિયમ થયો. એ રીતે કેળવણી પ્રસાર પામવાનો બંદોબસ્ત થયો.

ઉંચા દરજ્જાની કેળવણીને આશરો મળવાંને મુંબઈ વગેરે શેહેરોના લોકોએ મોટી હાઈ સ્કુલોમાં તથા કાલેજોમાં તથા યુનિવરસીટીમાં સ્કાલરશિપો આપી તથા મોટાં વિદ્યાલયો બાંધ્યાં. તેથી જોઇએ તેટલો તો નહીં, પણ લોકોને વિદ્યાભ્યાસ કરવાને કાંઇ આશરો મળ્યો. તેથી વિદ્યા-

વૃદ્ધિ થવા લાગી. વિદ્યા એ મોટું બળ છે તે સર્વે લોકોની જાણમાં છે. લોકોને જેમ જેમ વિદ્યાબળ વધતું ગયું તેમ તેમ રાજ્ય કર્તા તથા રાજ્યસત્તાધીશોમાંના કેટલાક સત્પુરૂષો તથા તેઓની યોગ્યતા સમજવા તથા તેઓનાં મનને સારૂં લાગે તેવું કરવા લાગ્યા, તથા તેઓનાં મનમાં તેઓની યોગ્યતાના ભાવનું થોડું ઘણું માપ થવા લાગ્યું.

પ્રકરણ ૨ જું.

પ્રજોપયોગી બાંધ કામ તથા તેની કમીટી.

એવી રીતે પ્રજાની યોગ્યતા જણાયાથી તેઓને લોકલફંડની કમીટીમાં તથા મ્યુનિસિપાલ કમીટીમાં મેમ્બર દાખલ સરકારે નિમ્યાં, તેમાં ઘણાખરા સરકારના તાબેદારોજ હતા, તેથી કલેકટર સાહેબની મરજીમાં આવે તે તે કામો બજેટમાં દાખલ થતાં, લોકો તો માત્ર ડોકું હલાવનારાજ રહ્યા. જે વાત કલેકટર મૂકે તે પાસ થાય, બીજાની વાત મંજુર રહે નહીં, પછી તે વાત ગમે લોક કલ્યાણની, લોકોપયોગી, તથા લોક પ્રીય હોય. સડકો અને તેપર ઝાડ રોપવાનું મુખ્ય કામ. તેમાં સડકપર મૃત્તિકા નાખવી અને તે ઉપર આજુ બાજુ ઝાડો રોપવાં. પણ તે મૃત્તિકાના રસ્તા ચોમાસાંના દિવસમાં કાદવ કીચડના ભરેલા એવા તો થઈ જાય છે કે, તે ઊપર પગે ચાલવું કઠણ તો જોડા તો કયાંથીજ ચાલે? તેથી તે ઉપર ચાલવા કરતાં આગળ પાછળના ખેતરની પાળ કે શેઢા ઉપર થઈ ગાર જુની પગથીને રસ્તે ચાલવું વધારે સારૂં ગણાયુ. વળી ચોમાસાંનાં દિવસમાં એવા મૃત્તિકાના નવા રસ્તા ઘણાં એક નાણાં તથા મજુરી ખરચી કર્યા હોય, તે ઘણીક વખતે તો ધોવાઈ જાય છે, અને પાછા નવેસરથી બીજે વરસે કરવા પ્રાપ્ત થાય છે. તે ઊપર ઝાડો રોપેલાં હોય તેની સંભાળ રહેતી નથી તેથી, ચોમાસાંમાં તે પડી જાય છે, બકરાં, ઢોરો, ઊંટો તેમને ખાઇ જાય છે અને તે ઊપર નાણાં ખરચેલાંમાંનાં કેટલાંક નાણાં બરબાદ જાય છે. એવી રીતે લોકલફંડમાંથી થએલા રસ્તા તથા ઝાડોની અવસ્થા થાય છે. એવું થયાથી સર રીચર્ડ ટેમ્પલ સાહેબ, ગવરનરની કારકીર્દિમાં એવા રસ્તાઓમાં ૭ વરસના બજેટમાં દાખલ થએલા પૈસા ખરચ કરી, પાકી મોટી સડક કરવાનો ઠરાવ થયો. તેથી જે કારણસર અને જે રૈયતના ઊપયોગ

માટે એ નાણાં ખરચવાનો હેતુ કાયદામાં લખેલો, તે બરબાદ ગયો. કાયદામાં જે રૈયત થકી નાણાં વસુલ કરેલાં તેજ રૈયતના લાભ માટે નાણાં વ સો વરસ ખરચવાં; એમ છતાં, સાત વરસ સૂધી નાણાં ભેગાં કરી જે સડક સરકારના ઈજનેર સાહેબને કે કદાચિત કમીશનર કે કલેકટર સાહેબને ઊચિત દિસે, તે પાકી બાંધવામાં ખરચ કરી નાખવાં. તેથી કલેકટર અગર. કમીશનર વગેરે સાહેબને ચોમાસાંમાં કોઈ જગાએ જતાં આવતાં મુસીબત પડી હોય, તે જગાએ પાકી સડક કરવામાં તથા ત્યાં બંગલા બાંધવામાં ખરચ કરવામાં આવ્યાં. પછી તે નાણાં ગમેતો કપડવંજ તાલુકાનાં કે બાર્ડોલી તાલુકાનાં કે ધોળકા તાલુકાનાં કાં ન હોય. પાકી સડક કરાઈ અને બંગલા થયા, પણ લોકોને રાજી રાખવાને સ્ટેશન પર અને તાલુકાઓના કસ્બામાં નાની મોટી ધરમશાળાઓ કરવામાં આવી અને કોઈ કોઈ જગાએ રસ્તા ઊપર કૂવાઓ તથા પરબડીઓ તથા માથાંપરના બોજા મૂકવાના પાટીઆં કરવામાં આવ્યાં. એવી રીતે ગામ લોકોનાં નાણાં ગામોમાં હવાડા, કુવા, તળાવ, સડક, પૂલ, કાંશ, ઝાડો, નિશાળનાં મકાનો, એવાં યોગ્ય કામમાં ન ખરચાતાં કલેકટર તથા કમીશનર તથા ઈજનેર સાહેબની નજરમાં આવ્યું ત્યાં ખરચાયાં, તેથી લોકો ઘણા નારાજી થયાં છે. સડકોમાં પૈસા ખરચ કરયા તે બરબાદ ગયા છે, તેનો એક દાખલો બસ છે. અમદાવાદથી ધોળકે તથા કોઠ જવાને લોકલફંડમાંથી કાચી સડક બાંધેલી છે; તેમાં ચોમાસાંમાં ખાડા પડી જઈ નાળાંમાં પાણી ભરાઈ રહે છે, તે (રીપેર) મરામત કરતાં ઘણોક ખરચ થાય છે. તે છતાં બળદોને તો રેતીના દડમાં ૫) મણના બોજાને, એક બેડીઆં જેટલું ખેંચતા જોર પડે, તેટલું જોર કરવું પડે છે અને અવાવરૂ બળદો, દેખાવામાં ગમે તેવા જબરા હોય, તેઓને ચોકીઆં, તરીલાં વગર દડમાં ખેંચવાને બની શકતું નથી; એવી રીતે હરકત છે. તેમજ સુરત જીલ્લાનાં બારડોલી પરગણામાં એક પાકી સડક નથી, કાચી સડક સુરતથી બારડોલી સૂધી અને બારડોલીથી કડોદ સૂધી, વચમાં ગાયકવાડી રાજ્યને લીધે, તુટક, તુટક ઠેકાણે ઠેકાણે છે. તેથી રૈયતને શું ગુણ ? ચોમાસાંના દિવસમાં સઘળો વેપાર બંધ. પગે ચાલીને જવું પણ મુશકેલ, તો બોજો લઈને જવું તો કેટલું મુશકેલ ! એવી રીતે તાલુકાની સડકની હાલત; તો ગામડાંમાં તો સડકજ શાની ? એવામાં કદાચિત કોઈ મોટા સાહેબનો મુકામ કોઈ

ગામમાં હોય ને વરસાત એકાએક જુનમાસમાં આવી પડે, તો લોકોના બળદીઆના કેવા હાલ તે જુઓ. સાહેબને ૨૦ ગાડાં જોઈએ, તેને માટે ૮૦ બળદ વેઠે લાવો, અને કારકુન સિપાઈઓને પણ તેટલાં. ચોમાસાંથી ગાડાં ચાલે નહીં એટલે ગામે ગામથી તરીલાં, ચોકીઆં, છકીઆં, કરી સાહેબનાં રીકાર્ડ, સામાન, રાદર સ્ટેશનમાં પહોંચાડવો જોઈએ, અને તે પણ વખતસર. વખતસર નહીં પહોંચાડે તો સાહેબને નાસ્તા, ટીફીન વગર રહેવું પડે, અને રીકાર્ડ નહીં પહોંચ્યાતો વખતસર, સ્ટેટમેંટ, રીટર્ન, રીપોર્ટ થાય નહીં. તેથી જે પોલીસ પટેલે બરાબર મજબુત જોડી બળદની નહીં પૂરી પાડી હોય, તે પટેલના જોઈ લેઓ હાલ! સિપાઈઓ ફૂલ * * પરાપર વગેરે નહીં લખાય એવી અંગ્રેજીમાં ગાળોનો વરસાદ વરસાવેછે, તેમજ ગુજરાતી, મુસલમાનીમાં ગાળોની તો ખોટજ નહીં, અને ગદ્દા પાટુ, ચાબુક પણ કોઈ વખતે ખાવાં પડે. એવા હાલ રસ્તાની પાકી સડક નહીં તેથી. લોકલફંડનાં પૈસા, જે હેતુથી તે લેવામાં આવ્યા હોય તે હેતુમાં નહીં વપરાતાં બરબાદ ગયા છે.

સરકારે એ લોકલફંડની ઊપજ કરી, તે હેતુથી લોકો કોઈ અ જાણ્યા નહીં હતા. લોકો કૂવાં, તળાવ, વાવ, ધર્મશાળા, અન્ન છત્ર પરબ, પુલ, ઝાડ રોપવાં, વગેરે કામમાં પુણ્ય સમજે છે અને તેઓ પોતાની પાછળ નામ રાખવાને અગર લોકોને સુખ થવાને પોતાને સ્થળે અગર પવિત્ર જગાને સ્થળે તે કરે છે, તેથી ગામે ગામને સુખનાં સાધન થાય છે. એવી રીતે અસલના વારાથી થતું આવ્યું છે. તેમજ મુસલમાની રાજ્યમાં તથા મરાઠાનાં રાજ્યની કારકીર્દિમાં એવાં કામ તો સરકાર તરફથી પણ થતાં. તે એવાં મજબુત કે આજે બસેં ત્રણસેં વરસે પણ તેના નાશ થયા નથી. તેના દાખલા. ધોળકામાં મલાવ તળાવ, તથા વિરમગામમાં મોનસર, ગંગાસર સરોવરો; અમદાવાદમાં તથા અડાલજમાં મોટી મોટી વાવો, સીરસોનું મોટું તળાવ, જ્યાંના બાગમાંથી ડાકોરના શ્રી રણછોડજીને ફુલ ફળ જાય છે. એવાં એવાં તળાવો; અમદાવાદનો ભમરીઓ કુવો, વગેરે નામાંકિત જળાશયો, આજ મોજુદ છે, અને કાંકરો ખરેલો નથી. અને અંગ્રેજી ઈંજનેરી કામમાં તો બીજે વરસે ફાટ પડી તે રીપેર માગે છે. એવી રીતનાં જુના વખતનાં કામો પૂણ્ય દાખલ કરેલાં મશહુર છે.

વળી ગામમાં રસ્તા, કુવા, તળાવ, ચોરા, વગેરે કરવાને સરકારી મહેસુલમાંથી કાંઇ હિસ્સો જૂદો પડ્યો હતો, તેને મળ વેરો કહેતા. તે-માંથી સાધુ સંત તથા શીપાઈ સફરાનો ખરચ ચાલતો. તેની સીલક હજુ જીલ્લા જીલ્લામાં છે. તેથી ચોમાસું ગયું કે રસ્તા, પાણી જવાનાં માર્ગ વગેરે દુરસ્ત થતાં. તે થવાનું હવે સાધન ન રહ્યું. તેથી ગામડાંમાં બહુ લોક હેરાન થાય છે.

જ્યારે લોકલફંડનાં નાણાં પૂરાં નહીં પડે ત્યારે સરકાર લોકોની પાસે અરધા ખરચની અગર કાંઈ હિસ્સે ખરચમાં આપવાની મદદ મા-ગવા લાગી. તે પણ ગરજવાન લોકો ખુશીથી આપવાને કબુલ થયા. પણ તેઓ કહેવા લાગ્યા જે સરકાર રૈયત પાસેથી લોકલફંડ લે છે ને વળી ફાળો આપવાની માગણી કરે છે એ શું? લોકલફંડ થવાથી, લોકો પૂણ્યનાં કામ જાણી એવાં કામો કરતા હતા, તે હઠી ગયા. તોપણ જ્યારે સરકાર અરધો ફાળો માગવા લાગી ત્યારે પોતાનાં ગામમાં કુવો, તળાવ કે ધર્મશાળા થશે અને તે ત્યાં રહેશે, એવું ધારી, તે ફાળો આપવા અગર તે બદલ તેટલી મજુરી કરવા આનાકાની કરતા નથી.

પૂર્વનાં રાજ્યમાં એવાં ઘણાએક કામો સરકાર ખરચે થતાં. તેમાં સરકાર લોકો પાસેથી વેઠ કરાવતી. લોકોમાં સલાટ, સૂતાર, કડીઆ, કુંભાર, ચૂનારા, ઈંટવાળા, સર્વે પોતપોતાની કારીગીરીની જણસો મજુરી લીધાં વગર કરી આપતા. ગાડાંવાળા તે જણસો વહી લાવવાનું કામ વારા ફરતી મફત કરતા, મજુરો બીજુ મફત મજુરી કરતા. વાણીઆ વગેરે એઓ કાંઈ કરી નશકે. તેઓને મજુરોને ખાધ ખોરાકી દાણા વારાફરતી આ-પવું પડતું, અને સરકાર લાકડાં પથ્થર વગેરે મફત આપતી. લોઢું શીશુ વગેરે લેવાને નાણાં જોઇએ તેનાજ માત્ર પૈસા આપતી, એટલે થોડે પૈસે મજબુત અને ટકાઉ કામ થતું. એવાં કામમાંનાં ઘણાંએક હાલ મોજુદ છે. તેમાં ઘણીએક વાવોમાં હજુ લોકો પાણી પી આશિર્વાદદે છે. એવાં કામોમાં લોકો ખુશીથી વેઠ મજુરી કરતા, સબબ કે તેઓને એવાં કામો કરવાની સમજુત દેશાઇ, મજમુદાર, પટેલ, ઈનામદાર વગેરે આપી તે કામ કરાવતા. તેઓ દેશાઈ વગેરેને પોતાના ખેરખા સમજતા, અને તેઓનું ભલું કર-વામાં તથા સરકાર તરફથી તેઓની ઉપર કાંઈ દુઃખ આફત આવી પ-ડતાં તો તેનું નિવારણ કરવામાં તેઓ હમેશ એવા વશવાયાંઓને સાહ્ય થતા

તેથી, તથા સરકાર એવાં કામ દેશાઈ મજમુદારોને હાથે કરાવતા તેથી, એવાં કામો સરકારની મરજી થઈ કે તુરત થતાં. હાલની અંગ્રેજ સરકારે એવાં સાર્વજનિક બાંધકામ કરવાનો ખરચ ચલાવવાને લોકલફંડનો કર કરચો છે. દેશાઈ, મજમુદાર, જાગીરદાર, સેલોત, પટાવત, ગરાશીઆ, ઠાકોર વગેરે એવા વંશપરંપરાના અધિકારીઓની જાગીર, ઈનામ, તથા સત્તા લઈ લીધી છે અગર કમી કરચાં છે; તેથી લોકોની મરજી પ્રમાણે જ્યાં જોઈએ ત્યાં અને જોઈએ તેવાં બાંધકામ થતાં નથી. એ સર્વે કારણોથી સરકારી અધિકારીઓ ફાળો માગે તો આપવાની બીલકુલ તેઓ ના પાડે છે, અગર આપવાનું કબુલ કરે છે તો આનાકાની કરી નાખુશીથી થોડો હિસ્સો આપે છે. વળી તેવાં કામો પહેલાં દેશાઈ વગેરે અધિકારીઓ કરાવતા, હવે સરકાર તરફથી કંત્રાકટથી અગર બાંધકામ ખાતાંના અમલદારથી થાય છે, તેથી તેવાં કામ કરવામાં લોકોનું બીલકુલ અનુમત લેવામાં આવતું નથી; અને લોકોમાંના પટેલે કે દેશાઈએ કરાવવાનું માથે લીધું હોય, તો લોકલફંડના ઇંજનેર, ઓવરસીયર, મિસ્ત્રીઓ, તેઓની ચુક કાઢે છે, કે આતો નકશા પ્રમાણે થયું નથી, ચૂનો છો, ઈંટ, સારાં વાપર્યાં નથી; લાકડાં ખરાબ વાપર્યાં નથી, એમ કહી ખોદી નખાવે છે અગર, ફેરફાર કરાવે છે. તેથી લોકોનાં મન એવાં કામ કરાવતાં દુખાય છે. અને લોકલફંડના અધિકારીઓએ તે કામ કર્યાં હોય, અગર કરાવ્યાં હોય તેમાં ભૂલ કાઢવાને કોઈને સત્તા નથી. એવાં કામો લોકો જે ખરચે પોતાનાં ઘર કામ માટે કરાવે છે, તેમાં જે ખરચ થાય છે, તેથી દોઢો બમણો ખરચ લોકલફંડના ઇંજનેર, ઓવરસીયરોની મારફતે કરાવતાં થાય છે અને મજબુતીમાં, લોકોનાં કરાવેલાં ટકાઊ નીકળે છે, અને બાંધકામ ખાતાંના અધિકારીઓનાં કરાવેલાં કામો બીજે ત્રીજે વરસે મરામત કરાવે તોજ ટકે. એટલો ફેર; તેથી લોકો એવાં કામોમાં માથું ઘાલતા નથી,

સરકારનાં બાંધકામમાં કેટલાંક કામ સરકાર ખરચે થાય છે. તેમાં કેટલાંક ઉત્પાદક અને કેટલાંક અનુત્પાદક હોય છે. સડક, કુવા, તળાવ, નેહેર, ફળઝાડ, જળાઉ ઝાડ, રેલવે, તારયંત્ર, વગેરે ઉત્પાદક બાંધકામ છે. લશ્કરી બરાક, ઇસ્પીતાલ, ધર્મશાળા, વગેરે કામો પ્રત્યક્ષ રીતે અનુત્પાદક છે; પણ તે લોકોને બહુ ઉપયોગી છે, એટલુંજ

નહીં, પણ નદીઓ ઉપર પૂલ અગર નાળાં ઉપર પાવઠા બાંધ્યા હોય તથા નાળાંમાંનાં પાણી જવા માટે કાંશ ખોદી પાણી સંડ સડ જવાના રસ્તા અગર નીક કરયાં હોય, તેથી પ્રજાની આરોગ્યતાને પણ સુગમ છે. તે જોવાને સરકારે સેનેટરી કમીશનરો તથા આસીસ્ટંટ સેનેટરી કમીશનરોનાં ખાતાં લાખો રૂપીઆ ખરચી કાઢેલાં છે, તેમના રીપોર્ટથી માલમ પડતું હશેજ. પણ આ જગાએ એ ખાતાંની ખામી દર્શાવવી જરૂરની નથી. ગૂજરાતનાં સઘળે ઠેકાણે દમણથી દીસા સૂધીનાં દરેક ગામમાં પાણી જવાના કાંશ, નીક, ખરોબર નથી, તેથી ચોમાસાંનાં પાણી દરેક ઠેકાણે ખાબડાંને ખાબડાં ભરેલાં રહે છે, તેમાંથી અશ્વિન કારતેક માસમાં ભારે તાપને લીધે બદહવા, બદબો નીકળીં, તે હવા ચોખ્ખી હવા સાથે મળે છે, તેણે કરીને કારતકીઓ તાઢીઓ તાવ ઘેરે ઘેર પસરે છે, તેમાંથી ભાગ્યેજ કોઈ ઘર કોરૂં હોય છે. ખેડા જીલ્લામાં તેમાં વિશેષે કરી માતર તથા કપડવંજ પ્રગણામાં; અમદાવાદ જીલ્લામાં સાણંદ, વીરમગામ, ધોળકા, પ્રગણામાં વિશેષે; ભરૂચ જીલ્લામાં ભરૂચ, આમોદ, જંબુસર, પ્રગણામાં વિશેષે; તેમજ સુરત જીલ્લામાં માંડવી, બારડોલી, ચીખલી, પ્રગણામાં વિશેષે, એવા કારતકીઆ તાવનું જોર થાય છે. તેની માનતા, વડોઠાની જાત્રામાં, સુકલતીરથની જાત્રામાં તથા મોરા સુવાળીના કુવાની જાત્રામાં મૂકી, પોષ માસમાં સાજા થવાનો વખત આવે છે. એની કોઈ સેનીટરી કમીશનર કે કલેકટર કે રીવીન્યુ કમીશનરને ખબર હોય છે!

એવા તાવ વગેરે મટાડવાને વાસ્તે દરેક જીલ્લામાં એક મેડીકલ આફીસર નેમવો જોઇએ. તેના હાથ નીચે દરેક તાલુકા દીઠ આસપીટલ આસિસ્ટંટ નેમવો. તે દવાની પેટી તથા શસ્ત્ર લેઈ તાલુકાનાં સઘળાં ગામમાં વરસમાં બે વાર ફરે, અને ઔષધ વગેરે કરવાનો બંદોબસ્ત કરે. એવું થયેથી થોડે ખરચે ઘણા લોકોને તનદુરસ્તીના ઇલાજ થશે અને સરકારને આશિર્વાદ મળશે. પણ સરકારના કેટલાંક કામ પેનીવાઇસ અને પૌંડ ફુલીશ (ખાળે ડુંચા અને દરવાજા ખુલ્લા) એવા ઘાટનાં હોય છે, તેથી એ ધર્મ કૃત્યનું ફળ લેવાનું અધિકારીઓને સુજે તેમ દિસતું નથી.

પ્રકરણ ૩ જું.

લોકલફંડ । ખરચથી ચાલતું કેળવણી ખાતું.

લોકલફંડમાંથી દર રૂપીએ એક આનામાંથી ઊપર કહ્યા પ્રમાણે ૪ પૈ નિશાળ ખાતામાં ખરચ થાય છે તે કેમ વપરાય છે તેનું વિવેચન કરવામાં આવે છે. પ્રથમ વર્ણવ્યા પ્રમાણે જમીનના મેહેસુલનો જ્યાં જ્યાં કાયમ ઠરાવ થયો ત્યાં ત્યાં કેળવણી વાસ્તે લોકોને નિવેદન કરવામાં આવેલું છે. જમીનના મેહેસુલનો કાયમ ઠરાવ કરતાં કેળવણી વાસ્તે દર રૂપીએ એકે ½ આનો ગણી તે વિચારમાં લેવામાં આવેલો છે, તેથી ત્રીશ વરસ સુધી એ બાબત શિવાય સરકાર બીજું કશું ઠરાવ કરતાં વધારે લેશે નહીં; એવી રીતે ખાનદેશમાં, કેળવણીનો દર રૂપીએ ૦॥ આનો લેવા માટે તે લોકોને કેળવણી ખાતાં તરફથી કહેવામાં આવ્યું: તેવારે તેઓએ તુરતજ ખુશીથી કબુલાત આપી ને તેઓ આતુરતાથી પૂછવા લાગ્યા જે એ શાળા ક્યારે સ્થપાશે. એજ રીતે ગુજરાતમાં પણ કાયમ ઠરાવ થયો ત્યારે લોકોને સુચવેલું. તે રીતે ત્યાં પણ ચાર પાંચ ગામના મંડળ વચ્ચે એક સારાં ગામમાં નિશાળ કરવાની ગોઠવણ થવાની સૂચના થઈ હતી.

સને ૧૮૬૩ ના સાલથી નિશાળો સ્થાપવાનો પ્રારંભ થયો અને લોકલફંડનાં નાણાં વસુલ લેવાનો પણ ત્યારથીજ પ્રારંભ થયો, પણ તે વિષેનો કાયદો છેક ૧૮૬૯ સુધી થયો ન હતો. તેમજ તેના નિયમો પણ ઠર્યા નહતા. તેથી બજેટ કરવામાં તથા ખર્ચ કરવામાં કેટલીક ગુંચવણ પડતી હતી. કેળવણી ખાતાંના ઈન્સ્પેક્ટર સાહેબ સરકારના મેહેસુલ ખાતાંના અધિકારીઓની પાસેથી વસુલ થવાનો સંભવ કેટલાં નાણાંનો છે તેના આંકડા જાણી લેઈ તે પર કેળવણીની શાળાઓના ચાલુ ખરચનું, તથા નવીન શાળાઓ સ્થાપવાના ખર્ચનું, વિગતવાર બજેટ કરતા, અને નિશાળનાં નવાં મકાન બાંધવાનો ખરચ, જુનાં મકાનને મરામત તથા સુધારવા વધારવાનો ખરચ, એ સર્વેનું વિગતવાર બજેટ કરીને ડરેક્ટર સાહેબ અને રેવીન્યુ કમીસનર સાહેબ મંજુર કરે એટલે તે પ્રમાણે નાણા ઉપાડી કરતા, અને ખરચનો આંકડો આપતા. પણ પાછળથી એટલે સને ૧૮૬૯—૭૦ થી નિશાળનાં મકાનને મરામત કરવાનું તથા નવાં

મકાન કરવાનું કલેકટર સાહેબના તાબાના લોકલફંડ ઈજનેર, ઓવરસીયરો, તરફથી થવાનો ઠરાવ થયો અને રૂ ૫૦૦૦)થી વધારે ખરચ કરવાનું કામ સરકારી ઈજનેર ખાતાં તરફથી થવાનો ઠરાવ થયો. એથી કેલવણી ખાતાંની મરજી માફક કામ ન થતાં શેકડે ૧૫ ટકા ખરચ ચઢી તથા ઈજનેર, ઓવરસીયરો વગેરે કંત્રાકટ આપતાં તે પ્રમાણે તેના નફાના આંકડા ચઢી, થવા માંડયું. તે આજ દીન સુધી તેમજ છે. કેળવણી ખાતાંવાળાને નિશાળનું પાટીયું ચોઢવાને ગોઠવણ કરવાની સોઈ, તે બંધાતાં બહુ સારી થાય, તેવી પાછળથી થાય નહીં, તોપણ તેઓ પોતાના રોકમાં ને રોકમાં પાટીયું ચોઢવાની સોઇ તે વખતે નહીં કરે. તેથી જેમ કામ ચાલતે કામે જુજ ખરચે થવાનો સંભવ, તે પાછળ ઉપર બીજાને હાથે કરવાનું નાખવામાં આવે, તેથી બમણો ખરચ થવાનો સંભવ, અને મજબુતી તેટલી ઓછી. પણ એ સઘળું પર હસ્તે, પારકે પૈસે ખરચ રાખ્યાથી થાય છે. જેના પૈસા, જેના હિસ્સાનો પૈસો તે ખરચવામાં તેને પોતાને જેટલી ફીકર તેટલી બીજાને નહીં. એ ન્યાયે કામ ચાલતું નથી.

મકાન સંબંધી ખરચની હકીકત ઉપર જાહેર કરી, હવે નિશાળના ખરચ સંબંધી વિવેચન કરીએ છીએ. નિશાળના મેહેતાજીના તથા ઉપમેહેતાજી વગેરેના પગાર વગેરે ચાલુ ખરચ સરકારનાં કેળવણી ખાતાંના અધિકારીઓ બનતી સોઈ પ્રમાણે તથા કરકસરથી, ચલાવે છે. તેથી એ ખાતાંમાં લોકલફંડના હિસ્સાનાં નાણાં લોકલફંડ કમીટીની મરજીને અનુસરીને બરોબર રીતે જ્યાં ઘટે ત્યાં, અને જેટલો જોઇએ તેટલો ખરચ થાય છે. તેથી તાલુકા લોકલફંડ કમીટીના તથા જીલ્લા લોકલફંડ કમીટીના વિચારાનુસાર થાય છે. એ વિષે કાંઇ ફરીઆદ કે રાઢ કરવાવું નથી.

પ્રકરણ ૪ થું.

લોકલ ફંડ કમીટીની ઊત્સુકતા તથા ઊમંગ અને પાછળથી તેઓને ૭) વરસી બજેટથી અસંતોષ.

જ્યારે પ્રથમ લોકલફંડ કમીટી નેમાઇ ત્યારે તેના સભાસદોનાં

મત સરકારી મોટા મોટા અધિકારીઓ પુછતા કે, ક્યાં ક્યાં ક્યાં ક્યાં કામોની જરૂર છે, તે તેઓનાં સ્થાનિક સંપૂર્ણ જ્ઞાન તથા ચાતુર્માસમાં તથા ચાતુર્માસ ગયા કેડે કેટલી કેટલી હરકત થાય છે તેથી જાણેલું તથા અનુભવિક જ્ઞાન, તેને લીધે તેઓ ઝપોઝપ અભિપ્રાય આપતા, અને મેમ્બરોમાં એક એક પર એવી એવી માહિતીનો ચડા ચઢી થતી. તેમાં જેની વધારે જરૂર દિસી તે કામ તાલુકા બજેટમાં દાખલ થતાં. તે પ્રમાણે તેમાંના કેટલાંક કામ જીલ્લા કમીટીમાં મંજુર રહ્યાં અને બીજાં વધારે સ્થાનિક, તે નજરમાં ન આવતાં તે પડતાં રહ્યાં. અને જે વધારે સાર્વજનિક તે કાયમ રહ્યાં, અને તેવાં વધારે દાખલ થયાં. એ રીતે ૪-૫ વરસ સૂધી ચાલ્યું. તેથી લોકોમાં સ્થાનિક ક્યાં ક્યાં છે તેની તપાસ રાખવા પર વધારે લક્ષ રહેવા લાગ્યું. રસ્તા તથા તેની બાજુએ ઝાડ રોપવા સાહેબ લોકોની ઇચ્છા વિશેષ તે ઊપર પણ ચિત્ત વધારે લગાડવા લાગ્યા. એ રીતે સભાસદો પોતાનાં સ્થાનનીજ નહીં, પણ પર સ્થાનની જરૂરીઆત તથા જ્યાં કામ ચાલતાં હોય ત્યાં તેની દેખરેખ વિષે વધારે તપાસ કરવા લાગ્યા, અને જેમ પોતાનાં કામમા ઊત્સુક હોય તેમ એ કામોમાં પણ ઊત્સુક રહ્યા. પણ એ વાત ૫-૭ વરસજ નભી. તેમાં સ્થાનિક કામમાં લાખો રૂપીઆ ખરચાયા. અને લોકો પોતાને લોકલફંડ ભરવું પડે છે તેનો કર ન સમજતાં [illegible] કલ્યાણની વાત છે એમ સમજવા લાગ્યા. તેટલામાં આવો, ટેમ્પલ સાહેબનું રાજ્ય, કે જેણે કરીને જે હેતુથી એ કર નખાયો હતો તે નજરમાથી જતો જતો રહ્યો.

પ્રકરણ ૫ મું.

મ્યુનિસિપાલ લોકલફંડ કમીટી.

હિંદુસ્તાનમાં મ્યુનિસિપાલ ખાતાંની રીત તથા કમીટી ઇંગ્રેજી રાજ્ય પછી થઇ છે, એમ ન સમજવું. ગામ સુધરાઇ તથા શેહેર સુધરાઇ કરવા માટે લોકોએ મળી પંચાયત, ઘણા પ્રાચિનકાળથી કરેલી દિસે છે. તેમાં શેહેરમાં નગરશેઠ, દેશાઈ, મજમુદાર, દરેક જાતના મોટા વેપાર-

ના તથા કારખાનાંના તથા તાએફા અગર મહાજનના શેઠીઆ, મુખી, વતનદાર, જાગીરદાર, એવા તે પંચાતમાં સભાસદો બેસી, જે કામ કરવાનાં, તેને માટે રોજગાર, ધંધા પર પોતાના શેઠીઆ વેરો બેસાડીને વસુલ લઈ શેહેરના, કોટ, ઝાંપા વગેરે કરાવતા. બહાર જાજરૂની જગો દુરસ્ત કરાવતા; પાંજરાપોળ, હેરાયાંઢોર વગેરે રાખવાની જગા, શેહેરનું પાણી ચોમાસાંમાં નીકળી જવા માટે મોરીઓ, તથા ગટરો કરાવતા. તેમજ ગામડાંમાં ગામનો પટેલ, દેશાઇ, તળાટી, તથા ધામોટ ગામના સારા સંભાવિત લોકની પંચાત ઠરેલી હોય, તે મોહલે મોહલે ને ફળીએ ફળીએ વાડ તથા ઝાંપા કરાવતી; ગામ ઊજાણી કાઢતી; ગામ હોમ તથા ફળીએ ફળીએ માતાનો હોમ દર વરસે એકવાર પણ કરતી; પોતપોતાનાં ઘરના આંગણા અગળ દરરોજ સાફ રખાવતી, અને સરેરાસ રસ્તો પણ વાળી ઝાડી સાફ રખાવતી. તળાવ, કુવા, ધર્મશાળા વગેરે સાર્વજનિક કામ દુરસ્ત કરવાને ગામ લોકોમાંથી જે કામ કરી શકે તે તે કામ તેમની પાસેથી વારા ફરતી હીસા પુરતું કરાવતી અને તેમાં ખરચ કોઇને બીલકુલ થતું ન હતું. એ રીતે ગામ સુધરાઈ તથા શેહેર સુધરાઈ માટે પંચાતો હતી. અને તે પંચાતને ન્યાત બહાર મૂકવા સૂધીની સત્તા હતી. તે એ ધાસ્તીથી અગર મહાજન બહાર મૂકાશે એ ધાસ્તીથી, અગર એવાં કામો ઉમંગથી થવાં જોઈએ અને ન થાય તો લોકનિંદા થવાના ભયથી સર્વેને જે કામ સોંપાતું, તે કામ મોટી ઊત્સુકતાથી, કરકસરથી, તથા પ્રજણુતાઇથી થતાં. મહાજનનાં હુકમથી શેહેરમાં અણોજા અગર પાખી પળાય અને એક જણેજ દુકાન માંડે. તે મહાજનનાં અગર પોતાના તાએફામાં અમુક રકમ આપે; તે મહાજનના અગર તાએફાના ફંડમાં જાય એવી રીત હતી. તેમજ ચોમાસાંમાં ઘાણીમાં તલ વગેરે ન પીલવા, એ પણ મહાજનના હુકમથી થતું અને હજી થાય છે. એ પણ મ્યુનિસિપાલની રીત છે; અને તે બદલ નાણું ભેગું થાય તે પંચના લોકો એવાં ધર્મ કે પુણ્યનાં કામમા ખરચતા. કોઈ સમે દૂકાળ પડે અગર કાંઈ આફત પડે તો તેવાં નાણાં ગરીબ ભુખે મરતા લોકોને ખવરાવવાનાં પુણ્યનાં કામમા વાપરતા. મહાજનની સંમતીથી તે પાંજરાપોળમાં પણ ખરચતા.

પછી અંગ્રેજી રીતે મ્યુનિસિપાલ ખાતાં દરેક શેહેરમાં તથા વસ્તી

તેમાં ૫ હજાર માણસની, તેમાં નીકળ્યાં. અને તેમાં કમીટીઓ નેમાઈ. તેમાં મુખ્ય કલેકટર, તેના ડીપ્યુટી, આસીસ્ટંટ, પોલીસ સુપરીન્ટેંડંટ, ઈજનેર, ડાક્તર, મામલતદાર, એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, અગર તેના ડીપ્યુટી સાહેબો, નગરશેઠ તથા જાગીરદાર, ઈનામદાર, વતનદાર તથા બીજા શેઠ સાહુકારો મળી ૨૪ જણની કમીટી નેમાઈ. તેણે કર નાખવાની જાગસી કરાવી, કર નાખી ઉપજ કરી. તે ઉપજમાંથી ખરચો કરવાની બાબતો ઠરાવી.

રસ્તા ઝાડવાનું, પાણીનો છંટકાવ કરવાનું, દીવાબત્તી કરવાનું, નવા રસ્તા કરવાનું, જુના રસ્તા દુરસ્ત કરવાનું, દવાખાનાં કરવાનું, તેમાં ઔષધ ઉપચાર કરવાનું, ઔષધી પૂરી પાડવાનું, પાણી શેહેરમાં લાવવાનું, નિશાળોના ખરચમાં મદદ કરવાનું, વિદ્યા ખાતાં, જેવાં કે લાયબ્રેરીના ખરચમાં મદદ કરવાનું, જાહેર બાગ કરવાનું, લોકોનાં તન મનને સુખાકારી થાય અને તેમાં વધારો થાય, અને વેપાર રોજગારને મદદ મળે એવાં કામો, કમીટીને હસ્તે કરવાનું કામ શરૂ થયું. તેવી મ્યુનિસિપાલીટીઓનાં બે વર્ગ બાંધ્યા. તેમાં એક વર્ગમાં લોકો તરફથી પસંદ કીધેલા કેટલાક સભાસદ અને કેટલાક સરકાર તરફથી પસંદ કરેલા એવા. એ સર્વે મળી એક મ્યુનિસિપાલ કમિટી. તે સઘળો વહિવટ કરે. અને બીજા વર્ગની મ્યુનિસિપાલીટીની કમીટીમાં સરકારે પસંદ કીધેલાજ સભાસદો હોય. હાલમાં પહેલા વર્ગની કમીટી, મોટાં શેહેરોમાં છે. તેને સીટી મ્યુનિસિપાલીટીની સંજ્ઞા છે. અમદાવાદ, ભરૂચ, નડીઆદ, વીરમગામ, સુરત, વલસાડ એ ગુજરાતમાં છે. અને બીજા વર્ગનીને ટાઉન મ્યુનિસિપાલીટીની સંજ્ઞા છે. તેમાં ધોળકાં, ધંધુકા, ધોળેરા, ગોધરા, સાણંદ, માંડળ, પ્રાંતીજ, મોડાસા, ખેડા, કપડવંજ, મેમદાવાદ, આણંદ, ડાકોર, ઊમરેઠ, માતર, બોરસદ, જંબુસર, અંકલેશ્વર, રાંદેર, માંડવી, બીલીમોરા, એ ગામોમાં નાની મ્યુનિસિપાલીટી છે. એ વગર બીજાં ગામો જેની ખુશી હોય તેમાં મ્યુનિસિપાલીટીની રીત દાખલ કરવાની સરકારની ખુશી છે. અને હાલ મ્યુનિસિપાલીટીઓ છે, ત્યાંના લોકો સ્વતંત્ર વહિવટ ચલાવવા લાયક નજરમાં આવેથી તેને સીટી મ્યુનિસિપાલીટિની સંજ્ઞા આપી, તેટલી સત્તા તેને આપવા સરકાર તૈયાર છે, અને તે પ્રમાણે આપેલા પણ જાય છે. ખા-

જીલ્લામાં ઘણું કરી દરેક તાલુકા અને પેટા મહાલના કસ્બામાં મ્યુનિસિપાલિટિની રીત દાખલ થએલી છે. એ સઘળી મ્યુનિસિપાલીટિના વહિવટ સંબંધી આધાર તેના પ્રમુખ ઉપર એટલે કલેક્ટર ઉપર મુખ્યત્વે છે. એ મ્યુનિસિપાલીટીની રીતથી સરકારનો ખાશ હેતુ લોકોને સ્વતંત્ર સત્તા ચલાવવાને લાયક કરવા. તેઓ તેવા જન્મથી એટલે નેમાયાં હોય ત્યારથી શિક્ષણ પામી હોંસીયાર થયા હોય નહીં, તેઓને શિક્ષણ આપી કેળવવા અને પોતાના પૈસાનો વ્યય પોતેજ સારી રીતે કરે તેવા કરવા.

એ રીતે મેહેરબાન હોપ સાહેબ, સુરતના માજી કલેકટરે મ્યુનિસિપાલીટીના પ્રમુખ છતાં લોકોને અનુભવ આપી તથા પોતાનો દાખલો આપી તેઓની મરજી માફક કામ લઈ શિક્ષણ આપી કેળવવાની તજવીજ કરેલી છે. તે સુરતના રીપોર્ટ ઊપરથી સિદ્ધ થાય છે. અને તેઓ સુરતમાં રહ્યા તેટલી મુદતમાં સુરત જે કાદવીઆ શેહેર હતું, તેમાં રસ્તે રસ્તે અને ગલીએ ગલીએ સડકો કરી. શેહેરમાં ચોમાસામાં, "લેઓરે કાદવીઆ શીશે" કેહેવાતો; તે કહેવતજ થઈ ગઈ જેવું કર્યું. હવે એ રસ્તા દુરસ્ત રાખવા અને બીજી શાખાઓ કાઢી જોડવાનું કામ તેના પછી થનારા પ્રમુખ, ઊપ પ્રમુખનું છે. એજ રીતે અમદાવાદમાં બારોડેલ સાહેબના વખતમાં સારો સુધારો થયો છે. તેમાં શેહેરમાં નાનો સુરેખો નજર બાગ કરેલો છે. તે શેહેરને બહુ શોભા આપે છે. તેમજ કાંકરીઆ ઊપરનો બાગ લોકોમાં તમમનની સુખાકારી ને લાભકારી છે. તોપણ સુરતના બાગની શોભા તથી અનુકુળતાને નહીં પહોંચે. સુરતનો બાગ નદી કાંઠે શેહેરમાં વચ્ચોવચ અને મોટો. તેની શોભા એક વાર લંકાપૂરી જેવી કહે તોપણ કવિને લાંછન લાગે નહીં.

પ્રકરણ ૬ ઠું.

મ્યુનિસીપાલીટીની રીત દાખલ થયાથી લાભાલાભ.

સ્કંધ ૫ પ્રકરણ ૪માં લખ્યા પ્રમાણે મ્યુનિસિપાલીટીની રીત અમલથી પંચાતની મારફતે ચાલતી હતી. તેમાં વિશેષે તન્દુરસ્તી જાળવવાની રીત હતી. સાર્વજનિક કામ જરૂર પડતી ત્યારે ગામના તથા શેહેરના મહાજન માંથે ફાળો કરાવતા, તે લખ્યું. ત્યાર પછી ઇંગ્રેજી રાજ્ય થયાથી

મ્યુનિસિપાલીટીની રીત દાખલ થઈ. તેમાં લોક તરફના સંભાવિત ગૃહસ્થો, તથા સરકારી નોકરોની કમેટી નેમાઈ. તેથી પ્રથમની માફક કર વેરો નાંખતાં, લોકોની સંમતિ અથવા ન્યાતના આગેવાનોની સંમતિ લેવાતી તે ન લેતાં, ઘણું કરી કલેક્ટરની નજરમાં આવે તે કર, અને તે જનસ ઉપર વેરો લેવાનો ઠરાવ થયો. તેથી પહેલાંના વારામાં કામ ધુલું તથા ઢીલથી પણ લોકપ્રિય થતું. તે હવે સત્વર તથા દૃઢ, પણ લોકોને ગમો અગર ન ગમો તોપણ થવા માંડયું. તેથી જે કામ ધારવામાં આવ્યાં તે થવા વિલંબ લાગ્યો નહીં. રસ્તા દુરસ્ત થયા, પાણી જવાના માર્ગ ઢાળ પડતા પાકા બંધાયા; ગલીચી થવા પામી નહીં; અને જે કોઇ ગલીચી કરે અગર જે કોઇ ગલીચી રહેવા દે, તેને દંડ વગેરેની સજા થઈ, લોકો સેહ પામ્યા. રસ્તામાં ધૂળ, છો, લાકડાં, વાસણ, કાઠી, કોઈ નાંખે તથા જમણવાર વગેરે કરે તો મ્યુનિસિપાલીટીના અધિકારીની રજાથી ગાડી જાય તેટલો માર્ગ મૂકી કરે. એવી રીતે થયાથી એક જણને અડચણ તો ખરી, પણ તેથી બીજા સર્વ જણને સુખ; એથી એક જણને અલાભ અને બીજા સર્વ જણને લાભ. એ મ્યુનિસિપાલીટીના નિયમ ઠરાવેલા હોય છે. તે વિરૂદ્ધ જે ચાલે તેની તપાસ થઇ દંડ તથા કોઈ વખતે વધારે થાય તો કેદની સજાપણ થાય. તે ન થવા માટે કોઈ તેવું કામ કરે તો તેને તેથી અટકાવવાને અને તે કરતો બંધ કરવાને નોટીસ કરવામાં આવે છે. તે છતાં પણ તે કર્યો જાય અને દંડ થાય, તે છતાં કર્યો જાય તો વધારે સજા પણ થાય છે. એથી લોકો મ્યુનિસિપાલીટીથી અલાભ છે એમ સમજી તે દાખલ થવાને બીહે છે. અને કહે છે જે એમ કરીએ તો આપણે હાથે કોહાડી માર્યા બરાબર છે. અને લોક વિચાર વિરૂદ્ધ વેરો કર નાંખવામાં આવે, તો સરકારને તથા શેઠીઆઓને આળનો વરસાદ પડે છે. એ વાત ખરી છે જે આ દેશ, જેને પ્રત્યક્ષ વેરો ખમવાની ટેવ નથી, તે દેશના લોકો એવા પ્રત્યક્ષ વેરાને લાયક નથી. મુગોમાર ખમવાની ટેવ પડેલી છે, તેથી પરોક્ષવેરો ખમી શકે તેમ છે. તે પ્રમાણે અધિકારીઓ વર્તે તો તેઓ લોક અપ્રિય થાય નહીં. વળી જરા જરા વાતે મ્યુનિસિપાલીટીના હલકા નોકરો લોકોને ગમે તેમ બોલે, ને રજનું ગજ કરી નાંખે; તેમાં વળી પોલીસના શીપાઈ જરા જરા વાતમાં લોકોને ગાળ-

ગલીચ કરી દુઃખ દે છે. જરા પાણી મોરીમાંથી નીકળ્યું કે જોઇ ઓ તેના હાલ! કોઇ બાઇ બાઇડીના ઘરમાં બીજું કોઇ મોટું માણસ નહીં હોય તો સમન, વારંટ કઢાવી તેમ હેરાન કરે છે. એવી નજીવી વાતમાં જરા દર ગુજર કરવાની સીપાઇઓને ટેવ પડી હોય, અને એવાને પકડી લાવે તે, અગર સમન કરતાં અવશ્ય મોટો વિચાર કરવો જોઇએ. હાથમાં કચરાપટી, સંડાસ, ગલીચીની સત્તા આવી કે મોટા સરદાર બની જવાની ટેવ રાખવા દેવી નહીં. એ કામ વરિષ્ઠ અધિકારીઓનું તથા કમીશનરોનું છે. પણ તે પણ જટોજટ માજીસ્ટ્રેટ પાસે કામ મોકલી દે તો, લોકોને મ્યુમિસિપાલીટીપર અભાવ થાય એમાં નવાઈ નથી. માટે એ રીત દાખલ કરતાં એને દુઃખ આપત્તિનું સ્થાન સમજી હમેશા સારા સમજુ માણસ પણ ના પાડે છે. વાસ્તે હાલની મ્યુનિસિપાલ કમિટીના કમિશનરો તથા તેમનાં રાખેલા અધિકારીઓએ રહેમદીલી રાખવી કે બીજા લોકો તેથી થતી હરકત દુઃખ કારક નથી પણ લાભકારકજ છે, એમ સમજી ખુશીથી એ સુધરાઇની રીત દાખલ કરવાને અરજી કરે.

સુધરાઈ માટે જે પર કર લેવાનો તે જણસો એવી જોઇએ કે તેથી લોકોને દુર્ગુણ થતો અટકે. જેવા કે દારૂ, અફીણ, ગાંજો, એવી કેફી વસ્તુઓ પર વિશેષ નાંખવો. વળી મોટા વેપારની જણસો, જેવી કે મહુડાં, તમાકુ, ઘી, ગોળ, ખાંડ, સાકેર, ચણા, માણીઆરૂં, કરીઆણું. જીણાં ઊનનાં કાપડ, જીણાં સૂતરના ૪૦ નંબરના કાપડ ઉપર, એટલે મોજ શોખની જગુસો ઊપર તથા કાચનાં વાસણ ઉપર, વેરો મોટો નાંખવો. તેમાં ઘર ખરચ જેટલી એટલે ૧૦ શેર સુધી કાપડ ઊપર અને તેજ પ્રમાણે બીજી જણસો, તેના સુમાર પ્રમાણે માફીમાં જવા દેવી. ગાડી, ઘોડા, જે મોટાઓનો મોજ શોખનાં સાધાન તે પર વેરો નાંખવો લોકોને દરવાજે ગાંસડીઓ છોડવાની હરકત થવા દેવી નહીં, સારા આબરૂદાર માણસ પોતા પાસેની જે જણસ હોય તેની યાદી કહે અગર આપે તે ઊપર ભરોસો રાખી, તેનું દાણ લેવા ઘટે તો લેવું; એમ નિયમ બાંધવો. એટલે સુધરાઇ ખાતાની જુલમની બુમ પડે છે, તે નહીં પડે; અને બીજે ઠેકાણે પણ એ દાખલ થવા લોકો અરજી કરે. એ રીતે મ્યુનિસિપાલીટીથી લાભાલાભ દર્શાવવાની તજવીજ કરી. તેથી ધ્યાનમાં

આંવડી ને, એ લાભ અગર અલાભની સમજનો આધાર અધિકારી-ઓની, વર્તણુક તથા કમીશનરોની સાથે સરકારના અધિકારીઓની વર્તણુંક તથા લોકો પ્રત્યે બંને તરફના અધિકારીઓની વર્તણુક ઉપર રાખે છે.

એકંદર રીતે જોતાં મ્યુનિસિપાલીટી થયેથી લોકોને કાંઇક દુઃખ, પણ વિશેષ સુખ છે. થોડે ખરચે મોટું સુખ મળે છે. તે જો લોકો પ્રત્યેક કરવા ચાહે તો બની શકે તેમ નથી. એકત્ર જમાવ થઈ સુધરાઈ ખાતાંની મારફતે કરે તોજ તે સુખની પ્રાપ્તિ થાય છે. કોઇ એકલો માણસ ધારે કે મારા ઘર આંગળ સફાઇ રાખું, પાણીનો છંટકાવ કરૂં, દીવાબત્તી કરૂં, રસ્તાની સડક કરૂં, નિશાળ કરૂં, વૈદકશાળા કાઢું, બાજાર કરૂં, કુવો કરૂં, પાણીના નળ કરૂં, બાગ વગેરે કરૂં, એવું કરવા ચાહે તો તેમાંનું કાંઇએ તેનાથી થાય નહીં અને થાય તો તેમાં થોડાંજ થઈ શકે. પણ જે રસ્તા, શેરી વગેરેમાં તેને ચાલવાનું, જે બજારમાં જઈ તેને સોદા લેવાનું, વગેરે તો દુર્ગંધીવાળાં, અંધારા. રહેવાનાં, તેથી તે કામ જેવાં એકત્ર મળી થાય છે તેવાં એકાએકથી થતાં નથી. માટે, મ્યુનિસિપાલીટી દાખલ થયેથી એકંદર રીતે પ્રત્યેકને તથા સમૂહને સુખ પ્રાપ્તિ થાય છે, તેવી બીજી રીતે થતી નથી.

સ્કંધ ૬.

સ્થાનિક રાજકીય સ્વસત્તાની રીત.

પ્રકરણ ૧ લું.

સ્થાનિક સ્વરાજ્યનો આરંભ.

લોકલ ફંડના જુના ધારા તથા રીત તથા તેના વહીવટ વિષે તેમજ મ્યુનિસિપાલ ધારા તથા રીત તથા વહીવટ તથા સરકારના હેતુ, એ વિષે સંક્ષેપમાં વિવેચન કર્યું, હવે સ્થાનિક સ્વરાજ્યની ઊત્પત્તિ તથા હેતુ વિષે વિવેચન કરવાંની તજવીજ કરીએ છીએ.

સ્થાનિક સ્વરાજ્ય, એ શબ્દ સરકારના ભૂષણ જાની પંડિતે

અંગ્રેજી શબ્દ Local self Government નો શબ્દે શબ્દ અર્થની રીતે કર્યો. Local (સ્થાનિક), Self (સ્વ), Government રાજ્ય. તોપણ એમાં Government નો અર્થ એ જગાએ રાજ્ય કર્યો છે તે બેજા દિસે છે. સ્વરાજ્યનો અર્થ વહિવટમાં મરાઠી રાજ્યમાં આપણું મરાઠાનું પોતાનું સ્વતંત્ર રાજ્યને લગાડવામાં આવતો હતો? તેથી દક્ષણના લોકો તેવો રમી રહેલો અર્થ એને લાગુ પાડે, તો સઘળાં સ્થાનિક સરકારી કામ સ્વતંત્રપણે દેશી લોકોએ અંગર રાજ્ય કર્ત્તા નેમાયલા દેશી લોકોએ ચલાવવું. એટલે સર્વે તરેહની મહેસુલનું ઉઘરાવવાનું કામ તથા તે ખરચવાનું કામ નિરંકુશપણે નિમાયલા સ્થાનિક અધિકારીઓએ ચલાવવું. તેમજ ન્યાયનું તથા કરવેરા વસુલ કરવાનું, સાયર જકાતનું, તેમજ પોલીસ, લશ્કરી, હીસાબી, ખજાના વગેરે સઘળું સ્થાનિક કામ, સ્વતંત્રપણે નેમાયલા અધિકારીએ કરવું, એવો (મારી આધિન બુદ્ધિ પ્રમાણે) અર્થ થાય છે. પણ વહિવટમાં તેમ નથી. તેથી એ શબ્દ ઉપરથી ભૂલ થાય તેમ છે. તોપણ સરકારે એ શબ્દ મંજુર રાખ્યો અને તે પ્રચાર પામ્યો. તે કામમાં બીજી રીતેજ લગાડવામાં આવ્યો છે: એટલે સ્થાનિકમાં હલકાં, જેવાં કે લોકલફંડ કે મ્યુનિસિપલ ફંડનો વહિવટ કરવાનુંજ કામ, એમાં સમાય છે, તેથી વધારેનો સમાવેશ થતો નથી. તેથી ખરું જોતાં અર્થનો અનર્થ થયો છે. પણ પ્રચારમાં થાય તેમ ધાસ્તી નથી. ખરું જોતાં એને, સ્થાનિક રાજકીય સ્વસત્તા એવો શબ્દ અનુકુળ પડતો લાગે છે.

એટલું એ શબ્દ પર બોલી, હવે એ રીતનો પ્રારંભ કેમ થયો તે લખવાનો યત્ન કરીએ છીએ. ભરતખંડનાં વરિષ્ઠ, સરસુબા, અને નવાબોમાં મેહેરબાન મોટા ખાનદાનના, પરોપકારી, લોકપ્રીય, વાઇસરાય અને ગવરનર જનરલ મારકવીસ લાર્ડ લાર્ડ, રીપન સાહેબ, જી. સી. એસ. આઈ. વગેરે મોટી પદવીના ધણી, એમણે પોતાના હોદ્દાની સત્તા હાથમાં લીધા પછી, એક વરસ મનમાં સ્વરાજ્ય સત્તાની રીતનું મનન કરી, રમણ કર્યા પછી પોતાના વિચાર પ્રજાને એ સત્તા આપવા માટે જાહેર કરી તા૦ ૧૮ મી મે સન ૧૮૮૨ ને રોજે એ બાબત મોટો ઠરાવ પુખ્ત વિચાર અને સંપૂર્ણ નીવેડા કરી જાહેર પાડ્યો તેમાં પોતાના યત્કિંચિત વિચાર સવિસ્તર દેખાડ્યા અને તાબાના ગ-

વર્ગો પાસેથી એ બાબત અભિપ્રાય માગ્યા, અને એ સત્તા પ્રજાને શી રીતે આપવી તેના વિગતવાર અભિપ્રાય આપવા ફરમાવ્યું. એ તા૦ ૧૮ મી મે ભરતખંડના ઈતિહાસમાં ઉજાણી, મહામેળા દાખલ પાળવા લાયક છે. અને તે પ્રમાણે સુરત શેહેરમાં એ દિવસે વાર્ષિક મહોત્સવ કરવામાં આવે છે. તે પ્રમાણે બીજા શેહેર કસ્બાઓમાં પણ થાઓ. એવી મારી ઉમેદ છે. એ ઠરાવમાં પ્રજાને મ્યુનીસીપલ ખાતાંમાં, લોકલફંડની તાલુકા કમેટી તથા જીલ્લા કમીટીમાં તથા શેહેરોની મ્યુનિસીપાલીટીમાં, વધારે અખત્યાર આપી સ્વતંત્ર પણે ઉત્પન્ન વ્યય ઊપર વધારે સ્વતંત્ર પણે ચિત્ત દેવા માટે તથા તેઓને વધારે ચિત્ત દેવાને માટે મોટાં મોટાં કામો તેમને સોંપી તેઓ પાસેથી તેવાં કામો કરાવવાં. સરકારી અધિકારીઓ આજદીન સૂધી કામોની યોજના તથા વહિવટ કરતા તે વહિવટ પ્રજામાંના કેળવાયલા તથા સુવિચારનાં માણસોને સોંપી તેમને હાથે તે કામ લેવાં, અને અધિકારીઓએ તે ઊપર દેખરેખજ રાખવી. કદાચ તે કામ કરતાં તેઓને શીખવવું પડે તો તે કામ કરતાં તેમને શીખવવું, અને તેવાં કામ કરવાને કેળવવા, એ ખરેખરો મુખ્ય હેતુ એ મહાન ઠરાવનો હતો. તે ઠરાવ પ્રમાણે સઘળા ગવર્નરોના અભિપ્રાય ગયા. અને તેમાં વાદવિવાદ કરવા ઘટયા તે કરી એ કામનો પ્રારંભ જેમ જલદીથી થાય તેમ કરવા ઠરાવ થયો. મુંબઈની સરકારે પ્રતિઉત્તર વાળ્યો હતો જે, એ રીત આ ઈલાકામાં ઘણા દિવસ થયા દાખલ છે. અને તે પ્રમાણે વહિટ ચાલે છેજ. માટે તેમાં ફેરફાર કરવાની જરૂર નથી. એવા વાંધા સાંધા ઘાલી કામને વિલંબ પહોંચાડવાની તજવીજ થઈ હતી. પરંતુ જે રીત ચાલુ હતી તેતો સરકારે ઠરાવેલા તથા નીમેલા સભાસદની કમીટીથી ચાલતી હતી, લોક પસંદ કરેલા સભાસદ નિમી કમીટી થએલી નહતી, તેથી વરિષ્ઠ સરકારના હુકમને તાબે થવું પડ્યું, અને તે વિષે બે કાયદા કરયા. એક મ્યુનિસિપાલીટીનો અને એક લોકલફંડનો. એ રીતે બે કાયદા સને ૧૮૮૪ નો આકટ ૨ જો તથા આકટ ૧ લો એ રીતે કર્યા. તેમાં પહેલાંના કાયદા રદ્દ કરી નવાં ધોરણ, જે વરિષ્ઠ સરકારના હુકમ તથા અભિપ્રાયને અનુસરે તેવાં કરી બંધારણ બાંધ્યાં. તે કાયદાઓના સ્વરૂપ કેવાં છે તે નીચેનાં પ્રકરણમાં જાહેર કરવામાં આવે છે.

પ્રકરણ ૨ જું.

લોકલ ફંડનો નવો કાયદો તથા તેના ધોરણ તથા તેપર વિચાર.

લોકલ ફંડની ઊપજનો વહીવટ કરવા, જુના કાયદા સને ૧૮૬૯-ના આકટ રૂજામાં ૮ મેંબરથી ઓછા નેમવાનું ન હતું, તેમ અરધા સરકારી નોકર. અને અરધા નોકરી વગરના, એ રીતે ઠરાવ હતો. તેમને સરકાર નેમતા અને તેમની બહાલી બરતરફી પણ સરકારના હાથમાં રાખેલી હતી; તે રદ કરી નવા કાયદામાં બે પ્રકારના મેંમ્બરો ઠરાવ્યા. એક રૈયતના પસન્ન કરેલા અને એક સરકારના નીમેલા, એવા બે પ્રકારના. તેમાં અરધા કરતાં ઓછા પસન્ન કરેલા ન હોય તેમ ઠરાવ છે. તેમાં તાલુકામાં મ્યુનિસિપાલીટી હોય તેના કમીશનરે પસન્ન કરેલો એક; તાલુકાની ટુકડીઓ (ગ્રુપ) પાડેલી હોય તેના હકદાર પસન્ન કરનારાએ ચુંટી કાડેલો એવા દરેક ગ્રુપનો એક; ઇનામી ગામના ધણીએ અગર ભાગદારોએ પસંન કરેલો એક; એ રીતે મેમ્બરો પસન્ન કરેલા, તાલુકા લોકલ કમીટીમાં બેસે, અને જીલ્લા લોકલ કમીટીમાં દરેક તાલુકા લોકલ કમીટીના એક બે અગર વધારે મેમ્બર પસંન કરેલા, અગર એક બે એકત્ર મળેલી તાલુકા કમીટીનો એક મેમ્બર, અને એક મ્યુનિસિપાલ કમીટીમાંનો તથા એક ઇનામી ગામના માલેક તરફનો અગર ભાગદાર તરફનો; એ રીતે જીલ્લા કમીટીમાં પસંદ કરેલા મેમ્બર. તે શિવાય અરધા મેમ્બર સરકાર તરફના નીમાયલા. એ રીતે તાલુકા કમીટી તથા જીલ્લા કમીટીનું બંધારણ કરેલું છે. એ કમીટીમાં સરકારી પગારદાર મેમ્બરો આખી સંખ્યાના અરધથી વધારે નહીં, એવો નિયમ છે. તેમાં પ્રચારમાં તે કરતાં પણ ઓછા અગર અરધા પૂરા કરવાને રૈયતમાંથી કેટલાકને સરકાર નેમે છે. તેથી તેઓ પણ પ્રજાનાં હિત તરફ લક્ષ રાખનારાજ હોય છે. અને તે વળી સારા વિદ્વાન, અનુભવી તથા સુખ દુઃખના માહિતગાર, તથા કાયદા કાનુનના માહિતગાર, તેથી પ્રજાના લાભ સારી રીતે સચવાય તેમ છે. વળી સરકારી પગારી નોકરો જીલ્લામાં મુસાફરી કરીને ભોમીઆ થએલા, તથા સરકારની તથા લોકની રીત સારી પેઠે જાણનારા અને આ આકટથી યત્કિંચિત ભોમીઆ, તેથી તથા સરકારના હેતુથી પૂરા જાણ

તેથી પ્રજા તરફનાં હિત કરનારા સમજવા. વળી પ્રજા હિત થવાને સરકારનાં હિતનો કેટલો બાધ નડે છે, તે જાણી પ્રજા હિત તા૦ સરકારના હિતનું તારતમ્ય કરી ચોખી રીતે જે તફાવત હોય તે દેખાડી દે છે. અને જે ગુંચવણ હોય તેવી બીજા મેમ્બરોને સમજ પાડે છે. તેથી પ્રજા હિત કઈ રીતે વધારે જળવાય છે, તે કમીટીને સારી સમજ પડી ખરો રસ્તો પકડવાને તત્પર થઇ શકે છે. એ રીતે કમીટીમાં સરકારી અધિકારી રહ્યાથી ગુણ છે. એ સિવાય સરકારી અધિકારી, તેમાં રાજકર્તા અંગ્રેજ વર્ણના મેમ્બર, અધિકારી નેમાયાથી, બીજો ગુણ એ છે જે, તે અનુભવી તેથી બીજા મેમ્બરોને એ બાબત કેળવવાને અને લોકોપયોગી કામ શુદ્ધ બુદ્ધિથી, નીતિથી તથા કરકસરથી કરવાને પોતાનો દાખલો આપી કરાવવાને પણ તે બહુ ઉપયોગી છે. વળી એક બીજો ગુણ એ છે જે, આપણા હિંદુ, મુસલમાન, પારસી, પ્રજાઓમાં વર્ણાવર્ણના ભેદને લીધે ઐક્યતા તથા સંપ ન હોય તેથી એકપક્ષી મતની તાણાતાણ બહુ હોય છે. એ મારા અનુભવથી હું જાણું છું. તેમાં વળી હિંદુઓમાં ધર્મ ભેદ, પંથ ભેદ, જાતી ભેદ, વગેરે ભેદને લીધે અંગ્રેજ અધિકારી કમીટીમાં નીમવાના વિશેષ દૃઢ કારણો છે. બ્રાહ્મણ, વાણીઆ, ક્ષત્રી, કાયચ. ભાટીઆ એઓની ન્યાત જૂદી, તેથી પક્ષાપક્ષ થવાનો બહુ સંભવ. તેમાં વળી દક્ષણી બ્રાહ્મણ, ગૂજરાતી બ્રાહ્મણ, તેમાં પણ પક્ષના ભેદ. વળી ગૂજરાતી બ્રાહ્મણમાં નાગર અને ઔદીચમાં પક્ષ, વળી વડનગરા નાગર જાણે જે મારૂં મત સાઠોદરા નાગર કરતાં મારા પક્ષમાં પડવું જોઇએ. એવાં કારણોના પક્ષાપક્ષને લીધે ગેર સમજ બહુ થાય છે. અને તે થાયજ; એવો સંભવ આ કાળની સ્થિતિ રીતિ જોતાં બહુ છે. તેથી યુરોપીઅન રાજકર્તા, સત્તાધારી, સમજદાર, એક બે મેમ્બરોનાં મિશ્રણની જરૂર, મારા આધિન મત પ્રમાણે અવશ્ય દિસે છે. એ વિષે મારા દેશીઓ તેમાં ઊંચે દરજ્જે ચઢેલા તથા વિદ્યામાં ઊંચી કેળવણી લીધેલા એવા કેટલાક ગૃહસ્થોનાં મત એથી ઊલટાં હોય તો ભલે, પણ આ દેશકાળ સ્થિતિ રીતિને અનુસરીને તથા અનુભવને અનુસરીને મેં ઊપર મુજબ મારૂં મત દર્શાવ્યું છે.

કાયદાની ૧૦મી કલમમાં તાલુકા લોકલ બોર્ડમાં મેમ્બર થવા લાયક ગુણનું વિવેચન કર્યું છે. તેમાં પ્રથમ ઓછામાં ઓછા ૪૮ રૂ૦નો

તે સરકારની જમીન ખેડનાર ખાતાંદાર હોવો જોઇએ. બીજો તેની મીલકત ઓછામાં ઓછી ૫૦૦૦) રૂ૦ની હોવી જોઇએ. ત્રીજો પેનશન પામેલો સરકારી નોકર, જેનું પેનશન રૂ ૫૦) થી ઓછું નહીં હોવું જોઇએ. ચોથો આનરેરી માજીસ્ત્રેટ. ૫ મો જેની, ખરચ જતાં, વાર્ષિક ઉપજ ૫૦૦) રૂ૦ની હોય. ૬ રેવીન્યુ અગર પોલીસ પટેલ અગર પટેલો; સાતમો સરકાર જેને વિષે છપાવી પ્રગટ કરે તે. એ સઘળા તાલુકાની હદમાં રહેનારા હોવા જોઇએ. એમાં કોઇ બાયડીની પસંદગી નહીં થાય. ૨૧ વરસથી ઓછાં વરસની ઉમરનો ન હોય, સબ જડજ અગર જડજ ન હોય; કોઇને ફોજદારીમાં સજા થઈ હોય, કોઇએ દેવાળું કાઢયું હોય, અગર લા માગી હોય પણ મળી ન હોય, એવો ન જોઇએ. વળી લોકલ-બોર્ડનો નોકર હોય, જે ધણીને લોકલબોર્ડના સાર્વજનિક કામમાં કંત્રાકટનો અગર તેમાં હિસ્સાનો અગર નોકરીનો સંબંધ હોય, તેવાને મેમ્બર થવાને ના લાયક ઠરાવ્યા છે. તેમજ જે મેમ્બર થયા પછી ઊપલાં કારણથી ના લાયક થાય તે, અને જે મેમ્બર સતત ચાર માસ સૂધી લોકલ-બોર્ડની હદમાંથી ગેરહાજર રહે; તેવા સર્વેને ના લાયક ઠરાવ્યા છે.

અભિપ્રાય.—રૂ૦ ૫૦૦૦) થી ઓછી મીલકતવાળા ધણીને મેમ્બર નહીં પસંદ કરાય, એ ધારાને લીધે ઘણાએક અનુભવી તથા લાયક માણસો એ કામમાં સામેલ થઈ શકે તેમ નથી. તેથી એક હજારની મીલ્કત વાળાને લાયક ગણવામાં આવે તો પ્રસન્ન કરવામાં બોહોળો વિસ્તાર થાય.

રૂ૦ ૫૦૦) ની નિર્મળ પેદાશ વરસની જોઇએ તે કરતાં રૂ૦ ૨૦૦)-ની પેદાશવાળાની હદ બાંધેલી હોય તો ઠીક. તેમજ ગુનાહ કર્યાથી સજા પામેલાને નહીં નિમવો, તેમજ દેવાળીઆને નહીં નિમવો, એ પણ સખ્ત ધારો છે. કેટલાક ક્રોધાંધ, ધર્માંધ, લોભાંધ વગેરે અંધ થઈ, આવેશમાં આવ્યાથી અગર સરકારી નોકરીમાં ગફલત અગર ઉચાપત કર્યાથી સજા પામે, અને કેટલાંક કારણથી કાયદા જાણનાર વકીલની મદદ પૂરતી નહીં મળવાથી તેમાંથી નહીં છૂટી શકે, તેવા પાછળથી પશ્ચાત્તાપ પામીને સારા નીવડે, તેવાને મેમ્બર થવાને ના લાયક ગણવા, એ પણ સખ્ત ધારો છે. એવા દાખલા બહુ બનેલા છે, તે ટાંકવાની જરૂર નથી, પણ તેઓ કમનસીબીને લીધે સજા પામ્યા હોય તો પણ તે કામ કરવા ના લાયક નહીં ગણવા જોઇએ. તેમજ મેમ્બર થયા પછી સતત ચાર મહિના કોઈ માણસને હદ

બાહાર જવાની જરૂર પડે તે કારણથી તેમ મેમ્બરની યાદી નં૦ ૧ માંથી કાઢી નાંખવો એના જેવો સખ્ત ધારો બીજો ન હોય એમ કહીએ તો ચાલે. એવો સખ્ત કોઈ ધારો ન હતો. માટે કારણસર લોકલબોર્ડમાંથી રજા લઈ ૧ વરસ સુધી સતત હદ બહાર રહેવાની પરવાનગી હોય તો બહુ સારૂં.

મત આપનારની લાયકીમાં ૪૮) રૂ૦ના ખાતેદાર, અગર રૂપીઆ ૫૦૦) ની દર વરસની પેદાશવાળો માણસ, અગર રૂ૦ ૫૦૦૦) ના મિલ્કતદાર, અગર રૂ૦ ૫૦) ના દર માહા પગારદાર, અગર ઓનરરી માજીસ્ત્રેટ, એવા ગુણવાળા લખ્યાં છે. તે વિષે હાલની સ્થિતિ જોતાં રૂ૦ ૪૮) ના ખાતાંદાર ઘણા જણ હોય છે. તથા તેવા માણસને ગ્રુપની જગાએ જવાને અનુકુળ પડતું નથી. બીજું તેઓ એવા ભણેલા નથી કે સ્વતંત્ર વિચાર આપી શકે. ત્રીજું એવા લોકોની સંખ્યા સઘળી ગ્રુપની જગાએ જાય તો એવી મોટી ગરદી થઇ જાય, કે તેઓનો બંદોબસ્ત રહેવો કઠણ પડે. ચોથું પરગ્રામી લોકોની ભીડને ખાવા પીવાની હરકત નડે. ૫ મુ મત એકઠું કરનારને, ભણેલા તથા અભણ લોકોનાં તેટલી સંખ્યાનાં મતનાં ખરાપણાં વિષે તજવીજ કરતાં બહુ વિલંબ લાગે. તેથી એવો ગુણ રાખવા કરતાં, એ સંખ્યા રૂ૦ ૧૦૦) ના ખાતાંદારની હાલમાં રાખવી જોઈએ. પછી લોકોની સ્થિતિ જોઈ એ ફેરવવી. એવું થયેથી વધારે લાયકીવાળાં મત આપનારા થશે. અને તે વધારે લાયકીવાળા મેમ્બરને પસંદ કરશે, એવું મારૂં અનુભવ ઉપરથી જણાતું છે. બીજું એ કલમમાં મેમ્બર થવા લાયક તથા મત આપવા લાયક સરકારની નજરમાં આવે તેને ગેજેટમાં છપાવી પ્રસિદ્ધ કરે તેને ગણ્યા છે. તે વિષે સૂચના જે સરકારે કોઈ શાસ્ત્રી, પૂરાણી, કાજી, મોલવી, મહેતાજી, જોશી, વૈદ્ય, વેદીઆ, દસ્તુર, મુનશી વગેરેને પણ ગુણ લાયક ગણવા જોઈએ.

યાદી નાં૦ ૧ તથા યાદી નાં૦ ૨ કરવાનું ૨૦ મી કલમમાં છે. તે યાદીઓ મેમ્બર થવા લાયકનાં મુકામ આગળ તેમજ મત આપવા લાયકનાં મકાન આગળ ચોઢવાનું ૧૭મી કલમમાં ફરમાવ્યું છે. તેમજ ૨૭ મી કલમ મુજબ પ્રસિદ્ધ જગાએ ચોઢવી જોઇએ. એ કલેકટર સાહેબે ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ. કાયદાની બુકમાંજ રાખવું નહીં જોઇએ. તેનો અમલ કરવો અગર કરાવવો જોઇએ. ૨૩ મી કલમમાં

યાદી નાં૦ ૧ તથા યાદી નાં૦ ૨માં લખેલા માણસ શિવાય બીજાને લાયકી ગણી નથી. પણ કાંઇ ખરાં કારણથી કોઇ માણસ ઉમેદવાર થવા રહી ગયો હોય તો મુદત પછી તેનું કારણ વાજબી લાગે તો ઉમેદવારોની યાદીમાં દાખલ કરવું. અને નહીં દાખલ થયું હોય તો પણ યાદી નાં૦ ૨ વાળા મત આપનારાઓ તેને વિષે મત આપે અને પસંદ પડવા જોગ થાય તો તેને પસંદ કરવાની છૂટ આપવી જોઇએ. તેમજ મેમ્બર પસંદ કરવામાં આવે તો તેને મેમ્બરમાં દાખલ કરવો જોઇએ.

૨૮ મી કલમમાં પ્રમુખને સઘળાં કામો મૂકવાની સત્તા આપેલી છે. તેમજ મેમ્બરને પણ તેને સૂઝે તેવાં કામની દરખાસ્ત મૂકવાની સત્તા આપવી જોઇએ.

કામ ચલાવવાની રીતમાં મેમ્બરોનો ⅓ ભાગ હાજર હોય તો કામ ચલાવવા લાયક સંખ્યા જાણવી. અગર કોરમ જાણવો, એવું જ્યાં છે, તે પ્રેસીડેંટ તથા મયત, અગર ના લાયક થયેલા, શિવાયની સંખ્યાનો ⅓ ભાગ, એમ હોય તો અનુકુળ પડતું આવે તેમ છે. જાણે પ્રમુખ મળી ૧૩ મેમ્બર બોર્ડમાં હોય, તો તેનો ⅓ ભાગ ૪ કરતાં વધારે થવાનો, એટલે (૫) જણ હાજર હોય તોજ કામ ચાલે. પણ પ્રમુખ શિવાય ૧૨ની સંખ્યા તેનો ⅓ ભાગ ૪, એટલે પ્રમુખ સાથે ૪ જણ હાજર હોય તો કામ ચાલવાને હરકત નહીં પડશે. જો કોરમ થાય તેટલા મેમ્બરો હાજર ન હોય તો બોર્ડની મીટીંગ બંધ રાખી બીજા કોઇ દિવસે તે કામ કરવા મીટીંગ બોલાવવી. તેમજ મૂકેલાં કામ પૂરાં નહીં થાય તો પણ તેમ કરવું. તે મીટીંગમાં કોરમ થવાની જરૂર નથી. એવી રીત રાખવી જોઇએ. સઘળાં કામો જેમાં વધૂ મત પડે તે પાસ થયાં સમજવાં.

૩૮ મી કલમમાં લોકલ બોર્ડને માટે જીલ્લા બોર્ડ નોકરો રાખશે, એમ લખ્યું છે. તેને બદલે લોકલ બોર્ડ ભલામણ કરે તેની મંજુરી જીલ્લા બોર્ડ કરે. તે પ્રમાણે નોકર તથા પગાર ઠરાવવા. જે ધારા જીલ્લા બોર્ડ બાંધે તેમાં તાલુકા બોર્ડની સંમતી અગર વિચાર પૂછવા, પછી નકી કરવા, એવું હોય તો ઠીક.

૪૪ મી કલમમાં લખેલા કર શિવાય, ૧ હરાયાં ઢોરનો વેરો, ખરચ જતાં આ ફંડમાં નાંખવો. (૨) ઢોરનાં ચામડાંનો વેરો. (૩) લોકલ ફંડમાંથી થયલાં અગર મરામત થયલાં, જળાશયનાં પાણીનો, ખેતરના

તથા ઢોરના પીયાવાનો વેરો. (જે માટે બ્યાંકટ કરવો) ૪ મચ્છી મારવાનો વેરો. (૫) પાણીમાં લાકડાં વગેરે તરાપા કરી લેઈ જાય છે તે પર વેરો. (૬) ગાય ગોઢાણ તથા રસ્તામાં છાણ, અડાયાંનો વેરો. (૭) ગામ સીમના વનમાં જળાઉ ઝાડ તથા લાકડાંની રાહદારી જકાત. (૮) સીમનાં સરકારી જળાઉઝાડની ઊપજ. (૯) સીમનાં સરકારી ફુલ તથા ફળાઉ ઝાડ જેવાં કે, રાયણ, આંબા, મહુડાં, કેરાં, કરમદાં વગેરેની ઉપજ. (૧૦) સીમનાં તૈલી ઝાડ, જેવાં કે ડોળ, સરગવાની સીંગ, કણઝી, ખાખણ વગેરેની ઊપજ. (૧૧) રંગમસાલાનાં જંગલી ઝાડ, જેવાં કે બાવળની છાલ, ગુંદર, લાખ, મધ વગેરે પર વેરો.

૫૭ મી કલમની (બ) રકમમાં રસ્તો, જેનો અડસટો મૈલે ૫૦) રૂ૦ કરતાં વધારે હોય, અને જે સાર્વજનિક કામ જેનો ખરચ રૂ૦ ૫૦૦) થી વધારે હોય, તેના નકશા તથા અડસટા એક્ષીક્યુટીવ ઇંજનેરે કરવા, એવું લખ્યું છે. તે બહુ કઠણ છે. રસ્તા દર મૈલે ૧૦૦) સૂધી અને મકાન જેનું કુલ ખરચ રૂ ૨૫૦૦) સૂધી હોય, તેના નકશા તથા અડસટા જીલ્લા કમીટીએ પસંદ કરવા. તે ઉપરાંતનાં કામના નકશા તથી એસ્ટીમેટ એક્ષીક્યુટીવ ઇંજનેરે પસંદ કરવા, એમ હોય તો બહુ સારૂં. કેમકે જીલ્લા કમીટીને એવાં કામ માટે ઓવરસીઅર, મીસ્ત્રી રાખ્યા વગર ચાલવાનું નથી. તે તે કરશે. અને જીલ્લા કમીટી તે પાસ કરશે, એટલે બસ. વધારે લપીઆણ અને વધારે ગુંચવણ ઘાલવી ઠીક નથી.

૪૮ મી કલમમાં એજ્યુકેશન ખાતાંને લોકલફંડ મેહેસુલનો ત્રીજો ભાગ ખરચને વાસ્તે આપવો એવું છે, તે રદ કરી એજ્યુકેશન ખાતું નવેસરથી કાયદા કરી સ્થાનિક સ્વરાજ્યને સ્વાધિન કરવું. તેમાં એક પ્રિન્સીપાલ બોર્ડ આફ એજ્યુકેશન મુંબઇમાં; એક જીલ્લા બોર્ડ આફ એજ્યુકેશન જીલ્લામાં; એક તાલુકા બોર્ડ આફ એજ્યુકેશન, એક એક તાલુકામાં, સરકારે નીમવી. તેનો અને લોકલ બોર્ડનો કાંઈ સંબંધ નહીં. તે સરકારને રીપોર્ટ કરે. માત્ર જે પૈસા જોઈએ તે ડિસ્ટ્રીક કમીટી પાસેથી લે. સરકારે એ મુખ્ય બોર્ડને સરકારી ઇલાકા ફંડમાંથી જેટલાં જોઈએ તેટલાં, નાણાં આપવાં, તેમજ લોકલ ફંડમાંથી અપાવવાં અને તે વિષે ધારા કરવા. અને હાલનું કેળવણી ખાતું કાઢી નાંખવું.

૫૮ મી કલમમાં લોકલ બોર્ડને બજેટમાં દાખલ કરેલાં કામ

શિવાય બીજાં કામ ઉપર કાંઇ પણ ખરચ કરવાની સત્તા નથી, પણ બહુજ અગત્યનાં અને અણધારેલાં કામપર ખરચ કરવાની જરૂર પડે તો તે વિષે વિગતવાર રીપોર્ટ કરી કલેકટર સાહેબની મંજુરી માંગવી, એ બહુ બંધન કારક ધારો છે. લોકલ ફંડ કમીટીના પ્રમુખ અગર ઉપપ્રમુખને (મ્યુનિસિપાલીટીના ધારા પ્રમાણે) કમીટીની મંજુરીથી રૂ૦ ૨૦) સુધી અગતનાં અગર અણધારયાં કામપર ખરચ કરવાની સત્તા આપવી જોઇએ. અને તે ખરચ કયાં કામમાંથી કાઢશે એવો રીપોર્ટ કલેકટરને કરવો, એટલે બસ.

૬૨ મી કલમમાં કમીટી અને તેના કામપર સત્તા અગર તેની લગામ કલેકટર સાહેબ કમીશનર સાહેબ તથા ગવરનર કૌંસિલની છે. એ સત્તા બહુ જોરાવર છે. પણ આશા રાખવામાં આવે છે જે જેણે કાયદા બાંધી ઉપજ કરી, ખરચ કરવાની સત્તા આપી તથા લોકોએ સ્વતંત્રપણે પોતાનાં મેળવેલાં દ્રવ્યનો પોતે વાસ્તવિક રીતે અને નિયમ પ્રમાણે ખરચ કરવો, અને તેમાં કેળવણી પામી તે કામ કરવાને લાયક થવું એમ છે, તેજ અધિકારીઓને આવી સત્તા વાપરી તથા લગામના આચકા મારી, લોકલ ફંડ કમીટીને શુદ્ધમાં લાવવાનું કારણ નહીં મળશે. બોર્ડ તથા તેના મેમ્બર તથા તેના નોકરના ગુન્હાનાં સ્વરૂપ વર્ણવ્યાં છે તથા તેની સજા લખી છે તથા તેની ઉપર દાવાની ફરિયાદ કરવાની મુદત લખી છે, તેમાં ટીકા કરવા જેવું નથી.

હવે મ્યુનિસિપાલ નવા કાયદા નાં૦ ૨ વિષે લખીએ છીએ.

પ્રકરણ ૩ જું.

મ્યુનિસિપાલ ખાતાંની સ્થાનિક રાજકીય સ્વસત્તા.

લોકલ ફંડ ખાતાંનું સ્થાનિક સ્વરાજ્ય તેવું મ્યુનિસિપાલ ખાતાંનું સ્થાનિક સ્વરાજ્ય સ્થાપી, સરકારનો ઇરાદો પ્રજાને સ્વતંત્ર સત્તા આપી તેઓને તે કામમાં કેળવી તેઓને હાથે કામ લેવાનો છે. અને તે વિષેનો નવો આકટ સને ૧૮૮૪નો ૨ જો કર્યો છે, તે વિષે વિવેચન કરીએ છીએ. મ્યુનિસિપાલ ખાતાં વિષે આકટ નંબર ૬ સને ૧૮૭૩નો થયલો, તેની રૂએ કેટલીક સુધરાઇ ખાતાની કમીટી નેમાયલી, તેમાં સરકારી

પગારી અધિકારીઓ સાથે પ્રજા તરફના પણ મેમ્બર નિમાયલા અને તેઓનો વહિવટ કેટલેક ઠેકાણે સમાધાની ભરેલો ચાલેલો, તે વિષે સ્કંધ ૫ પ્રકરણ ૪માં સંક્ષેપે વર્ણવ્યું છે. તેમાં આ નવા આકટથી ફેરફાર થઇ પ્રજાના પ્રતિનિધિઓને તથા પ્રજાને ચુંટણી કરવાની વધારે સફાઇ ભરેલી સત્તા આપી છે.

૧૧ મી કલમમાં અરધા સરકારી (પ્રમુખ સિવાય) પગારી અધિકારી અને અરધા પ્રજા તરફના પસંદ કરેલા મેમ્બરો અથવા કમીશનરો કરવા. તેને બદલે ⅔ પ્રજા તરફનાં અને ⅓ સરકાર તરફના, એમ હોય તો બહુ સારૂં. કારણ કે જ્યાં મ્યુનિસિપાલ ખાતું સ્થપાય ત્યાંના લોકો પોતાની ઉપર કર નાંખવાની ખાયશ બતાવે છે, ત્યારે સરકાર તેને મ્યુનિસિપાલ ખાતાંના કાયદાની સત્તામાં લાવે છે. તેથી તે લોકો તે કામ કરવાને લાયક થએલા હોય છે, એમ સમજી તેના મોટા ભાગને વહિવટ કરવાને શામેલ કરવાથી પ્રજા રાજી રહેશે. અને રાજા કાને કેવા જે (આગળ ૪લોકમાં કહ્યું છે તે પ્રમાણે) પ્રજાને રાજી રાખે તેને, અને આતો પ્રજાનાં નાણાંનો વહિવટ પોતાને કરવાનો છે, તેમાંનો મોટો ભાગ સરકાર રાખે, તો સરકારને લોકપ્રીય થવાનો અને વ્યાજબી કહેવરાવાનો પ્રસંગ મળે, તે સરકારે ખોવો ન જોઇએ.

વળી જે કારપોરેશનમાં ગુનો કરી સજા પામેલાને તથા દેવાળું કાઢેલાનું તથા જેને લા માગ્યાં છતાં તે નહીં મળી હોય લેવાને મ્યુનિસિપાલ કમીશનર થવાને નાલાયક ગણ્યા છે. તેમજ કમીશનર થયા પછી ઉપલાં કમીશનર થવાને નાલાયક ગણ્યા છે. તેમજ કમીશનર થયા પછી ઉપલાં કારણસર ના લાયક થાય તથા સતત ૪ માસ હદ બહાર ગેરહાજર રહે તેને ના લાયક ગણ્યા છે. તે વિષે લોકલ ફંડ કમીટીના પ્રકરણમાં કારણ બતાવ્યાં છે, તેજ કારણ ફરી ન લખતાં, ના લાયક, ન ગણવા જોઇએ. સરકારની સત્તા અગર લગામ વિષે જે લોકલ બોર્ડ પ્રકરણમાં તેના ઉપર ટીકા કરી છે, તેવીજ ટીકા મ્યુનિસિપાલ બોર્ડ વિષે છે અને તેવીજ આશા રાખવામાં આવે છે, તેથી અત્રે પુનરોક્તિ કરી નથી.

આ પ્રકરણમાં અને લોકલ બોર્ડનાં પ્રકરણમાં કેળવણી ખાતાં વિષેનાં કામ સંબંધી કામ, તે ખાતાનાં અધિકારીના હાથમાં રાખ્યું છે. તે વિષે લખવાનું જે આ દેશના લોકોની એક કસોટી કરી તેના હાથમાં મૂળની હલકા દરજજાની કેળવણીના કારખાનાં સોંપ્યાં હોય તો,

તે કરી શકે એમ છે. ચઢતી દરજ્જાની કેળવણીની વ્યવસ્થા કરવાનું કેળવણી ખાતાનાં હાથમાં રહેવા દેવું. વળી એ બંને પ્રકરણમાં સરકાર તરફના નિમાએલા મેમ્બરોને લોકોના કલ્યાણ વાસ્તેજ કામ કરવાનાં છે. તે પ્રજા તરફનાં અધિકારીઓને મળીને કરશે અને પોતાની સત્તાધીશી બળ વાપરી પોતાનાં મત્ત પ્રમાણે કરવાની સત્તા વાપરશે નહીં, તો આ કામમાં તેઓને યશ મળશે. પ્રજા અને રાજાને આ કામમાં એકજ બિંદુ "પ્રજા લાભ" તરફ વળવાનું છે, તો હળીમળીને ચાલવું એ મારી તેમને વિનંતી છે.

પ્રકરણ ૪ થું.

સ્થાનિક રાજકીય સ્વસત્તાનો સમય.

ઊપર સ્કંધ ૩ નાં ૧ પ્રકરણમાં હિંદુસ્તાનમાં કેળવણી સંબંધી વિવેચન કર્યું, તેમાં બોર્ડ આફ એજ્યુકેશનને અધિકાર મળ્યા પછી દેશી ભાષાને બદલે અંગ્રેજી ભાષામાં તથા તેની મારફતે વિદ્યા તથા મોટાં મોટાં શાસ્ત્રો શીખવવાને વિષે મોટા વાદ વિવાદથી નિશ્ચે થયો.* તેથી તથા સને ૧૮૫૪ના બોર્ડ આફ કન્ટ્રોલ તથા ઈસ્ટ ઇંડીઆ કંપની ના ડૈરેકટરના કેળવણી સંબંધી મહત્સનદના હુકમથી કેળવણી ખાતુ મોટા પાયાપર સ્થાપન થયું અને સરકારના નિમેલા અધિકારીઓની સત્તામાં આવ્યાથી કેળવણીનો મોટો પ્રસાર થયો. છેલે યુનિવરસીટીની સભા સ્થાપન થયાથી વિદ્યા એટલી બધી ઝડપથી ફેલાવ પામી જે, કોઈ હિંદુસ્તાની દેશીને તો શું પણ યુરોપી તેમાં વિશેષે કરીને ઇંગ્લી દેશીઓને એટલી આશા ન હતી. પણ મોટા ઊદાર મનના દેશીઓને તેમજ દુર દેશીઆ મહત્ ચિત્તના તથા ઊમેદવાળા ઇંગ્લીસ અધિકારીઓને હિંદુસ્તાનના દેશીઓની બુદ્ધિ, ચપળતા, અભ્યાસ તથા સ્મરણ શક્તિના અનુભવપરથી ખાત્રી હતી કે, કેળવણી જલદી મૂળ પકડી ભવ્ય વૃક્ષ થઇ મીઠાં ફળ ચખાડશે. તે ખાત્રી સિદ્ધ થવાનો

---

* એ વિષે મુંબઇની બોર્ડ આફ એજ્યુકેશનનો સને ૧૮૪૮-૫ નો રીપોર્ટ જૂઓ.

સમય હવે પાસે પાસે આવ્યો. એ સંધુ છતાં ઘણાં સંકોચિત મનવાળા અંગ્રેજોને એ વાત ગમતી ન હતી. તેઓ તો કહેતા ફરતા તથા વારંવાર પુસ્તક દ્વારા લખતા રહેતા જે, દેશીઓ મંદ બુદ્ધિના છે. તઓને વિદ્યાદિનું જ્ઞાન થવું મુશ્કેલ છે તથા તેઓ તેટલી વિદ્યાને પાત્ર નથી. તેઓ કૃતઘ્ની છે અને વિદ્યા દાન તેઓને પ્રાપ્ત થએથી તેઓ ગુણ કરનારાનો નાશ કરવાને ચૂકશે નહીં અને કોઈ કાળે તેના લાભથી આપણું રાજ્ય જે મહા પરાક્રમે, યોદ્ધાઓની મહદ્ બુદ્ધિને યોગે મળ્યું છે, તે તેઓ લઈ લેવાને અગર તેપર દાવો કરવાને પણ ચૂકશે નહીં. વિદ્યારૂપી સાધનના હથીઆર દેશીઓને આપવાં ઉચિત નથી. તેઓને તો અજ્ઞાન દશામાં રાખવા. એવા એવા વિચાર ઘણાક અંગ્રેજોના હતા, તોપણ મોટા અધિકારીઓએ તેઓની વાત તથા નિંદાના શબ્દો કાને ધર્યા નહીં. અને માણસ માત્રનો મનુષ્ય પ્રાણી પ્રત્યે જે સાત્વિક ધર્મ તે કરવાને ભૂલવું નહીં, એ વિચારથી, કદાચ પુત કપુત થાય તોપણ મા કમા નહીં થાય, એ કહેવતને અનુસરી, વિદ્યાદાન આપવા તત્પર થયા, તથા દેશીઓ વિદ્યા શીખી હોંશીઆર નીકળે તો તેઓને રાજકીય કામમાં અંગ્રેજોની બરોબર અધિકાર આપવા, એવા વિચાર દર્શાવ્યા. અને રાજ્ય સંભાળતા થયેથી તથા બીજા દેશીઓના હુમલા અટકાવવને શક્તિવાન થયેથી તેઓને આ દેશનું રાજ્ય સુધાં સોંપી ચાલી જવું, એવા પણ વિચાર દર્શાવ્યા. તોપણ અદ્યાપિ સૂધી એ વિચારો સિદ્ધી પામ્યા નથી, પણ અંગ્રેજોની સૂક્ષ્મ દ્રષ્ટિને લીધે કોઈ સમયે પણ એ વિચારો પાર પડશે એવી ઊમેદ છે. તથાસ્તુ.

યુનિવરસીટીની સ્થાપના થયા પહેલાં ઘણાંક લાંબા કાળથી હિંદુસ્તાનનું રાજ્ય થાળે પડી અંગ્રેજોને સંપૂર્ણ સ્વાધીન થયું હતુ, તેથી એ દેશમાં કેટલાક સૂધારા કરવાનું તેઓનું મન સ્મરણ કરતુંજ હતું. તેમાંનો એક તો કંપનીના હાથમાંથી રાજ્ય સત્તા લઇ લેવી, તે પારલામેંટે પોતાને સ્વાધીન લીધી; સિવિલસર્વીસની એટલે રાજ્ય ચલાવવાના મોટા અધિકારીઓની તથા મેહેસુલ ખાતાંની ઊપજ મુકરર કરવાની તથા ઊઘરાવવાની સત્તા દેશીઓને, વર્ણનો ભેદ ન ગણતાં આપવાનો ઠરાવ હતો છતાં તે અમલમાં આવતો નહોતો. તે અમલમાં આવવાનો ઠરાવ થયો. પણ તે સૂચીમુખદ્વારે પ્રવેશ કરાય તેવો થયો.

ઊમરે ટુંકીમાં અમુક પરીક્ષા પસાર કરવી, અને તે અંગ્રેજોની વિલાયત જઇ ત્યાં પરભાષામાં તથા પ્રાચીન આર્યાદિ ભાષાઓની સાથે પસાર કરવી, એવી જે હોંશીઆરી મેળવે તેઓજ એ મોટી નોકરી પામે. તેથી મોટી અગાધ બુદ્ધિના તથા અંગ બળવાળાજ પસાર થવા પામ્યા. પણ એ સમયે એક ઇત્તિફાક એવો બન્યો જે, તેમાં કેળવણી પામેલા દેશીઓની બુદ્ધિ તથા દીલ વિષે કસોટી તથા અનુભવ લેવાનું બન્યું. પૂર્વે કહેલું મોટું બંડ થયું તે લશ્કરી સીપાઈઓએ ઊઠાવ્યું, તે વખત અંગ્રેજોને મોટો બારીક વખત આવ્યો. સીપાઇઓ, જ્યાં જ્યાં અંગ્રેજી માણસ બાળક અબળા સુદ્ધાં મળ્યાં, ત્યાં ત્યાં તેઓનો નિર્દયપણે ઘાત કરવા લાગ્યા. તેથી અંગ્રેજો બહાદુર છતાં મુઠીભર સંખ્યા, મહા સમુદ્રના તોફાની મોજાંરૂપી મારમાર કરતા દુષ્ટ શીપાઇઓ સામા ટકી શકી નહીં. તેથી જ્યાં જ્યાં છાને વેશે આશ્રય મળ્યો ત્યાં ત્યાં રહ્યા. તે સમયે દેશીઓ જેઓ કેળવણી પામેલા હતા તેઓએ પોતાનાં જાન માલની ખુઆરી થવાની ધાસ્તી છતાં અંગ્રેજોને મહા પ્રયત્ને આશ્રય આપ્યા, અને બચાવ્યા, એટલુંજ નહીં, પણ તોફાની શીપાઈઓનું જોર નરમ પડતાં જતાં અંગ્રેજી બીજી કુમક આવતાં અવલ, અંગ્રેજી ગોરૂં તથા દેશી લશ્કર જે દેશમાં રહેલું હતું, તેઓને સહાય થઈ આશ્રિતોને નિર્ભય સ્થળે પોતાનાં જાતે ભાઇઓમાં, સગાસહોદરોમાં તથા વહાલાં સંતાનો ભેગાં, મોકલી દીધાં. એ વખતે કેળવણીનો આટલો બધો પ્રસાર થયો નહોતો. દેશીઓ થોડું ઘણું ભણેલા હતા, તોપણ તેઓ નિશ્ચયપણે જાણતા હતા જે, સીપાઇઓની અને તેઓની સાથે મળેલા અજ્ઞાન દેશીઓની, દુષ્ટ રાજવંશીઓની અંગ્રેજો સામે હથીઆર પકડવામાં મોટી ભૂલ છે. અને જ્યાં જ્યાં ફાવતું ત્યાં ત્યાં તેઓ જીવનાં જોખમ છતાં, નીડરપણે પ્રસિદ્ધ રીતે ભાષતા જે, તમે નીમકહરામ, અવગુણીઆ, અજ્ઞાન, આદિવિશેષણ યુકત જેવા છો; અંગ્રેજી રાજ્યમાં સુખ ભોગવો છો. તેવું કોઇ રાજ્યમાં તમે ભોગવ્યું નથી. દેશમાંથી ચોરી, લુચ્ચાઇ, દગા, ફાંસીઆઈ, પીંડારાનો ત્રાસ, દેશી રાજાઓના ઉઘરાતદારોના જુલમ, લાંચ રૂશવત, ચોકી, જકાત સર્વે જુલમ, જતી રહ્યા. અને રાજા ચક્રવૃતી એવો કોઇ થનાર નથી કે, તમને એટલું સુખ મળે. તથા અંગ્રેજની વિલાયતમાં એનું સર્વોપરી બળ છે તેથી એક તસુ

પણ જમીન જવા દેશે નહીં. એવા એવા બોધ કેળવણી પામેલા લોક કરતા.", તેઓ કોઇ પણ બંડમાં સામેલ થએલો જાણવામાં કે સાંભળવામાં આવ્યો નથી,* અને કદાપિ કોઇ હશે તો સીપાઇઓના ડર દર્શાવ્યાથી લાચારીએ ભળ્યો હશે અને જ્યારે તે ડર નાબુદ થયો કે તે કર્મમાંથી ખસી ગયો હશે. એ નિશ્ચે જાણવું.

એ બંડ થયાથી મતલબીઆ અંગ્રેજોને કેળવણીને માથે દોષ મૂકવાનું બાનું મળ્યું અને તે લોકો કહેવા લાગ્યા જે આપણે લોકોને કેળવણી આપીને આપણે આપણે હાથે કુહાડી આપણા પગમાં મારવા જેવું કર્યું. અને એ લોકો આપણી રીતભાત, કળાકૌશલ્ય, વિદ્યાહુનર, શીખી લઇ આપણાં સામે થયા. પણ તેઓ એમ નથી જણાવતા કે કેળવણી પામેલા લોકોએ એ બંડ કર્યું કે અજ્ઞાની લોકોએ કર્યું? અજ્ઞાની, અભણ, જનૂની લોકોએ એ બંડ કર્યું. અને તેમાં અંગ્રેજી અધિકારીઓના જુલમથી ચગદાઇ ગએલા તથા સ્વાર્થી લોકો સામેલ થયા. એવા અંગ્રેજ લોકોનું વિલાયતમાં સાંભળવામાં પણ આવ્યું, અને જેઓ બંડ બેસાડી દેવાને આ દેશમાં આવ્યા તેઓમાંના કેટલાક સઘળાને બંડખોર સમજ્યા અને યુ રીબેલ્સ એમ કહી બંદુકની તથા તરવારની આણીઓ ભોંકવા લાગ્યા. તેઓના ઊપર સોલજરો થુંકે તથા મુતરે તથા મળમુત્રાદિ પણ કરે તે સઘળું સહી રહ્યા. સારા સમજુ લોકના તથા જે વખતના ધૈર્યવાન ગવરનર જનરલની સમય સૂચકતા તથા શાંતસ્વભાવ, તથા મોટાં દીલથી વિલાયતના લોકોમાંના કેટલાકના મનમાંથી એ વાત ગઇ, તોપણ એ બંડથી હિંદુસ્તાન ઉપર સખ્તાઇ વિશેષ થતી ગઇ. અને તેના કલ્યાણમાં તે ૩૦ વરસ પાછળ પડયું. તેથી આજે જાણે ફરી સુધારામાં કકેથી ભણવાનું થયું. નહીં તો આજે ૩૦ વરસ

---

* મારે એક મુસલમાનની સાથે એક મુકામે વાદ થયો. તેમાં તે કહેવા લાગ્યો જે કલ મુસલમાનોને દિલી લી ઔર કલ અમદાવાદમે આવેગે; મેં તેને કહ્યું કે કાલ દિલી લીધી એ ખબર (તાર તુટી ગયા છતાં) તમને શી રીતે મળી અને કાલે અમદાવાદ આવશે એ કેમ જાણ્યું? દિલી લીધી તોપણ અંગ્રેજનું જોર એટલું બધું છે જે, એક તસુ પણ જવા દેશે નહીં, એમ કહ્યું એટલે તેનો ભીજાજ ગયો અને અંગ્રેજોને કાફર કહી તેણે મારા પર બહુ ગાળ વૃષ્ટી કરીને કહ્યું કે અંગ્રેજી ભણેલા સઘળા પાદ્રી થઇ ગયા પણ હવે તેમના ભુંખે મરવાના દહાડા આવ્યા.

વધારે આગળ વધ્યું હોત. ઇશ્વરેચ્છા. હિંદુસ્તાનનું નસીબ! એ બંડ થયાથી હિંદુસ્તાનપર નવા કરો નાંખવાના કાયદા, છાપા નહીં કાઢવાના કાયદા, સરકારની પક્ષમાં અગર વિરૂદ્ધમાં કાંઇ કોઇથી છપાય નહીં એવા કાયદા, જમીનની મહેસુલમાં વધારો કરવાના કાયદા, તથા લશ્કર વધારે રાખી તેનો ખરચ પૂરો પાડવાને નવા કાયદા, લાઇસેન્સટૅક્ષનો કાયદા, અફગાનમાં લડાઈ કરવાનાં ખરચ હિંદુસ્તાનને માથે નાખવાના કાયદા. એવા એવા હિંદુસ્તાનની પ્રજાને પૈસે ટકે નીચવી લેવા સંબંધી કાયદા થયા. તેની સામે કોઇથી કશું બોલાયું નહીં, તેમ કોઈ બોલે તેને કોઈ ઊદાર મનના સાહેબ લોકો બંડને લીધે સાહય ન થયા. ચકદાયા તો ખરા, પણ કેળવણીનો લાભ યથાશક્તિ લેવાને હિંદુસ્તાનની પ્રજાએ તક જવા દીધી નહીં. તેમાં તેઓએ પાંચ વરસનું કામ બે વરસમાં આટોપ્યું, એવું કર્યું. અને રાજકીય સત્તાધારીઓના મનમાં ઠસાવ્યું જે એ નદીના પ્રવાહરૂપી વિદ્યાદાનના રેલાને અટકાવીએ નહીં તો, બીજી તરફના રેલાએ ભેગા થઇ મોટી પ્રવાહી નદી થશે. એવું દેખાયું. મોટા અધિકારીઓએ પચીસ વરસના અરસામાં જોઈ લીધું જે, સઘળી વેણાનું વળણ એકજ દીશાએ છે. સઘળા વહેળા તથા વેણા પશ્ચિમ વાહિની છે. અને એક મોટાં ઓઘ જે, પશ્ચિમના વિચાર રૂપીનદ, તેને મળવામાં ઢાળ કરતા માલમ પડે છે, તો આપણે પણ તેને અનુકુળ થવું, એવું મોટા નદરૂપી સાહેબોએ વિચાર્યું. તેઓએ એમ જોયું કે હિંદુસ્તાનના લોકોના વિચાર બહુ સુધર્યા છે તથા કેળવણી પામી અંગ્રેજોની બરાબરી કરે તેવા થયા છે, પણ કાયદાના બંધનથી આકુંચન પામી રહેલા છે. એવું તેઓને જ્ઞાન દષ્ટિથી દિસતું હતું. એવે સમયે ગવરનર જનરલના ઓદ્ધાનાં આસન ઉપર લોર્ડ રીપન સાહેબ આરૂઢ થયા. તેની જ્ઞાન દષ્ટિએ એક વરસની માંહિના અનુભવથી એ સ્થિતિ જોઇ લીધી. સારાશ એક દેશના મોટાં મોટાં શેહેરોનાં, કસ્બાઓના, તથા તાલુકાનાં ગામોના કેળવણી પામેલા લોકો રાજ્ય ભક્તિમાં નૈષ્ટિક છતાં પોત પોતાની યોગ્યતા પ્રમાણે મળતર ન મળે તો બડબડ કર્યા કરે છે. પૈસા કમી થઇ ગયા છતાં વિદ્યાની ખુબ જાણી કેળવણી ઘણી મોંઘે મૂલે પણ પોતાના બાળકોને આપવા તત્પર છે, એવું તેમણે તથા બીજાઓએ દીઠું.

તેથી તે ઉદાર મનના સાહેબના મનમાં સ્થાનિક રાજકીય સત્તા દેશીઓને આપવાનું દુરસ્ત લાગ્યું. તેમણે વિચાર્યું જે લોકો જ્યારે માગે ત્યારે આપવા કરતાં આપણેજ તેઓને તે પહેલાંજ આપવાનું કરીએ તો ઠીક. એમ તેઓની નજરમાં આવ્યું. આ વિચાર સમયાનુસાર છે કે કેમ એ વિષે પ્રાંત પ્રાંતના સુબાઓ (ગવરનરો) ના તથા બીજા લોકોના વિચાર તેમણે પૂછ્યા તે વિષે આગળ કહી ગયા છીએ. તેમ ઘણાંકના વિચાર તેમને મળતા આવ્યા, પણ કેટલાકના વિચાર તેથી ઊલટા પડયા અને ઘાળઘાળ જવાબ વાળ્યા જે, હમારા પ્રાંતમાં તે સ્થાનિક રાજકીય સત્તા ઘણા દીનથી ચાલે છે, તે કરતાં વધારે છૂટથી ચલાવવા દેવી એવો સમય હજુ આવ્યો નથી. એટલે કેળવણીનો પ્રસારો એટલો બધો થયો નથી કે, એ કામ લેવા લોકો સ્વબુદ્ધિથી તત્પર થાય. તોપણ બીજે રૂપે જ્યારે વિચાર પૂછવામાં આવ્યા કે કેળવણી લઈ તૈયાર થયા નહીં હોય, તો આપણે તે કામ કરવાને કેળવણીનો રસ્તો બતાવવો અને તે રસ્તો એકવાર તે લેતાં ન શીખે તો બીજી ત્રીજીવાર પણ તે રસ્તો પકડતાં શીખવવા, એ આપણું કર્તવ્ય કર્મ છે. એવે રૂપે, જ્યારે વિચાર પૂછ્યા ત્યારે કેટલાક અધિકારીએ સમજ્યા જે એ કામ કરવાની વડી સરકારની સંપૂર્ણ ઈચ્છા છે, ત્યારે તે કામના કાયદા ઘડ્યા.

સમર્થ આવ્યો કહેશો તો તે વિષે ગૂજરાતના માંહેલા ભાગના લોકો પોતાના શા હક છે તે સમજતા નથી.* તેઓમાંનાને પૂછશો જે ક્યા ક્યા ઉમેદવારો તમારા મંડળ (ગ્રુપ) માટે છે તો તે તો ક્યાંથીજ જાણે! પણ તમારે કોને વાસ્તે મત આપવું છે તો તે પણ જાણતા નથી અને એક જેનું મત આપ્યું તેનું મત, બીજા પણ અમારે એમનુંજ તો, કરીને આપતા હતા, તે મારા જોવામાં આવ્યું છે પણ એમ જાણતા નહતા કે શા વાસ્તે ભેગા થયા, કોને વિષે મત આપવું, તથા

---

* એક ગામના લોકોને મેં પૂછ્યું કે તમે શી બાબતની સહી કરી ત્યારે તેમણે કહ્યું કે તમે (રૂ० ૪૮)ના ખાતેદાર છો તે બાબત સહી કરવા કારકુને કહ્યું તેની સહી કરી. ખરું જોતાં તે સહી તાલુકાના મેમ્બર થવાના ઉમેદવારોની સહી હતી તેથી જેણે સહી કરી તે શી બાબતનો કાગળ છે, તેપણ જાણતા નહતા.

પોતાના મંડળમાં કોણ લાયક છે! એવા અજ્ઞાની લોકો મારા જોવામાં આવ્યા છે. તેમજ બીજાઓ મોટે હોદ્દે ચઢેલાં અધિકારીને મોઢેથી પણ સાંભળ્યું છે. વળી કેટલાક થએલાં મેંમ્બરોને મોઢેથી સાંભળ્યું છે જે એ મેમર થયાથી એક દોકડાની ખામી છે! તે તો છે નહીં. મહીને મહીને તાલુકાના કસ્બામાં જવું; સુતાર, કડીઆઓ પાસે વગર મળતરે કામ કરાવવાં અને તેઓના કામ ઉપર દેખરેખ રાખી પૈસા રો-જમુરા ચૂકવી આપવા; તેપરે સહી કરાવવી ને કરવી, ને જોખમમાં રહેવું; સરકારના અધિકારી કરતાં આપણે વધારે ડાહ્યા છીએ કે આપણે હા ના કહેવી! તેઓ કાંઇ ખોટું કરેજ નહીં. એવું બોલતાં મેં સાભળ્યા છે. સરકારના અધિકારીઓ તો તેઓને તેઓના કર્તવ્ય કર્મ વિષે બહુ સમજ આપેછે, તોપણ તેઓમાંના ઘણાખરી કેળવણી એવી નથી કે તેઓ નીધડક અભિપ્રાય આપે. એ તેઓની કેળવણીની ખામીને લીધે, એકલું નહીં, પણ તેઓના જાતી સ્વભાવને લીધે પણ ખરૂં. તેઓ મુગલાઇ, પેશવાઇ, ફીરંગી તથા બીજાં રાજ્યોના અમલના અમલદારોની તેઓ પ્રત્યે વર્ત્તણુકને લીધે એવા સ્વભાવના થઇ ગએલા કે એવાં કામમાં પોતાનાં સ્વતંત્ર મત આપવાને હિંમતજ કરે નહીં. તેઓની ચામડીજ બહેર મારી ગએલી કે કાંઇ પણ પોતાનાં દેશ, પોતાના લોક તથા પોતાને વિષે લાગેજ નહીં. જે પડે તે ખમી રહેવું. તેથી એમ કહેવું વાજબી છે. કે હજી સૂધી એ કામ લોકોથી કરાવવાનો સમય આવ્યો નથી, તે ક્યારે આવશે! તો તે વિષે કહેવું માસ છે જે, જ્યારે અંગ્રેજી ભાષા શીખવાની સ્કુલો પ્રગણે પ્રગણે તથા કસ્બે કસ્બે થશે અને તે સસ્તે મૂલે મળશે અને તે કેળવણી પૂરી યુનિવરસિટિની પ્રવેશક પરિક્ષામાં પાસ થવાય તેટલે સૂધી મળશે, ત્યારે પછી ૭-૮ વરસે તે વિદ્યાની કેળવણી લીધેલા લોકો પોતાના ધંધામાં પડશે, અનુભવ મેળવશે તથા ખરૂં ખોટું સારાસાર સમજવા લાગશે; નિરિચ્છપણે કામ પોતાના દેશ કલ્યાણાર્થ કરવાને મન કરશે; અને દેશ કલ્યાણર્થે તનમન ધનનો ખરચ કરવાની ઊત્કંઠા ધરશે; ત્યારે અને ત્યારેજ એ સમય આવશે. આજથી કેળવણી એવી આપવા માંડ્યું તો ૮ વરસમાં એ સમય આવશે. પણ એ માટે કેળવણી બોહોળી તથા સસ્તી સરકારે મન રાખી આપવી જોઇએ, એ નિડર મારૂં મત છે. લોર્ડ રિપન સાહેબના એઠી-

ન્બરોના ભાષણનો સાર એ છે જે, લોકો સ્થાનિક રાજ્યકીય સ્વસત્તા લેવાને તૈયાર થયા એટલી કેળવણી પામ્યા અને સર્વે તરફથી એકજ બિંદુ તરફ ચિત્ત લોકોનું લાગેલું જોયું, તે બિંદુ એ જે નાના મોટા, રાયરંક, વર્ણી અવર્ણી, એ સર્વેનું ચિત્ત કેળવણી લેવી, રાજ્યનો કોઇ પણ અધિકાર મેળવવો, સંસારમાં આબરૂદાર કહેવડાવવા, અને પૈસો પેદા કરવો, અને તેમાંથી બને તેટલો સંગ્રહ કરવો. પણ તે કેમ મેળવવો તથા કેમ સંગ્રહ કરવો તેનું તેઓને ભાન નથી. હજુ લોકોને સ્વતંત્ર કામ કરવાને સત્તા આપવાનો સમય આવ્યો નથી. તે દર્શાવ્યું. હવે એવા હક માગવાની રીત કેવી છે, તથા કેવી હોવી જોઇએ તે વિષે વિવેચન કરીએ છીએ.

પ્રકરણ ૫ મું.

પ્રજા હકો કેવી રીતે માગે છે તથા કેવી રીત જોઇએ.

આજદીન સુધી એટલે સને ૧૮૮૧ સુધી પ્રજા સ્વતંત્ર હકો માગતી ન હતી, અને માગતી તે જુજ ભાગ. તે મોટા શેહેરના લોકો. નાનાં ગામ ગામડાંના લોકોપર કાંઇ જુલમ થતો અગર ધર્મ સંબંધી જાસ્તી, પૈસા એોકાવવાની પ્રેરણા રાજ્ય અગર રાજ્યાધિકારીઓ તરફથી થતી, તો તેઓ ગામમાંથી ઉચાળા ભરી બીજે ઠેકાણે જતા, અગર તેઓ હડતાલ (હાટે તાળાં) પાડતા, એટલે જે જેનો ધંધો તે કરવો બંધ કરતા. તેથી પ્રજા પીડાઈ સરકારમાં રાઢ કરતી. તેથી સરકારને તે વાતની તપાશ કરવાની જરૂર પડતી. ખેતીકારો ખેતીવાડી કરવી બંધ કરતા. તેથી અને એવા મૃતિબંધથી રાજાની તથા અધિકારીની શુધ ઠેકાણે આવતી અને તેઓનું મનામણું તેઓ કરતા. તેઓને વાજતે ગાજતે ગામમાં લાવી પોત પોતાને ધંધે વળગાડતા, તથા જે અધિકારી સ્વતંત્ર પણે વરતી જુલમ કરતો તેને રાજા રાણા તરફથી દંડેતું અગર ખરૂખરૂં પારિપત્ય થતું. કદાચિત ઘણોજ જુલમ થતો અને કરનો બોજો ભારે પડે તેમ દેખાતું ને તોફાન થતું, તો જે અધિકારીથી એવું થતું તે અધિકારીના ઉપર નારાજ થએલી રૈયત પથર ફેંકતી, તેના ગાડી

ઘોડાની લગામ પકડી ઊભા રાખતી, તથા ઘણું થતું તો તેની માલમત્તા લૂટી લેતી. પણ એવો સમે કોઈ વખતેજ આવતો; અને પોતાનું દુઃખ સંભળાવી તેની દાદને પહોંચાય તેમ પહોંચતી.

અંગ્રેજનાં રાજ્યમાં કાયદેસરજ વાત. જે જે બાત નવી દાખલ કરવા ધારે, તેનો ધારો પહેલો પસાર કરવો એવો કાયદો. એટલે એક વખત કાયદો પસાર થયો કે પ્રજાથી કાંઈ બોલાયજ નહીં. તેથી કાયદો થયાં પહેલાં તો શહેર કે રાજ્યધાનીમાંજ ખબર થતી, પરગણાના માહેલા ભાગમાં તો જવલેજ જાણ થતી, અને જાણ થતી તો રાજાના કાયદા સામે થવાની કોઇની હીમત (પ્રથમથી દબાઈ ગએલા ને સ્વભાવ પડી ગએલો તેને લીધે) થતી ન હતી. શેહેરના કે રાજ્યધાનીના નગરમાં લોકોને જાણ થતી તો પ્રજાનાં દુઃખ જાણી કોને પીડા કે સરકારની સામે થાય? એમ ધારી કોઈ દાદ માગતું ન હતું. વળી શેહેરના લોકોને રૈયતની પીડાનું જ્ઞાન પણ નહીં, તેથી કોઈ કાંઈ બોલતું ન હતું, અને જ્યારે સર્વેને સરખી પીડા થતો કાયદો બંધાતો હોય ત્યારે દાદ માગવા ઉભા થતા તો તેની કોઈ વાત સાંભળતું ન હતું. જુઓ ઇનિકમ ટાક્ષની અરજીના હાલ! ખબરપત્ર, છાપા વગેરે જે ઘણું કરી રાજનગરમાં તથા શહેરોમાં છપાય છે તેમાં કાંઈ પોકાર થતો તો તેઓનું પણ કોઈ સાંભળતું ન હતું. વળી દેશી પત્રોનું વજન પણ ઓછું હતું. જ્યારે અંગ્રેજી પત્રમાં તે વાત આવતી ત્યારે કાંઈ લક્ષમાં લેવા જેવું ખરૂં. પણ એક પત્રવાળો નેટીવોની તરફેનમાં બોલે તો બીજો તેની વિરૂદ્ધ લખે તેથી, તેનું પણ વજન પડતું ન હતું. એટલે અદ્યાપ સૂધી એવી રીતથી દાદ મગાતી. તેથી રૈયતનાં ભલાંની વાત થતીજ ન હતી. રાજ્યાધિકારી લોકશુભઇચ્છિક હતા, તે પોતાનાં મનથીજ તેમનાં ભલાં માટે કાયદા કાનુનો કરતા તોજ ભલું થતું? ત્યારે અદ્યાપ સૂધી રાજા કરે તે કાયદા અને રાજા કરે તે ઇનિસાફ. રૈયતનું ભલું બુંરું તેઓના વિચાર, ઊપર આધાર રાખતું. હવે કેવી રીતે દાદ માગવી તે વિષે વિવેચન કરીએ છીએ. પહેલાંનાં રાજ્યમાં દાદ માગવાની રીત તથા આ અંગ્રેજ સરકારનાં રાજ્યનાં પ્રારંભમાં રીત એવી હતી જે, સાહેબોનાં બંગલા પર પથરા મારવા, તેના ઘોડાની લગામ પકડવી, બળતી સગડી માથે મૂકી સાહેબને બંગલે રાઢ કરવા જવું, લાંઘણ કરવી, ઈ. એ રીત

બરોબર નથી. જેને જે કાયદાથી હાની, દુઃખ, આફત થવાનો સંભવ હોય, તેના આગેવાનોએ દરેક ગામમાં, શેહેરમાં વર્ણવાર કે તાએફાવાર એકસંપી કરી, કાયદા થવાની કે કાંઇપણ કામ કરવાના સરકારના ઇશારાની વાત ખબર પડી કે, "મંડળીઓ મેળવી તેના પ્રતિનિધીઓ નેમી, સરકારમાં, ઘણીજ સહી સાથે વિનય પૂર્વક અરજી કરવી. તે મંડળીની મુખ્ય મંડળી રાજ્યધાનીનાં શેહેરમાં રાખવી. તેની સાથે કામકાજનો સંબંધ રાખવો ને તેની પાસે પણ વિનયપૂર્વક સરકારને અરજી કરાવવી. એ રીતે શેહેરમાં તાએફાવાર, ધંધાવાર મોટી સભા સ્થાપવી. તેઓની શાખાઓ શેહેરમાં, કસ્બાઓમાં, અને ગામડાંના મંડળમાં, (મંડળ પોતાનાં સ્થાપવાં) વાત ચર્ચા વા માટે સ્થાપવી. તેના ખરચ માટે ઉઘરાણું કરવું; તે મંડળી ચલાવવા માટે કાનુનો બાંધવા, અને તેનો કારભાર કરવા માટે અધિકારીઓ નિમવા. વારંવાર પોતાપર પડતાં તથા રૈયતપર પડતાં દુઃખોના નિવારણાર્થે વિનયસહ અરજીઓ ખરે નામે સરકારને કરવી. એ ખરો રસ્તો દાદ માગવાનો છે. વળી સર્વેનું મૂળ કેળવણી છે, માટે તે જેમ પ્રસાર પામે તેમ સૌ સૌએ તન, મન, ધનથી પ્રયત્ન કરવો, અરજીઓ કરવી તેમાં કોઇની પણ સ્તુતી કે નિંદા કરવી નહીં. તેમ કાંઇ લખવાથી, પ્રજાપર રાજ્યાધિકારીની ઇતરાજી થાય તેમ તથા કોઇનાં નામ લખી, આ સારા સાહેબ અને આ માઠા સાહેબ એવો મુકાબલો કરી, નહીં લખવું. અરજીની ભાષા સેહેલી તથા ગોઠવણ ભવ્ય, સરળ તથા ક્રમસહ સમજ પડે તેમ તથા જે માગણી તે પ્રત્યક્ષ દિસે તેમ હોવી જોઇએ. તેમાં કાંઇપણ વ્યંગોક્તિ કે વક્રોક્તિ ન જોઇએ. એ રીતે દાદ માગવાની રીત ટુંકામાં નિવેદન કરી. હવે મંડળીમાં આજની કેળવણીના પ્રસાર તથા લોકોની સ્થિતિ રીતી જોતાં કેવાં માણસો જોઇએ તે વીષે આવતાં પ્રકરણમાં વિવેચન કરશું.

પ્રકરણ ૬ ઠું.

લોકોની આધુનિક સ્થિતિ રીતિ તથા કેળવણીને અનુસરી મંડળીના કારભારી કેવા જોઇએ. મેંબરો કેવા ગુણના જોઇએ તથા તેઓની અધ્યક્ષ ઉપાધ્યક્ષ વગેરેના ગુણ કેવા જોઇએ.

પ્રજામાં જોઇએ તેટલી કેળવણીનો ફેલાવો થયો નથી. નીડરપણે અને સ્વતંત્રતાથી પોતાના અભિપ્રાય જણાવવાની ટેવ પડી નથી, તથા સાહેબ, ગોરા લોકોની સાથે કેમ વર્ત્તવું તથા કેવી રીતે તેઓની સાથે ભાષણ કરવું, તેમ પરસ્પર કેવા વિનય, માન તથા મર્યાદાથી વર્ત્તવું, તેનું હજુ સૂધી લોકોમાં જ્ઞાન થયું નથી. લોકો હજારો વર્ષ થયાં ચુસાતા, છુંદાતા તથા દબી દબીને ચાલતા આવેલા, તેથી તેમને બે ધડક કોઈપણ મોટા કે નાના અમલદાર સાથે બોલવાની ટેવ પડેલી નથી; કોઈ નાનો સરખો ગામનો હવાલદાર, રાવણીઓ, વરતણીઓ, પગી કે વસાવો જરા ડરાવીને કહે કે ચલ બે, તો સરકાર શું કરશે, એવા ડરથી મળમુત્ર થઈ જાય. એવા લોકોને તેની અસલી જાતી તથા પૂર્વજોથી ઉતરતી આવેલી ટેવ જે ડરવાની તે છોડાવવી, એ મહા કઠણ કામ છે. ઝાડ નવું સવું રોપી તેને ઉછેરવું કે પોશવું એ કામ જેટલું સહેલું છે તથા તે કામ પારપાડવાની જેટલી આશા રહે છે તેટલું સહેલું તથા તેટલી આશા એક ઝાડ જે મૂળ ઘાલી મોટું થયું હોય, તેમ ઉખેડી બીજી જગોએ રોપ્યાથી રહેતી નથી. લોકોનાં મનમાં સરકાર દરબારના ડરનાં મૂળ સજ્જડ ચોંટેલાં તે ધીમે ધીમે અને સરકારનાં અધિકારીના મીઠાં, મૃદુ ભાષણ તથા વર્ત્તણુકથી બળી જાય, કપાઈ જાય તથા નરમ થઈ જાય તેમ કરવું. અને તેઓમાં કેળવણીરૂપી નવા રોપાનાં ઝાડનાં મૂળ સીંચાશે ત્યારેજ સરકારની ધારણા સિદ્ધી પામશે. એક માણસને નવેસરથી અક્ષર વળાવવા એ જેટલું સહેલુ કામ છે, તેટલું કોઈ માણસે લખવાના અક્ષર એક તરેહના વાળ્યા હોય તે વલણ છોડાવી દઇને નવી રીતના અક્ષર વળાવવા એ સહેલું નથી. એજ દાખલાથી લોકોની જુની રીત છોડાવી નવી સ્વીકારવાનો પ્રયત્ન કરવો જોઇએ. લોકોની જૂની રીત છોડવતાં વખત લાગે તેમ છે. તેથી કમીટીનાં મેંબરો એવા જોઇએ કે વર્ણવર્ણના ભેદ ન રાખી નિષ્પક્ષપાતે કામ કરે. હાલના

સમયના હિંદ પ્રજાના લોકો સ્વતંત્રપણાથી કામ કરવાનું ડોળ બહુ રાખે છે ખરાં, પણ જ્યાં જેવી તક તે પ્રમાણે વર્તવા ચૂકતા નથી. હિંદ પ્રજામાં પ્રથમ તો હિંદુ, મુસલમાન, પારશી, ઇસ્રાએલ, ખ્રિસ્તી, ચીના, જૈન, ઇત્યાદિ ધર્મ પાળનારાઓનો ભેદ. હિંદુઓમાં જૂદા જૂદા પંથે ચાલનારાઓનો ભેદ, જેમકે શિવમાર્ગી, વૈષ્ણવ માર્ગી, શકિત માર્ગી, ચાર વાક વગેરે માર્ગનો ભેદ. શિવમાર્ગીમાં પેટા પંથ પાળનારા, મહાદેવીઆ, લિંગાયત, ગોંશાઇ, સન્યાશી વગેરે. વૈષ્ણવ માર્ગીમાં પેટા પંથી વલ્લભાચારી, માધવાચારી, રામાનંદી, રામાનુજી, સ્વામીનારાયણી, મોટા માર્ગી, દાદુપંથી વગેરે. શક્તિમાર્ગીમાં, મદ્યમાસ માર્ગી, વિરકત માર્ગી વગેરે. એ રીતે ધર્મ સંબંધી ભેદથી એટલી એક બીજાની સાણસ તથા સ્પર્ધા રહે છે જે, જીવ પણ જાય છે. જેવા ખ્રીસ્તીશની માર્ગના લોકોને ગમે તે દેશમાં હોય તોપણ સાણસ લાગી તે પંથના લોકોનું કલ્યાણ ચિંતન તે પંથવાળાને થાય છે, તેજ પ્રમાણે એક પંથ અગર માર્ગવાળાને પોતાના માર્ગી અગર પંથીની સાણસ સર્વત્ર ઠેકાણે સદાએ અને સર્વ સ્થિતિએ રહે છે. એ રીતે પંથ સંબંધી લાગણી એવી છે જે, કંઠી વગરના શૈવ માર્ગીનો સ્પર્શ સુદ્ધાં કંઠી બંધા ચુસ્ત વૈષ્ણવ કરતા નથી. તેમજ વૈષ્ણવ માર્ગીમાં ચાર સંપ્રદાય મોટા કહેવાય છે. તેઓના સિદ્ધાંત એવા કે એકનું થાયું બીજો હણે તેવા; તેથી તેઓ એક બીજામાં સ્પર્ધા બહુ રાખે છે, અને પોતાનાની બહુજ સાણસ રાખે છે. એક ચુસ્ત સ્વામીનારાયણ પંથી વલ્લભાચારી પંથનો ધિક્કાર એટલો તો રાખે છે જે, જ્યાં સૂધી તેનું ભુંડું અને પોતાનું ભલું થાય ત્યાં સૂધી પ્રયત્ન કરવા ચૂકતા નથી. એવી રીતે પંથ સંબંધી હિંદુઓમાં સાણસ તથા તિરસ્કાર છે. તે પછી સાણસ ભૂગોળિક છે. ગૂજરાતી ગૂજરાતીની સાણસ અને પરદેશીનો તિરસ્કાર; દક્ષણી દક્ષણીની સાણસ અને પરદેશીનો તિરસ્કાર; તેમજ બંગાલી, તૈલંગી, મારવાડી, મલબારી, કોકણી, માળવી, કરનાટકી, કચ્છી, સિંધી, મુલતાની, પંજાબી, લખનોરી, કાન્યકુબજી, માગધી, મૈથીલી, નીપાલી, મલાઇ, બરમી, સિંગાલી, પ્રયાગી, કાઠીઆવાડી, ખાનદેશી વગેરે દેશ પરત્વે સાણસ અને ધિક્કાર રાખે છે. વળી મોટો ધિક્કાર તથા સાણસ વર્ણ પરત્વે છે. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણો. તેમાં બ્રાહ્મણ, બ્રાહ્મણને સાણસ,

તોપણ દક્ષણીને ગુજરાતીની સ્પર્ધા, તે પેશ્વાના રાજ્યની રાજ્યનીતિ જાણનારા સારી રીતે જાણે છે. ગૂજરાતનાં મરેઠાનાં રાજ્યમાં દક્ષણી બ્રાહ્મણ કહેશે કે । बेटा गूजराती ब्राह्मणाल्या समान काय, तसें होत नाहिं. । तसें होतच नाहिं. એમ છે તો પરવર્ણીના તો શા આશરા. તે વિષેનુ સ્વરૂપ મરેઠાની બખર વાંચી મનન કરનારને સ્પષ્ટ દિસી આવે છે. મરાઠા કણબી દાક્ષણી બ્રાહ્મણનો તિરસ્કાર કરે છે; તેજ પ્રમાણે બ્રાહ્મણ પણ કણબીનો. વળી ગૂજરાતી બ્રાહ્મણોમાં ૧૦૦ ઊપર પેટા ન્યાત પડી છે. તે પણ એક બીજાનો તિરસ્કાર કરે છે. નાગર જાણે જે ઔદિચનુ ભુંડું થાય અને અનાવલા જાણે કે નાગરનું. એટલામાંજ સમજી લેવું. દેશ પરત્વે સાણસતો આબાળ વૃદ્ધાદિને હોય છે, પણ આતો વર્ણ પરત્વે. ભાટીઆ જાણે જે અમારી કંપનીમાં દક્ષણિ ન જોઇએ. બ્રાહ્મણને ક્ષત્રીની સાણસ નહીં, ક્ષત્રીને વૈશ્યની નહીં. વળી વર્ણ વર્ણમાં પણ ન્યાતો. તેમાં બીજી ન્યાતનાની સાણસ નહીં હોય. ગૂજરાતી વાણીઆમાં પણ બ્રાહ્મણની પેઠે ૧૦૦ ઊપરાંત ન્યાતો છે. તેઓમાં એક બીજાની સ્પર્ધા હોય છે, તો બીજી વર્ણની હોયજ. સુતારમાં, સોનીમાં, ભાવસારમાં, કાયચમાં, ક્ષત્રીમાં પણ પેટા ન્યાતો, તેમાં પણ સ્પર્ધા હોય છે. એ રીતે હિંદ પ્રજામાં ભેદ વિષેનું સ્વરૂપ સંક્ષેપે દરશાવ્યું છે.

હવે મુસલમાન પ્રજામાં પણ ભેદ છે. શીયા, સુન્ની, વીલાતી, દેશી, મિશ્રી, સયદ, પઠાણ, મોલવી, મુફ્તી, કાજી, મીરજાં, મીર, મુલ્લાં, વોહોરા, ખોજા, મેમન વગેરે; એવા એવા ભેદ. તેથી શીયા જાણે કે કયારે સુન્નીનું માથું કપાઇ જાય, તેમજ પઠાણ જાણે કયારે આરબોનો નાશ થાય. એવી રીતે પોતામાં ભેદ; તો બીજા ધર્મમાં ભેદ રાખવામાં આવે તેમાં શી નવાઇ?

પારશીઓમાં શેહેનસાહી, ચુડીગર, કદીમી, ઇરાણી એવા ભેદ છતાં કાંઇપણ ભેદ જણાતો નથી;તો પણ તેઓમાંના ડાહ્યા, વિદ્વાન, નિરિચ્છ, સ્વતંત્ર વિચારના, પરધર્મી તથા પરવર્ણીના તિરસ્કાર કરે છે, તો તેમાંના અજ્ઞાની લોકો કરે તેમાં શું આશ્ચર્ય ?

ઇસ્રાએલમાં યાહુદી તથા દેશી ઇસ્રાએલમાં જર્મીન અરમાન જેટલો તફાવત છે. તે એક બીજાનો તિરસ્કાર કરે છે, તો બીજાઓની શીવાત!

ખ્રિસ્તી ધર્મમાં પ્રોટેસ્ટંટ, ક્યાથોલિક, રશીયન, ગ્રીક, ઇત્યાદિ,

એવ. એ .ાં મત્ત છે, તેમાં પેટા પંથ ઘણાં છે. તેઓ પણ એક બીજાની સ્પર્ધા રાખે છે. પ્રાટેસ્ટંટ અંગ્રેજ, ક્યાથોલિક પોર્ટુગિઝની તેમજ ગોવાઇની સ્પર્ધા રાખે છે. તોપણ ઊદાર ચિત્તનાં ઈંગ્રેજો ક્યાથોલિક એરીશને બરાબર હક આપે છે.

જૈન તથા હિંદુમાં પણ બહુ ભેદ. હિંદુ જાણે જૈનનો સ્પર્શ ન થાય. તેવિષે એક વાક્ય છે. हस्तिताडनमानोपि। नगच्छेज्जैनमंदीरे। મસ્ત હાથી સામો મારવા આવતો હોય તો પણ જૈન મંદીર (દહેરાં) માં ભરાઇ જઈ આશ્રય લેવો નહીં. એવો દોષ છે તો પછી બીજા કામમાં હોય તેમ શું આશ્ચર્ય અને બીજી પરદેશીમાં હોય તેમાં તો કાંઇજ નવાઈ નથી.

એવી રીતે રાગ તથા દ્વેષ હિંદ પ્રજામાં અદ્યાપ સૂધી દિસેછે. અને જ્યાં સૂધી જોવામાં, અનુભવમાં તથા અમલમાં દૃષ્યમાનછે, ત્યાં સૂધી મામામાસીનાંની આણસ જવાની નથી. તે ક્યારે જશે? તો વિદ્યાનાં પ્રસાર પૂરૂષ સાથે સ્ત્રીમાં પણ એટલો થશે જે સ્પર્શા સ્પર્શ, ભક્ષ્યા ભક્ષ્ય, પંક્ત્યા પંક્ત્યનો ભેદ રાખવાની છીટ મટી જઇ પંક્તિ વહેવાર થશે ત્યારેજ મટશે. ત્યારે શું ત્યાં સૂધી કાંઈ પણ દેશ કલ્યાણનાં કામ અટકાવી રાખવાં? ના, કંપનીમાં, મંડળીમાં, બોર્ડમાં, મીટીંગોમાં, સભામાં એવા મેમ્બરો હોવા જોઇએ જે, તેઓમાંના દરેક તથા સમુહ મળી સર્વે વર્ણોના હક સરખા આપવાની ઉત્કંઠા રાખે. પ્રત્યક્ષ રીતે ભેદ કદાચ ગણાતો હોય તેનાં કારણ ન્યાતીના તથા જમાતના ડર હોય તેથી, પણ ગુપ્ત રીતે તેને કશો ભેદ ન હોય, એટલો તે વિદ્વાન હોય. હાલનિ સ્થાનિક સ્વરાજ્યની બોર્ડમાં સરકારી અધિકારી કોઈ ગ્રેજ ન જોઇએ, એવો પોકાર ઘણી દીસાથી થયો છે તથા થાય છે. અને સ્વતંત્ર વિચારના દેશી અનાધિકારી નિમવા એમ બોલાય છે. તે વિષે મારા વિચાર જણાવવા પડે છે જે, સરકારી અધિકારી જે ગામે ગામની જરૂરનો, ખપનો તથા જગાનો વાકેફગાર, સત્તાધારી તથા નિરિચ્છ પણ કામ કરનાર, જેનાં મનમાં સઘળો ભલો રમી રહેલો તથા જે નિસ્પ્રહ, નિસ્પક્ષપાત, નિરાભિમાની, નિર્લોભી એવા એવા સદ્ગુણ યુક્ત હોય છે, તેની મદદ સંપૂર્ણ રીતે હોય તોજ કામ થાય માટે તાલુકામાં જ્યાં મેમ્બરોને પોતાના ગ્રુપને શાનો ખપ, શાની જરૂર વગેરેની જાણ નથી તો આખાં તાલુકાની તો ક્યાંથીજ હોય? તેવાઓ પોતાનાજ સ્વાર્થની વાત કરનારા તેઓને સમજુતીથી, એં ઠેકાણે લાવનાર

નિરિચ્છ સત્તાધારી, અમલદાર જોઇએ. માટે તાલુકાના એક બે, અંગ્રેજ સાહેબ લોક અગર નિસ્પ્રહ અધિકારી ઊપરી દાખલ, હાલની સ્થિતિ પ્રમાણે જોઇએ. વિદ્યાનો પ્રસારો એટલો નથી થયો જે, મેમ્બરો રીતસર વાદવિવાદ કરી કાર્ય કારણે બતાવી કાંઇપણ પોતાની વાત તથા મત્ત સ્થાપન, કરી શકે. માટે તેને દોરનાર, વર્ણાશ્રમનો ભેદ ન રાખનારો અધિકારી જોઇએજ. હાલની કમીટીમાં વર્ણવર્ણનો એક મેમ્બર સરકાર તરફથી નિમવો એવા વિચારથી તેમની નિમણુક થઈ દિસે છે. એટલે હિંદુ તેમાં બ્રાહ્મણ ૧. વાણીઆ ૧. કણબી ૧. પારશી ૧. મુસલેમાન ૧. જૈન ૧. એ રીતે સરકાર તરફના ૬ મેમ્બરોની નિમણુક થએલી દિસે છે. એ રૂઢીને અનુસરતાં વિદ્વાન મંડળનો ભાગ ઘણોએક બાતલ થઈ ગયો છે. અને અવિદ્વાન, પણ જૂદી વર્ણનો, ભાગ દાખલ થયો છે. તે સરકારી અધિકારીના વિચારને જલદી અનુસરવાને કે સઘળી કોમોને ઉત્તેજન મળવાને થયું છે, તે સમજાતું નથી. એવી રીતે અવિદ્વાન મેમ્બરની સરકાર તરફની નિમણુક થયાથી જે માણસ એવાં કામમાં કંઇ પણ સમજે નહીં ને હાજીહા કરે, તેથી શો ગુણ તે સમજાતું નથી.

સર્વેને સરખે હિસ્સે મત આપવાની છૂટ આપવી. એવો એ બાબતના કાયદાનો ઉદ્દેષ દિસે છે, તો, જેટલા ઉત્તમ ગુણના, નિસ્પ્રહ, ઉદાર મનના, વિદ્વાન, વર્ણાશ્રમનો ભેદ ન રાખનારા, એવા મળી આવે તો તેને,-પછી તે ગમે તે વર્ણના હોય તેની સારી પેઠે તપાસ કરી તેવાને નિમવા. પણ હવે નિમણુક થઇ ગઇ, તેમાં ચળવિચળ (ફેરફાર) કરવો સરકારને ઘટતો નથી, પણ મારી વિનંતી છે જે, જેમ જેમ જગા ખાલી પડતી જાય તેમ તેમ વર્ણવર્ણના કે કોમ કોમનો એક નિમવા પર નજર ન રાખતાં, ઉપર કહેલી પ્રતિનાની નિમણુક થાય તો લોકોને તથા સરકારને બહુ સંતોષકારક થશે, એમ આશા રખાય છે.

સર્વેને કેળવણી, એટલે સ્ત્રી પુરૂષને વિના ભેદ, મળશે ત્યારે સર્વે કામને લાયક થશે એવું ઊપર લખ્યું છે, તેથી એમ ને સમજવું કે ત્યાં સૂધિ કાંઇપણ કામમાં તેઓને સામેલ ન કરવા, અને કોમે બંધ રાખવાં. પણ ત્યાં સૂધી હિંદુઓ એકલા સ્વતંત્ર પણે કાંઇપણ રાજકીય કામ કરી શકવાને યોગ્ય થયા એમ સમજવું નહીં, તેમની સાથે

બીજી વર્ણોના વિદ્વાન માણસો રાખવા. એ મારૂં આધિન મત્ત છે.

આ પ્રકરણમાં ઉપલક વિચાર દર્શાવ્યા છે. તેથી લોકોને તથા સરકારને કાંઇ ખોટું લાગવું ન જોઈએ. પણ વિસ્તારથી લખાણ થયું હોય તથા દુરંદેશી વિચાર રાખ્યા હોય તો કોઇને ખોટું લાગે તેમ નથી. ગ્રંથ વિસ્તાર ભયને લીધે તેમ લંબાણથી લખાણ થઇ શકતું નથી. સમયાનુસાર વર્તન કરવુ એ સાક્ષરોની શીખામણ છે. તે પ્રમાણે નીવેશું છે. એ વિનંતી.

પ્રકરણ ૭ મું.

પ્રજાને બોધ.

હું સરકારને સૂચના આપવાને યોગ્ય નથી. તેથી આ કામ એટલે સ્થાનિક સ્વરાજ્ય સંબંધી પ્રકરણમાં પ્રજાને બે અક્ષર સૂચના આપવાની રજા માગું છું. તે હું તેમનો ઉપરી અગર બરોબરીઓ સમજી આપતો નથી પણ આધિન સેવક તરીકે “ सुविद्यानीचादपि ” નીચ ધકી પણ સુવિદ્યા લેવી” એ અર્થે સૂચના આપવાની પરવાનગી માગું છું.

અહો મારા દેશી મિત્રો, સરકારે આજ દિન સૂધી તમોને તમારા દેશના રાજ્ય ચલાવવા સંબંધી કાંઈ હક કોઈ પણ વખતે આપ્યા ન હતા, અને તમો તેની બરોબરી કરી શકો નહીં તથાં તમે તેમની પાસે બેસવા લાયક ન હતા તથા તમને ખુરશી મળવા જોગ ગણેલા ન હતા. હે હવે પાસે બેસવા લાયકની તમારી ગણના થવા માંડી છે. તમે બુદ્ધિહિન, તમે જ્ઞાનહિન, તથા તમે વિશ્વાસહિન, તમે જુઠું બોલવા આચકો ખાનારા નહીં, તમારો ધર્મ સૂધરેલો નહીં, તેવા ધર્મને આંધળાં થઇને વળગી રહેલા, તમે વ્હેમી, તમે ગાંડા, તમે તર્કહિન, વિચારહિન, વિવેકહિન, તથા દયાહિન, એવા વિશેષણે યુક્ત, તમારી ઊપર છાપ તેઓ મારતા. તમે દ્રવ્યહિન, સારાસાર વિચાર કરવાની શક્તિહિન, રાજ્યપ્રકરણી વિદ્યાના અજ્ઞાન, તથા તમે નીતિહિન, એવાં એવાં પદ મૂકી તમને દોષવાન ગણેલા હતા. તેથી કોઇ પણ ભરોસાનાં કામમાં, કોઈ પણ જોખમનાં કામમાં, કાંઈ પણ રૌન્જ દરબારી કામમાં,

કાંઇ પણ વ્યાપારનાં કામમાં, તમને સ્વતંત્રપણે તો ક્યાંથીજ કામ કર વાની સત્તા આપવામાં આવતી? પણ બીજા રાજ્યાધિકારીની સાથે સામેલ રહી કામ કરવાની ના લાયકી તમારી લેખાતી. તે હવે જતી રહેવાનો કાળ સમિપ આવ્યો છે. તમારે વાસ્તે સઘળા ઇંગ્રેજી રાજ્યાધિકારીઓનાં એવાં મન ન હતાં. જેઓ ઉદાર બુદ્ધિના તથા પરોપકારી મનવાળા તથા તીક્ષ્ણ નિરિક્ષા કરનારા માનવંતા અધિકાર ધરાવતા હતો, તેઓ પ્રથમથી જે તમારા પૂર્વજો વાસ્તે ઉંચા અભિપ્રાય બાંધી ગયા છે, તેઓમાંના માઁટસ્ટુઅરટ એલ્ફિન્સટન સાહેબ, જે પેશવાના રાજ્યની દરબારમાં ઇંગ્રેજ સરકાર તરફના પ્રતિનિધી (વકીલ) હતા અને જે તે રાજ્ય સાથે સંલગ્ન (ભેળસેળ) થયા પછી મુંબઈ ઇલાકાના ગવર્નરના મોટા ઓહ્દા ઉપર નિમાયા હતા અને જેના પૂર્વજ લાર્ડકુળના મોટાં ખાનદાનુવાળા તથા ઊદાર ચિત્તના હતા તેનું આ દેશના લોકો વિષે નીચે પ્રમાણે મત્ત છે.

Englishmen in India have less opportunity than might be expected of forming opinions of Native character. It might be urged, in opposition to many unfavourable testimonies, that those who have known the Indians longest, have always, the best opinion of them.

અર્થ—ભરતખંડમાંના અંગ્રેજોને જેવા જોઇએ તેવા પૂરેપૂરો પ્રસંગ હિંદુસ્તાનના દેશીઓ વિષે અભિપ્રાય આપવાને મળેલા નથી. એ લોકો વિષે ઘણાંક પ્રતિકુળ અભિપ્રાય વિરૂદ્ધ કહેવાને આચકો ખાવો ન જોઇએ જે જેઓ એ લોકોને ઘણાં વર્ષથી ઓળખે છે, તેઓના અભિપ્રાય એઓ વિષે ઊત્કૃષ્ટ છે.

વળી એક બીજો મુંબઈનો ગવરનર, સૈર જેમ્સ માલ્કમ સાહેબ એ પછી થઇ ગયો અને જેનું લખાણ બહુસંકોચિત તથા શંકાયુક્ત, પણ બહુ વજનદાર હતું, તે લખે છે જે,

I can recollect and I do it with shame the period, when I thought I was superior to those with whom my duties made me associate, but as my knowledge of them and of my self improved, the distance between us gradually lessened.

અર્થ—એક વખતે હું ધારતો હતો કે મારાં કામ વિષે મારો જેની સાથે સંબંધ થાય છે તેઓના કરતાં હું ઊંચ પંક્તિનો છું, તે વખત આજ મને સ્મરે છે અને તેથી મને લાજ આવે છે. પણ જેમ જેમ-મારી અને તેમની ઓળખાણ વધતી ગઇ તેમ તેમ અમારામાંનું અંતર હળવે હળવે ઓછું થતું ગયું.

એ ઊપરના લખાણને આશરે પોણોસો વરસ થયાં. તે વખતે તમે જાતી બુદ્ધિથી તથા તમારા ગુરૂઓના પ્રબોધથી તથા તમારા ધર્મશાસ્ત્રનાં જ્ઞાનથી તથા તમને જુજ કેળવણી મળતી તેથી તમે ઊપર કહેલાં મત પ્રમાણે લાયક હતા. તો હવે ૦ાા શદીમાં તો તમે કેળવણીના વિસ્તારથી ઘણા જ્ઞાની, શાણા, ચતુર, રાજકીય કામમાં કુશળ થયા છો. એવી ખાત્રી હવે આપણી સરકારને થઇ ત્યારે તેણે તમને કાંઇ જુજ સત્તા આપવાનો વિચાર કરી આ સ્થાનિક સ્વરાજ્યનો કાયદો, ધારા તથા રીત કાઢયાં છે. હવે તે ખાત્રી કરી બતાવવી તમારા હાથમાં છે. મોઢે બોલે તેવા ઘણા, પણ તે પ્રમાણે કરી બતાવે એવા વીરલા થોડા; માટે સરકારના ધારા પ્રમાણે જેને જે સત્તા મેમ્બર નીમવાની મળેલી છે, તેણે તે સત્તાનો ખરેખરો અને અકલથી તથા સારી પેઠે નજર પોંચાડીને ઊપયોગ કરવો. એટલે જે જે ગ્રુપના હકદાર લોકો હોય તેમણે તે તે ગ્રુપમાં જાતે જવું. કોઇએ વિનાકારણ ગેરહાજર રહેવું નહીં અને મેમ્બર થવાને જે ઊમેદવાર હોય તેમની પહેલાંથી સરકાર પાસેથી યાદી માંગી અગર તે પ્રસિદ્ધ જગાએ ચોઢાઇ હોય તેની નકલ લેઇ, તેઓની લાયકી વિષે પૂછપરછથી, અગર જેમ બને તેમ યત્કિંચિત તપાસ કરી, જે ખરેખરો એ કામને લાયક હોય તેને તમારો પ્રતિનિધી નિમવો. દરેક ગ્રુપમાં ૮૦૦ કે ૧૦૦૦ માણસ તરફથી ૧ પ્રતિનિધી નીમવાનો છે, તે એકજ માણસ તમારૂં તથા તમારાં કરતાં નીચી પંકિતના માણસો, જેઓને મત આપવાની છૂટ આપી નથી, તેવાઓનું પણ કલ્યાણ તથા તમારો લાભ જાળવે એવાને પ્રતિનિધી હારની વરમાળ નાંખો, કે તેથી સરકાર તમારી અકલની તથા તેની કામ કરવાની ચતુરાઇ, તથા સભ્યતા, તથા તમારા લાભ તરફ તેનું તન, મન, અને ધનના, વળાણની બુજ કરશે.

એ બાબતના કાયદા જે તમારી સ્વભાષામાં છપાઇ બહાર પડયા છે અને જેની કીમત ઘણી જુજ રાખવામાં આવી છે અગર મેહેર-

બાન અમર નામના રોમન સાહેબ, જેણે આ ધોરીધર હક તમને આપ્યા છે, તેના હુકમ પ્રમાણે તમને મફત મળવાને પણ હરકત ન નડે, તે મેળવી તેનો પાઠ તમે કરી અગર તમારામાંના જેને વાંચી સમજાવતાં આવડતું હોય તેની પાસે વંચાવી, વાકેફગારી મેળવો. તેનો સારાંશ આમાં આપ્યો છે. જો તમે એ રીતે ફરી તમારા ખરા હકનું કામ બજાવતા થશો, તો સરકાર એવા ખરા હક તમને વધારે આપશે, એ નકી ઊમેદ રાખવી. તમારાથી વધારે જવાબદારીનું તથા જોખમનું કામ તમારા પ્રતિનિધીનું છે, માટે ફરી તમને ઉપદેશ છે કે તમે તમારો પ્રતિનિધી નિમો તે બહુ ખોળ કરી નિમવો.

તમો પ્રતિનિધીઓ, તમો લાખો માણસની સંખ્યાનાં મુઠી ભર સંખ્યામાં પ્રતિનિધી નીમાયા છો. તે વરમાળ તમારા ડોકમાં પહેરી છે. તે હારની ઊપમા, જેટલાં માણસના તમે પ્રતિનિધી બન્યા છો, તેટલાં અમૂલ્ય રત્ન સમાન છે. તમોને તેમનાં દુઃખ સુખના ધણી કરી સ્થાપ્યા છે. તમારા હાથમાં તેમનાં સુખ રહ્યાં છે. અને તમો તેમની સઘળી ગુહ્ય તથા પ્રગૃઢ સુખોત્પત્તિની વાત જાણનારા જાણી તમને પસંદ કર્યા છે. તો તમે તેમની પ્રસન્નતાની સફળતા કરવી. તમારી કર્તવ્ય કર્મ નિધડક કર્યા જજો. તમને કોઈ વધારે બળવાન તથા સત્તાવાન અધિકારી અગર પુરૂષ તરફથી માનભંગ, તુચ્છકાર, અગર તમારી નિંદા થાય અગર ડારો થાય, તો પણ વાજબી વિચાર અગર કામ કરતાં ડરશો નહીં. તમને રાજ્યાધિકારીની બરોબરીની ખુરશી મળી છે, માટે તેમનાં તથા તમારાં આ કામમાં તમને સરખાજ હક છે. એ કરવાને તમારા ગ્રુપની જરૂરીઆતની વિશેષ વાકેફગારી તથા તમારા તાલુકા તથા જીલ્લાની જરૂરીઆતની વાકેફગારી મેળવવાનાં જે સાધનો, તેનો તન મન તથા ધનથી ઉપયોગ કરો. જેમ જેમ તમે વધારે માહિતગાર હશો, તેમ તેમ તમારાં બોલવાનું અને કરવાનું વજન વધારે પડશે, અને તમારી આબરૂ સરકારમાં વધશે. વડી સરકારના વિચાર તો તમને કાંઇ કિતાબ પણ આપવાના છે. તે સઘળું તમારાં કામ ઉપર આધાર રાખે છે. અને જો તમે લાયક ઠરશો તો સ્થાનિક સરકાર તમારી ચતુરાઈની તથા સ્થિરવૃત્તીની બૂજ જાણી તથા ઊદાર બુદ્ધિ બતાવવાને તે વિષે તમારી ભલામણ કરવાને આનાકાની કરશે નહીંજ. તે ગમે તેમ હો, પણ તમે અ-

નાર્શાયે તમારૂં કામ એક સંપથી કર્યા જજો, તમો સરકારની કસોટીમાં ઉતરો તોજ આપણા લોકો પોતાનું કામ બજાવવાને લાયક ગણાશે. એ સંબંધી કાયદા, ધારા, સરક્યુલર વગેરે તમે પોતે સરકાર પાસેથી માગો, અને તે લઈ સારી પેઠે જ્ઞમીઆ થાઓ. 'લોકલફંડ' મીટીંગમાં અખંડિત હાજર રહો, તેની મીનીટો વાંચી વાકેફ રહો અને તમારા વિચાર, વિવેકથી, નિસ્પક્ષપાતપણે અને સ્વતંત્રપણે દર્શાવી કારણ સહિત પ્રતિપાદન કરો. કોઈના નિસ્કારણ દોરાયા ન દોરાશો, તેમ નિસ્કારણ વાદવિવાદ કરી તમારા પર પ્રમુખનો અભાવ કરાવશો નહીં. પ્રમુખ સાહેબ હમેશ પ્રજાના લાભમાં વધારો કરવાનો નીમ રાખવાના, માટે તેઓ જે કામકાજ સભામાં મૂકે તેની આગળથી ખબર મળ્યા મુજબ પ્રથમથીજ વિચાર કરી રાખી તેનો નિશ્ચય કરજો.'

તમારા તાબાની નિશાળોની દેખરેખ રાખી મહેતાજીઓની પાસેથી છોકરાના અભ્યાસમાં સુધારો વધારો કેટલો થયો તેનું ટીપણ લેઈ તમે પોતે તેની નોંધ બુક રાખજો. નિશાળમાં અભ્યાસ કરતાં શી શી નડતર છે તે નોંધી રાખી કમીટીને જાહેર કરજો. મકાનની તરફ છોકરાઓની તંદુરસ્તીને જે નડતર હોય તે નોંધી રાખો અને જ્યાં લખવાં ઘટે ત્યાં તેના ઉપાય માટે પ્રમુખ મારફતે લખાવો. મહેતાજીને વિવેકથી એકાંતે ઠપકો આપવા ઘટે તો આપો, છોકરા, કે લોકોના દેખતાં અગર સાંભળતાં ન દેશો. મેહેતાજીનું દફતર તપાસી તેમાં કાંઇ જાણી બૂજી ખોટું કર્યું હોય તે ઊપરીને જાહેર કરો. અને જ્યાં નવી નિશાળ સ્થાપવાનું દુરસ્ત દિસે ત્યાં તે સ્થાપવા વિષે ભલામણ કરો. ત્યાંના લોકોનો ભાવ તથા કેટલા છોકરા હમેશ હાજર રહેશે, તેની તથા કેવા પ્રકારની નિશાળ જોઇએ તેની ખોળ કરી તે તમારી નોંધ બુકમાં નોંધી રાખો.

એજ પ્રમાણે લોકોપયોગી બાંધકામમાં કયે ઠેકાણે કયાં કામની બહુ જરૂર છે તેની તપાસ તે સ્થાને ફરી તથા તે સ્થાનના લોકોથી પૂછી નકી કરી તમારી નોંધ બુકમાં તેના ખરચના અડસટા સાથે લખી રાખો. તે સ્થળનું લોકલફંડ કેટલું ઉપજે છે, અને ગત ૨૦ વરસમાં તે ગામને તેમાંથી કેટલો લાભ શા શા કામમાં અને કઈ કઈ વખતે મળ્યો છે તે સવિસ્તર નોંધી રાખો. એ ઉપરથી કયાં ગામને કયાં કામની વિશેષ અગત્ય છે તે તમારાં ધ્યાનમાં આવશે, અને બજેટ કરતી વખતે તમારી

નોંધ બહુ ઉપયોગી પડશે.

એ કામો મંજુર થયા પછી ચાલે તે ઊપર તમે બનતી કોશીશ કરી દેખરેખ રાખો, તેમાં માલ મસાલા સારા વપરાય તથા કામ મજબુત થાય એમ તજવીજ રાખો. કાયદાના ધોરણ ઉપર ધ્યાન રાખી તમે એવાં કામના કંત્રાકટ સાથે તથા કંત્રાકટર સાથે તથા માલમસાલા તથા કાઠમાળ સાથે કશો સંબંધ રાખશો નહીં, તેમજ તમારા નિકટ સંબંધીને તમારા વઝને લીધે લાભ મળવાની ધારણાથી તે સાથે સંબંધ ધરાવશો નહીં. તેવાં કામથી બુદ્ધિપૂર્વક દૂર રહેજો. અને કાંઇ પણ શંકા ઉપજે અને વિશ્વાસ ઉડી જાય તેમાં પડશો નહીં. નિશાળનાં કામનાં માણસો કરતાં એ કામ ઊપર કામ કરનારાં માણસો પુરૂષ વર્ગ સ્ત્રી વર્ગ બન્ને તરેહનાં હોય છે. તેમાંના ઘણાએક મજુર વર્ગનાં, તથા તેની નિતી બુદ્ધિ ખીલેલી નહીં, તેથી તેવા લોકોની ઊપર એ કામ સંબંધી પૂરતી દેખરેખ રાખવાની જરૂર છે. તેમનાં ખાનગી કામમાં પડવાની જરૂર નથી. માટે તેમની અનીતિથી આપણાં કામને ખલલ પહોંચે છે કે કેમ; આપણાં કામના ખરચમાં કરકસર થાય છે કે બગાડ થાય છે, એટલુંજ ધ્યાનમાં રાખવું અને તમારો બોજ સઘળે પડે તેમજ તમારી મર્યાદા રખાય તેમ તમે પોતે વર્ત્તજો. સારાંશ એ જે તમો તમારાં કામને લાયક ઠરો તેમ કરજો.

પ્રકરણ ૮ મું.

ભાવી નડતર તથા ઉપાય.

સરકારે આપણાં લોકોને માટે બહુ ઊદાર બુદ્ધિથી આ સ્થાનિક સ્વરાજ્યનું કામ કાઢયું છે. પણ એ કામ કરવા લોકોની મરજી થતાં બહુ વખત લાગે તેમ છે. લોકો એમ પૂછવાનાં કે એમાં શું મળતર છે? સરકારનાં તેડાં આવે તેને હજાર કામ મૂકી માન આપવું, અને સરકારના હુકમ પ્રમાણે નહીં થાય તો ગુનામાં આવવું. ખાવી ધુળને માંહે કાંટા. એવું ધારી લોકો ઊમંગથી કામ કરવાના નહીં. તેથી સરકારી અધિકારીનાં મનમાં ખોટું આવવાનો અને લોકોને નાલાયક ગણવાનો સંભવ છે. લોકોને માથેજ એ કામનો બોજો પ્રથમ આરંભે નાંખ્યો,

તો તેમનાથી ઊપડાવવાનો નહીં. મહેનત બહુ કરવી પડવાની; પોતાની જાત મહેનત તથા મન મહેનત તથા થોડો ખરચ પણ જાતનો કરવાનો, તેથી તેઓ પાછી પાની કરે, તેમ છે ખરૂં, પણ મંડ્યા રહેશો તો એ નડતર મટી જશે. પૈસે ટકે સુખી છે તેનેજ એ કામ કરવા નિમ્યા છે. તેથી જરા તન, મન, ધનનો વ્યય કરવો કે એ નડતર દૂર થશે. એવી રીતે ઊમંગથી કામ કર્યા જવું એટલે હળવે હળવે સઘળી નડતર મટી જશે.

પ્રકરણ ૯ મું.

સરકારી અધિકારીઓને અરજ.

મોટા દરજજાના એક નામદાર ગવર્નર સાહેબ, કમીશનર સાહેબ, કલેક્ટર સાહેબ, આસિસ્ટંટ કલેક્ટર સાહેબ, ઈંજનેર સાહેબ, એજ્યુકેશનલ ઈન્સપેક્ટર સાહેબ, સબ ઇંજનેર, ઓવરસીઅર, ડેપ્યુટી ઇન્સપેક્ટર, આસિસ્ટંટ ઇન્સ્પેક્ટર સાહેબો.

જેઓ સાહેબોને લોકોની સાથે નિકટ સંબંધ આ કામ સંબંધી હોય તેમને અરજ જે, મેહેરબાની કરી આ બાબતો પર ધ્યાન દેવું. લોકો હજુ સ્વતંત્ર વિચાર શું, સ્વતંત્રતા શું, તથા પહેલાંનાં રાજ્ય અને હાલ ઇંગ્રેજ સરકારના રાજ્યમાં શો તફાવત, તે કાંઈ જાણતા નથી, તેથી તેઓને સમજાવવું કે રાજ્ય તેડાંથી ન ડરતાં ઊલટું તે મોટું માન સમજવું. સરકારના સવાલ તે કાળ યમના સવાલ તેઓ સમજતા, તેમ ન સમજતાં તેઓ પોતાના પીતા પ્રમાણે વર્તણુકના સવાલ સમજી ન ડરતાં તથા ન ગભરાતાં ખરેખરા ઉત્તર દેવાને તેઓ સમજે. તેવી ભાષામાં તેમને સઘળી વાત ખુલાસેથી સમજાવવી પછી તેના ઊત્તર દેવા કહેવું. હા કે ના કહો એમ નહીં કહેતાં, હા કે ના કારણ સાથે કહે તે સાંભળવું. આવાં કામોમાં તેઓ પ્રથમજ પડે છે. તેથી તેઓ એવાં કામ સ્વતંત્ર પણ કરવાને તૈયાર થયા છે એમ નથી, તેથી તેમને તે કામો તમારા હોદ્દા અનુભવ, જ્ઞાન, બુદ્ધિ તથા વિદ્યા ઇત્યાદિ એઓને યોગે શીખવવાં, અને રસ્તો બતાવવો. સરકારી નોકરોને પણ તેમ કરવા કહેવું. મામલતદાર સાહેબ ઈત્યાદિ આધિકારીઓને, ચુંટણી વખતે ધ્યાન

નમાં રાખવાના *ધારાઓ પાસ અભ્યાસ કરવા જોગ તથા અમલમાં લાવવા જોગ છે. માટે તેઓ પોતે તથા પોતાના હાથ નીચેના કારકુનો, જેઓ તે કામમાં લાગ્યા હોય, તેમને સારી રીતે સમજાવવા કહેવું અગેર હુકમ કરવો. લોકો સમજે છે જે, હમારા કામથી ફુરસદ નથી વગેરે કારણથી આ કામમાં આનાકાની કરે તો તેઓ નાલાયક છે, એમ કહી તેમ કરવા નહીં દેવું, પણ ઉત્તેજન દેઈ આગળ પડવાની હોંશ કરાવવી. એઓની સાથે જીતાયલી પ્રજા દાખલ વર્તવું જોઈએ એ સમજ કાઢી નાંખવી અને બરોબરીઆ ગણવા. તમોને, જાન.રાજાથી ૮ મા હેનરી રાજા સૂધી, પારલામેંટમાં પ્રતિનિધી ચુંઠી કાઢનારા તથા તે થનારાઓને તે સભામાં મોકલવા સરકાર તથા પાદ્રી વર્ગ સમજુતીના કેવા ઊપાય કરતા, તે મુખ પાઠ થઇ જઇ અનમાં ઠસી રહેલા છે. તેનો અનુભવ આ દેશમાં હાલ કરી જોવાનો છે. તેથી લોકોની સ્થિતિ જોઈ તેમની સાથે વર્તવું, તેમજ તેમની ઉપર દ્વેષ ન રાખવો, સંપીને કામ લેવું. તેઓની ભુલ થાય તો કરડી નજર ન કરશો મીઠી નજરથી સમજાવો અને એક એક તેઓની કસુરનો રપોટ ઉપરીને કરી તેમને પારીપત્ય ન કરાવશો. તેઓ વાજબી તકરાર કરે અને તે તમને ન રૂચે તો ઊપરીની ઊપર સવિસ્તર લખી મોકલી ખુલાસો લેવો અને આખરૂ પત્ર લાયક જણાયતેની ભલામણ સત્વર તથા ઉદાર દીલથી કરવી કે બીજાઓને ઉત્સાહ થાય. એવી સલામ બાદજ સલામ ટુંકામાં નમ્રતા પૂર્વક અરજ છે.

---

* ચુંટણી કરનાર તથા પ્રતિનિધી થનાર ઉમેદવારોની ટીપ પ્રસિદ્ધ જગાએ દરેક ગામમાં ચોઢવી તથા તે દરેક ગામનાં લોકોને તેના મત્ત લેતાં અવલ વાંચી સંભળાવવી.

સમાપ્ત.